# કૃષ્ણ-ગીતા

## (ભાવાનુવાદ)



આચાર્ય શ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મ. સા.

# કૃષ્ણ - ગીતા

ભાવાનુવાદ

આચાર્ય
શ્રી મનોહરકીર્તિસાગર સૂરીશ્વરજી મ.સા.

# Krisna - Geeta

***Bhavanuvad***


Acharya Shree
Manohar Kirti Sagar Surishvaraji M. S.



પ્રકાશક :-

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ જૈન સમાધિ મંદિર

વિજાપુર - ૩૮૨૮૭૦

ફોન (૦૨૭૬૩) ૨૦૨૦૯

નકલ - ૧૦૦૦



© કોપીરાઈટ

પુનઃ પ્રકાશનના સર્વહક પ્રકાશકને સ્વાધિન



મુદ્રણ સમય : વીર જન્મ સંવત ૨૬૦૦

વિ. સં. ૨૦૫૭

બુદ્ધિ સં. ૭૬

પ્રિન્ટર્સ

ન્યુ યુનિવર્સલ પ્રિન્ટર્સ

એફ-૩૧, ન્યુ માધુપુરા માર્કેટ, ૧લા માળે,

પોલીસ કમિશ્નર ઓફીસની બાજુમાં,

શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

ફોન :- ૫૬૨૪૦૫૯, ૫૬૨૯૧૧૧

# અનુભૂતિનો આનંદ

પરમાધ્યપાદ, પરમાદરણીય, યોગનિષ્ઠ ધુરંન્ધર, સૂરિપુરન્દ્ર આચાર્ય ભગવન્ત શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મહારાજાએ ૨૪ વર્ષના અત્યન્ત અલ્પ પરમ વિશુદ્ધ નિર્મળ ચારિત્ર પર્યાય કાળમાં આત્મ ધ્યાનના પ્રભાવે આત્માનુભૂતિ કરી એકસો પચાસથી અધિક મોક્ષૈકલક્ષી પારમાર્થિક ગ્રન્થોનું પરમ શુદ્ધ વિશુદ્ધ ભાવે સર્જન કરી આ વિશ્વ ઉપર જે અવર્ણનીય, અતુલનીય, અનુપમેય ઉપકારોની શ્રેણિ ધારાબદ્ધ વર્ષા કરી છે, તેનું વર્ણન કરવા અમો અસમર્થ છીએ, કારણકે..........

પૂજ્યપાદશ્રીનું આધ્યાત્મિક શ્રુતજ્ઞાન, આધ્યાત્મિક અનુભવજ્ઞાન, આધ્યાત્મિક આત્મ ધ્યાન, આધ્યાત્મિક કોટીનું ઉચ્ચ સચ્ચારિત્ર, આત્માનુ-ભૂતિ યુક્ત યોગમય જીવન અને પરમપદ પ્રદર્શક કવન શબ્દાતીત છે, વર્ણનાતીત છે.

પરમ યોગીશ્વર ગુરુદેવ ભગવન્ત આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મહારાજા તથા પૂજ્યપાદ, પ્રશમનિધિ આચાર્ય ભગવન્ત શ્રીમત્ કીર્તિસાગર સૂરીશ્વરજી મહારાજાંના દિવ્ય આશીર્વાદથી તથા પરમપૂજ્ય, પરમશાસન પ્રભાવક, પારમાર્થિક મોક્ષૈકલક્ષી પ્રાભાવિક પ્રવચનકાર આચાર્ય દેવેશ શ્રી સુબોધસાગર સૂરીશ્વરજી મહારાજાના અન્તરના આશીર્વાદથી પ્રસ્તુત 'કૃષ્ણ-ગીતા' સંસ્કૃત ગ્રન્થના ભાવવાહી ગુજરાતી ભાષામાં ભાવાનુવાદક પરમપૂજ્ય, પ્રશાન્તમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્ મનોહરકીર્તિસાગર સૂરીશ્વરજી મ.સા. એ ધર્મપ્રેમી, ધર્માનુરાગી, ધર્મ નિષ્ઠ, મોક્ષૈકલક્ષી વિશ્વવર્તી તમામ ભવ્યાત્માઓ ઉપર જે અવર્ણનીય મહાન ઉપકાર કર્યો છે, તેનું અભિવાદન કરવા અમે ભાગ્યશાળી બન્યા છીએ.

વિશ્વના તમામ જીવો સાંસારિક અશુદ્ધ પર્યાયમાંથી મુક્ત બનવા આત્મ ધ્યાનના પ્રભાવે આત્મ રમણતા કરી, સ્વ આત્મ દ્રવ્યના અનંત પરમ વિશુદ્ધ ગુણોનો આવિર્ભાવ કરી, આત્માના અનંત પર્યાયોની પરમ વિશુદ્ધિ કરી પરમપદ - મોક્ષ, મુક્તિ - સિદ્ધત્વને પામે, એજ અન્તરની શુભાભિલાષા.

તેમજ ન્યુ યુનિવર્સલ પ્રિન્ટર્સ'ના માનાર્હ પ્રોપ્રાયટર શ્રી વસંતભાઈ સી. મહેતાનો અન્તઃ કરણ પૂર્વક માનીએ છીએ.

સદ્ ગુરુ ચરણ સેવક...
ટ્રસ્ટી ગણ

# પરમ પ્રકાશનો પંથ

આજે આ વિશ્વમાં જ્યાં જૂઓ ત્યાં અને જ્યાં જાઓ ત્યાં,
અત્ર - તત્ર - સર્વત્ર
ગ્રન્થ અને પંથનો કોઈ જ તોટો નથી.
ગ્રન્થે ગ્રન્થે પંથ છે.
પંથે પંથે ગ્રન્થ છે.
ગ્રન્થનો પ્રઘોષ કરે છે પંથ.
પંથનો પ્રકાશ કરે છે ગ્રન્થ.
ગ્રન્થ પંથની પ્રશસ્તિ કરે છે.
પંથ ગ્રન્થનું પ્રદર્શન કરે છે.
કેટલાક જોર શોરથી ગર્જના કરે છે - મારો ગ્રન્થ.સાચો.
પ્રેસ અને પ્લેટ-ફોર્મના માધ્યમથી પ્રચાર કરે છે - મારો પંથ સત્ય.
કેટલાક છે ગ્રન્થના રાગી, અનુરાગી અને અનુયાયી.
કોઈક છે પંથના પ્રેમી, પાગલ અને પ્રબુદ્ધ
આ પ્રમાણે આ દુનિયામાં ગ્રન્થ, પંથના પ્રેમીઓનો તોટો નથી.
પણ....ગ્રન્થિને દૂર કરે, તે જ સાચો ગ્રન્થ.

પામરતાને પીંગળાવે, પરમત્વને પ્રગટાવે અને પરમનો પ્રકાશ પાથરે, તેજ સાચો પંથ....

પરંતુ હા... પરમને પામવા તો પંથ અને ગ્રન્થની પકડમાંથી મુક્ત થવું પડે અને તો જ પરમનો આસ્વાદ શક્ય બને. પરમની અનુભૂતિ પ્રાપ્ત થાય. સર્વ ગ્રન્થો અને તમામ પંથોનો પારમાર્થિક સાર અને મર્મ તો એ છે કે, પરમના પ્રકાશની અનુભૂતિ કરવી.

આ અનુભૂતિ પ્રાપ્ત કરવા પરમ પૂજ્ય, યોગનિષ્ઠ આચાર્ય ભગવન્ત શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મહારાજા વિરચિત 'કૃષ્ણ-ગીતા' ગ્રન્થનું સતત અધ્યયન, સાતત્યપૂર્ણ મનન અને અહર્નિશ નિદિધ્યાસન નિતાંતઃ નિર્વિવાદ આવશ્યક છે.

વિશ્વના તમામ જીવો આત્માનુભૂતિ પ્રાપ્ત કરો એજ અન્તરની અભિલાષા અને અન્તે પૂજ્યપાદ, પરમ શાસન પ્રભાવક આચાર્ય દેવેશશ્રી સુબોધસાગર સૂરીશ્વરજી મહારાજાના અન્તરના આશીર્વાદથી ભાવાનુવાદ ગ્રન્થનું આલેખન કરતાં શ્રી જિનાજ્ઞાથી વિપરિત જાણતા, અજાણતા અનુપયોગે કંઈપણ નિરૂપણ થયું હોય તો મન, વચન અને કાયાના ત્રિવિધ યોગથી મિચ્છામિ દુક્કડં.......

મનોહરકીર્તિસાગર સૂરિ

# स.....म......र्प.....ण....म्......

વિક્રમની સત્તરમી શતાબ્દિમાં થયેલા
શ્રી જિનશાસનના અદ્વિતીય અજોડ મહાપ્રાભાવિક
વિદ્વજ્જન મૂર્ધન્ય, તત્ત્વવેત્તા, સિદ્ધાન્તવેત્તા,
ન્યાયાંભોધિ, ન્યાય વિશારદ, સ્વનામ ધન્ય,
શ્રી જિનશાસનો દ્યોતક, 'લઘુ હરિભદ'
ઉપનામ ધન્ય, મહામહોપાધ્યાય શ્રીમદ્
યશોવિજયજી મહારાજાના
કમનીય કરકમલોમાં.....
અન્તરના નમ્રાતિનમ્ર વિનમ્રભાવે

સા......દ.....ર.....

સ....મ....ર્પ....ણ....મ્....

# શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ ગ્રન્થ માળા

ગ્રન્થાંક


| | |
|---|---|
| ૧ | અધ્યાત્મ વ્યાખ્યાન માળા |
| ૨ | ભજન સંગ્રહ ભાગ - ૨ જો |
| ૩ | ભજન સંગ્રહ ભાગ - ૩ જો |
| ૪ | સમાધિ શતક |
| ૫ | અનુભવ પચ્ચિશી |
| ૬ | આત્મ પ્રદીપ |
| ૭ | ભજન સંગ્રહ ભાગ - ૪ થો |
| ૮ | પરમાત્મ દર્શન |
| ૯ | પરમાત્મ જ્યોતિ |
| ૧૦ | તત્ત્વ બિન્દુ |
| ૧૧ | ગુણાનુરાગ |
| ૧૨-૧૩ | ભજન સંગ્રહ ભાગ - ૫ મો |
| ૧૪ | તીર્થયાત્રાનું વિમાન |
| ૧૫ | અધ્યાત્મ ભજન |
| ૧૬ | ગુરુ બોધ |
| ૧૭ | તત્ત્વજ્ઞાન દીપિકા |
| ૧૮ | ગહુંલી સંગ્રહ ભા. - ૧ |
| ૧૯-૨૦ | શ્રાવક ધર્મ સ્વરૂપ ભાગ - ૧-૨ |
| ૨૧ | ભજન પદ સંગ્રહ ભા. - ૬ ઠો |
| ૨૨ | વચનામૃત |
| ૨૩ | યોગ દીપક (સંસ્કૃત-ગુજરાતી) |
| ૨૪ | જૈન ઐતિહાસિક રાસમાળા (સંપાદન) |
| ૨૫ | આનંદ ઘન પદ સંગ્રહ ભાવાર્થ |
| ૨૬ | અધ્યાત્મ શાન્તિ |
| ૨૭ | કાવ્ય સંગ્રહ ભાગ - ૭ મો |
| ૨૮ | જૈન ધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ |
| ૨૯ | કુમારપાલ (હિન્દી) (સંપાદન) |
| ૩૦ | શ્રી મયાસાગરજી મ.સા. જીવન ચરિત્ર |
| ૩૧ | શ્રી નેમિસાગરજી મ.સા. જીવન ચરિત્ર |
| ૩૨ | શ્રી રવિસાગરજી મ.સા. જીવન ચરિત્ર |
| ૩૩ | શ્રી સુખસાગરજી મ.સા. જીવન ચરિત્ર |
| ૩૪ | સુખ સાગર ગુરુ ગીતા |
| ૩૫ | ષડ્ દ્રવ્ય વિચાર |

ગ્રન્થાંક

૩૬ વિજાપુર વૃત્તાન્ત (નાનું)
૩૭ સાબરમતી ગુણ શિક્ષણ કાવ્ય
૩૮ પ્રતિજ્ઞા પાલન
૩૯ જૈન ગચ્છ મત પ્રબંધ
૪૦ સંઘ પ્રગતિ
૪૧ જૈન ગીતા
૪૨ જૈન ધાતુ પ્રતિમા લેખ સંગ્રહ ભા - ૧ લો (સંપાદન)
૪૩ મિત્ર મૈત્રી
૪૪ શિષ્યો પનિષદ્
૪૫ જૈનો પનિષદ્
૪૬ ધાર્મિક ગદ્ય સંગ્રહ
૪૭ પત્ર સદુપદેશ ભા. - ૧ લો
૪૮ ભજન સંગ્રહ ભા. - ૮ મો
૪૯ શ્રીમદ્ દેવચન્દ્ર ભા. - ૧ લો (સંપાદન)
૫૦ કર્મ યોગ (સંસ્કૃત - ગુજરાતી)
૫૧ આત્મ તત્ત્વ દર્શન
૫૨ ભારત સહકાર શિક્ષણ કાવ્ય
૫૩ શ્રીમદ્ દેવચંદ્ર ભાગ - ૨ જો (સંપાદન)
૫૪ ગહુંલી સંગ્રહ ભાગ - ૨ જો
૫૫ કર્મ પ્રકૃતિ ટીકા ભાષાંતર (સંપાદન)
૫૬ ગુરુ ગીત ગહુંલી સંગ્રહ
૫૭ આગમ સાર
૫૮ અધ્યાત્મ ગીતા
પં૯ દેવ વંદન સ્તુતિ સ્તવન સંગ્રહ
૬૦ પૂજા સંગ્રહ ભા. - ૧ લો
૬૧ ભજનપદ સંગ્રહ ભાગ - ૯ મો
૬૨ ભજનપદ સંગ્રહ ભાગ
૬૩ પત્ર સદુપદેશ ભાગ - ૨ જો
૬૪ ધાતુ પ્રતિમા લેખ સંગ્રહ ભાગ - ૨ જો (સંપાદન)
૬૫ જૈન દૃષ્ટિએ ઈશા વાસ્યો પનિષદ્ ભાવાર્થ
૬૬ પૂજા સંગ્રહ ભા. - ૨ જો
૬૭ સ્નાત્ર - પૂજા
૬૮ શ્રીમદ્ દેવચંદ્ર અને તેમનું જીવન ચરિત્ર (સંપાદન)
૬૯ શુદ્ધોપયોગ (સંસ્કૃત)
૭૦ દયા ગ્રન્થ (સંસ્કૃત)
૭૧ શ્રેણિક સુબોધ (સંસ્કૃત)
૭૨ કૃષ્ણ-ગીતા (સંસ્કૃત)

ગ્રન્થાંક

૭૩ સંઘ કર્તવ્ય (સંસ્કૃત)
૭૪ પ્રજા સમાજ કર્તવ્ય (સંસ્કૃત)
૭૫ શોક વિનાશક (સંસ્કૃત)
૭૬ ચેટક બોધ (સંસ્કૃત)
૭૭ સુદર્શના બોધ (સંસ્કૃત)
૭૮ લાલા લજપતરાય અને જૈન ધર્મ
૭૯ ચિન્તામણિ
૮૦ જૈન ધર્મ - ખ્રીસ્તી ધર્મનો મુકાબલો
૮૧ જૈન ખ્રીસ્તી સંવાદ
૮૨ સત્ય સ્વરૂપ
૮૩ ધ્યાન વિચાર
૮૪ આત્મ શક્તિ પ્રકાશ
૮૫ સાંવત્સરિક ક્ષમાપના
૮૬ આત્મ દર્શન
૮૭ જૈન ધાર્મિક શંકા સમાધન
૮૮ કન્યા વિક્રય નિષેધ
૮૯ આત્મ શિક્ષા ભાવના પ્રકાશ
૯૦ આત્મ પ્રકાશ
૯૧ શોક વિનાશક
૯૨ તત્ત્વ વિચાર
૯૩ અધ્યાત્મ ગીતા (સંસ્કૃત)
૯૪ આત્મ સમાધિ શતક (સંસ્કૃત)
૯૫ જીવન પ્રબોધ (સંસ્કૃત)
૯૬ આત્મ સ્વરૂપ (સંસ્કૃત)
૯૭ પરમાત્મ દર્શન (સંસ્કૃત)
૯૮ જૈન સૂત્રમાં મૂર્તિ પૂજા
૯૯ શ્રી યશોવિજય નિબંધ
૧૦૦ ભજનપદ સંગ્રહ ભાગ - ૧૧ મો
૧૦૧ ભજનપદ સંગ્રહ ભાગ - ૧ લો
૧૦૨ ગુજરાત બૃહદ્ વિજાપુર વૃત્તાન્ત
૧૦૩-૧૦૪ શ્રીમદ્ દેવચંદ્ર વિસ્તૃત જીવન- દેવ વિલાસ (સંપાદન)
૧૦૫ મુદિતશ્વેતાંબર ગ્રન્થ ગાઈડ (સંપાદન)
૧૦૬ કક્કાવલી - સુબોધ
૧૦૭ સ્તવન સંગ્રહ
૧૦૮ પત્ર સદુપદેશ ભાગ - ૩ જો
૧૦૯ શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરી. સ્મારક ગ્રન્થ
૧૧૦ પ્રેમગીતા (સંસ્કૃત)
૧૧૧ યોગનિષ્ઠ આચાર્ય (લે. જયં ભિખ્ખુ)

# જીવન ઝરમર



પ.પૂ. યોગનિષ્ઠ આચાર્ય ભગવન્ત
શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મહારાજા

જન્મ :
વિ.સં. ૧૯૩૦ મહાવદ-૧૪ વિજાપુર

દીક્ષા :
વિ.સં. ૧૯૫૭ માગશર સુદ-૬ પાલનપુર

આચાર્યપદ :
વિ.સં. ૧૯૭૦ માગશર સુદ-૧૫ પેથાપુર

નિર્વાણ :
વિ.સં. ૧૯૮૧ જેઠવદ-૩ વિજાપુર

## અહારે...આલમના અવધૂત

સમય પગલાં સૂંઘતો હોય છે, કોઈ યુગ પ્રવર્તક આધ્યાત્મિક અવધૂતના આગમનનાં. જમાનો ઝંખતો હોય છે. ત્રિવિધ તાપમાં તપતા જગત પર શીતળ જળનો છંટકાવ કરનાર આલમના યોગીને. ધરતી ચિર તૃષિત હોય છે આવા ઉદાત્ત ચરિત્રનાયકના દર્શન માટે. ભોગના રોગ અને તૃષ્ણાના તાપથી તપ્ત બનેલી પૃથ્વી લખલખતાં લોચનિયાં માંડીને બેઠી હોય છે કાળની પગદંડી પર. એને ઉગારનારના આગમનનાં વધામણાં કરવા માટે.

અને એવું જ બન્યું.

વિક્રમ સંવત ૧૯૩૦ના મહાવદ ચૌદશને મહાશિવરાત્રીનો એ પાવક દિવસ હતો..., ને ત્યારે જાણે સતત ઘૂમતું રહેતું સમયનું ચક્ર પળવાર માટે થંભી ગયું. ઉત્તર ગુજરાતના વિજાપુર ગામના પટેલ કુળીયામાં શિવદાસ પટેલને ઘેર પુત્રનો જન્મ થયો. માતા અંબાબાઈના હરખનો પાર નહોતો. મારા લાલ કહેતાં એમની આંખોઃ અશ્રુજળમાં નહાઈ રહી એ દિવસે. અંબાબાઈના ઘેર છાસવારો હતો પણ છાસ લેવા આવેલાં સહુને મધ મીઠું ગોરસ મળ્યું ! એકવાર એવું બન્યું કે

માતા-પિતા બાળકને ખોયામાં સુવાડીને ખેતરમાં કામ કરતાં હતાં, ત્યાં જ ખોયા પર કાળોતરો નાગ આવીને વીંટળાયો, માતાએ દૂરથી આ જોયું ને એમણે મનોમન 'બહુચરમા'ની બાધા રાખી. નાગ તો ડંખ મારવાને બદલે ફેણનું છત્ર રચીને બાળકને છાંયડો કરી રહ્યો- ને પછી સડસડાટ જતો રહ્યો. માતાએ એનું નામ પાડ્યું. : બહેચર!

સમય સમયનું કામ કરે છે. કાળની રેતી ખરતી જ રહે છે. કાળના કાંટા કદી અટકતા જ નથી. બાળપણથી બહાદુર એવો બહેચર મોટો થયો. એ તો અભયનો આરાધક હતો. એકવાર અચાનક જ એક ઘટના બની ગઈ.

બહેચર કડિયાળી ડાંગ લઈને ગામની ભાગોળે ચાલ્યો આવતો હતો. ચરવા ગયેલાં ઢોર સાંજની વેળાએ ગામમાં પાછાં આવી રહ્યાં હતાં. ત્યાં જ ! 'બચાવો રે બચાવો' ની બૂમાબૂમ બહેચરે સાંભળી. એણે જોયું તો ભડકેલી એક ભેંસ તોફાની હાથીની જેમ દોડી રહી હતી ને એના માર્ગમાં એક વૃદ્ધ મુનિ જઈ રહ્યા હતા. મુનિ મહારાજની જિંદગી હમણાં કાંતો હતી ન હતી થઈ જવાની... પણ બળુકા બહેચરે ઝટ દોડીને જઈને ભેંસના માથામાં જોશભરી લાકડી ફટકારી દીધી... ને ભેંસ ભાગી ગઈ. બહેચરને હતું કે મહારાજ એને શાબાશી આપશે પણ તેમણે તો આશીર્વાદ આપીને કહ્યું : 'અરે ભાઈ ! આવું તે કરાતું હશે ? તેં લાકડી ફટકારી તેથી તે અબોલ જીવને કેવી પીડા થઈ હશે ?

બહેચર તો સડક જ થઈ ગયો : વાહ મહારાજ ! પ્રાણીના દુઃખે દુઃખી થનારા તો તમે પહેલા જ નીકળ્યા ! ખરો છે તમારો ધર્મ... !

બહેચરના મનમાં વિચારવલોણું ચાલ્યું. ચિત્તમાં ઊંડાણ ખોદાયું. હૃદયનાં પડળો ભેદાયાં.

અચાનક જ બધું બની ગયું ને ઝરી ગયો તણખો... સમયના ગર્ભમાંથી સરી પડી પ્રસંગની પાવક જ્વાળા.... ને બૂંદ બની ગયું મોતી. અને મોતી ય એવું પાણીદાર કે અઢારેય આલમમાં એની બરાબરી કોઈ ન કરી શકે !

એ સાધુ તે પૂજ્ય રવિસાગરજી મહારાજ. એમની વાણીએ કર્મનાં કાળાં વાદળાંને હટાવવા માંડ્યા. પથ્થર ફાડીને જાણે ફૂલ ફૂટવાં લાગ્યાં. જડપડળો ભેદાવા લાગ્યા. તીર બરાબરનું વાગ્યું હતું. ચિનગારી ઠાણું જોઈને ચંપાઈ ગઈ હતી.

વિજાપુરની ધૂળિયા નિશાળમાં બહેચરે છ ધોરણ પૂરાં કરેલાં. બહેચરને જ્ઞાનની પિપાસા લાગેલી. સરસ્વતી પ્રસન્ન થાય તે માટે તેણે બાધા રાખેલી.. પણ ભેંસને લાકડી ફટકારવાના અને મુનિશ્રીની શીખામણના પ્રસંગ પછી બહેચરના મનનું વહેણ બદલાયું. કહોને કે દિશા જ બદલાઈ ગઈ ! એમાં ય પાછો પૂ. સુખસાગરજી મહારાજ સાહેબનો સંગ થયો. બદલાતું મન અને સાધુનો સંગ ! સાધુ તો પારસમણિ જેવા ! જૈન ધર્મના સંસ્કારો મળ્યા બહેચરને. એણે રાત્રિભોજનને વર્જિત કર્યું. અને કંદમૂળ ન ખાવાનો સંકલ્પ કર્યો. દેવદર્શન, જિનપૂજા અને ગુરુવંદના એના માટે રોજિંદા બની ગયા. પૂર્વજન્મના દબાયેલા સંસ્કારો જાગી ઊઠ્યા... અને પછી તો થોડા જ સમયમાં પંચપ્રતિક્રમણ, નવ તત્વ, ચાર પ્રકરણ.... વગેરેનો ગંભીરપણે અભ્યાસ પણ કરી લીધો. રંગ ચઢવા લાગ્યો. મેલ કપાવા લાગ્યો. એનો આતમરામ જાગી ગયો હતો.

કાળઝપાટો સૌને વાગે, યોગીજન જગ જાગે.

આતમધ્યાનથી રે, સંતો સદા સ્વરૂપે રહેવું કર્માધીન છે સહુ સંસારી, કોઈને કાંઈ ન કહેવું.

દુનિયા છે ને દુનિયાની વાત નિરાળી છે. દુનિયા એની આંખે જુએ ને એની રીતે વાતો કરે. ગામના લોકો તો બહેચરના રંગ ઢંગ જોઈ કહેવા લાગ્યા : 'બહેચર શીરા સારુ શ્રાવક થયો છે....!' એના જવાબમાં બહેચર કહેતો : 'હા, તમારી એ વાત સાચી છે કે હું શીરા સારુ શ્રાવક થયો છું. પણ આપ ધારો છો તે અને હું માનું છું તે શીરા વચ્ચે ફેર છે....'

'શો ફેર છે ?'

'હું માનું છું તે શીરો ઘી, ગોળ અને ઘઉંનો બનેલો નથી પણ શ્રદ્ધા, જ્ઞાન અને ભક્તિનો બનેલો છે.'

લોક ચૂપ થઈ જતાં.

તેમણે વકીલની પેઢીમાં વકીલાતનું કામ શીખવા માંડેલું. તીવ્ર બુદ્ધિને કારણે કામમાં ઝડપથી સફળતા મળવા માંડી. પણ તે મૂંઝવણ અનુભવતા હતા : વકીલાતમાં સાચાને ખોટું ને ખોટાને સાચું કરવાનું હોય ! એ તો કાળાં ધોળાંનું કામ ! એમાં જીવનનું ધ્યેય શી રીતે સધાય ? વ્યાપાર પ્રપંચ છે, વકીલાતમાં છળ-કપટ છે. પરણવું નથી. લગ્ન તો માર્ગને અવરોધતી શીલા બની જાય ! મારે તો જીવનોત્કર્ષ સાધવો છે ! ભોગ તો રોગ છે. બસ, મારે તો તપનાં તેજ રેલાવવાં છે. ત્યાગનાં ઓજસ પાથરવાં છે.

"જગતના ખેલ છે ખોટા, કદી નહી થાય મન મોટા. સદા છે દુઃખ માયામાં, સદા સુખ ધ્યાન છાયામાં પ્રભુનું નામ સુખ આપે... પ્રભુનું નામ દુઃખ કાપે."

માટે હે જિહ્વા- "જીભલડી ગા જીનેશ્વરને હૃદય તું દેવને સ્મરને."

બહેચરદાસ મનમાં વિચારતા : મારે સંસાર સાગરમાં ડૂબવું નથી, મારે તો આ સાગર તરી જવો છે. માયા ડૂબાડશે, રાગ રોગગ્રસ્ત કરશે. એમાંથી બચવું હોય તો જપો જિનેશ્વરનું નામ.

આજોલ ગામમાં બહેચરદાસે ધાર્મિક શિક્ષક તરીકેની નોકરી પણ સ્વીકારેલી. એમાં તો ભણાવવાની સાથે ભણવાનું... અંદરની ઈચ્છા હોય તો રણમાંય ઝરણું મળી આવે. પિપાસા હોય જો સાચા હૃદયની તો પથ્થરમાંથી પણ ફણગા ફૂટે. અને બહેચરદાસ તો જ્ઞાનમાર્ગના મુસાફર હતા. જ્ઞાનની તરસ લાગી હતી એમને. આથી તેઓ મહેસાણા ગયા ને ત્યાંની સુવિખ્યાત યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળામાં અભ્યાસ કરવા લાગ્યા. પૂજ્ય શ્રી રવિસાગરજી મહારાજ સાહેબ પણ ત્યાં હતાં, તેથી સંબંધ વધુ ગાઢ બન્યો. બહેચરદાસ પૂજ્યશ્રીની ખૂબ જ સેવા કરતા. બહેચરદાસને સમજાયું કે માનવીએ જગતને જીતવાનું નથી. એને તો જીતવાનું છે ભીતરમાં સતત ચાલી રહેલું મહાભારત. એણે મોહ, માયા, રાગદ્વેષ, મત્સર, ક્રોધ જેવી વૃત્તિઓને જીતવાની છે. એમને થયું કે, આચાર વિનાનો અભ્યાસ

એટલે પોથીમાનાં રીંગણાં. ને આ વિચાર સાથે જ એમણે રાત્રિભોજનનો ત્યાગ કર્યો. એક કણબીના દીકરા માટે આ નિયમ કેટલો બધો કઠિન છે ! સાંજનું ભોજન તો ખેતરેથી આવ્યા પછી જ થાય. રાત પણ પડી જાય, એટલે ભૂખ્યા પણ રેહવું પડે. પણ બહેચરદાસ તો અડગ મનના યાત્રી હતા.

અડગ વૃત્તિ ધ્યાવતા રે, હોવે મન વિશ્રામ,
અનુભવ ત્યારે જાગશે રે, આનંદઉદધિ ઠામ.

પિતા શિવદાસ શિવધર્મી, માતા વૈષ્ણવધર્મી અને બહેચરદાસ એકચિત્તે જૈન ધર્મની આરાધના કરે. બહેચરદાસ એક એક વિચાર પર ઊંડું ચિંતન કરે. ધાર્મિક પરીક્ષામાં બહેચરદાસ સૌથી વધુ ગુણ મેળવે. વત્સરાજ નામના એક બારોટના સંપર્કથી કવિતાની સરવાણી ફૂટી નીકળી.

મહેસાણામાં ગુરુ પૂ.શ્રી રવિસાગરજી મહારાજ સાહેબની સેવા કરવાનો લહાવો મળતાં એમનામાં અધ્યાત્મજ્ઞાન વધુ ગહન બન્યું. એવામાં બહેચરદાસને સમાચાર મળ્યા કે એમનાં માતા-પિતા ચાર-પાંચ દિવસના આંતરે સ્વર્ગવાસી બન્યાં છે. તેઓ ઘેર ગયા. લૌકિક ક્રિયા પતાવ્યા પછી તેમણે નક્કી કર્યું કે'' હવે તો કદી પણ મૃત્યુ ન પામે એવાં માબાપ કરવાં છે.''

દૃઢ નિશ્ચય કર્યો. વીતરાગની વાટે જવાનો. સંયમના માર્ગે સંચરવાનો.

વિ.સં. ૧૯૫૭ના માગશર સુદ છઠનો એ શુભ દિવસ હતો. સત્તાવીસ વર્ષના બહેચરદાસે તે દિવસે ગુરૂદેવ શ્રી રવિસાગરજી મ.સા.ના. શિષ્ય પૂ.શ્રી સુખસાગરજી મ.સા.ની પાસે પાલનપુર ખાતે ભારે ધામધૂમપૂર્વક દીક્ષા ગ્રહણ કરી. એમણે નક્કી કર્યુંકે, ''હું હવેથી સ્તુતિ કે નિંદાથી અળગો રહીશ. હર્ષ કે શોકને ધારણ નહી કરું. રાગદ્વેષ નહી રાખું ને આ જીવન હું જૈનધર્મને સમર્પિત કરીશ.'' અને આ રીતે સંયમ ગ્રહણ કરીને સંસારી બહેચરદાસ મટીને તેઓ મુનિશ્રી બુદ્ધિસાગર બન્યા. આત્મસાધનાની યાત્રાનો આરંભ થયો. તેઓ પઠન-પાઠન અને અધ્યયનમાં ડૂબી ગયા. ષડ્દર્શનનો એમણે

તલસ્પર્શી અભ્યાસ કર્યો. ૪૫ આગમોનું વિશદ્ અવગાહન કર્યું. સ્વપરશાસ્ત્રોના પારગામી બન્યા. એમનાં વ્યાખ્યાનો વિશદ્ બન્યા. એમનાં પુસ્તકો ઊંડા તત્વવિચારવાળાં બન્યાં. કાશીના વિદ્વાન પંડિતોએ મુનિશ્રી બુદ્ધિસાગરજીને 'શાસ્ત્ર વિશારદ'ની પદવી અર્પણ કરી.

શરૂ થઈ ગઈ અધ્યાત્મયાત્રાની દડમજલ. સંસાર છુટી ગયો. રાગ ભોગ અળગા થઈ ગયા. માર્ગ ફંટાઈ ગયો. મંઝીલ બદલાઈ ગઈ. હવે તો અંતરયાત્રા કરવાની હતી. તપથી તપવાનું હતું. આત્મસાધક બનવાનું હતું... અને એમણે પોતાની આ અધ્યાત્મયાત્રાનાં શિખરો સર કરવા માંડ્યા.

સુરતમાં એમનું પ્રથમ ચાર્તુમાસ

સુરતમાં ત્યારે એવું બનેલું કે જિતમુનિ નામના સાધુએ કોઈ કારણસર દીક્ષા ત્યજી દીધી. અને જયમલ પદમીંગ નામે ખ્રિસ્તીધર્મના પ્રચારક બની ગયા. જૈન ધર્મ પર તેઓ બેફામપણે કાદવ ઉછાળવા લાગ્યા. જૈન ધર્મ પ્રત્યે ફાવે તેમ વિષવમન કરતા હતા તેઓ. મુનિશ્રી બુદ્ધિસાગરજીનું હૈયું આ જોઈ ઉકળી ઊઠ્યું. એમણે જયમલ પદમીંગને આ બાબત ચર્ચા કરવા આહ્વાન આપ્યું. કહેવડાવ્યું કે, ''જુઓ, તમે ખોટી, અર્થહીન અને પોકળ દલીલો દ્વારા જૈન ધર્મને હલકો ચીતરવા પ્રયત્ન કર્યો છે. તેઓ જવાબ આપવા તથા શાસ્ત્રોક્ત પદ્ધતિથી ખંડન કરવા તમે કહો તે સ્થળે અને સમયે હું હાજર રહીશ.''

મુનિશ્રી બુદ્ધિસાગરજીનો પડકાર સાંભળી જયમલ પદમીંગના તો મોતિયા જ મરી ગયા. પરસેવો છુટી ગયો. મુનિશ્રીની વિદ્વત્તાની તેને ખબર હતી. તે પડકાર ન ઝીલી શક્યો. તે ડરપોક પુરવાર થયો અને મુનિશ્રી બુદ્ધિસાગરજીએ તેની એકે એક દલીલનો જવાબ આપતું પુસ્તક માત્ર દસ જ દિવસમાં પૂર્ણ કર્યું. આ પુસ્તકનું નામ રાખ્યું : 'જૈન ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો તથા જૈન-ખ્રિસ્તી સંવાદ'' આ ગ્રંથ છપાયો, ચારે તેની નકલો ઠેર ઠેર વહેંચવામાં આવી.

એક નકલ જયમલ પદમીંગને પણ પહોંચાડવામાં આવી. આ વાંચતાં જ જયમલની મિટ્ટી પલીદ થઈ ગઈ. એને સુરત છોડવું પડ્યું. એ પછી સં. ૧૯૬૨માં તેમણે મૂર્તિપૂજાનું હાર્દ સમજાવતો "જૈન સૂત્રમાં "મૂર્તિપૂજા" નામનો ગ્રંથ પણ લખ્યો. સં. ૧૯૮૦માં લાલા લજપતરાયે આર્યાવર્તના ઈતિહાસમાં જૈનધર્મ સંબંધી કેટલીક ખોટી બાબતો રજુ કરી હતી. તેના જવાબમાં પૂ. શ્રી બુદ્ધિસાગરજીએ 'લાલા લજપતરાય અને જૈન ધર્મ' નામનો ગ્રંથ રચ્યો. સાહિત્યની સરવાણી સતત વહેતી હતી. સુરતથી એ સરવાણી શરૂ થઈ હતી ને તે અવિરતપણે ચાલું રહી હતી.. છેલ્લા શ્વાસ સુધી.

એકસોને આઠ ગ્રંથરૂપ શિષ્યો રચવાનો એમનો ભેખ હતો. એમણે અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ નામની સંસ્થા સ્થાપીને આ સંસ્થા દ્વારા પોતાના ગ્રંથો પ્રગટ કરવાનો નિર્ધાર કર્યો.

લખવાનું તેઓ એકાંતમાં રાખતા. તત્ત્વના તુંગ હિમાલયશિખરે પલાંઠી લગાવીને જગતમાં અધ્યાત્મની અહાલેક જગાવનાર આ આલમના અવધૂતની કલમમાંથી જ્ઞાનસરવાણી આપ મેળે જ ફૂટતી. વિજાપુરમાં ભોંયરામાં બેસીને તેઓ લખતા. ઈન્ડીપેનને બદલે બરૂની કલમ કે પેન્સીલ વડે જ તેઓ લખતા. એક દિવસમાં બાર જેટલી પેન્સીલો વપરાઈ જતી. પૂજ્ય શ્રીબુદ્ધિસાગરજીએ પોતાના સંયમજીવનમાં ૧૦૮ ગ્રંથો સંસ્કૃત, હિન્દી અને ગુજરાતી એમ ત્રણેય ભાષાઓમાં લખ્યા છે.

એમાં પચીસ જેટલા ગ્રંથો તો તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મજ્ઞાનથી ભરપૂર છે. ચોવીસ ગ્રંથોમાં તેમની કાવ્યકૃતિઓ રચાઈ છે. અન્ય બાવીસ ગ્રંથોમાં ધર્મ અને નીતિનો બોધ સચવાયો છે. સંસ્કૃત ભાષામાં પણ તેમણે બાવીસ ગ્રંથો રચ્યા છે.

"શ્રીમદ્ દેવચંદ્રજી" નામે બે ભાગમાં લખાયેલ ચરિત્ર તે સંપાદિત સૌથી મોટો ગ્રંથ છે. એમણે ચોસઠ પાનાંનો એક પત્ર લખેલો તે 'તીર્થયાત્રાનું વિમાન' નામે પુસ્તકરૂપે પ્રગટ થયો છે. એ કહેતાઃ 'મારું લેખનકાર્ય મારી જીંદગીના છેલ્લા શ્વાસ સુધી ચાલું જ રહેશે' સરસ્વતીની કેવી સાચા દિલની ઉપાસના હતી એમની !

આપણા લોકપ્રિય નવલકથાકાર શ્રી રમણલાલ વ. દેસાઈએ પૂજ્યશ્રી માટે કહ્યું છે કે 'શ્રી બુદ્ધિસાગરજીનું સાહિત્ય એટલે ? એને હિન્દુ પણ વાંચી શકે, જૈન પણ વાંચી શકે અને મુસ્લિમ પણ વાંચી શકે. સૌને સરખું ઉપયોગી થઈ શકે તેવું એ કાવ્ય સાહિત્ય તેમને આપણા ભક્ત અને જ્ઞાની કવિઓની હરોળમાં મૂકી દે તેવું છે.' કર્મયોગ નામનો દળદારગ્રંથ વાંચીને લોકમાન્ય તિલકે લખેલું'' જો મને પહેલેથી ખબર હોત કે તમે 'કર્મયોગ' લખી રહ્યા છો, તો હું મારો કર્મયોગ કદી ન લખત...' જૈન સાધુઓની રોજનીશી લખનાર પૂ.શ્રી બુદ્ધિસાગરજી સર્વ પ્રથમ છે. લાલા લજપતરાય, પંડિતમદન મોહન માલવિયા વગેરે સાથે તેમણે ધર્મોન્નતિની વિચારણાઓ કરી હતી. મહાત્મા ગાંધીજી સાથે પણ તેમણે વિસ્તૃતપણે ચર્ચા કરી હતી. વડોદરા નરેશ સયાજીરાવ ગાયકવાડે પોતાના લક્ષ્મીવિલાસ રાજમહેલમાં પૂજ્યશ્રીને નિમંત્રીને બે કલાક સુધી 'આત્મોન્નતિ' વિષય પર વ્યાખ્યાન સાંભળ્યું હતું. ને હર્ષથી તેઓ બોલી ઊઠ્યા હતા..'' આપના જેવા જો થોડા વધુ સંતો ભારતમાં હોત તો ઉદ્ધાર ઘણો નજીક આવે.''

ઠેર ઠેર વહેમ અને અંધશ્રદ્ધાના અખાડા ઊભરાતા હતા. ભૂતપ્રેતનો ભય લોકોને કંપાવી રહ્યો હતો. આધિ વ્યાધિ અને ઉપાધિમાંથી બચાવ જૈન અને જૈનેતરો આડા અવળા ભટકતા હતા. અંધશ્રદ્ધા ધૂણતી હતી ને વહેમ ડાકલાં વગાડતો હતો. અજ્ઞાનના અંધકારમાં કેટલાયે લોકોનું જીવન બરબાદ થતું હતું. ભૂતપ્રેત, ડાકણને ચૂડેલની કાલ્પનિક કથાઓ રચાતી હતી. ગરીબ પ્રજાને ભુવા બેહાલ કરી નાખતા હતા. આવા સમાજને જગાડવો શી રીતે ? મુનિશ્રી બુદ્ધિસાગરજીનું વિચારમંથન ચાલ્યું. એક દિવસે એમણે સંકલ્પ કર્યો. આસો વદ તેરસે મહુડી દેરાસરના ભોંયરામાં સવારે ચાર વાગે તેઓ પદ્માસન લગાવીને બેસી ગયા. ને ત્રણ દિવસના અંતે વેદિકામાંથી એક પ્રચંડ મહાપુરુષ પ્રગટ થયો. તેઓશ્રીએ એ દિવ્યશક્તિનાં દર્શન કર્યાં. અને શિલ્પીઓ પાસે તેવી જ મૂર્તિ બનાવડાવી. ને આ મૂર્તિનો વિ.સં. ૧૯૮૦ના માગસર

સુદ ત્રીજના દિવસે પ્રતિષ્ઠા કરાવી. આ પ્રંચડમહાપુરુષ તેજ શ્રી ઘંટાકર્ણવીર. ને આજે તો મહુડીનું આ સ્થાન લોકોની શ્રદ્ધાનું મહાતીર્થ બની ગયું છે.

વિ.સં. ૧૯૭૦ને માગશર પૂનમના દિવસે પેથાપુર નગરમાં ભારતભરના જૈન સંઘો એકત્રિત થયા હતા. ને તે દિવસે મુનિશ્રી બુદ્ધિસાગરજીને આચાર્યપદ પ્રદાન કરવામાં આવ્યું. સમાજના હિત માટે સાચી પણ કડવી વાતો કહેતાં તે જરાય સંકોચ ન અનુભવતા.

અગાસીમાં મુનિસુવ્રત સ્વામીના જિર્ણોદ્ધાર પામેલા જિનાલયમાં પ્રતિષ્ઠા કરાવી. વિ.સ. ૧૯૭૩માં પાલીતાણામાં શ્રીયશોવિજયજી જૈન ગુરુકુળની સ્થાપના કરી. તો અમદાવાદમાં લલ્લુરાયજી બોર્ડીંગ અને સુરતમાં શ્રી રત્નસાગરજી જૈન બોર્ડિંગની સ્થાપના કરાવી. વિજાપુર અને પ્રાંતિજમાં હરિજન બાળકો માટે શાળા અને છાત્રાલય શરુ કરાવ્યા.

અન્ય ધર્મો તરફ પણ પૂજ્યશ્રીના મનમાં એટલો જ આદરભાવ ! વિ.સં. ૧૯૭૪ની વાત છે. વિજાપુરમાં એક મુસ્લીમ આગેવાનનું મરણ થયું. મુસ્લીમો ગામમાં પાખી પળાવવા પૂજ્યશ્રી પાસે આવ્યા. તેમણે કહ્યું, 'જૈનોનું મહાજન કહે તેટલો લાગો આપીએ પણ આપ પાખી પળાવો. પૂજ્યશ્રી ગામના મહાજનને ભેગું કર્યું ને એક પૈસો પણ લીધા વગર પાખી પળાવરાવી.

એકવાર તેઓ ઉંઝા મુકામે ભરાયેલ કડવા પાટીદારોની મોટી સભામાં ગયા. પટેલો પાસે રૂઢિઓ પાછળ ખુવાર ન થાય તે માટે કેટલાંક ઠરાવો કરાવરાવ્યા. એમજ રીતે સુરતના દુબળા અને ભોઈ સમાજના લોકોને પણ ઉપદેશ આપી આગળ આવવા પ્રતિબોધ કર્યો.

પૂ.શ્રી પૂરા અને સાચા દેશભક્ત હતા. ખાદી તેમણે ઘણા સમયથી સ્વીકારી હતી. તેમનાં લખાણોમાં પણ દેશભકિત પ્રગટ થાય છે. તેઓ સ્વરાજની વાત કરવાની સાથે આત્મિક રાજ્યની મહત્તા પણ સમજાવતા.

વિ.સં. ૧૯૮૧નું ચાતુર્માસ કરવા પૂજ્યશ્રીને ઠેરઠેરથી આમંત્રણો

મળવા લાગ્યા. ત્યારે તેમણે હસીને કહ્યું.:'' ભાઈ, હવે કોણ ચાતુર્માસ કરવાનું છે.''

જીવન અને જગતને જોવાની એમની દ્રષ્ટિ અનોખી હતી. તત્ત્વની ઊંચાઈ પર આસનસ્થ થઈને જ તેઓ કોઈપણ વાત કે વિચારને મૂલવતા. સમર્થતા હતી તો સર્જક્તા પણ હતી. અચ્છા ચિંતકની મનોતત્પરતા હતી અને મૂલ્યનિષ્ઠ ચિંતકની મનોતત્પરતા હતી અને મૂલ્યનિષ્ઠાનો મહિમા પણ હતો.. ને જ્યાં વિચારની ગહનતા હોય છે ત્યાં આર્ષદ્રષ્ટિ પણ અચૂક હોય છે. સમયનાં પડળોને ભેદીને તેઓ કાળની આરપાર જોઈ શકે છે. ચાતુર્માસનાં નિમંત્રણોના પ્રત્યુત્તર રૂપે એમણે જે કહ્યું તે ભાવિનાં એંધાણ હતાં: ''ભાઈ, હવે કોણ ચાતુર્માસ કરવાનું છે ?'' એ છ શબ્દો ઘણું બધું કહી જાય છે પણ ઊંચા વૈચારિક આસને બેઠેલી મહાન વિભૂતિઓ જે અચાનક જ અંતઃ સ્ફુરણાથી બોલી ઊઠે છે તે જગતના વ્યવહારોમાં અટવાયેલાં આમ માનવીઓની સમજમાં શી રીતે ઊતરે ?

કોઈ સમજ્યું. કોઈ ન સમજ્યું.

પૂજ્યશ્રીને પ્રથમથી જ પોતાના અંતિમગમનનો અણસાર આવી ગયો હતો. એમને ખ્યાલ આવી ગયો હતો કે : જીવનનું જળ વહી ગયું છે ને હવે તો ચંદ દિવસો અને ચંદ કલાકો જ શેષ છે. જે થઈ રહ્યું હતું તેનો પણ એમને ખ્યાલ હતો, ને જે આવી રહ્યું હતું તેનો પણ તેમને અણસાર હતો. વાસ્તવ છેવટે તો વાસ્તવ હતું. તેને સ્વીકાર્યે જ છુટકો.

શરીર શરીરનું કામકરી રહ્યું હતું.

શરીરની પણ મર્યાદા હોય છે.

એ ઘસાય છે. ક્ષીણ જાય છે. જીર્ણ બને છે અને સતત એની કાંકરીઓ ખરતી જ રહે છે. તેઓ મહુડીમાં બિરાજતા હતા.

મહુડીમાં એ રાત્રે એમની નાડીના ધબકારા મંદ પડવા લાગ્યા. તાબડતોડ ડોકટરો આવ્યા. એમણે તપાસ કરી. તેઓ પણ ગભરાયા. પણ એ તો અડગ નિર્ધાર કરીને જ બેઠા હતા. વિજાપુર જવું છે. વિહાર કરવો છે. જે થવું હોય તે થાય. અડગ મનના મુસાફરને

હિમાલય પણ નથી નડતો !

વહેલી સવારે મહુડીથી વિજાપુર ભણી વિહાર કર્યો.

વિજાપુરમાં પ્રવેશ કરતાં જ એમનો એક વરદ હાથ સહેજ હાલ્યો. બધા નજીક સરક્યા. સૌના મનમાં ચિંતા પણ હતી ને જિજ્ઞાસા પણ ! કઈ પળે શું બનશે ? તે કહી શકાય તેમ નહોતું. સૌ તેમની તદ્દન નજીક આવી ગયા. ને પૂજ્યશ્રીના મુખમાંથી ધીમા ધીમા શબ્દો ગુંજી રહ્યા :

'શાંતિ ! શાંતિ !! શાંતિ !!'

અને એ જ શાંતમુદ્રા સાથે જેઠ વદ ત્રીજના દિવસે સવારે સાડા આઠ વાગે અઢારેય આલમના આ આત્મસાધક અવધૂતનાં સૌમ્યનેત્રો ખીલેલું કમળ બીડાય તેમ સદાકાળ માટે મીંચાઈ ગયાં. શાંત સરોવરના એક રમણીય પુષ્પની પાંખડીઓ જાણે અનંતના મહાસાગરમાં વિલીન થઈ ગઈ ! તત્ત્વ જ્ઞાનનું ઉત્તુંગ શિખર જાણે અચાનક જ અદ્રશ્ય થઈ ગયું! જાણે સમગ્ર ધરિત્રી આ આલમના અધ્યાત્મયોગીની દેહવિદાયથી નિરાધાર બન્યાનો ભાવ અનુભવી રહી. જાણે પ્રેમાળ ભક્ત જનોના મન ઉપર ઓચિંતી જ વીજળી ત્રાટકી. જગતનો આધાર ચાલ્યો ગયો ! ભવભયહારક વિદાય થઈ ગયો ! જગત જાણે એમના વિના ફળફળતા વેરાન વગડા જેવું બની ગયું :

મુસાફર જીવડા, કાયાનો મહેલ નથી તારો
માને શું મોહે મારો મારો રે, કાયાના મહેલનો કાંઈ ન ભરૂંસો
જળમાં ઊઠેલ પરપોટો
અમૂલ્ય શ્વાસોચ્છ્વાસ વહે છે મુરખ વાળ નહિ ગોટો રે
મુસાફર જીવડા કાયાનો મહેલ નથી તારો
ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી, બોલો મીઠી વાણી,
એ પ્રભુ મળવાની નિશાની,
પરમ પૂજ્ય, અઢારે આલમના અલગારી ગુરુદેવ,
યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મહારાજા
ના ચરણોમાં કોટી કોટી વંદના

## શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબે ૮૫ વર્ષ અગાઉ ભાખેલ અદ્ભુત ભવિષ્યવાણી

## વિ.સં. ૧૯૬૭ અને ૧૯૧૧

એક દિન એવો આવશે ! એક દિન એવો આવશે !
મહાવીરના શબ્દો વડે, સ્વાતંત્ર્ય જગમાં થાવશે ! એક દિન !
સહુ દેશમાં સ્વાતંત્ર્યનાં, શુભ દિવ્ય વાદ્યો વાગશે !
બહુ જ્ઞાનવીરો કર્મવીરો, જાગી અન્ય જગાવશે ! એક દિન !
અવતારી વીરો અવતરી, કર્તવ્ય નિજ બજાવશે !
અશ્રુ લૂહી સૌ જીવનાં, શાન્તિ ભલી પ્રસરાવશે ! એક દિન !
સહુ દેશમાં સૌ વર્ણમાં, જ્ઞાની જનો બહુ ફાલશે !
ઉદ્ધાર કરશે દુઃખીનો, કરૂણા ઘણી મન લાવશે ! એક દિન !
સાયન્સની વિદ્યા વડે, શોધો ઘણી જ ચલાવશે !
જે ગુપ્ત તે જાહેરમાં, અદ્ભુત વાત જણાવશે ! એક દિન !
રાજા સકળ માનવ થશે, રાજા ન અન્ય કહાવશે !
હુન્નરકળા સામ્રાજ્યનું, બહુ જોર લોક ધરાવશે ! એક દિન !
એક ખંડ-બીજા ખંડની, ખબરો ઘડીમાં આવશે !
ઘરમાં રહ્યા વાતો થશે, પર ખંડ ઘર સમઝાવશે ! એક દિન !
એક ન્યાય સર્વે ખંડમાં, સ્વાતંત્ર્યતામાં થાવશે !
બુધ્ધ્યબ્ધિ પ્રભુ મહાવીરનાં, તત્ત્વો જગતમાં વ્યાપશે ! એક દિન !

एकदा द्वारिकापुर्यां, नेमिनाथो जगत्प्रभुः ।

वासुदेवस्य कृष्णस्य, बोधार्थं समुपागत : ॥ १ ॥

અનેક સહસ્રાબ્દિઓનાં જળ કાળના કિનારે વહી ગયા છે. બહુ પૌરાણિક છે આ વાત.

પણ એક વાત જરૂર છે, જેમાં ધર્મનો સંસ્પર્શ થયો છે, એ વાત કદી જૂની થતી નથી.

સમય તો સરિતા જેવો છે.

સતત વહેતો રહે છે. સતત આગળ ધપતો રહે છે.

થંભતો નથી, કદી અટકતો નથી.

સરિતાઓ વહે છે, પ્રમાદ વિના. સમય વહે છે, આરામ વિના.

પ્રમાદ તો માનવીએ પેદા કરેલી વિડંબના છે. આરામ તો માણસને પ્રિય છે. પ્રકૃતિને વળી આરામ કેવો ? એ તો માણસને લાગેલી લત છે. માણસને વળગેલી બલા છે. આરામ વગર એને ન ચાલે.

કામ કરતાં કરતાં અટકી જાય.

પૂછો એટલે કહેશે : 'આરામ કરું છું.'

સરિતા અને સમયને આરામ ગમતો નથી. સૂર્ય અને પવનને પ્રમાદ પસંદ નથી... પ્રમાદ કેવળ માણસે ઊભી કરેલી કામને પાછું ઠેલવાની વ્યવસ્થા છે.

એ દિવસે સુપ્રસિદ્ધ અને રમણીય નગરી દ્વારિકાપુરી માટે જાણે સોનાનો સૂરજ ઊગ્યો. કહો ને કે, નૂતન ભાગ્યનું નિર્માણ કરનારો શુકનવંતો સૂર્ય ઊગ્યો.

દ્વારિકા નગરી તો અતિસમૃદ્ધ નગરી ગણાતી. એના માર્ગો, એના ઉદ્યાનો, એના ભવ્ય મકાનો અને કોટકાંગરાની વાતો સમસ્ત જગતમાં પ્રસિદ્ધ હતી. અને એટલે જ તો એ 'સોનાની દ્વારિકા' કહેવાતી.

ત્યાં વસતા હતા ભરતાર્ધ ત્રણખંડ પૃથ્વીના અધિપતિ શ્રી કૃષ્ણ વાસુદેવ. તીર્થંકર પરમાત્મા શ્રી નેમિનાથના વંદનીય પગલાં એ દિવસે દ્વારિકાપુરીમાં પડી ચૂક્યાં હતાં.

જગત્પ્રભુનાં જ્યાં પગલાં પડે એ ધરતીની ધૂળ પણ સુવાસવંતી બની જાય. અનંત ઉપકારક તીર્થંકર પરમાત્માના આગમનથી પવન પણ અવર્ણનીય સુગંધી વહાવવા લાગી ગયો હતો. પૂર્વાકાશે પ્રગટેલી ઉષા અવનવા રંગોની રચના કરી રહી હતી પરમાત્માના આગમનને વધાવવા માટે ! દ્વારિકાપુરીનાં જાણે ભાગ્ય ખૂલી ગયાં.

કારણ કે શ્રી નેમિનાથ પ્રભુ શ્રી કૃષ્ણ વાસુદેવને ધર્મનો બોધ આપવા માટે આ નગરીમાં પધાર્યા હતા.

પધારો પ્રભુ !

**जिनेन्द्रनेमिनाथेन, महाघोरर्षिणा रयात् ।**
**आत्मादितत्त्वबोधेन, वासुदेवः प्रबोधितः ॥ २ ॥**

દ્વારિકાપુરીના જાણે દિદાર ફરી ગયા.

સત્તાધારી વ્યક્તિ વિશેષના આગમનથી નગરનો બાહ્ય પરિવેશ બદલાય, પરમાત્માના આગમનથી નગરજનોનો આંતર પ્રવાહ બદલાય. ધરાને પણ ક્યારેક ધન્ય બનવાની એષણા જાગે છે ને એને થાય છે કે : 'કોઈ મહાન આત્મા પધારે અને મને કૃતકૃત્ય બનાવે.'

અને એની આ ઝંખના ત્યારે સાકાર થાય છે કે કોઈ પવિત્ર આત્માનાં ચરણ એની ધૂળને સ્પર્શ કરે છે.

જ્યારે આ તો છે સ્વયં પરમાત્મા. તીર્થંકર પ્રભુ.

જગતને તારનાર. જગતને ઉદ્ધારનાર.

જગતના ત્રિવિધ તાપ સંતાપને સંહરનાર.

એમનું આગમન થાય પછી તો શી મણા રહે ? ધરતી કેટલી આનંદ ભીની બની જાય ? એ દિવસે આકાશ પણ સ્મિત કરે ને સૂર્ય પણ હસી પડે.

દ્વારિકાપુરીના ઘર ઘરમાં આનંદ છવાઈ ગયો. જન જનના હૃદયમાં ભાવનાની ભરતી ચઢી. સૌ પ્રભુના આગમનને વધાવી રહ્યા :

'આવો પ્રભુ ! પધારો પ્રભુ ! અમને ઉદ્ધારો પ્રભુ !'

હા, પ્રભુનું આગમન તો હોય છે જીવોના ઉદ્ધાર માટે. એમના દુઃખોના નિવારણ માટે. એમના અજ્ઞાનના નાશ માટે.

અને જ્ઞાનના વર્ધન માટે.

અજ્ઞાન છેદાય. અજ્ઞાન ભેદાય. અને જ્ઞાનનો ઉદય થાય.

પ્રભુ તો કૃપાસિંધુ છે. જ્ઞાનના સાગર છે. દયાના મહાસાગર છે.

અજ્ઞાનને ભેદવા તેઓ સદૈવ તત્પર હોય છે. જ્ઞાનનો પ્રકાશ ફેલાવવા માટે તેઓ સદા સજ્જ હોય છે. જગત દુઃખી છે. જગતમાં ઠેર ઠેર પાપપંકના ઢગલા થયા છે. યુદ્ધોની ભીષણતાએ અમારિની ભવ્ય ભાવનાને દબાવી દીધી છે. ઠેર ઠેર પ્રસર્યું છે હિંસામય વાતાવરણ.

અબોલ જીવોના ચિત્કારો સંભળાય છે.

શસ્ત્રો ખણકે છે. લોહી વહે છે.

કરૂણ આક્રંદોથી વાતાવરણ ગૂંજતું રહે છે.

અજ્ઞાનનાં અંધારાં સર્વત્ર પ્રસર્યાં છે.

ન આત્માનું જ્ઞાન છે. ન તત્ત્વનો બોધ છે.

પણ હવે પરમાત્મા દ્વારિકાપુરીમાં પધાર્યા છે. એટલે હવે અંધારાં હટશે, અજ્ઞાન નષ્ટ થશે.

શ્રી કૃષ્ણ વાસુદેવે પ્રભુનો સત્કાર કર્યો. પ્રભુ સમક્ષ હાથ જોડી વંદના કરી.

સર્વજ્ઞ તીર્થંકર વિતરાગ પ્રભુ શ્રી નેમિનાથ જિનેન્દ્ર પરમાત્માએ શ્રીકૃષ્ણ વાસુદેવને આત્મા વગેરે તત્ત્વનો બોધ આપ્યો. આત્મા વિષેની ઊંડી સમજણ આપી. અને એ રીતે આત્મતત્ત્વના જ્ઞાનથી શ્રી વાસુદેવને પ્રતિબોધિત કર્યા.

**अन्तरात्मा तदा जातो – नेमिनाथस्य भक्तराट् ।**
**वासुदेवेन सम्यक्त्वं; स्वीकृतं तत्त्वबोधत : ॥ ३ ॥**

અહો ! આનાથી વિશેષ આનંદની વાત કઈ ?

જિનેન્દ્ર પ્રભુ સ્વયં પધાર્યા હતા.

ક્યારેક જ પડે છે તીર્થંકર પરમાત્માનાં પગલાં.

ભૂમિનાં ભાગ્ય જાગે છે ત્યારે-

અને દ્વારિકાપુરીના ભાગ્યનાં દ્વાર અચાનક જાણે ખૂલી ગયાં.

આથી રૂડું શું ?

વિશ્વ બહુ વિરાટ છે.

વિશ્વ ઝંખે છે પરમાત્માના આગમનને. તીર્થંકર પ્રભુનાં પગલાં પણ ત્યારે જ પડે છે કે જ્યારે ભોમકામાં પુણ્યકર્મનો સંચય થયો હોય.

પ્રભુના આગમનના સમાચાર કેટલા બધા આનંદકારી હતા? કેટલા બધા રોમહર્ષક હતા ? કેટલા બધા ભાવની આંધી જગાવનારા હતા ?

પણ આજે ઝંખના પૂર્ણ થઈ. ચિર તૃષાનું શમન થયું.

અંતરની આરઝુની ડાળે ફળ બેઠાં.

શ્રી કૃષ્ણ વાસુદેવ તો અર્ધ આર્યાવર્તના સ્વામી. પરમ સત્તાધારી. અર્ધ આર્યાવર્તમાં ભરતખંડમાં તેમની આણ પ્રવર્તે.

પરંતુ એય બેચેન હતા પ્રભુના દર્શન માટે. અને આજે એમની અતૃપ્તિ પૂર્ણ થઈ હતી.

પ્રભુ પધાર્યા એનો આનંદ હતો.

પ્રભુનાં દર્શન થયાં તેનો આનંદ હતો.

કૃતકૃત્ય બન્યાનો ભાવ હતો.

પ્રભુના શબ્દો ઝીલવા માટે તો તે કેટલા બધા આતુર હતા ?

વરસોથી તરસ્યા જીવાત્માના ચરણ પાસે જ જાણે સ્વયં ગંગા નદી આવી પહોંચી. જેની ઈચ્છા હતી એજ ફળ આપ મેળે આવીને મળ્યું.

શબ્દો ઝીલવા હતા. પ્રભુની વાગ્ધારા ઝીલવી હતી.

અમૃતરસનું પાન કરવું હતું.

શ્રી નેમિનાથ જગત્પ્રભુના આગમન સાથે જ પ્રભુના શબ્દોરૂપી સરવાણી હૃદયગંગા રૂપે વહી નીકળી. જાણે રસપ્રવાહ વહી નીકળ્યો.

આ તો ચિર મનીષા હતી. અખંડ ઉત્કંઠા હતી.

અને શ્રી કૃષ્ણ વાસુદેવ શ્રી નેમિનાથ જગત્પ્રભુના ભક્ત વિશેષ બન્યાં. ને તેમણે પરમ ધન્યતાનો અનુભવ કર્યો. પ્રભુની દેશના દ્વારા તત્ત્વના બોધને ઝીલીને શ્રી કૃષ્ણ વાસુદેવે સમ્યક્ત્વને અંગીકાર કર્યું.

**श्रीकृष्णवासुदेवेन, नेमिनाथस्य शिक्षया ।**
**जैनधर्मप्रचाराय, हिंसायज्ञा निवारिताः ॥ ४ ॥**

તે સમયે જગતને શું થયું હતું કે તે અવળા માર્ગની ઉત્પત્તિનું સ્થાન બની ગયું હતું. સત્ત્વનો વેધ થયો હતો અને અમારિપ્રવર્તન જોવા મળતું નહોતું.

ચોપાસ અબોલ પશુઓનાં ક્રંદનો સંભળાતાં.

મૂંગા જીવોની આંતરડી કકળતી.

ક્રિયાકાંડોમાં ખૂંચી ગયું હતું જગત.

પશુવધ સામાન્ય બની ગયો હતો. પશુઓના લોહીથી ધરિત્રી લથપથ બની જતી.

યજ્ઞોમાં પશુબલિ અનિવાર્ય ગણાતો.

યજ્ઞ સ્થળે એમનો વધ થતો. ને એમનો બલિ ચઢાવાતો.

એમના લોહીનાં છાંટણાં થતાં.

યજ્ઞ વગેરે ક્રિયાકાંડોમાં હિંસાનું સવિશેષ જોર જોવા મળતું હતું. જાણે હિંસા અનિવાર્ય બની ગઈ હતી. હિંસા- પશુબલિ જ દુઃખનું નિવારણ છે, એમ માનવામાં આવતું.

વધ સમયે પશુઓની ચીસો કરૂણા જગાડતી.

યજ્ઞવિદો એને આનંદનું નિમિત્ત સમજતા.

અબોલ પશુઓની મરણચીસો સુખ આપનારી છે એમ મનાતું.

જગત ત્રસ્ત હતું. હિંસાચાર વ્યાપક હતો.

માનવી માનવી મટી હાથમાં છુરાવાળો, હૃદયમાં દયા વગરનો અને કરૂણાના કોઈ ભાવ વગરનો નિષ્ઠુર કસાઈ બની ગયો હતો જાણે ! યજ્ઞાદિની બોલબોલા હતી.

પણ કોણ એમને સાચો માર્ગ ચીંધે ?

કોણ એમને સમ્યક્ પંથનાં દર્શન કરાવે ?

કોણ કરૂણા જગાવે ?

કોણ ખોટા માર્ગથી એમને પાછા વાળે ?

જગત જાણે ક્રૂરતાનું કારખાનું બની ગયું હતું.

પણ દરેક ખરાબ વાતનો અંત જરૂર હોય છે. દયા વિરોધી, માનવતા વિરોધી કોઈપણ બાબતનો સીમાડો જરૂર આવી જતો હોય છે. પાપ જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે છે, ત્યારે તેની સરહદ આવી જાય છે.

પાપમાર્ગથી માનવીને પાછો વાળવા માટેની પળ આવીને ઊભી રહે છે. પાછો વળ માનવ !

આ ખોટો માર્ગ છે. આ પાપનો પંથ છે.

આ નરકનો માર્ગ છે. અધોગતિનો માર્ગ છે.

બંધ કર તારાં પાપ કૃત્યો.

હિંસા છોડ. કરૂણા વહાવ.

શ્રી નેમિનાથ પ્રભુએ અહિંસાની વાત કરી.

અમારિ પ્રવર્તનની વાત કરી.

શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધિત કર્યા.

જૈનધર્મ તો પુણ્યનો માર્ગ ચીંધે છે.

અહિંસાનો માર્ગ ચીંધે છે. અમારિવર્તનનો માર્ગ ચીંધે છે.

બોધ પામ્યા વાસુદેવ. શિક્ષા મળી વાસુદેવને.

જૈન ધર્મના પ્રચાર માટે એમણે હિંસામય યજ્ઞોને બંધ કરાવ્યા. સર્વત્ર અહિંસા પ્રવર્તાવી. અને દયા, કરૂણા અને પ્રેમ ભાવનો પ્રવાહ વહી નીકળ્યો.

**भारते जैनधर्मस्य, प्रचारः प्रेमतः कृतः ।**

**पांडवानां सतामग्रे, युद्धकाले विवेकतः ॥ ५ ॥**

ભરતખંડ. એક અને અખંડ આર્યાવર્ત.

અહીં સ્નેહની સરિતાઓ વહે છે. અહીં જ્ઞાનની ગંગાઓ વહે છે.

અહીં યજ્ઞો થતા.

બુદ્ધિ ભ્રમને કારણે અહીં હિંસા પ્રવર્તમાન હતી.

પશુઓનો વધ થતો.

યજ્ઞમાં પશુઓ હોમાતાં.

કરૂણાનું ઝરણું જાણે સૂકાઈ ગયું હતું,

દયાની ભાવના નષ્ટ થઈ ગઈ હતી.

પણ શ્રી નેમિનાથ જગત્પ્રભુના દ્વારિકાપુરીમાં આગમનને કારણે તમામ પરિમાણો બદલાઈ ગયાં.

એમની દેશનાએ જાણે ચમત્કાર સર્જ્યો.

એમની જ્ઞાનમય ઉપકારક અમૃતવાણીએ હિંસામય યજ્ઞોનું નિવારણ કર્યું.

પાંડવો સત્પુરુષો હતા.

સંજોગો એવા સર્જાયા હતા કે ના છુટકે તેમને યુદ્ધમાં ઉતરવું પડ્યું હતું. ભીષણ જંગ ખેલાવા માંડ્યો.

પણ શ્રી કૃષ્ણ વાસુદેવે પાંડવોને સમ્યક્ સમજણ આપી અને યુદ્ધ સમયે વિવેકપૂર્વક લડાઈ કરવા પૂર્વક એમણે જૈન ધર્મનો પ્રચાર કર્યો.

उपदेशप्रदानस्य, प्रवृत्तिर्वाचया कृता ।
ज्ञानेन तस्य सत्सारं, भाषे लोकहिताय तत् ॥ ६ ॥

હા, વાતાવરણ આવું હતું. વિશ્વમધ્યે ભીષણ સંગ્રામના અવાજો સંભળાઈ રહ્યા હતા. યુદ્ધની દુંદુભિ બજી રહી હતી.

પાપ કૃત્યો વધી ગયા હતાં.

હિંસા વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી હતી.

અને એ જ સમયે ધરાને ધન્ય બનાવનારાં શ્રી નેમિનાથ પ્રભુનાં પગલાં પડ્યાં. કેટલો બધો પ્રભાવ હોય છે પુણ્યાત્માનાં પગલાંનો ? કેટલો બધો પ્રભાવ હોય છે પ્રભુત્વના આગમનનો ?

બોધ સરિતા વહી. અમૃત ઝરણાં વહ્યાં. શબ્દોની સરવાણી વહી.

કષાયોનો નાશ કરનારી, ત્રિવિધ તાપ હરનારી, મોહના અંધકારનો નાશ કરનારી, પુણ્યનો પ્રકાશ રેલાવનારી પ્રભુની વાણી વહી નીકળી. દ્વારિકાપુરી અને જગત ધન્ય બન્યાં.

પાપ પંકનો નાશ થયો. હિંસાનું નિવારણ થયું.

અબોલા જીવને મારી, ગ્રહો ના પાપપોટલાં !

અમારિવ્રત ધારીને, કમાશો પુણ્ય કેટલાં ?

પાપ છૂટ્યાં. અંધકાર હટ્યો. માયાનાં આવરણ હર્યાં.

જીવન કંઈ મારો-કાપોનો સરવાળો નથી. હિંસા અને પાપનો ગુણાકાર નથી. જીવનની સાર્થકતા પુણ્યની કમાણીમાં છે. સમ્યક્ત્વની સાધનામાં છે. ચારિત્રના નિર્માણમાં છે.

કરૂણા અને દયા વિના શક્ય નથી.

માનવતા વિના શક્ય નથી.

શ્રી નેમિનાથ પરમાત્માની વાણી વહી નીકળી.

શબ્દો માનવ હૃદયો પર ઝીલાયાં. ને અજબ વાત બની ગઈ.

એમની દેશના અસર કર્તા બની.

હિંસાનું નિવારણ થયું. પાપનું નિવારણ થયું.

ઉપદેશની પ્રવૃત્તિ કરીને સમ્યક્ વિચારધારાનો સાર એમણે લોકહિત માટે કહ્યો.

अरिष्टनेमिनाथेन, जैनधर्मः प्रकाशितः ।
विश्वोद्धाराय संपूर्ण, सत्यं तत्र प्रवर्तते ॥ ७ ॥

જૈન ધર્મ તો અહિંસાનો પ્રભાવ પાથરનારો ધર્મ છે.

એની અહિંસાની ભાવના ઉપલકિયા નથી.

તેની અહિંસા માત્ર શબ્દલીલા નથી.

આચાર અને વિચાર- બંનેને એકત્વ બક્ષતો ધર્મ છે એ.

અહીં વાણી અને વર્તનમાં અદ્વૈત સધાય છે.

એની અહિંસાની વિભાવના અતિસૂક્ષ્મ છે. સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. નાનામાં નાના જીવની આચરણ, વિચાર કે પ્રત્યક્ષ વર્તન દ્વારા થતી હિંસાનો એ વિરોધી છે.

ઝેરી સર્પ પ્રત્યે કે હિંસક પશુ પ્રત્યે પણ એ દયા ધર્મનો પક્ષપાતી છે. કર્મસત્તાને એ પ્રાધાન્ય અર્પે છે. શિંગડા વડે માર માર કરતી આવેલી ભેંસને પણ ન મારવાનો બોધ જૈન સાધુ આપે છે.

હવે તમે જ કહો, આનાથી મોટો, પ્રભાવક અને પરિશુદ્ધ ધર્મ અન્ય કયો હોઈ શકે ? જૈન ધર્મની કર્મની ફિલસૂફી સમગ્ર જગતે સમજવા જેવી છે.

એ કંઈ કોરી વિચારલીલા નથી. દંભી શબ્દ લીલા નથી.

હૃદયમાંથી ઊઠેલી ભાવના છે.

બંધ કરેલું બારણું ખોલવા જતાં બારણા પાછળ રહેલા સૂક્ષ્મ જીવ-કીડી-મંકોડો કચડાઈ જાય તો ? એવા વિચાર સાથે બારણું ખોલ્યા વિના જ બહાર બેસી રહેનારા જૈન સાધુ તમને આ ધર્મમાં મળશે !

અરે, ટપાલ પેટીમાં પોસ્ટકાર્ડ નાખવાથી કોઈ સૂક્ષ્મ જીવ કાર્ડની નીચે દબાઈ જવાથી મૃત્યુ પામે તો ? એવા વિચાર સાથે પોસ્ટના ડબલામાં કાર્ડ ન નાખનારા સાધુઓ પણ જૈન ધર્મમાં તમને અવશ્ય મળશે.

પગલાં પડ્યાં શ્રી નેમિનાથ પ્રભુનાં અને દ્વારિકાપુરીનું વાતાવરણ બદલાઈ ગયું. શ્રી કૃષ્ણ વાસુદેવે સમ્યક્ત્વ સ્વીકાર્યું અને યજ્ઞમાં પશુ હિંસાનું નિવારણ કર્યું. અને આમ ઉપદેશ દ્વારા શ્રી નેમિનાથ પરમાત્માએ વિશ્વના ઉદ્ધાર માટે જૈનધર્મ પ્રકાશિત કર્યો. એ ધર્મમાં સંપૂર્ણ સત્ય પ્રવર્તે છે.

व्यापकोऽस्त्यात्मरुपश्च, जैनधर्मः सनातनः ।
तदुद्धाराय तीर्थेशा, जायन्ते च युगे युगे ॥ ८॥

આત્મા સર્વ વ્યાપી છે, વ્યાપક છે.

અને એમ જ જૈનધર્મ પણ વ્યાપક અને સનાતન છે.

કાળના પડછાયા લંબાયે જાય છે.

સમયની રેત ખરતી રહે છે. ઈતિહાસ આગળ ધપતો રહે છે.

કોઈ કાળે એમાં ભરતી - ઓટ આવ્યા કરે, પ્રભાવ ઓછો - વત્તો થયા કરે, તેમ છતાં જૈનધર્મ વ્યાપક છે અને એનો પ્રચાર સતત થતો રહ્યો છે.

કારણ કે જગત અને જીવનનાં ઉત્તમ અને સમ્યક્ તત્ત્વો એમાં પડેલાં છે. જગતના અન્ય ધર્મોમાં અહિંસાની આવી સૂક્ષ્મભાવી વિભાવના જોવા મળતી નથી. સમય અને સંયોગોની સાથે ઉચ્ચ ગુણરત્નો સાથે છુટછાટ લેવાય છે. ધર્મના સિદ્ધાન્તોને સ્થિતિ સ્થાપક બનાવી દેવાયા છે, પણ જૈન ધર્મ આ બાબતમાં કડક છે. કોઈપણ પ્રકારની છુટછાટને એમાં સ્થાન નથી. કોઈ વિકલ્પ એ ચલાવી લેતો નથી. અને એટલે જ કાળના વીતવા છતાં એના સિદ્ધાન્તો અકબંધ રહ્યા છે.

નાનકડું છિદ્ર પણ પડ્યું નથી.

વિકલ્પ વગરની વાત. છુટછાટ વગરની વાત.

એના સંયમમાર્ગી સાધુઓ સંસારની સુંવાળપથી સદૈવ અળગા રહ્યા છે. તપ, ત્યાગ, કરૂણા અને માનવતા - આ બધામાં સહેજ પણ સ્ખલન નહીં.

અને તેથી જ આ ધર્મ વ્યાપક છે, સનાતન છે.

યુગે યુગે તીર્થંકરોનું અવતરણ થયું છે.

અને એમણે જૈનધર્મનો ઉદ્ધાર કર્યો છે.

જ્યાં ધર્મ ક્ષીણ થાય છે અને જગતમાં પાપનો પુંજ વધી જાય છે, ત્યારે જિનેન્દ્ર પ્રભુ અર્થાત્ તીર્થંકરો ઉત્પન્ન થાય છે અને ધર્મના ઉદ્ધાર દ્વારા બોધામૃત વડે જગતમાં વ્યાપેલા પાપનું નિવારણ કરે છે.

**ब्रह्मचर्यं तपो दानं, भावना शम उच्यते ।**

**दशधा जैनधर्मोऽस्ति, पञ्चधा च द्विधा शुभः ॥ ९ ॥**

કોઈ પણ ધર્મ તેનામાં રહેલા ઉચ્ચ ગુણ રત્નોને લીધે સાર્થક બને છે. જગતના કોઈપણ ધર્મને લો, દરેક ધર્મમાં વત્તા ઓછા પ્રમાણમાં ઉચ્ચ તત્ત્વો પડેલાં જ હશે.

ધર્મ હંમેશાં ઊંચું વિચારે છે. ધર્મ કદી નીચું ન વિચારે.

ધર્મની ગતિ ઉન્નત દિશા તરફ હોય.

ધર્મ તેથી જ નિમ્નગા બની શકે નહિ.

માત્ર 'ધર્મ' શબ્દથી જ ધર્મની વ્યાખ્યા સુસ્પષ્ટ થતી નથી. પણ જે ઉચ્ચ તત્ત્વોને ધારણ કરે છે, તે ધર્મ.

આ ઉચ્ચ તત્ત્વો ક્યાં ?

બ્રહ્મચર્ય, તપ, દાન, ભાવના અને શમ.

આ પાંચ ઉત્તમ તત્ત્વોને કારણે ધર્મ કહેવાય છે. આવાં શ્રેષ્ઠ તત્ત્વો ઉત્તમ રીતે પાલન થતા હોય તો જ 'ધર્મ' શબ્દ ઔચિત્ય ધારણ કરે. ધર્મ શબ્દનો સામાન્ય અર્થ ગમે તે અભિપ્રેત હોય, પણ તેનામાં આ પાંચ તત્ત્વો હોવાં જરૂરી છે.

આનાથી શ્રેષ્ઠ તત્ત્વો ક્યા હોઈ શકે ?

જૈનધર્મમાં તો આવાં ઉત્તમ તત્ત્વો અનેક પડેલાં છે. આ પાંચ ઉપરાંત અહિંસાને પણ જૈનધર્મ પ્રાધાન્ય આપે છે. આ સંસારને અને જીવને શ્રેષ્ઠ અને ઉત્તમ ભૂમિકા તરફ લઈ જવા માટે તથા 'જીવો અને જીવવા દો'ની ભાવના ચરિતાર્થ કરવા માટે જૈનધર્મમાં અનેક ઉચ્ચ ભાવનાઓ પુરસ્કૃત થયેલી છે.

જૈનધર્મ શુભ ધર્મ છે.

અશુભના કટુ પરિણામની વિશદ વ્યાખ્યા કરી છે.

તેની ગતિ જીવ અને જગત માટે શુભત્વ ભણી હોય છે.

આ શુભ એવો જૈનધર્મ બે પ્રકારે, પાંચ પ્રકારે અને દશ પ્રકારે કહ્યો છે.

गृहस्थत्यागिधर्मश्च, द्विधा धर्मो जगत्तले ।

स्वाधिकारेण संसेव्यः स्वर्गसिद्धिप्रदायकः ॥ १० ॥

ધર્મ તો હંમેશાં માનવીને ઉર્ધ્વ લઈ જાય.

માનવીને દુર્ભાવનાઓથી મુક્ત કરે. પાપથી બચાવે.

અનુચિત કર્મથી એનું રક્ષણ કરે.

એના હૃદયને શુભ્ર બનાવે. સદા ઉજ્જળ બનાવે.

આ જગતમાં બે પ્રકારે ધર્મ કહ્યો છે.

(૧) ગૃહસ્થ ધર્મ (૨) ત્યાગી ધર્મ.

ગૃહસ્થીએ સંસારમાં રહીને સાંસારિક કર્તવ્યોનું પાલન કરતાં કરતાં પાપવિમોચક આત્મશુદ્ધિકારક ધર્મ, તે ગૃહસ્થ ધર્મ.

સંસારનો ત્યાગ કરનાર સાધુએ પાળવાનો ધર્મ, તે ત્યાગી ધર્મ.

આમ બે પ્રકારે કહેલા ધર્મમાં ગૃહસ્થ અને ત્યાગીએ સ્વ-કર્તવ્યો નિભાવવાનાં હોય છે. સંસાર જીવનમાં રહેલા ગૃહસ્થે પોતાના પરિવારજનો માબાપ - પત્ની - પુત્રાદિ સાથેના સંબંધોનું નિર્વહન કરતાં કરતાં સમ્યક્ત્વ ગ્રહણ કરી શ્રેષ્ઠ શ્રાવક ધર્મ પાળવો, તે ગૃહસ્થ ધર્મ.

માત્ર એમાં મોહનું અંધત્વ ન હોય. સત્ય પ્રીતિ, નીતિ અને પ્રામાણિકતા હોય ! કોઈ પાપ કર્મ ન થઈ જાય તથા શુભ કર્મ જ થાય તે માટે સતત સાવધાની પૂર્વક રહેવું તથા ધર્મ પાલન કરવું તે ગૃહસ્થ ધર્મ.

સાધુનો ધર્મ તે ત્યાગીનો ધર્મ છે. સંસારનો તેણે ત્યાગ કર્યો છે.

ને હવે આત્મોન્નતિ માટે ગુરુ સેવા સહિત તપ વગેરે કર્તવ્યો તેણે નિભાવવાનાં હોય છે.

ત્યાગ ધર્મમાં કોઈપણ જાતનું સ્ખલન પેદા ન થાય તથા તપ અને સંયમના અસિધારા વ્રતના પાલન દ્વારા ત્યાગની સર્વોચ્ચ ભૂમિકા પર વિચરવું, તે ત્યાગી ધર્મ.

સ્વર્ગને અપાવનાર ધર્મ છે. સિદ્ધિને અપાવનાર ધર્મ છે.

આવા ધર્મનું સ્વાધિકારથી સેવન કરવું જોઈએ.

देवपूजा गुरोः पूजा, धर्मस्याराधनं तथा ।
वैयावृत्यं सुसाधूनां, मोक्षमार्गो मनीषिणाम् ॥ ११ ॥

જીવન લક્ષ્યશૂન્ય હોય તો એનો કોઈ અર્થ નથી. જેમ સૂકાઈને વૃક્ષ પરથી ખરી પડેલું પાંદડું પવનને લીધે ગમે તેટલી ઉડા ઉડ કરે તો તે વ્યર્થ છે.

જીવન છે ઉત્તમ કર્તવ્યપાલનની અણમોલ ક્ષણ.

જીવન અર્થહીન રીતે વેડફી ન દેવાય.

જીવનના ખાલીપણામાં અર્થ ભરાય છે ચોક્કસ જીવનરીતિથી, ચોક્કસ પદ્ધતિથી.

એમાં ય જે લોકો બુદ્ધિમાન છે, જ્ઞાની છે અને જીવન વિષે સારુ નરસુ વિચારી શકે છે એમના માટે જીવનનો મૂલ્યવાન સમય વ્યર્થ વેડફી દેવાનું પાલવે નહિ.

જીવન જળ કંઈ ગંદું બગડેલું પાણી નથી કે એને ગમે તેમ ઢોળી દેવાય.

જીવન તો અમૃત જળ છે.

ગમે તેમ ઢોળાય નહિ. ગમે તેમ વેડફાય નહિ.

એના ટીપે ટીપાનો બરાબર ઉપયોગ કરવો પડે.

પછી એવું ન બને કે સમય વહી જાય અને આપણા હાથમાં બચ્યો હોય કેવળ પસ્તાવો.

અને પાછળથી થયેલા પસ્તાવાનો અર્થ પણ શો ?

અબ પછતાયે હોત ક્યા ? જબ ચિડીયા ચૂગ ગઈ ખેત ?

પસ્તાવાનો કોઈ અર્થ નહિ. પહેલાં ચેતવું પડે.

બુદ્ધિવંત આત્મા તો પોતાના કર્તવ્ય માટે હંમેશાં સજાગ હોય છે. ક્ષણે ક્ષણનો તેઓ સુંદર ઉપયોગ કરી જાણે છે. કારણ કે આવા મનીષિઓનું અંતિમ લક્ષ્ય તો છે મોક્ષ.

મોક્ષના માર્ગે તેઓ સતત આગળ વધતા રહે છે.

તો પછી મોક્ષનો માર્ગ કયો છે ?

આવા મનીષિ બુદ્ધિવંતો માટે દેવપૂજા, ગુરૂપૂજા, ધર્મની આરાધના અને સુસાધુઓની સેવા એ જ મોક્ષનો માર્ગ છે, તો પછી એ માર્ગ જ શા માટે ગ્રહણ ન કરવો ?

स्वाधिकारेण कर्तव्यं, कर्म भव्यैः स्वशक्तितः ।

निरासक्तितया कर्मविधानेन न दूषणम् ॥ १२ ॥

ભવ્ય આત્માઓ સ્વશક્તિથી કર્મ કરે છે. કર્મમાં પણ વિવેકબુદ્ધિનો ઉપયોગ કરે છે.

કર્મ કેવું છે, તેનો વિચાર કરે છે

શુભ કર્મ, અશુભ કર્મ, એમ કર્મો બે પ્રકારનાં છે.

શુભ કર્મથી શુભ ફળ પ્રાપ્ત થાય છે. તેનાથી પુણ્ય બંધાય છે. શુભ કર્મમાં આત્મગુણ વિરોધી કોઈ વાત નથી હોતી. વ્યક્તિ અથવા જગતના શુભ કલ્યાણ હેતુથી આવું કર્મ કરવામાં આવે છે.

જ્યારે અશુભ કર્મથી પાપ બંધાય છે. અન્યને આપત્તિરૂપ બનવા માટેનું આ કર્મ હોય છે. બીજાના આત્માને દુઃખ થાય અથવા વિઘ્નરૂપ બનાય તેવા હેતુથી અશુભ કર્મ કરવામાં આવે છે. હિંસા, અનીતિ, અસત્ય, અપ્રામાણિકતા વગેરે પ્રેરિત અશુભ કર્મ હંમેશાં જીવ અને જગત માટે દુઃખદાયક હોય છે.

અશુભનું ફળ પાપ. શુભનું ફળ પુણ્ય.

પાપ માર્ગી અશુભ કર્મ જીવાત્માને ભવ ચકડોળમાં ભમાવે છે. હલકી કક્ષાની યોનિઓમાં આત્માને ભટકવું પડે છે.

અનેક પ્રકારનાં દુઃખો એને સહન કરવાં પડે છે.

શુભ કર્મ મોક્ષમાર્ગી છે. શુભકારક અને સુખદાયી છે.

ભવ્ય આત્માઓ સ્વશક્તિ વડે સ્વ-અધિકારપૂર્વક કર્મ કરે છે અને એ જ પ્રમાણે કર્મ કરવું જોઈએ.

આસક્તિ સહ કર્મ કરવાનો અર્થ નથી.

અનાસક્ત ભાવે જે કર્મ કરવામાં આવે છે, એમાં કોઈ જ દૂષણ નથી.

માટે હંમેશાં ભવ્ય આત્માઓ નિરાસક્ત ભાવે જ કર્મ કરે છે.

अन्तराऽऽत्मगृहस्थानां, कर्मबन्धो न जायते ।
सम्यग्द्रष्टितया कर्मनाशो भवति सर्वथा ॥ १३ ॥

કર્મ સત્તા વિષે આમાં કહેવાયું છે.

કર્મનો બંધ કોને થાય છે અને કોને થતું નથી, તે અંગે આમાં વિશદ્ છણાવટ કરવામાં આવી છે.

કર્મ કરો એટલે કર્મ બંધ થાય, કર્મથી બંધાય.

પણ કર્મબંધ ન થાય તે માટે સમ્યગ્દ્રષ્ટિપણાની જરૂર છે. જીવનમાં સમ્યગ્દ્રષ્ટિ અપનાવવાથી કર્મબંધ અંતરાયરૂપ બનતો નથી.

સમ્યક્દ્રષ્ટિપણાને કારણે કર્મનો નાશ થાય છે.

ગૃહસ્થ હોય એટલે વિવિધ કર્મો કરવાં પડે.

તેથી કર્મ બંધ જરૂર થાય.

પણ ગૃહસ્થપણામાં પણ રહીને અંતરાત્મામાં સ્થિર રહી શકાય.

તેથી માણસમાં સમ્યક્દ્રષ્ટિ ખીલે છે.

માટે જ કહ્યું છે કે તમે તમારા અંતરમાં ડોકિયું કરો. અંતરાત્માને સાક્ષી બનાવો. એને નિહાળો.

આત્માનો અવાજ પણ જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. અંતરાત્માના અવાજને અનુસરવાનું માણસ નક્કી કરે તો તે કદી પણ અશુભ કર્મ નહિ કરે.

અંતરાત્મા કદી પણ અશુભ કર્મ કરવાની પ્રેરણા આપતો નથી.

તે હંમેશાં શુભની જ પ્રેરણા કરે છે.

તેથી દ્રષ્ટિ સમ્યક્ બને છે. શુભ દ્રષ્ટિ ખીલે છે.

સમ્યગ્ વિચાર તેના મનમાં જાગે છે. ને વિચાર પ્રમાણે જ કર્મની પ્રેરણા મળે છે.

જેવાં વિચાર કરે છે, તેવાં કર્મ કરે છે.

સમ્યગ્દ્રષ્ટિને કારણે શુભત્વ પ્રગટતાં સર્વથા કર્મનો નાશ થવા પામે છે. અંતરાત્મા જેઓ છે એવા ગૃહસ્થોને આ કારણે જ કર્મબંધ થતો નથી.

प्रवृत्ति नैव बन्धाय, सम्यग्द्रष्टिमनीषिणाम् ।
आस्त्रवस्यापि यो हेतुः, संवरायैव जायते ॥ १४ ॥

જીવનમાં સમ્યગ્દ્રષ્ટિ કેટલી મહત્ત્વની છે, એ વાત અહીં સુપેરે કહેવાઈ છે. પ્રવૃત્તિને કારણે જીવનમાં અનેક સમસ્યાઓ છે. અનેક પ્રકારની ગૂંચો છે.

જાત જાતના પ્રશ્નાર્થ ચિહ્નો આ જીવનમાં ઊભા થાય છે.

વિવિધ પ્રશ્નોને કારણે માનવજીવન પીડાય છે. માણસ એમાંથી છુટકારો મેળવવા માટે ઉપાયો શોધે છે, ચાવીઓ શોધે છે ને જ્યાં પ્રશ્નો છે તો ઉત્તરો પણ છે.

માણસ તેનો ઉકેલ, તેની ચાવી શોધે છે.

ને જીવનના તમામ ગૂંચોને ઉકેલવાની ચાવી છે સમ્યક્ દ્રષ્ટિ.

સારાપણાને જોવું. સારાપણાને વિચારવું.

સારાપણાને આચરણમાં મૂકવું.

આત્માભિમુખ દ્રષ્ટિ. મોક્ષાભિમુખ દ્રષ્ટિ. જેવી દ્રષ્ટિ એવી સૃષ્ટિ.

કાળા રંગના કાચવાળાં ચશ્મા પહેરીને જોવાથી બધું જ કાળું દેખાય છે, તો પછી જેનાથી બધું જ સુંદર દેખાય એવા કાચનાં ચશ્માં કેમ ન પહેરવાં ?

શુભદ્રષ્ટિ વડે બધું જ શુભ દેખાય.

અશુભદ્રષ્ટિ વડે અશુભ દેખાય.

શુભદ્રષ્ટિ સામેની વસ્તુમાં સારું શું છે એ શોધે.

અશુભદ્રષ્ટિ 'ખરાબ' ને શોધી કાઢે.

સમ્યગ્દ્રષ્ટિ બહેતર જીવવાની શૈલી છે.

સમ્યગ્દ્રષ્ટિ અપનાવનાર કદી અશુભ કર્મ કરવા પ્રેરિત થતો નથી. આવા સમ્યગ્દ્રષ્ટિવાળા મનીષિ બુદ્ધિવંતોને પ્રવૃત્તિ કર્મના બંધ માટે થતી નથી, કારણ કે આસ્રવ કર્મબંધનો જે હેતુ છે, તે સંવર માટે થાય છે.

निरासक्त्या भवन्नैव, कर्मबन्धोऽन्तराऽऽत्मनाम् ।
आसक्तिः कर्मबन्धाय, जायते सर्व मोहिनाम् ॥ १५ ॥

આસક્તિને કારણે જ કર્મ બંધ થાય છે.

માનવીનું મન આસક્તિથી બંધાય છે, ત્યારે મોહનું અંધત્વ તેને ઘેરી વળે છે. મોહના કારણે જે પ્રવૃત્તિ થાય છે, તેનાથી કર્મબંધ થાય છે.

આસક્તિને ત્યજવી કઠિન છે. આસક્તિ ચંચળ મનનો સ્વભાવ છે.

આસક્તિથી મોહ ઉત્પન્ન થાય છે ને મોહનો અંત વિનાશમાં હોય છે. મોહતમસને કારણે માણસ શુભત્વને જોઈ શકતો નથી. અંધારામાં તે અટવાય છે ને અશુભ કર્મોનો તે કર્તા બને છે.

આસક્તિથી છુટે, તે અંતરાત્મામાં સ્થિર થઈ શકે.
અને જે અંતરાત્મા છે, તેને આસક્તિ હોતી નથી.
તેઓ આસક્તિ-મુક્ત હોય છે,
તેથી તેઓ જે કર્મ કરે છે, તે શુભત્વયુક્ત હોય છે.
એટલું જરૂર છે કે આસક્તિથી જ મોહવશ કર્મબંધ થાય છે.
જ્યાં આસક્તિ છે, ત્યાં મોહ છે. ને જ્યાં મોહ છે, ત્યાં કર્મબંધ છે.

ને કર્મનાં ફાંસલામાં ફસાયેલા માણસને તેનું ફળ ભોગવ્યે જ છુટકો. એ સિવાય કર્મ નષ્ટ ન થાય.

જે અંતરાત્મા નિરાસક્ત છે, તે મોહ વિનાનો છે.
જીવ મોહથી બંધાય છે.
મોહ એના ગળાનો ગાળીયો બને છે.
અંતરાત્માઓ નિરાસક્ત છે, તેથી તેઓ મોહ મુક્ત છે.
તેથી તેમને કર્મબંધ નથી.

એટલું જરૂર યાદ રાખવું કે સર્વ મોહવાળા જીવોને **આસક્તિથી જ** કર્મબંધ થાય છે.

**धर्मयुद्धापि कर्माणि, कर्तव्यानि मनीषिभिः ।**
**कर्तव्यकर्मणां त्यागान्निपातः सर्वदेहिनाम् ॥ १६ ॥**

માણસને માટે આ જીવનમાં અનેક કર્તવ્યો કરવાનાં હોય છે. સ્વકર્તવ્યોથી તે દૂર ન જઈ શકે. કર્તવ્યનો અસ્વીકાર કરીને અકર્મણ્યતા બતાવી મનીષિ માટે સહેજ પણ ઉચિત નથી.

જાણે આ એક ધર્મયુદ્ધ છે. ધર્મયુદ્ધમાં પોતાના કર્તવ્ય માર્ગ પર માણસે અડગ રહેવું જોઈએ. જે માનવી કર્તવ્ય ભ્રષ્ટ થાય છે, તે ઔચિત્ય ભંગ કરે છે. આ જીવનનો અર્થ એ છે કે જીવનમાં પોતાને મળેલાં કર્તવ્યો ધર્મ્યપણે પૂર્ણ કરવાં.

કર્તવ્યકર્મોનો ત્યાગ માનવી માટે યોગ્ય નથી.

ધર્મયુદ્ધમાં જેમ યુદ્ધને ધર્મ માનીને નીતિ અને સત્યની રક્ષા એ જ પરમ કર્તવ્ય બની રહે છે ને તેમાં પોતાની સામે ઊભેલા નીતિભ્રષ્ટ અને સત્ય વિરોધી જીવો સાથેના અંગત સંબંધોને કોરાણે મૂકીને શસ્ત્રસંધાન કરવું પડે છે. બસ, એમ જ જીવનને ધર્મયુદ્ધ માની પોતાની સામેનાં કર્તવ્યોને ધર્મ્ય માર્ગે પૂર્ણ કરવા સદા સજ્જ બનવું જોઈએ.

જો એમ ન થાય તો તે કર્તવ્ય ભ્રષ્ટતા કહેવાશે.

મનીષિઓ હંમેશાં આવા ધર્મયુદ્ધને આવકારે છે અને કર્તવ્યપથથી તેઓ કદી પણ ભ્રષ્ટ બનતા નથી. કર્તવ્ય જીવનધ્યેય બની જવું જોઈએ.

જે કર્તવ્યો મનીષિને ફાળે આવ્યાં છે, તેમાંથી છટકી શકાય નહિ. કર્તવ્યથી ભાગનારો અથવા પલાયન કરનારો મનીષિ કાયર કહેવાશે. આવાં કર્તવ્યકર્મોનો ત્યાગ કરવાથી સર્વ જીવોનું પતન થાય છે. કારણ કે કર્તવ્યથી દૂર ભાગવું એનું નામ પતન.

**सद्बलं सर्वथा प्राप्यं, देशकालप्रयुक्तिभिः ।**
**मौढ्यं कदापि नो सेव्यं, ज्ञानं प्राप्यं जनैः सदा ॥ १७ ॥**

જ્ઞાન એ જીવનનો ઉદ્દેશ્ય છે. જ્ઞાન માનવીની તરસ છે. જ્ઞાન દ્વારા જ એ તૃષાને સંતોષી શકાય. જ્ઞાન બલ છે.

જ્ઞાનની જેને તરસ નથી, તે માણસને મૂર્ખ કહેવો કે મૂઢ ?

અજ્ઞાનને કારણે આ જગતમાં અનેક પ્રકારના પ્રશ્નો પેદા થાય છે. અજ્ઞાન ક્લેશનું કારણ બને છે. અજ્ઞાનને કારણે માણસ સત્યના અસલ સ્વરૂપ સુધી પહોંચી શકતો નથી.

એથી વારંવાર તેને નિષ્ફળતાનો અનુભવ કરવો પડે છે.

જ્ઞાન અગાધ સાગર જેવું છે. અફાટ આકાશ જેવું છે.

જેટલી ઊંચાઈ છે, તેટલી જ ઊંડાઈ પણ છે.

ભવ્ય પુરુષો હંમેશાં જ્ઞાનપ્રાપ્તિ માટે સતત પ્રયત્નશીલ હોય છે. એમની મથામણ સદૈવ ચાલું જ હોય છે. પ્રયત્ન વિના જ્ઞાન પ્રાપ્તિ શક્ય નથી.

અજ્ઞાનીઓ અજ્ઞાની છે, કારણ કે તેઓ આળસુ છે. સદાકાળ પ્રમાદનું સેવન કર્યા કરે છે, તેથી જ્ઞાનની પ્રાપ્તિ તેમને માટે અશક્ય બની જાય છે.

ભવ્ય પુરૂષો ઉદ્યમશીલ હોય છે ને સતત ઉદ્યમવંત બની રહે છે. અને તેથી જ્ઞાનનાં વધુ ઊંડાણમાં તેઓ જઈ શકે છે. ભવ્ય પુરૂષોએ હંમેશાં વધુમાં વધુ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ.

દેશ અને કાલને યોગ્ય વિવિધ પ્રયુક્તિઓ વડે જ્ઞાનપ્રાપ્તિ દ્વારા સદ્બળ પ્રાપ્ત કરી શકાય.

જ્ઞાન પ્રાપ્તિમાં આળસ ન હોય. જ્ઞાન પ્રાપ્તિમાં મૂઢતા ન હોય.

અપ્રમાદીપણે જ્ઞાન મેળવવા હંમેશાં પ્રયત્નશીલ રહેવું જોઈએ. મૂઢતાનું સેવન કરનાર, પ્રમાદનું સેવન કરનાર અને આલસ્યને આવકારનાર મૂઢ છે ને તે જ્ઞાન પ્રાપ્તિ કરી શકતો નથી. એટલે કે તે મૂઢતાને સેવે છે.

**प्रवृत्तावधिकारोऽस्ति, नृणां प्रकृतियोगिनाम् ।**
**यद् भाव्यं तद् भवत्येव, निश्चयज्ञानधारिणाम् ॥ १८ ॥**

આ જગતમાં બે પ્રકારના માણસો છે.

પ્રવૃત્તિ કરનારા. પ્રવૃત્તિ ન કરનારા.

પ્રવૃત્તિ તો માનવીનો અધિકાર છે. દરેક માણસે સત્ પ્રવૃત્તિ કરવી જોઈએ.

પ્રકૃતિયોગી મનુષ્યોને પ્રવૃત્તિમાં જ રસ હોય છે. તેઓ સતત પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહે છે. પ્રવૃત્તિ વિના એમને ચેન પડતું નથી.

પ્રવૃત્તિ વિના તેઓ રહી શકતા નથી. કારણ કે તેઓ પ્રકૃતિયોગી છે.

પ્રકૃતિ માણસને હંમેશાં પ્રવૃત્તિ કરવાનું કહે છે. પ્રવૃત્તિ માટેની પ્રેરણા આપે છે.

ભવિષ્યના હાથમાં તેઓ કશું જ છોડતા નથી.

નસીબ પર કશું જ તેઓ ન્યોછાવર કરતા નથી. નસીબની વાત માણસને અકર્મણ્ય બનાવી દે છે. તેને પ્રવૃત્તિશૂન્ય બનાવી દે છે.

પરંતુ જેઓ નિશ્ચયજ્ઞાનીઓ છે, તેઓ 'જે થવાનું હોય, તે જ થાય છે.' એવું વિચારીને પ્રવૃત્તિ કરતા નથી. તેઓ નિયતિમાં માને છે. તેઓ સ્વીકારે છે કે આપણા હાથમાં કશું જ નથી.

નિયતિ આગળ માનવ માત્ર લાચાર છે. માણસ તો નિયતિના હાથની કઠપૂતળી માત્ર છે. તે કશું જ કરી શકતો નથી. નિયતિ દોરી ખેંચે, તેમ તેણે કર્મ કરવાનું હોય છે.

નિયતિ જ સૂત્રધાર છે. માણસ તેનું રમકડુ છે. તે જેમ રમાડે છે, તેમ માણસ રમે છે, બાકી માણસ સ્વયં કશું જ કરી શકતો નથી.

ભવિષ્યમાં જે બનવાનું છે, તે સુનિશ્ચિત છે. તેમાં લગારે ફેરફાર થઈ શકતો નથી. બધું જ અગાઉથી લખાયેલું છે. ભાગ્યની લિપિને માણસ ફેરવી શકતો નથી. જે થવાનું હોય છે, તે જ થાય છે. ને જો એમ જ હોય તો પ્રવૃત્તિ કરવાનો શો અર્થ ?

આવું વિચારીને તેઓ પ્રવૃત્તિ કરતા જ નથી !

**कर्मभ्रष्टा भवेयु र्न, कर्तव्यकर्मकारिणः ।**
**साक्षिभावेन वर्तन्ते, शुभाशुभेषु कर्मसु ॥ १९ ॥**

જીવનમાં માણસે ચોક્કસ કર્તવ્યો બજાવવાનાં હોય છે. કર્તવ્યો માનવજીવનની અનિવાર્ય શરત છે. અનેક જાતનાં કર્તવ્ય કર્મો માણસે જીવન દરમ્યાન બજાવવાં પડે છે, એ વિના તેને છુટકો નથી.

મેદાન છોડીને ભાગી જનાર જેવો પલાયનવાદ માણસ માટે શોભારૂપ કદી નથી. જે કર્મો કરવાનાં છે, તે નિશ્ચિત છે. કર્તવ્ય કર્મોથી માણસ કદી પણ વિમુખ ન થઈ શકે.

હોંશભેર માણસે પોતાનાં કર્તવ્ય કર્મો કરવાં જોઈએ.

માણસે કદી પણ કર્તવ્યભ્રષ્ટ ન બનવું.

કદી પણ કર્મ ભ્રષ્ટ ન બનવું. આજે કે કાલે જે કામ કરવાનું છે, તે કર્યા વગર ચાલવાનું નથી, તો પછી હોંશભેર સ્મિતવદને તે કર્મ શા માટે ન કરવું ?

કર્તવ્યથી વિમુખ થવાનું ક્યારેય પણ ઉચિત નહિ ગણાય.

પરંતુ એક વાત જરૂર છે, કર્તવ્ય કર્મમાં વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવો.

કર્મો બે પ્રકારનાં છે : (૧) શુભ કર્મ (૨) અશુભ કર્મ.

આ જગતમાં માણસો દ્વારા જાત જાતનાં શુભ અને અશુભં કર્મો કરાતાં હોય છે. માણસે બધા જ કર્મોના કર્તા બનવાની આવશ્યકતા નથી. બધા જ કર્મોમાં તે સામેલ ન થઈ શકે.

તે બધું જ જુએ છે. બધું જ અનુભવે છે.

એની સંવેદના વ્યક્ત કરી શકે છે. તે કર્મભ્રષ્ટ નથી થતો પણ શુભાશુભ કર્મમાં સાક્ષી ભાવે વર્તે છે. આમ શુભાશુભ કર્મમાં સાક્ષી ભાવે વર્તવું.

**स्वधर्मः श्रेयसे नृणां, स्वाधिकारेण संगतः ।**
**अन्यधर्मो न शान्त्यर्थं, जानन्ति कर्मयोगिनः ॥ २० ॥**

સ્વધર્મ જ શ્રેયસ્કર છે. સ્વધર્મ એટલે આત્મ ધર્મ.

મનુષ્ય સ્વાધિકાર પ્રમાણે આત્મ ચૈતન્ય પ્રગટાવે છે. આત્મચૈતન્યની ચિનગારી પ્રગટે તો જ શ્રેયસ્કર સ્થિતિનું નિર્માણ થાય.

આત્મચૈતન્યનો ફૂવારો આંતરિક જગતમાંથી પ્રગટે છે.

ત્યારે જ મનુષ્ય આત્મશાંતિનો પરમ આહ્‌લાદક અનુભવ કરે છે.

આત્મધર્મ જ પરમ હિતકારી છે.

આત્મપ્રદેશમાંથી ઉજાસનાં કિરણો આવિષ્કૃત થાય છે અને માનવીની ભીતરની ભોમકા પ્રકાશમય બની જાય છે.

માટે આત્મચેતના પ્રગટાવો. આત્મજ્યોતનાં અજવાળાં પાથરો.

આત્મધર્મને છોડીને અન્યત્ર જવાની મનુષ્યને આવશ્યક્તા નથી. આત્મદેશે વસનાર જ પરમશાંતિને પામે છે.

આત્મધર્મ જ સ્વધર્મ છે, જેમાં 'સ્વ'નું હિત સમાયેલું છે. આત્માનું શ્રેય સમાયેલું છે.

આત્માનું શ્રેય ત્યારે જ સંપ્રાપ્ત થાય છે કે જ્યારે આત્મચૈતન્યની જ્યોત ઝળહળી ઊઠે છે.

આત્મમાર્ગે આગળ વધનાર જ સુખના અંતિમ મુકામ સુધી પહોંચે છે. આત્મધર્મ જ શાંતિના હેતુ માટે છે.

બાહ્ય તરફ ગતિ કરવાને બદલે આત્મા તરફ ગતિ થતાં આત્મા સૂર્ય સોળે કળાએ પ્રકાશી ઊઠે છે.

આત્મ તેજનો અંબાર પ્રગટતાં સ્વ શાંતિ આપ મેળે જ આવી મળે છે. અને આ વાત કર્મ યોગીઓ ખૂબ જ સારી રીતે જાણે છે.

તેઓ જાણે છે કે, આત્મ ધર્મ જ શ્રેયસ્કર છે. આત્મધર્મમાં મનુષ્યનો સ્વાધિકાર સમાવિષ્ટ છે.

આત્મચેતનાનો ઉજાસ જીવનને અજવાળી દે છે, પછી શાંતિની છાયા જીવનમાં ભરપુરપણે પ્રસરી રહે છે.

આત્મધર્મને છોડી 'પર'નું સેવન કરનાર શાંતિને પામતો નથી.

માટે આત્મધર્મ જ પ્રગટાવો. આત્મ ચેતના પ્રગટાવો.

ને જીવનના પરમ ઉજાસને પ્રાપ્ત થાઓ.

**षडावश्यककर्माणि, कर्तव्यानि जनैः सदा ।**
**मातृपूजादिकाः यज्ञाः, पञ्च सेव्याः सुभावतः ॥ २१ ॥**

શ્રી નેમિનાથ ભગવાન દ્વારિકાપુરીમાં પધાર્યા છે.

તેમણે શ્રી કૃષ્ણ વાસુદેવને તત્ત્વના બોધથી પ્રતિબોધિત કર્યા. તેમણે વિશ્વના ઉદ્ધાર માટે જૈનધર્મ પ્રકાશિત કર્યો.

પોતાની પ્રભાવક વાણી વડે જગત્પ્રભુ શ્રી નેમિનાથે ઉપદેશ દાનની પ્રવૃત્તિ કરી અને તેનો સાર લોકહિત માટે કહ્યો.

જગત્પ્રભુ કહે છે કે : આ જગતમાં જે જે મનુષ્યો જીવન વ્યતીત કરી રહ્યા છે, તેમણે પોતાના જીવનનો મર્મ સમજી લેવો જોઈએ. સામાન્ય પ્રકારનાં જીવજંતુની જેમ માણસે જેમ તેમ જીવન જીવી જવાનું નથી, બલ્કે જીવનને ઉચ્ચતમ આદર્શો સાથે જીવવાનું છે.

માનવીનું જીવન કર્મ સાથે સંકળાયેલું છે.

જ્યાં જીવન છે, ત્યાં કર્મ છે.

માણસ કર્મથી અલિપ્ત રહી શકતો નથી.

તેથી તેની ફરજ છે કે તેણે પોતાનાં કર્મ કર્યે જવા.

પણ કયા કર્મ કરવાં ? કેવાં કર્મ કરવાં ?

જગત્પ્રભુ આ અંગે વિશદ્ છણાવટ કરતાં કહે છે કે મનુષ્યોએ સદા સર્વદા છ આવશ્યક કર્મો કરવાં જોઈએ.

**તે ષડ્ આવશ્યક કર્મો ક્યાં છે ?**

દેવ પૂજા, ગુરુ ઉપાસના, સ્વાધ્યાય, **સંયમ**, તપ, અને દાન. આ ષડ્ આવશ્યક કર્મો જાણવા.

વળી જગત્પ્રભુ યજ્ઞ અંગે કહે છે કે,

માતૃપૂજા વગેરે પાંચ યજ્ઞો સુભાવથી કરવા જોઈએ.

માતૃપૂજા, પિતૃપૂજા, અતિથિપૂજા, દેવપૂજા, ગુરુપૂજા. આ પાંચ યજ્ઞો છે.

અહીં 'સુભાવ' શબ્દ પર ભાર મૂકવામાં આવ્યો છે.

માત્ર કરવા ખાતર કોઈ કાર્ય કરવાનું નથી, પણ ભાવના સહિત કરવાનું છે. ભાવના ઉત્તમ હશે, તો કર્મનું ફળ પણ ઉત્તમ પ્રાપ્ત થશે. તેથી સારો - ઉત્તમ ભાવ હોય ને આવા સુભાવ વડે જો તે કર્મ સાથે જોડાય તો તેણે કરેલા આ કર્મનું ઉત્તમ ફળ તેને પ્રાપ્ત થાય.

**सर्वत्र सर्वजीवानां, रक्षा पुण्येश्वराद् भवेत् ।**
**सर्वत्र सर्वजीवानां, दुखं पापयमाद् भवेत् ॥ २२ ॥**

જીવન હોય એટલે મનુષ્યને જીવનના રક્ષણની ભાવના પણ જન્મે. કારણ કે જીવન ગમે તેમ વેડફી દેવા કે ગમે તે રીતે નષ્ટ કરવા માટે ધારણ કરવાનું નથી.

અહીં જગત્પ્રભુ કહે છે કે : પુણ્ય એ જ ઈશ્વર છે. : પુણ્ય દ્વારા જ સર્વ જીવોની રક્ષા થાય છે. સર્વત્ર અને સદૈવ એના જીવનની સુરક્ષા થાય છે !

કર્મનો પ્રભાવ જૈન ધર્મમાં સવિશેષપણે સ્વીકારાયો છે.
કર્મથી જ માણસ સુખ દુઃખને પ્રાપ્ત કરે છે,
ઈસ હાથ દે. ઈસ હાથ લે.
જેવું કરશો, તેવું પામશો. જેવું વાવશો, તેવું લણશો.

કર્મના ફળથી માણસ બચી શકતો નથી. કર્મના ફળથી માણસ છૂટી શકતો નથી, છટકી શકતો નથી. કર્મનો ક્ષય ન થાય, ત્યાં સુધી એનું ફળ માણસે ભોગવવું જ પડે છે.

સારા કર્મોનું સારું ફળ. ખરાબ કર્મોનું ખરાબ ફળ.
માટે જ જગત્પ્રભુ અહીં પુણ્યકર્મની વાત કરે છે.
પુણ્ય કર્મ કરશો તો ફળ પણ ઉત્તમ મળશે.
પુણ્ય જ માણસની સર્વત્ર રક્ષા કરે છે.
પુણ્ય રૂપી ઈશ્વર જ મનુષ્યને સુરક્ષા પ્રદાન કરે છે માટે પુણ્ય કરો!
શુભ કર્મ કરો ! સત્કર્મોનો સંચય કરો !
એ જ પાથેય છે ! એ જ મોંઘી મૂડી છે !
એ જ રક્ષણહાર છે જીવનનો !
પુણ્ય ઈશ્વર છે. તે રક્ષણ કરે છે.
પાપ યમ છે. પાપ દુઃખકર છે.

પાપ કર્મને કારણે તેનું ખરાબ ફળ માણસને પ્રાપ્ત થાય છે. દુઃખનું કારણ એણે કરેલ પાપ કર્મ છે.

પુણ્ય બચાવે છે. પાપ મારે છે.
પુણ્ય તારે છે. પાપ દુઃખમાં ડૂબાડે છે.
કોઈપણ કર્મ કરતાં પહેલાં ખૂબ વિચાર કરો :
જો તે પાપ કર્મ હોય તો એવું કર્મ ન કરશો.
તે દુઃખનું કારણ બનશે. તે મારશે. તે હણશે.
તે વેદના પહોંચાડશે. તે પીડા ઉત્પન્ન કરશે.
માટે એનાથી બચો. માટે તેનાથી અળગા રહો.
કરો તો પુણ્ય કરો. પુણ્ય જ ઈશ્વર છે.
તે બચાવશે. તારશે. રક્ષણ કરશે.
પાપથી સર્વ જીવોને સર્વકાળે સર્વત્ર દુઃખ જ પ્રાપ્ત થાય છે.
પુણ્યથી જ જીવોનું રક્ષણ થાય છે. યોગક્ષેમ પુણ્યથી જ થાય છે.

कर्मेश्वरोऽस्ति सर्वत्र, सुखदुःखप्रदायकः ।
तस्येच्छा भाविभावस्य, रूपेणात्र प्रवर्तते ॥ २३ ॥

કર્મ જ સુખકારક છે. કર્મ જ દુઃખકારક છે.

કર્મ જ ઈશ્વર છે. કર્મ જ કર્તા છે.

વર્તમાનમાં જીવાત્મા જે જે દુઃખ ભોગવી રહ્યો છે, તેનું કારણ પણ પૂર્વે કરેલાં પાપકર્મો જ છે. પાપનું કટુ ફળ જીવાત્મા હાલ ભોગવી રહ્યો છે.

ખોટું કર્યું. ખોટું પામ્યો.

પીડા આપી. પીડા પામ્યો.

દુઃખ આપ્યું. દુઃખ પામ્યો.

એક વત્તા એક બરાબર બે (૧+૧=૨)જેવું આ સ્પષ્ટ ગણિત છે.

કર્મ જ ઈશ્વર છે.

ખરાબ કર્મ દુઃખદાયક છે. શુભ કર્મ સુખદાયક છે.

કર્મથી કોઈ બચી શકતું નથી.

કર્મ સર્વત્ર સર્વ કાળે સાથે ને સાથે જ રહે છે.

એનું ફળ જીવાત્માને કદી પણ છોડતું નથી.

પુણ્યકર્મનું ફળ ઉત્તમ હોય છે.

પુણ્યકર્મથી સુખ પ્રાપ્ત થાય છે.

પુણ્યકર્મ શુભકારક - સુખદાયક છે.

માટે હંમેશાં શુભકર્મો જ કરો. કારણ કે શુભકર્મો માણસને સુખ અર્પણ કરે છે.

કર્મ કરતાં પૂર્વે વિચારો. જુઓ કે એ શુભ કર્મ છે કે અશુભ?

પાપ કર્મ છે કે પુણ્ય કર્મ?

માણસ ક્યારેક ભાન ભૂલી જાય છે.

વિચાર શક્તિ ગુમાવી દે છે. સમજણને તિલાંજલિ આપે છે.

વિવેકભાનનું વિસ્મરણ કરે છે ને પાપ કર્મ કરી નાખે છે.

માત્ર આવેશને કારણે.

ટૂંકી દ્રષ્ટિને કારણે. સંકુચિત સ્વાર્થ બુદ્ધિને કારણે.

એ સમયે એ ભૂલી જાય છે કે, હાલ તે જે ખાડો ખોદી રહ્યો છે, તે પોતાની જ કબર બની જશે! બીજાને પાડી રહ્યો છે, તે ખાડામાં પોતે જ પડી જશે!

આ દુઃખની દિશા છે. અધઃ પતનનો માર્ગ છે. વેદનાનું વાવેતર છે.

તેમ છતાં માણસ મોહના અંધત્વને કારણે એવું પાપ કર્મ કરી નાંખે છે.

વિવેકદ્રષ્ટિવાળો સમભાવી મનુષ્ય કદી પણ પાપ કર્મ વડે પોતાના હાથ કાળા કરતો નથી..... કારણ કે તે સમજે છે કે આ પાપ કર્મ જ ક્યારેક અવશ્ય તેના દુઃખનું કારણ બનશે.

તેથી એ ખોટા માર્ગે જતો નથી. અશુભ કર્મ કરતો નથી.

શુભ કર્મ જ કરે છે. કારણ કે કર્મ જ ઈશ્વર છે. કર્મ જ સુખ દુઃખ કારક છે. કર્મ રૂપી ઈશ્વરની ઈચ્છા જ ભાવી ભાવના રૂપથી પ્રવર્તે છે.

**कर्मेच्छा यादृशी यस्य, तस्य भवति तादृशम् ।**
**कर्मेश्वर समो देवो, नास्ति विश्वप्रवर्तकः ॥ २४ ॥**

જૈનધર્મ કર્મના મહત્ત્વને સવિશેષપણે સ્વીકારે છે.

કર્મ જ કર્તા હર્તા છે. કર્મ જ ઈશ્વર છે. જેવું કર્મ તેવું ફળ.

કર્મ કોઈને છોડતું નથી.

ગમે ત્યાં જાવ, ભાગી જાવ, છુપાઈ જાવ કે ભોંયરામાં પેસી જાવ, પણ કર્મ તમને છોડશે નહિ. કર્મ સત્તા આગળ માનવ માત્ર લાચાર છે.

કારણ કે કર્મનો નિયમ અફર છે. એને કોઈ બદલી શકતું નથી.

કોઈ પડકારી શકતું નથી.

કર્મ રૂપી ઈશ્વરની ઈચ્છા જ સર્વમાન્ય છે, સર્વ સ્વીકૃત છે. એ ઈચ્છાને દરેક જીવે શિર પર ચઢાવ્યે જ છુટકો. રાજા હોય કે રંક, સ્ત્રી હોય કે પુરુષ પણ સર્વ કોઈ કર્મની સત્તા હેઠળ આવરી લેવાયેલા છે.

કર્મ પ્રમાણે ફળ. શુભ કર્મનું શુભ ફળ. અશુભ કર્મનું અશુભ ફળ.

એમાં કોઈ વિકલ્પ નથી. એમાં કોઈના જામીન ચાલતા નથી.

જેને જે સમયે જે સુખ કે દુઃખ પહોંચવાનું હોય, તે તે જ સમયે તેને પહોંચે છે. એને કોઈ મિથ્યા કરી શકતું નથી. મિથ્યા કરવાનો પ્રયાસ પણ મિથ્યા જ સાબિત થાય છે.

કર્મનું ફળ ભોગવ્યે જ છુટકો.

જેની જેવી કર્મેચ્છા. તેનું તેવું ભાવી. તેવું તેનું ફળ.

કર્મ ઈશ્વર છે. કર્મ સમાન કોઈ વિશ્વપ્રવર્તક દેવ નથી.

અશુભ કર્મ કરીને કોઈ અહીંથી ભાગીને અમેરિકા જતો રહે તેથી શું થઈ ગયું ? ત્યાં પણ તેને કર્મનું ફળ મળે જ છે.

કર્મેચ્છા, એ જ તેનું ભાવી.

કર્મ કરીને છટકી શકાતું નથી. કર્મ કરીને બચી શકાતું નથી.

પાપ કર્મનો એવો જ ભારે અને ન્યાયી દંડ છે.

એવી જ સમભાવી સજા છે. સજામાં કોઈ વધઘટ નથી.

નિર્માણ થયેલી સજા પૂરી ભોગવવી જ પડે છે.

પુણ્ય કર્મ કરનારને સુખ અવશ્ય મળે છે. જે સમયે પુણ્ય કર્મનો ઉદય થાય છે, તે જ પળે તેનાં દુઃખ રૂપી વાદળો હટી જાય છે ને સુખનો સૂર્ય પ્રકાશમાન થઈ રહે છે !

જીવાત્મા ગમે ત્યાં હોય પણ એનું ફળ એને પ્રાપ્ત થાય જ.

શુભનું શુભ ફળ. અશુભનું અશુભ ફળ.

પુણ્ય સુખ આપે. પાપ દુઃખ આપે.

કર્મ રૂપી ઈશ્વર વિશ્વ પ્રવર્તક દેવ છે. તે કર્મ કરનારનું ભાવી નિર્મિત કરી જ દે છે.

**कर्मणामनुसारेण, सुखं दुखं च देहिनाम् ।**
**कर्मभिः खलु संसारो, मुक्ति र्निर्मोहभावतः ॥ २५ ॥**

સુખ અને દુઃખ.

આ બંનેની પ્રાપ્તિ પોતે કરેલા કર્મ અનુસાર જ હોય છે.

જેવાં કર્મ, તેવાં ફળ.

આ સંસારમાં અનેક પ્રકારે મનુષ્યોએ પોત પોતાનાં કર્મ કરવા પડે છે. જીવ ઉતાવળે અવિચારીપણે ક્યારેક અશુભ કર્મ કરી નાંખે છે ને પાપનો ભારો બાંધે છે. પાપ કર્મ કરવા પાછળનાં અનેક કારણો હોય છે.

સ્વાર્થ બુદ્ધિ, સમજણનો અભાવ, વિવેક દ્રષ્ટિનો અભાવ, ઉતાવળ, અધૈર્ય, ક્રોધ, વેર, લાલસા, મોહ વગેરે વગેરે કારણોને લીધે માણસ અશુભ કર્મ કરવા પ્રેરાય છે. પણ આવાં કર્મ કરવાથી પાપ બંધાય છે. જેનું ફળ માણસને યથા સમયે ભોગવવું જ પડે છે. એનાથી એને છુટકો થતો નથી.

પાપ કર્મ જ્યારે પકવ થઈ જાય છે, ત્યારે જ્યાં સુધી તે ભોગવાઈ ન જાય, ત્યાં સુધી શાંત થતું નથી. ભોગવાઈ ગયા પછી કર્મ શાંત થઈ જાય છે. જાણે દેવું ભરપાઈ થઈ જાય છે !

શુભ કર્મનું ફળ સુખ છે.

સુખ પણ સ્વ કર્મ અનુસાર જ પ્રાપ્ત થાય છે.

પુણ્ય કર્મ કરવાથી સુખ માનવીના ખાતામાં થાપણ તરીકે જમા થઈ જાય છે ને યથા સમયે તે ભોગવવા મળે છે.

સંસાર સાચે જ કર્મથી છે.

સંસારમાં જે ચિત્રવિચિત્રતાઓ જોવા મળે છે, તે કર્મ વડે જ છે. આ સંસારમાં કોઈ સુખી તો કોઈ દુઃખી જોવા મળે છે, તે પણ કર્મને જ કારણે છે.

સૌ પોત પોતાનાં કર્મનાં ફળ ભોગવી રહ્યાં છે.

પુણ્ય કર્મ કરનાર સુખ ભોગવી રહ્યો છે.

પાપ કર્મ કરનાર દુઃખ ભોગવી રહ્યો છે.

સુખ અને દુઃખ તો સંસાર સ્વભાવ છે, જે કર્મ પ્રમાણે ઉદય પામે છે.

**કર્મથી સંસાર છે, તો પછી** આ સંસારમાંથી મુક્તિ શી રીતે મળે ?

એ માટે નિર્મોહ બનવું પડે. નિર્મોહથી જ મુક્તિ મળે છે. નિર્લેપ અને નિર્મોહ દશાને પ્રાપ્ત કરનાર જ મુક્તિ માર્ગનો યાત્રી બની શકે છે.

**आत्मना भुज्यते कर्म, यत्कृतञ्च शुभाशुभम् ।**
**अंतर्मुखोपयोगेन, सर्वकर्मक्षयो भवेत् ॥ २६ ॥**

કર્મ શુભ હોય કે અશુભ હોય પણ તે જીવે ભોગવવું જ પડે છે.

કર્મ કોઈને છોડતું નથી. કર્મ ભોગવ્યા વિના છુટકો થતો નથી.

આ સંસારમાં જીવ જાત જાતના કર્મો કરે છે. મોહાવસ્થાને કારણે તે કર્મો કર્યે જ જાય છે. મનુષ્યના સંસારીપણા સાથે કર્મ બંધાયેલું જ છે. નાનાં મોટાં, શુભ અશુભ એમ ચિત્ર વિચિત્ર અને જાત જાતનાં કર્મો તે કરે છે. અને કરેલાં કર્મોનું ફળ પણ તેને યથાયોગ્ય સમયે ભોગવવું પડે છે.

ડગલે ને પગલે તે કર્મબંધથી બંધાય છે.

ક્ષણે ક્ષણે કર્મો તેને વળગતાં આવે છે.

પણ કર્મથી તે છુટી શકતો નથી.

કર્મ શુભ પણ હોય અને અશુભ પણ હોય પણ તેના બંધનથી બંધાયેલો હોવાથી તેણે તેનું ફળ ભોગવવું જ પડે છે.

કોઈ છટકી શકતું નથી. કોઈ બચી શકતું નથી. કોઈ ઉગરી શકતું નથી. કર્મ સત્તા મહા બળવાન છે.

કર્મના ફાંસલામાંથી બચેલો આજ સુધી કોઈ જાણ્યો નથી.

કારણ કે કર્મની પ્રબળ સત્તા હેઠળ આવેલો જીવ ક્યાંય છુપાઈ શકતો નથી, જાતને આવૃત્ત રાખી શકતો નથી અથવા કર્મ ફળથી પોતાને સુરક્ષિત રાખી શકતો નથી.

કર્મ જ ઈશ્વર છે. ને ઈશ્વર રૂપી કર્મ ક્યારેય કોઈને છોડતું નથી. એ સર્વ શક્તિમાન છે.

સર્વ સ્થળે એની સત્તા ચાલે છે. કર્મ સત્તા અતિભારી.

એમાં કોઈની લાગવગ કે શેહશરમ ચાલતી નથી. એની પકડમાં જે આવે છે, તેને સજા, દંડ કે યોગ્ય ફળ ભોગવ્યે જ છુટકો. ઈચ્છા હોય કે ન હોય, ગમતું હોય કે ન ગમતું હોય પણ ભોગવવું જ પડે.

એમાં માણસની મરજી ચાલતી નથી. માણસની ઈચ્છા ચાલતી નથી. માણસની સત્તા ચાલતી નથી.

કર્મરૂપી ઈશ્વરનો ન્યાયી હુકમ છુટ્યા પછી એ જ સમયે અને એ જ સ્થળે તે બજ્યા વગર રહેતો નથી.

કર્મને ન હોય કોઈની શર્મ.

કર્મને ન હોય લાગવગ કે ઓળખાણ. અફર અને અટલ નિયમ છે કર્મનો !

એના હુકમની અવગણના થઈ શકે નહિં.

તેનો અનાદર ન થઈ શકે.

એની સામે દલીલ ન થઈ શકે. બચાવ ન થઈ શકે.

કારણ કે આમાં બચાવનામાનો કોઈ અવકાશ નથી.

શુભ કર્મ કર્યું છે, તો એનું સુફળ ભોગવો.

અશુભ કર્મ કર્યું છે ને પાપ બાંધ્યું છે, તો એની સજા પણ ભોગવો.

એમાં ઈચ્છા હોય કે ન હોય, મરજી હોય કે ન હોય પણ ભોગવવાનું એટલે ભોગવવાનું ! ભાગી ન શકાય, બચી ન શકાય, એના આદેશને તાબે થઈ જવાનું !

એનો ઉપયોગ કરી લેવો પડે.

અંતર્મુખ ઉપયોગથી સર્વ કર્મનો ક્ષય થાય છે.

માટે અન્તર્મુખી બનો. અન્તર્દષ્ટિ પામો. આન્તર્યાત્રા કરો.

**कर्मरुपेश्वराधीनं, सर्वविश्वं प्रवर्तते ।**

**कर्मरुपेश्वराधीनं, जीवाः संचारिणो भवे ॥ २७ ॥**

વિશ્વ અનન્તાનન્ત જીવોથી ભરપુર છે ને રાતદિવસ અટક્યા વિના સંસાર ચક્ર ચાલ્યા કરે છે. તેમાં ક્યારેય કશો અટકાવ થતો નથી.

ખરેખર તો આ વિશ્વ સમસ્ત જગત કર્મરૂપી ઈશ્વરને અધીન છે. કર્મનું ચલાવ્યું વિશ્વ ચાલે છે. સાંજ સવાર, રાત દિવસ જે કંઈ પ્રવૃત્તિઓ ચાલ્યા કરે છે, એ બધું જ કર્માધીન છે. ખરેખર તો આ વિશ્વને ચલાવનાર કર્મ રૂપી ઈશ્વર જ છે.

કર્મને વશવર્તીને સર્વ જીવો સુખ દુઃખનો અનુભવ કરે છે. કર્મ ચલાવે છે, તેમ સૌ ચાલે છે. કર્મ કહે છે, તેમ સૌ કરે છે.

કર્મને અધીન છે સર્વ કાંઈ.

વિશ્વમાં ચિત્ર વિચિત્ર જીવો વસે છે ને જાત જાતની પ્રવૃત્તિઓ કરે છે. સુખ ભોગવે કે દુઃખનો અનુભવ કરે છે.

કારણ કે કર્મ સત્તા જ ઈશ્વર સત્તા છે ને કર્મ રૂપ ઈશ્વર જ બલવાન છે. એના આદેશ પ્રમાણે જ સર્વ કાંઈ થાય છે. નાની મોટી પ્રવૃત્તિઓ થાય છે.

કોઈ દુઃખી [illegible]ય છે. કોઈ ભયંકર પીડાને પામે છે. કોઈ યાતનામય કષ્ટો ભોગવે છે ને કોઈ અભાવગ્રસ્તદશામાં જીવે છે.

આ બધું જ પૂર્વે કરેલા કોઈ અશુભ કર્મના ફળ સ્વરૂપે છે. જેવું કર્મ તેવું ફળ.

કર્મમાં અશુભત્વની માત્રા જેટલી વધારે એટલી વધારે દુઃખની તીવ્રતા. પેલી કવિતામાં આવે છે, તેને થોડોક ફેરફાર કરીએ.

'સુખ દુઃખ કર્મ સાથે રે જડિયાં.'

જે સમયે કર્મ થયું તે જ દિવસે અને સમયે કર્મના ચોપડા (આત્મપ્રદેશ)માં તેની સજા અને સજાનો સમય પણ નોંધાઈ ગયો. હવે નોંધાયેલા આ સજા અને સમયમાં કોઈ ફેરફારને અવકાશ નથી. કોઈ વધઘટ ન થઈ શકે. અફરપણે તેનો અમલ થાય.

એમાં શરમ ન ચાલે. લાંચ ન ચાલે. વગ ન ચાલે. ઓળખાણ ન ચાલે. ભલામણ ન ચાલે.

જે પ્રમાણે થતું હોય એમ જ થાય. રાજા હોય, રંક હોય, ભિખારી હોય કે અમલદાર હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય - કર્મ પ્રમાણે સર્વ સજા ને પાત્ર. ભેદભાવ વગર ન્યાયનું ત્રાજવું તોલ કરે.

સજા કે પુરસ્કાર થાય.

સજા ભોગવવી પડે. પુરસ્કાર સ્વીકારવો પડે.

પુરસ્કાર પાછો ન ઠેલાય. ને સજા પણ પાછી ન ઠેલાય.

એ જ સમય. એ જ સજા. જરા પણ ગફલત નહિ.

સમયમાં કોઈ ફેરફાર નહિ.

કર્મરૂપી ઈશ્વર સૌને પોત પોતાના કર્મ પ્રમાણે સજા કે ઈનામ રૂપ આદેશો આપે છે.

ને તેનો અમલ પણ અચૂકપણે થાય છે.

આમ કર્મરૂપી ઈશ્વરને અધીન રહીને વિશ્વના જીવો આ સંસારમાં ભ્રમણ કરે છે. કારણ કે એમના ભ્રમણ માર્ગનો સકળ નકશો કર્મ રૂપી ઈશ્વર દ્વારા અગાઉથી જ તૈયાર થઈ ગયેલ હોય છે.

કશું જ સ્વમેળે બનતું નથી. કશું જ સ્વ-ઈચ્છાથી બનતું નથી.

કશું અનાયાસ બનતું નથી.

બધું જ કરેલાં કર્મ પ્રમાણે તૈયાર જ હોય છે. ક્યારે, ક્યાં, શું થવાનું છે ને ક્યાં જવાનું છે, બધું જ તૈયાર હોય છે ને જીવોએ એ પ્રમાણે જ ભ્રમણ કરવાનું હોય છે.

**रजोवृत्तिसमूहाऽऽत्मा, ब्रह्मैव गीयते भुवि।**
**तमोवृत्तिसमूहाऽऽत्मा, हर इत्थं प्रकीर्त्यते ॥ २८ ॥**

આ વિશ્વ વિવિધ સ્વભાવી જીવોથી ભરપુર છે અને તેઓ પોતાની વૃત્તિ પ્રમાણે પ્રવૃત્તિ કર્યે જાય છે. ખરેખર તો એમની પ્રવૃત્તિઓમાં તેમનામાં રહેલી વૃત્તિની છાયા જ પડે છે.

કેટલાક જીવો રજોવૃત્તિવાળા હોય છે, તો કેટલાક તમો વૃત્તિવાળા હોય છે.

તેઓ બધા પોતપોતાની વૃત્તિ પ્રમાણે કાર્યો કરે છે.

શ્રી નેમિનાથ જગત્પ્રભુ ધર્મનો બોધ આપવા માટે દ્વારિકાપુરીમાં પધાર્યા છે ને તેઓ શ્રી કૃષ્ણ વાસુદેવને આત્મા વગેરે તત્ત્વના બોધથી પ્રતિબોધિત કરી રહ્યા છે.....

આમ પ્રભુએ પોતાની વાણી વડે ઉપદેશ દાનની પ્રવૃત્તિ કરી છે. અને તેનો સાર લોકહિત માટે કહ્યો છે.

વિશ્વના ઉધ્ધાર માટે તેઓએ ધર્મનો બોધ કર્યો છે. જૈન ધર્મ તો વ્યાપક આત્મા રૂપે સનાતન છે. તેનો ઉદ્ધાર કરવા માટે તીર્થંકરો યુગે યુગે ઉત્પન્ન થાય છે. તીર્થંકર પરમાત્મા શ્રી નેમિનાથ પણ જૈનધર્મનો પ્રતિબોધ કરવા માટે દ્વારિકાપુરીમાં પધાર્યા છે.

આ વિશ્વમાં રજોવૃત્તિવાળા જીવોનો સમૂહ પણ ખૂબ મોટો છે. રજોવૃત્તિના સમૂહવાળો આત્મા બ્રહ્મા કહેવાય છે.

તો તમોવૃત્તિનું શું ? તમોવૃત્તિવાળો આત્મા એટલે ?

તમસ પ્રકૃત્તિના પ્રાધાન્યવાળા આત્માઓની સંખ્યા પણ બહુ મોટી છે.

અને આમ તમોવૃત્તિના સમૂહવાળો આત્મા હર છે, એમ કહેવાય છે !

**सत्त्ववृत्तिसमूहाऽऽत्मा, विष्णुरेव प्रगीयते ।**
**एषाऽऽत्मा देहसंस्थोऽपि, ब्रह्मादिनामधारकः ॥ २९ ॥**

આ વિશ્વમાં જીવાત્માની વૃત્તિઓ ત્રણ પ્રકારની હોય છે.

સત્ત્વ, રજસ્ અને તમસ્.

રજસ્વૃત્તિ પ્રધાનપણે જેનામાં રહેલી છે, તેવી વૃત્તિના સમૂહવાળો આત્મા બ્રહ્મા કહેવાય છે, ને તમસ્વૃત્તિના સમૂહવાળો આત્મા હર કહેવાય છે.

હવે રહી સત્ત્વ વૃત્તિની વાત.

આમ તો આ વિશ્વમાં રજો અને તમો પ્રકૃતિનું પ્રધાનપણું જોવા મળે છે ને આવા જીવોની સંખ્યા પણ અતિશય જોવા મળે છે.

પરંતુ થોડા ઓછા છતાં સત્ત્વગુણવાળા આત્માઓની સંખ્યા પણ આ જગતમાં જરૂર દ્રષ્ટિગોચર થાય છે.

સાત્ત્વિક પ્રકૃતિવાળા આત્મા પણ જરૂર નજરે ચઢે છે.

આવા સાત્ત્વિક પ્રકૃતિના સમૂહવાળો આત્મા વિષ્ણુ કહેવાય છે. જો કે આવા આત્માઓ પ્રમાણમાં બહુ ઓછા હોય છે.

આ પ્રમાણે દેહધારી આત્મા પણ બ્રહ્મા વગેરે નામધારક છે.

कर्मवृत्तियुतो जैनआत्मा सर्वत्र गीयते ।

सत्त्वरजस्तमोवृत्या,जैनाऽऽत्मा त्रिविधः स्मृतः ॥ ३०॥

કર્મની પ્રકૃતિથી જે આત્મા યુક્ત છે, એવો આત્મા સર્વત્ર જૈન કહેવાય છે.

જૈન હંમેશાં કર્મ પ્રકૃતિની વિચારધારાવાળો હોય છે.

આત્મા ત્રિપ્રકારી પ્રકૃતિથી યુક્ત હોય છે.

આ ત્રણ પ્રકૃતિ એટલે- ૧. સત્ત્વ ૨. રજસ્ ૩. તમસ્

આત્માને આ ત્રણ પ્રકૃતિમાંથી એક પ્રધાનપણે વળગેલી હોય છે. ને આ પ્રકૃતિની વધતી ઓછી માત્રા પ્રમાણે જીવ પોતાની પ્રવૃતિ કરતો હોય છે.

રજસ્ શૃંગારિક - વિલાસી પ્રવૃત્તિનો ઘોતક ગુણ છે.

તમસ્ ગુણ ક્રોધ પ્રગટ કરનારો અને ઝડપથી શીતળતા છોડી દેનારો ગુણ છે.

જ્યારે સત્ત્વગુણ શુભગુણનો ઘોતક છે. આત્મ કલ્યાણની સાથે સાથે સર્વ જીવોના કલ્યાણની કામના આ ગુણવાળો આત્મા કરે છે.

પોતાના કોઈ કાર્ય કે શબ્દ થકી કોઈને દુઃખ ન પહોંચે, તે માટે આવો આત્મા જાગૃત અને સાવધાન હોય છે.

સુવિચાર, શુભ વિચાર અને સાત્ત્વિક વિચાર દ્વારા તે આત્મ શાંતિ પામે છે.

આવી કર્મ પ્રવૃત્તિથી યુક્ત આત્મા સર્વત્ર જૈન કહેવાય છે.

અને આમ સત્ત્વ, રજસ્ અને તમસ્ વૃત્તિથી જૈનાત્મા ત્રણ પ્રકારનો કહેવાય છે.

सात्त्विकप्रकृतिस्वामी, अन्तराऽऽत्मा भवेन्महान् ।

सत्त्वातीतः परब्रह्म, सिद्धोऽर्हन् भवति प्रभुः ॥ ३१ ॥

ત્રણ પ્રકારના પ્રકૃતિ ભેદ છે : (૧) સાત્ત્વિક (૨) રજસ્ (૩) તમસ્

રજોગુણી અને તમોગુણી મનુષ્યોની સંખ્યા આ જગતમાં ઘણી છે.

મોહને વશ બની, માયામાં તલ્લીન બની આ સંસારમાં રત રહેનારા માનવીઓ રજોગુણને ધારણ કરે છે.

તો કેટલાક તામસિક ગુણને ધારણ કરી, ક્રોધમય સ્વભાવ ગ્રહણ કરી તમોગુણી બને છે.

પણ આ પ્રકારના મનુષ્યો સામાન્યપણામાં રાચતા હોય છે.

સંસાર સ્વભાવ રજોગુણી છે એટલે સંસારની મોહમાયામાં સતત નિમગ્ન રહેનારા રજસ્ પ્રકૃતિવાળા હોય, તેમાં શી નવાઈ ?

તમસ્ ગુણ માણસના મનમાં રહેલા ક્રોધિત સ્વભાવને વ્યક્ત કરે છે અને આ પ્રકૃતિને કારણે નાની નાની લડાઈઓ અને યુદ્ધો થતાં હોય છે.

સાત્ત્વિક પ્રકૃતિવાળા અંતરાત્માને સાચે જ મહાન જાણવો જોઈએ. કારણ કે સાત્ત્વિક પ્રકૃતિવાળા બહુ ઓછા જીવો હોય છે..

સંસાર સ્વભાવની અસર જીવાત્મા પર થતાં તે રજો કે તમો પ્રકૃતિમાં સરી પડે છે. એટલે આવી પ્રકૃતિવાળા વધુ હોય તે સ્વાભાવિક છે. તેની સરખામણીમાં સત્ત્વ ગુણને વળગી રહેનારા અને ટકાવી રાખનારા બહુ ઓછા હોય છે, તેથી સાત્ત્વિક પ્રકૃતિવાળા અંતરાત્માને મહાન જાણવો જોઈએ.

પરંતુ રજસ્, તમસ્ અને સત્ત્વ વગેરે ત્રણ પ્રકૃતિથી જે અલિપ્ત છે, એવો આત્મા પરબ્રહ્મ, સિદ્ધ, અર્હન્ થાય છે.

**सात्त्विका स्यु र्महासिद्धाः, साधवः सर्वभूतले ।**
**अवतीर्य स्वशक्त्यैव, भवन्ति विश्वतारकाः ॥ ३२ ॥**

આ વિશ્વમાં જેમ અનેક પ્રકારી મનુષ્યો રહે છે, તેમ અનેક પ્રકારી સાધુઓ પણ જોવા મળે છે. પરંતુ બધા જ સાધુઓ એક સમાન પ્રકૃત્તિ વાળા હોતા નથી. જેમ બાર ગાઉએ બોલી બદલાય અને ભૌગોલિક બદલાવ સાથે માણસોના સ્વભાવ વગેરે પણ બદલાય, તેમ સાધુઓમાં પણ વિવિધ ભિન્નતા જોવા મળે છે.

સાધના વગર ન રહી શકે તે સાધુ. એને તો પરમ તત્ત્વની સાધના કરવાની હોય છે.

પરંતુ આ બધું છતાં સાધુઓમાં પણ પ્રકૃતિ ભેદ જોવા મળે છે.

સત્ત્વ, રજસ્ અને તમો ગુણ.

આ ત્રણે ગુણો સાધુઓમાં પણ દ્રષ્ટિગોચર થાય છે.

સાધુનું સ્વરૂપ સામાન્ય રીતે આપણે સૌમ્ય અને કલ્યાણકારી કલ્પીએ છીએ. સાધુ પાસે જાવ એટલે મનની ગૂંચો ઉકલે.

સૌમ્યભાવે એ આત્મા - પરમાત્માની વાત સમજાવે. જગત કલ્યાણની વાત કરે.

સાધુઓ સિદ્ધો જરૂર છે. પણ સર્વ વિશ્વમાં જે સાત્ત્વિક સાધુઓ છે, તે જ મહાસિદ્ધ છે, એમ જાણવું.

સત્ત્વ ગુણ જ મનુષ્યની જેમ સાધુને પણ મહાનતા બક્ષે છે, મહાન બનાવે છે.

જૈન સાધુઓમાં સાત્ત્વિકતાનો ગુણ પ્રધાનપણે જોવા મળે છે. સત્ત્વગુણને ગ્રહણ કર્યા પછી સાધુ આત્મસાધનાને જીવન ધ્યેય બનાવે તો તે જરૂર મુક્તિ માર્ગે આગળ ધપી શકે.

આવા સાત્ત્વિક ગુણવાળો સાધુ જ સ્વશક્તિ વડે વિશ્વનો તારક બની શકે છે.

વિશ્વઉદ્ધારક અને જગત કલ્યાણકર જૈન સાધુઓ અને આચાર્યો સત્ત્વગુણની પ્રધાનતાને કારણે જ ઉચ્ચ સ્થાને બિરાજમાન થઈ શક્યા છે.

**आध्यात्मिकं बलं श्रेष्ठं, जडसत्ता बलादपि ।**
**आत्मसत्ताबलस्याग्रे, जडसत्ता न तिष्ठति ॥ ३३ ॥**

સત્તા બલમાં જડસત્તાનાં બલ કરતાં આધ્યાત્મિક બલ સાચે જ શ્રેષ્ઠ છે.

જગતમાં વ્યાપક જડસત્તાઓ પશુતાના પડોશી સમાન છે ને કેવળ મનુષ્યના શરીર સુધી એમનું બલ પહોંચી શકે છે.

રાજસત્તા દંડ કરી શકે છે, સજા કરી શકે છે અને માણસ રાજ સત્તાના બલથી ડરી પણ જાય છે. પણ મનુષ્યના મનમાં ડર પેદા કરે એ સત્તા કેટલે સુધી ? આવી સત્તાની પાછળ તેની બૂરાઈ જ થતી હોય છે.

સૈનિક બલ કે શસ્ત્ર બલ માણસને ભયગ્રસ્ત બનાવી દે છે પણ તેની સત્તા માનવીના મન સુધી ક્યાં પહોંચે છે ?

માનવીનું મન આવી સત્તાઓને સ્વીકારતું નથી. આવા બલનો તે અનાદર કરે છે.

મનને પોતાનું બનાવે, તે જ સાચી સત્તા.

તે જ મહાન સત્તા. તે જ શ્રેષ્ઠ સત્તા. અને તે જ શ્રેષ્ઠ બલ.

અને તેથી જ કહ્યું છે કે, આધ્યાત્મિક બલ જ શ્રેષ્ઠ છે.

તેની સામે જગતનાં તમામ બલ ઝાંખાં પડી જાય છે.

આધ્યાત્મિક બલ આગળ જડ બલ નિર્માલ્ય ભાસે છે.

કારણ કે આધ્યાત્મિક બલ માનવીના હૃદય સુધી પ્રભાવ પાથરે છે. માનવીનું હૃદય ખેંચાણ અનુભવે છે.

કારણ કે આધ્યાત્મિક બલ એ આત્મસત્તાનું બલ છે. જડ સત્તાનું બલ નથી. સૈનિક બલ નથી. શરીર બલ નથી. આત્મસત્તાના બળ આગળ જડ સત્તા કદી ટકી શકતી નથી.

કારણ કે, જડસત્તાનું બળ કેવળ શરીર સુધી પહોંચે છે.

આત્મસત્તાનું બળ માનવીના હૃદય સમસ્ત સુધી પહોંચે છે.

**उदयास्तमयं विश्वचक्रं नित्यं प्रवर्तते ।**

**ज्ञात्वैवं सत्प्रभौ मग्ना,भवन्ति ज्ञानिनो जनाः ॥ ३४ ॥**

આ વિશ્વ હંમેશા ઉદય અને અસ્તના નિયમવાળુ છે. જેનો ઉદય થાય છે, તેનો અસ્ત પણ જરૂર થાય છે.

વિશ્વચક્રનો આ અફર નિયમ છે.

જે જન્મે છે, તે મૃત્યુ પણ પામે છે. જે ખીલે છે, તે કરમાય છે.

જેની ઉત્પત્તિ, તેના લય પણ. જેનો જન્મ, તેનો નાશ.

સંસારનું - જગતનું ચક્ર ઉદય અને અસ્તના નિયમ પ્રમાણે ચાલ્યા કરે છે.

કશું જ નિત્ય નથી. કશું અવિનાશી નથી.

જગત વિનાશમય છે. જીવન મૃત્યુમય છે.

જેનો ઉદય છે, તેનો અસ્ત પણ છે.

સૂર્ય ઊગે છે, ધીરે ધીરે મધ્યાહ્ન થાય છે ને છેવટે અસ્તાચળ તરફ ગતિ કરે છે ને અંતે તેનો અસ્ત થઈ જાય છે.

જે છે તે કાયમ રહેવાનું નથી. તે નષ્ટ જરૂર થવાનું છે.

સાંસારિક સંબંધો વિકસે છે, તો અંત પણ અવશ્ય પામે છે.

જે જન્મે છે, તે જાય પણ છે. આવે છે, તે વિદાય પણ થાય છે.

આ વાત સૌએ સમજવાની છે, તેમ છતાં કોઈ સમજતા નથી ને જે છે, તેને ચિરંતન માનીને વ્યવહાર કરે છે.

મારા તારામાં રાચે છે. જ્ઞાન, ધન વગેરેનું અભિમાન ધારણ કરે છે.

માયાને ભજે છે. મોહના મૃગજળને જ સાચું માની લે છે.

જે મિથ્યા છે, તેને સત્ય માની લે છે. માલ મિલ્કત વધાર્યે જાય છે. પત્ની - પતિ - પુત્રાદિમાં મનને ગ્રસિત રાખે છે. સત્યને ઓળખી શકતો નથી ને અસત્યને જ સત્ય માનવાની ભ્રમણામાં રાચે છે.

સમય વહી જાય છે. સંબંધો તૂટે છે.

જીવન નષ્ટ થાય છે, ત્યારે એની આંખ ખૂલે છે.

જેને ભજવાની જરૂર છે, તેને ભજતો નથી.

જેનામાં મગ્ન થવાની જરૂર છે, તેનામાં મગ્ન થતો નથી અને મિથ્યાત્વના મૃગજળને પીવા દોડ લગાવતો ફરે છે.

ને છેવટે પસ્તાય છે.

ભલ ભલા ભૂલા પડ્યા છે આ ભ્રમજાળમાં ને પેટ ભરીને પસ્તાયા છે.

માયા છે ઝાંઝવાનું જળ. માત્ર દેખાય.

માત્ર મારી મારી લાગે. માત્ર મીઠી મીઠી લાગે. પણ હાથમાં ન આવે. પકડવા જાઓ તો સરકી જાય. દૂર જતી રહે.

મોહનાં જળ પણ મૃગજળ સમા છે.

એ જળ દેખાય. પણ તરસ ન છીપાવે. પ્યાલામાં ન ભરાય.

આ જ્ઞાનની વાત છે. જ્ઞાનની આંખ ખૂલે તો સાચી વાત સમજાય.

અંતર ચક્ષુ ખૂલે તો જ માયાનું માયાપણું નજરે પડે.

વિશ્વનું મિથ્યાત્વ પ્રત્યક્ષ થાય.

ક્ષણભંગુરતા અને ક્ષણિકતા દ્રષ્ટિગોચર થાય.

આંખ ખૂલવી જોઈએ.

જ્ઞાનની આંખ. અંતરની આંખ. સત્યની આંખ.

પણ આંખ આડે અંતરાયો છે. જડ પડદા છે. મોહના જાળાં છે એટલે સાચો પ્રકાશ થતો નથી.

સાચી વાત સમજાતી નથી.

સત્ય પ્રત્યક્ષ થતું નથી. કારણ કે અવરોધો ઘણા છે.

જીવન ક્ષણભંગુર છે. જગત ક્ષણભંગુર છે. વિશ્વ ક્ષણભંગુર છે.

જે સ્થૂલ આંખ વડે દેખાય છે, જે લાલચું મન પણ મારું જણાય છે, જે આભાસી અને રાગ ઉત્પન્ન કરે છે, તે વિશ્વ તો વિનાશમય છે.

અસ્તાચળના યાત્રી સમાન છે.

જ્ઞાની પુરુષો પાસે જ્ઞાન ચક્ષુ હોય છે, તેથી તેઓ સાચી વાત સમજી શકે છે.

જગતની પ્રીત નકામી છે સંસારનો મોહ નકામો છે માયાના ફંદ નકામા છે માટે એ બધાને છોડો.

સત્યને પકડો. સત્ય ભણી ચાલો. સત્યને ભજો.

જ્ઞાની આ વાત સારી રીતે સમજે છે. ઉદય અને અસ્તની વાત તેઓ જાણે છે, તેથી જ તો સંસારને ભજવાને બદલે તેઓ પ્રભુમાં મગ્ન થાય છે !

**मनः शुद्धिः प्रकर्तव्या, कर्तव्यमाऽऽत्मसाधनम् ।**
**मनोऽस्ति येन मोक्षाय, पूर्णानन्दरसस्ततः ॥ ३५ ॥**

માણસો શરીર પરનો મેલ ધોઈ નાખે છે સાબુ વડે. ચોળી ચોળીને દેહ પરની મલિનતાને દૂર કરી નાખે છે. ઉત્તમ પ્રકારના પાવડર કે સાબુ વડે વસ્ત્રનો મેલ પણ દૂર કરી નાખે છે પણ એ તો બાહ્ય શુદ્ધિ થઈ.

શરીર સ્વચ્છ હોય, શુદ્ધ હોય, પણ મન મલિન હોય તો ?

મન પર ડાઘા પડ્યા હોય તો ? મન વિકૃત બન્યું હોય તો ?

મન પર માયાની અશુદ્ધિઓ લાગી ગઈ હોય તો ?

મનની અશુદ્ધિ એટલે વિચારોની અશુદ્ધિ. ચિંતનની અશુદ્ધિ.

અને વિચારો અશુદ્ધ થઈ ગયા હોય ને પરિણામે મન પણ મેલું થયું હોય તો તેની તત્કાળ શુદ્ધિ જરૂરી છે.

કારણ કે આત્મસાધનાનું માધ્યમ મન છે.

માધ્યમ મેલું થયેલું હશે તો આત્મ સાધના દ્વારા મળેલું સાધ્ય કેટલું ઉચિત હશે ?

પરિણામ માટે માધ્યમ પણ એટલું જ શુદ્ધ જોઈએ.

મન તો અવળચંડુ છે. જાત જાતના ફંદોમાં એ ફસાય છે.

મોહ માયાના વળગણોથી તે બદ્ધ બને છે.

મૃગજળ પાછળ દોડે છે. સંસારના કાદવમાં ફસાય છે.

મન તોફાની ચંચલ અશ્વ જેવું છે એ એના અસ્વારને ખીણમાં ફેંકી દે છે અથવા કાંટાની વાડમાં પછાડી નાંખે છે.

મન ક્યારે શું કરશે, એ કહેવાય નહિં.

મનની ચંચળતાને કારણે મોહમાર્ગી સાધનો ફાવી જાય છે ને મૃગબાણ જેમ ઝડપથી સિંહના પંજામાં ફસાઈ જાય, તેમ સંસારનાં મોહક તત્ત્વોની જાળમાં તે ઝડપથી ફસાઈ જાય છે.

મન ઉપર માયાનો રંગ ઝડપથી ચઢી જાય છે. અનેક પ્રકારની અશુદ્ધિઓ તેને શીઘ્ર લાગી જાય છે. મોહ તમસમાં તે અટવાઈ જાય છે. માયાના પગનું ઝાંઝર એને મદહોશ બનાવી દે છે.

ઉત્થાનનું કારણ મન છે. તો પતનનું કારણ પણ મન છે.

મન પર જાત જાતની અશુદ્ધિઓ વળગેલી હોય, અનેક વિકૃત ભાવો એને ચોંટેલા હોય અને રાગ ભોગની લાલસામાં તે ફસાયેલું હોય તો આવું મલિન મન સાધનાનું શુદ્ધ સાધન કદી પણ બની શકતું નથી.

કપડાં ધોવાથી શું ? શરીર સાફ કરવાથી શું ?

જરૂર છે મનને સાફ કરવાની. જરૂર છે મનની શુદ્ધિની.

એની અશુદ્ધિઓને દૂર કરો. એના મેલને ધોઈ નાંખો. એના વિકારોને હટાવી દો.

મોહમાં ફસાય છે, ત્યારે મન અંધત્વ ધારણ કરી લે છે ને સમ્યક્ ભાવને જોઈ શકતું નથી.

સત્યને નિહાળી શકતું નથી. અસત્યને જ સત્ય સમજે છે.

મૃગજળને જ જળ સમજે છે. જે મિથ્યા છે, તેને સાચું માની લે છે......

ને એની પાછળ દોટ લગાવે છે. મનને માયામાં લુબ્ધ હરણ સમું માનજો, જે પોતાના જ વિનાશના માર્ગ ભણી પુરપાટ દોડી રહ્યું છે.

મનને બચાવો. મનને પાછું વાળો. મનને સાફ કરો.

તેમ કરવાથી મન જે માયા માટે, રાગ અને ભોગ માટે, મિથ્યા તત્ત્વો માટે દોડે છે, તે મોક્ષ માટે ઉદ્યમી બનશે.

ને મોક્ષમાર્ગ માટે મન ઉદ્યમવંત બનતાં તેનાથી પૂર્ણાનંદ રસ પ્રાપ્ત થશે.

**ब्रह्माण्डे विद्यते यादृक्, तादृक् पिण्डे प्रवर्तते ।**
**पिण्डब्रह्माण्डबोधेन, तत्त्वज्ञानी भवेज्जनः ॥ ३६ ॥**

તત્ત્વજ્ઞાન એટલે શું ?

તત્ત્વજ્ઞાનથી આંતરચક્ષુ ખૂલે છે. બોધદ્રષ્ટિ સૂક્ષ્મ બને છે.

સત્યનાં દર્શન શક્ય બને છે. બુદ્ધિનાં દ્વારા ખૂલ્લાં થાય છે.

જેવું બ્રહ્માંડ છે. તેવું પિંડમાં છે.

આ પ્રકારનો તત્ત્વબોધ થતાં માનવીની દ્રષ્ટિ વિશાળ ફલક પર વિસ્તરે છે. પિંડ અને બ્રહ્માંડ વચ્ચે અભેદ રચાય છે.

પોતાની જાતને તે જે રીતે જુએ છે, તેજ રીતે મનુષ્ય અન્ય દ્રષ્ટિ વાળો પણ બને છે. જાત અને જગતમાં તે સામ્ય નિહાળે છે.

અંતરાયો હટી જાય છે. જડ પડદા દૂર થઈ જાય છે.

આવરણો નષ્ટ થઈ જાય છે ને તેનામાં બ્રહ્મદ્રષ્ટિનું પ્રગટીકરણ થાય છે.

જાતને તે જુએ છે ને જગતને પણ જુએ છે.

પિંડને પણ જુએ છે ને બ્રહ્માંડને પણ તે જુએ છે.

કશા જ અંતરાયો વગર જુએ છે. કશા જ આવરણો વગર જુએ છે.

બ્રહ્માંડમાં તે પિંડનાં દર્શન કરે છે.

પિંડમાં તે બ્રહ્માંડનાં દર્શન કરે છે.

પિંડ અને બ્રહ્માંડ વચ્ચે અભેદ રચાય છે.

પિંડનો પણ તેને બોધ થાય છે ને બ્રહ્માંડનો પણ બોધ થાય છે ને આવો બોધ થવાથી મનુષ્ય તત્ત્વ જ્ઞાની બને છે !

**तत्त्वज्ञानेन मोहस्य, नाशो भवति सर्वदा ।**
**मोहनाशेन जीवानां, जायते परमं पदम् ॥ ३७ ॥**

સકલ પદાર્થમાં, પિંડ અને બ્રહ્માંડમાં જે તત્ત્વ રાચી રહ્યું છે, તેનો જ્ઞાનમય બોધ થાય છે, ત્યારે મોહનો નાશ થાય છે.

એ વાત સાચી છે, કે જ્યાં તત્ત્વજ્ઞાન છે, ત્યાં મોહ ટકતો નથી.

કારણ કે આવરણ હટી જતાં, ભ્રમ પટલ દૂર થઈ જતાં મનુષ્યને સત્ય જ્ઞાન પ્રાપ્ત થાય છે. જગત મધ્યે જે મોહ તમસ વ્યાપેલ છે તથા તેને કારણે મનુષ્યની જે દુર્ગતિ થાય છે, તેનું જ્ઞાન તેને પ્રત્યક્ષ થાય છે.

પિંડ શું છે ? બ્રહ્માંડ શું છે ? મોહ કેમ ઉત્પન્ન થાય છે ? મોહ શું છે ? મોહનું પરિણામ શું ?

મોહ ન હોય તો ?

આવા તો અનેક પ્રશ્નોના સાચા જવાબ તેને મળી રહે છે ને પરિણામે મોહના અવરોધો હટાવવા તે કટિબદ્ધ બને છે.

મોહનો નાશ કરવા તે તત્પર બને છે.

તત્ત્વજ્ઞાનથી આ રીતે સર્વથા મોહનો નાશ થાય છે.

દરેક જીવાત્માની એક મહેચ્છા હોય છે - પરમ પદની પ્રાપ્તિની, મોક્ષની, મુક્તિની !

પણ પ્રાપ્તિના માર્ગ આડે આવે છે મોહ. મોહ જાણે માર્ગનો અવરોધ છે. સ્પીડ બ્રેકર છે. બમ્પ છે. તેથી ગતિ અવરોધાય છે. અંતરાય રૂપ મોહ તેને અવળી ગતિમાં લઈ જાય છે.

જીવની સાચી અને ઊંડી ઈચ્છા તો છે પરમ પદની પ્રાપ્તિની.

પણ પરમ પદ ભણી લઈ જનારા માર્ગ આડે આવે છે મોહ. મોહ મીઠો અંતરાય છે.

તત્ત્વજ્ઞાનને કારણે મોહનો નાશ થાય છે ને જીવોને પરમ પદની પ્રાપ્તિ થાય છે.

**कर्मप्रभोर्नियंताऽस्ति, शुद्धाऽऽत्मैव महाप्रभुः ।**
**कर्मतोऽनंतसामर्थ्यं, शुद्धाऽऽत्मपरमाऽऽत्मनः ॥ ३८॥**

કર્મરૂપ રાજાનો નિયંતા કોણ છે ?

નિયંતા છે શુદ્ધાત્મા મહાપ્રભુ.

કર્મરાજા અનંત બલશાલી છે. સર્વત્ર કર્મ રાજાના સામર્થ્યનો જ પ્રભાવ રહેલો છે. પણ આવા મહા બલવાન કર્મ રાજાનો નિયંતા છે શુદ્ધાત્મા મહાપ્રભુ.

કર્મનું સામર્થ્ય અપરંપાર છે. કર્મ વિના કશું જ બનતું નથી.

આ વિશ્વમાં જીવાત્માઓ જે કંઈ પ્રવૃત્તિ ક્ષણે ક્ષણે કરી રહ્યા છે, તે બધું જ કર્મના પ્રભાવને કારણે.

જીવાત્માઓ જે સુખ દુઃખનો અનુભવ કરી રહ્યા છે, તે પણ કર્મ રાજાના પ્રભાવને કારણે. આ જગતનો કોઈપણ જીવ કર્મ રાજાની સત્તાનો અનાદર ન કરી શકે.

કર્મ સત્તા સર્વોપરિ છે. કર્મ પ્રભાવ સર્વત્ર સર્વદા છે.

કર્મ રાજાએ ફટકારેલ સજા કે દંડમાંથી કોઈ બચી શકતું નથી. ગમે ત્યાં જાવ, ગમે ત્યાં સંતાઈ જાવ પણ કર્મ રાજાના આદેશથી બચી શકાય નહિ.

આવો છે પ્રભાવ કર્મરાજાનો. આવી વિશાળ સત્તા છે કર્મરાજાની

પણ આવા અપાર અસીમ સત્તાના સ્વામી એવા કર્મરાજાનો નિયંતા છે શુદ્ધાત્મા મહાપ્રભુ.

શુદ્ધાત્મારૂપ પરમાત્માનું અનંતાનંત સામર્થ્ય રહેલું છે. કર્મના સામર્થ્ય કરતાં શુદ્ધાત્મારૂપ પરમાત્માનું અનંતગણું સામર્થ્ય રહેલું છે.

आत्मैव परमाऽऽत्माऽस्ति, सर्वत्र रक्षकः प्रभुः ।
पुण्यधर्मबलेनैव, हृदिस्थो लोकशर्मदः ॥ ३९ ॥

આત્મા જ પરમાત્મા છે.

તે જ રક્ષક પ્રભુ છે. તે સર્વત્ર રક્ષા કરે છે. તે સર્વદા રક્ષા કરે છે.

આત્મા અને પરમાત્માને ભિન્ન ન જાણો.

આત્મા જ પ્રભુ છે. આત્મા જ પરમાત્મા છે.

આત્મામાં જ પ્રભુ બિરાજમાન છે.

કર્મરાજાનો નિયંતા આ શુદ્ધાત્મા જ છે.

કર્મરાજાનું બળ ઘણું છે. એની સત્તાનો કોઈ પાર નથી પણ શુદ્ધ એવા આત્મારૂપ પરમાત્માનું સામર્થ્ય તો અનેક ગણું છે.

આત્મારૂપ પરમાત્મા વિશ્વના તમામ સુખ મનુષ્યને આપી શકે છે પણ તે માત્ર પુણ્ય બળ અને ધર્મ બળ વડે જ.

માણસ સુખને પામે છે, એની પાછળ એનું પુણ્ય બળ રહેલું છે. એણે કરેલાં પુણ્યમય કર્મોને કારણે જ આત્મારૂપ મહાપ્રભુ મનુષ્યને જગતનાં તમામ સુખ આપે છે.

પુણ્યબળ અને ધર્મબળ. પુણ્યકર્મ અને ધર્મકાર્ય.

આ બંને કર્મોના કર્તાને આખરે સુખની પ્રાપ્તિ થયા વગર રહેતી નથી. હૃદયમાં રહેલાં પરમાત્મા આ બંને પ્રકારનાં કર્મોને ધ્યાનમાં રાખી મનુષ્યને આ વિશ્વનાં તમામ સુખો આપે છે.

હા, એ માટે જોઈશે મનુષ્યે કરેલાં પુણ્યકાર્યો અને ધર્મકાર્યો.

ધર્મ અને પુણ્યબળ તમામ સુખોને અર્પનારાં બને છે. માટે આત્મ સત્તાને સ્વીકારી ધર્મબળ અને પુણ્યબળનો સંચય કરો.

आत्मोत्कर्षाय भक्तानां, सुखदुःखप्रवृत्तयः ।
भूता भविष्यन्ति विश्वस्मिन्, भविष्यन्ति शुभाशुभम् ॥ ४० ॥

ભક્તો તો સદૈવ આત્મોન્નતિ માટે પ્રવૃત્તિ કરતા જ રહે છે.

આ વિશ્વમાં પ્રવૃત્તિ ચક્ર તો નિરંતર ચાલ્યા જ કરે છે.

પ્રવૃત્તિ અટકતી નથી. થંભતી નથી. શુભ પ્રવૃત્તિ. અશુભ પ્રવૃત્તિ.

શુભ પ્રવૃત્તિ સુખ આપનારી છે. અશુભ પ્રવૃત્તિ દુઃખ આપનારી છે.

વિશ્વના તમામ ભક્તો આ રીતે શુભાશુભ પ્રવૃત્તિઓ કરતા જ રહે છે.

શુભ પ્રવૃત્તિ કે શુભ કર્મ બરાબર સુખ.

અશુભ પ્રવૃત્તિ કે અશુભ કર્મ બરાબર દુઃખ.

પ્રવૃત્તિઓ અપરંપાર છે.

પણ કઈ પ્રવૃત્તિ કરવી એ મનુષ્યની વિવેકદ્રષ્ટિ ઉપર આધારિત છે. શુભપ્રવૃત્તિ કરવી કે અશુભ તેનો આધાર આત્મવિવેક પર છે.

જગતમાં પ્રવર્તતી શુભ પ્રવૃત્તિઓ સુખ માટે થાય છે.

અશુભપ્રવૃત્તિઓ દુઃખ માટે થાય છે.

દરેક ભક્ત પોતાના આત્માના વિકાસ માટે પ્રવૃત્તિઓ કર્યે જાય છે. તમામ પ્રવૃત્તિઓ આત્માના ઉત્કર્ષ માટે છે. જે આત્માનો ઉત્કર્ષ કરવા માગે છે, તે ભક્ત પોતાની શુભપ્રવૃત્તિઓ જરૂર કરવાનો !

જગતમાં આવી પ્રવૃત્તિઓ આત્મવિકાસ માટે થાય છે, થઈ રહી છે અને થશે.

એમાં ય જે ભક્તો છે, તેમને માટે તો આત્મોત્કર્ષ સાધવો જરૂરી છે ને આત્મોત્કર્ષ માટે પ્રવૃત્તિઓ નિર્મિત થઈ છે. ભક્તો ઉદ્યમવંત બનીને પ્રવૃત્તિની પગદંડી ઉપર પગરણ માંડે છે.

**प्रभो दर्शनमार्गेषु, विघ्नदुःखस्य कोटयः ।**
**विज्ञायेति प्रभोर्भक्ता-स्तत्र गच्छंति धैर्यतः ॥ ४१ ॥**

શુભ પ્રવૃત્તિના માર્ગમાં હંમેશાં વિઘ્નો હોય છે.

એમાં ય ભક્તિનો માર્ગ તો કંટકછાયો પંથ છે.

ભક્તિ માર્ગ સરળ નથી જ.

વિશ્વના ઈતિહાસના પૃષ્ઠો ઉખેળો. જે સન્માર્ગ તરફ આગળ વધ્યા છે અથવા ઉચ્ચ ધ્યેયને પામવા જેમણે આગેકૂચ કરી છે, તે સર્વના માર્ગમાં વિઘ્નોના હિમાલય ખડા થઈ ગયા છે.

અંતરાયો નડ્યા છે. કાંટા વાગ્યા છે.

વિરોધો ઊઠ્યા છે. દુઃખો આવ્યા છે.

પ્રભુ દર્શનરૂપ માર્ગ પણ વિઘ્નોનો માર્ગ છે, કંટકોનો માર્ગ છે, દુઃખોનો માર્ગ છે કારણ કે એ ભક્તિનો માર્ગ છે.

પ્રભુના દર્શનને પામવા આડે અનેક અંતરાયો આવીને ઊભા રહે છે. કરોડો કષ્ટો આવે છે. આપત્તિઓના સમૂહો આવે છે.

જે પ્રભુભક્તએ નક્કી કર્યું છે કે મારે પ્રભુનાં દર્શન કરવાં છે, એણે કષ્ટો સહન કરવાની તૈયારી રાખવી જ પડશે. કાંટા વાગશે, લોહીની દડૂડી બોલશે, વેદના જીવનને વીંટળાઈ જશે, કાંટા કંકર વાગશે અને વિપત્તિઓના વાદળ વરસશે, તેમ છતાં આગળ તો વધવું જ છે.

સહન કરીશ. ધૈર્ય ધારણ કરીશ.

હસતે મુખે આપત્તિઓને આવકારીશ પણ પાછો નહિ હટું. પીછેહઠ નહિ કરું. પારોઠનાં પગલાં નહિ ભરું. પલાયનનો આશ્રય નહિ લઉં.

ભક્તિનો માર્ગ કાંટાનો માર્ગ છે. તકલીફોનો માર્ગ છે.

કસોટીનો માર્ગ છે.

મરજીવો, જો મોતી મેળવવાનો મનસૂબો કરીને જ નીકળ્યો હોય તો સમુદ્ર જળના ઘુઘવાટાથી તે ગભરાય નહિ. એના ઊંડાણને જોઈને પાછો નહિ પડે. તે તો કૂદી પડશે.

સમુદ્રના તળિયે જશે. સાહસ કરશે. હિંમત રાખશે.

ને સાગરના અતલ ઊંડાણમાંથી મોતીની મૂઠી ભરશે.

માંહીં પડે તે જ મોતી મેળવશે.

પ્રભુનું દર્શન સમુદ્રના સ્થૂલ મોતી કરતાં અનંતાનંદ ઘણું મુલ્યવાન છે. બલ્કે કહોને કે અમૂલ્ય છે. પ્રભુદર્શનરૂપી મોતી મેળવવું હશે તો આપત્તિઓનો હિમાલય ઠેકવો પડશે.

દુઃખોનો સાગર પાર કરવો પડશે.

કષ્ટોની સરિતાને પાર કરવી પડશે.

વિપત્તિઓના વિરાટ વનને વટાવી જવું પડશે.

અને એક વાત ચોક્કસ છે કે જે વિપત્તિઓને વહાલ કરે છે, તે જ મંઝીલ સુધી પહોંચે છે. દુઃખો ગળે લગાવે છે, તે જ પ્રાપ્તિનું મોતી મેળવે છે. માર્ગ સરળ નથી.

જે ઠરે છે, તે પાછો ફરે છે - ખાલી હાથે, ખાલી હૈયે !

મોતી એને મળતું નથી.

મોતી તો મરજીવાને જ મળે. મોતી તો ધૈર્યવાનને મળે. મોતી તો કંટકોને પ્યાર કરનારને મળે. મોતી તો દ્રઢ મનોબળવાળાને મળે.

મન મક્કમ હોય તેને મુસીબતોનો હિમાલય પણ નડતો નથી.

જીવન પ્રાપ્તિ માટે છે.

જીવનની ક્ષણો એમ જ વેડફી નાખવા માટે નથી.

સમય જાય છે, તે પાછો ફરતો નથી.

સમયની ક્ષણો તો પંખી જેવી. ઊડી ગઈ પછી પરત ન આવે.

માટે કહ્યું છે કે, સમયનો ભરપુર ઉપયોગ કરવો જોઈએ. એક એક ક્ષણને મોંઘુ મોતી માનીને જીવવું જોઈએ.

ભય પામે છે, તે લય પામે છે. બીવે છે, તે ખોવે છે.

ડર રાખે છે, તે ન કદી પ્રાપ્તિનો રસ ચાખે છે.

જે ભાગે છે, તે ભૂલે છે.

ને જે મેળવવાની ઝંખના સાથે નીકળ્યો છે, તેને ખોઈ બેસે છે.

માટે ડરાય નહિ. અધૈર્યવાન ન બનાય. ભયભીત ન બનાય.

સંજોગો ગમે તેવા આવે, સમય ગમે તેવો આવે, અવરોધો ગમે તેટલા આવે, મક્કમ મનવાળો માનવી તો મંઝીલ ભણી આગળ વધે જ છે.

ખરેખર તો તેની ધીરજ કસોટીના કાંટે ચઢે છે.

તેની પરીક્ષા થઈ જાય છે.

તેના મનોબળની- તેની હિંમતની- તેની દ્રઢતાની કસોટી થાય છે. પણ જે ધીરજ રાખે છે, હિંમત દાખવે છે ને દ્રઢપણે આગળ વધે છે, તેને માટે સફળતાનાં દ્વાર અનાયાસે જ ખૂલે છે.

તેને માટે પછી તો શૂલ ફૂલ બની જાય છે.

કષ્ટ નષ્ટ થઈ જાય છે.

પછી તો વરસે છે પ્રભુની મહેર.

પછી તો વરસે છે પ્રભુની કૃપા ધારા.

પછી તો પ્રાપ્તિના પડદા ખૂલી જાય છે.

મંઝીલ નજર સમક્ષ રમી રહે છે.

એના ચરણમાં ધ્યેય ઢગલો થઈને ઢળી પડે છે.

માગે છે, તે મળે છે. ઈચ્છે છે, તે ફળે છે.

પ્રભુભક્તોનો માર્ગ મરજીવાનો માર્ગ છે, કષ્ટનો માર્ગ છે, ખુમારીનો માર્ગ છે, હિંમતનો માર્ગ છે.

જે પાર કરે છે, તે પામે છે.

ધીરજની કસોટી જરૂર થાય છે પણ અંતે મિષ્ટ અને ઈષ્ટ ફળ મળે જ છે.

પ્રભુના ભક્તો જાણે છે કે માર્ગ કંટક ભર્યો જ હોવાનો. તેમ ધૈર્યવાન બનીને, હિંમત દાખવીને, શૂલને ફૂલ બનાવતાં બનાવતાં, આપત્તિના વનની આરપાર નીકળી જાય છે અને પ્રભુ દર્શનની એમની ઝંખના પૂર્ણ થાય છે.

**प्रभो मार्गेषु विघ्नादियोगेन चित्तशुद्धता ।**

**सर्वकर्मविनाशेन, आत्मनश्च परंपदम् ॥ ४२ ॥**

પ્રભુના દર્શનનો માર્ગ વિઘ્નોથી ભરેલો છે. કહો ને કે અનેક પ્રકારનાં કષ્ટો આ માર્ગમાં આવે છે. કલ્પના પણ ન કરી હોય તેવી આપત્તિઓ માર્ગને અવરોધે છે.

માર્ગમાં આપત્તિ યોગ જરૂર થાય છે.

વિષમ વિપત્તિઓનો સામનો કરવો પડે છે.

મન પાછું પડી જાય, માર્ગ છોડી દેવાની ઈચ્છા થાય અને મક્કમતા ઢીલી પડી જાય એવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે.

વિપત્તિનાં વાદળો અચાનક જ ઘેરાતાં મન ચલિત થઈ જાય છે ને પાછા ફરી જવાના વિચારો પણ આવે છે. મનને પોચું અને પ્રવાહી બનાવી દેનારા સંજોગો ઉપસ્થિત થાય છે.

પ્રભુનો માર્ગ કષ્ટોનો માર્ગ છે. વિપત્તિઓની વાટ છે.

આમ વિષમ પરિસ્થિતિનો મુકાબલો કરવાના સંજોગો જ્યાં સર્જાય છે, તે માર્ગ છે પ્રભુનો.

કસોટીનો માર્ગ છે પ્રભુનો.

સરળ સીધો રસ્તો નથી.

જ્યાં થઈને રોકટોક વગર ચાલ્યા જવાય એવો એ માર્ગ નથી.

ડામરની સીધી સડક નથી, કે જેના પર થઈને ઠોકરો ખાધા વિના સીધે સીધા ચાલ્યા જવાય !

સરળતા નથી. કઠિનતા છે. સીધાપણું નથી. વાંકો ચૂંકો માર્ગ છે.

થકવી નાખે એવો, કંટાળો આપે તેવો, હતાશ કરી દે તેવો, હિંમત તૂટી જાય અને દ્રઢતા ખૂટી જાય એવો એ માર્ગ છે.

આ માર્ગ ઉપર ચાલીને પ્રભુદર્શને જઈ શકાય.

પરમાત્માના સામીપ્યની ઝંખના જાગી હોય તો આ કષ્ટકારક માર્ગ પર જ ચાલવું પડે.

કંટકો પર પગ મૂકવા પડે.

ખીણો વટાવવી પડે. ખાડા-ટેકરા પાર કરવા પડે.

ઘુઘવતી સરિતાઓની આરપાર નીકળવું પડે. અને આ કાર્ય સરળ નથી. દ્રઢ મનોબળ હોય ને ગજવેલ જેવું મન હોય તો જ આ માર્ગ પર આગળ વધી શકાય.

માર્ગમાં વિપત્તિયોગ થાય. વિઘ્નયોગ થાય.

ત્રાસ પામી જવાય, પરેશાન થઈ જવાય અને પગ પાછા પડી જાય.

પણ સાચી વાત તો એ છે કે, આ વિપત્તિ યોગ જ આશીર્વાદ રૂપ બને છે.

માર્ગમાં વિઘ્ન વગેરેનો યોગ થવાથી ચિત્તની શુદ્ધતા થાય છે.

કર્મો વિપત્તિ બનીને ઉભા રહે છે.

અશુભ કર્મોનો ઉદય કષ્ટ બનીને ખડો થાય છે.

આમ ધૈર્યપૂર્વક કર્મ જન્ય કષ્ટો કપાવાથી કર્મનો ક્ષય થાય છે. એક પછી એક કર્મો કપાતા જાય છે. જે કર્મો પૂર્વે જમા રહ્યાં હતાં, તે કષ્ટો સહન કરવા પૂર્વક નાશ પામે છે.

આત્માની આસપાસનાં બંધાયેલાં જાળાં હણાઈ જાય છે.

ચિત્ત શુદ્ધપણું ધારણ કરે છે, કારણ કે કર્મનો મેલ હટી ગયો હોય છે. આ ચિત્ત શુદ્ધિ થતાં પરમપદની પ્રાપ્તિ થાય છે.

**पारमार्थिककार्येषु, विघ्नकोटीपरंपरा ।**
**भवत्येव मनुष्याणां, कर्मयोगस्य सिद्धये ॥ ४३ ॥**

મનુષ્ય કર્મ યોગની સિદ્ધિ માટે સતત મથે છે, કારણ કે તેનું ધ્યેય તો સર્વથા ઊંચું જ હોય છે.

એનો માર્ગ પ્રભુનો માર્ગ છે.

સતત કર્મ યોગની સાધના કરવાની છે. પ્રમાદ પૂર્ણ અકર્મણ્યતાને બદલે કલ્યાણયુક્ત કર્મ યોગ ઉત્તમ છે. તેથી તેનું જે ધ્યેય છે, પરમ પ્રતિ ગતિ કરવાનું, તેમાં તેને સફળતા પ્રાપ્ત થાય છે.

જીવનમાં ઝડપથી બધાં જ કાર્યો આટોપવાનાં હોય છે.

અશુભ કર્મો કાપવાનાં હોય છે.

શુભ અને કલ્યાણકારી કર્મો દ્વારા કર્મયોગ સાધવાનો છે. શુભ કર્મો આપણા જીવનની ખાતાવહીમાં બેલેન્સ સમાન છે, જે શુભ ફળ આપનાર છે ને જેનો ઉપયોગ ભવાંતરે થાય છે.

પારમાર્થિક કાર્યો દ્વારા કર્મયોગ સાધી શકાય.

પણ આ પારમાર્થિક કાર્યો કરવામાં મનુષ્યને કોટી કોટી વિઘ્નોનો મુકાબલો કરવો પડે છે. કર્મ યોગની સિદ્ધિ માટેનાં આ કાર્યોમાં અસંખ્ય વિઘ્નો જરૂર આવે છે.

કહોને કે વિઘ્નોની વણઝાર ચાલી આવે છે.

મનુષ્યે એ પાર કરવાનાં હોય છે.

આવાં પારમાર્થિક, શુભ અને કલ્યાણકારી કર્મો દ્વારા જ કર્મ યોગ સિદ્ધ થાય છે- પછી ભલે અનેક વિઘ્નોને પાર કરવાનાં હોય. એ માટે જરૂર છે ધૈર્યની.

**अनेकजन्मयत्नेन, संस्कारेण च देहिनाम् ।**
**भवत्येव प्रभो प्राप्ति, स्तत्राशा जीवनं परम् ॥ ४४ ॥**

મનુષ્યની એક માત્ર આશા કઈ ? મનુષ્ય જીવનનું ધ્યેય કયું ?

એની મહત્ત્વાકાંક્ષા કઈ ? એની સર્વોપરિ ઈચ્છા કઈ ?

આ બધા પ્રશ્નોનો જવાબ એક જ છે. પ્રભુની પ્રાપ્તિ.

જીવાત્માનું આ જ તો ધ્યેય છે. આ જીવાત્મા અનેક જન્મો ધારણ કરે છે. અટક્યા વિના ભવ ભ્રમણ કરે છે. વિવિધ યોનિઓમાં એ ઘૂમે છે ને આમ ભવ ચકડોળ ફર્યા કરે છે. તે ભવાટવીમાં ભમ્યા કરે છે.

ભવનું ચક્ર તો ચાલ્યા કરવાનું. ભવ ભ્રમણ થયા કરવાનું.

પણ ઉત્તમ સંસ્કાર યુક્ત જીવાત્મા પ્રયત્ન કરે છે પ્રભુ પ્રાપ્તિનો.

પ્રયત્ન કરે છે પ્રભુ દર્શનનો.

અનેક જન્મોના સંસ્કારો અને સાતત્યપૂર્ણ પ્રયત્નોને કારણે પ્રભુ દર્શનનો એનો તલસાટ પૂર્ણ થાય છે. તેને પ્રભુની પ્રાપ્તિ થાય છે.

ઉત્કૃષ્ટ જીવન કયું ? ઉત્કૃષ્ટ આશા કઈ ? ઉત્તમ આકાંક્ષા કઈ ?

પ્રભુનાં દર્શન એ જ ઉત્કૃષ્ટ જીવન છે.

પ્રભુની પ્રાપ્તિ એ જ ઉત્તમ આશા છે.

સંસારના પદાર્થોની આશા તો મિથ્યા અને કર્મબંધ કરનારી છે.

પ્રભુ પ્રાપ્તિની આશા જ જીવનને સર્વોત્તમ સ્પર્શ આપનારી છે. પ્રભુ પ્રાપ્તિનો ભવોભવ તલસાટ, અપ્રમત્ત પ્રયત્ન અને એ માટેના ઉત્તમ કર્મો મનુષ્યને પ્રભુની પ્રાપ્તિ કરાવે છે.

जन्मनीह न यत् सिद्ध्येत्, तदमुत्र प्रयत्नतः ।
सिद्ध्यतीति हृदि ज्ञात्वा, धीर आशां न मुञ्चति ॥ ४५ ॥

મનુષ્ય પ્રયત્નો તો કરે જ છે તેની આશાની સિદ્ધિ માટે.

કદાચ આ જન્મમાં તેને સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.

પણ તેથી શું ?

જે આશા આ જન્મમાં સિદ્ધ નથી થઈ, તે પરજન્મમાં ભવાંતરે - અન્ય ભવમાં પ્રયત્ન કરવાથી જરૂર સિદ્ધ થાય છે.

આશા ન ફળે કે પ્રયત્ન કરવા છતાં સિદ્ધિ પ્રાપ્ત ન થાય, તેથી પ્રયત્ન છોડી ન દેવાય. જન્મોજન્મના સંસ્કારો અને પ્રયત્નો પછી જ પ્રભુ પ્રાપ્તિની આશા ફળે છે.

ધીર પુરુષો કદી નિરાશ થતા નથી. હતાશ બનતા નથી.

આશાને છોડતા નથી. સાધના અવિરત ચાલુ જ રહે છે.

આ ભવમાં આશા ન ફળી તો કંઈ નહિ, બીજા ભવમાં પ્રયત્ન પૂર્વક સાધના કરવાથી ને માર્ગમાં આગળ વધવાથી આશા જરૂર સિદ્ધ થાય છે, પ્રયત્નો જરૂરી છે.

પ્રયત્નો છોડાય નહિ. આશા પણ છોડાય નહિ.

ધીરપુરુષો જાણે છે કે, આ જન્મમાં જે સિદ્ધ થતું નથી, તે અન્ય જન્મમાં પ્રયત્ન કરવાથી જરૂર સિદ્ધ થાય છે. તેઓ પોતાના હૃદયમાં આ વાતને સારી રીતે  ધારણ કરે છે ને તેથી જ તેઓ કદી પણ નિરાશ થતા નથી. આશાના તંતુને છોડતા નથી ને ભવાંતરે સિદ્ધિ પ્રાપ્ત કરે જ છે !

अनन्तानि हि दुःखानि, ये सहन्ति विवेकतः ।
अनन्तसुखधामानस्ते भवन्ति स्वभावतः ॥ ४६ ॥

અનંત સુખને પામવાનું જીવાત્માનું સપનું હોય છે પણ અનંત સુખને પમાય શી રીતે ?

આમ તો સુખ જ માનવીનું સ્વપ્ન છે. મનુષ્ય અનંતાનંત સુખને ઈચ્છે છે.

માણસ માત્રનો ઉદ્યમ સુખને પામવાનો છે. સુખની અનંત પ્રાપ્તિ એને થાય, એવી એની ઝંખના હોય છે.

જીવનમાં ધ્યેય પ્રાપ્તિના માર્ગ પર ચાલનારને ડગલે ને પગલે દુ:ખોનો અનુભવ કરવો પડે છે. કષ્ટો અને વિપત્તિઓનો મુકાબલો તેને વારંવાર કરવો પડે છે. માણસ થાકી જાય, ત્રાસી જાય એટલાં દુ:ખો એના માર્ગમાં અંતરાય બનીને આવે છે.

પ્રભુ દર્શન માટે મનુષ્ય તલસતો હોય છે, બલ્કે એની એક માત્ર આકાંક્ષા પ્રભુ દર્શનની હોય છે. ભવભવમાં પ્રભુ પ્રાપ્તિનું એનું સોનેરી સ્વપ્ન છે, જેને માટે એ મથામણ પણ કરે છે.

પણ દુ:ખો, કષ્ટો, વેદનાઓ અને અણધારી આફતોના વાદળો એના માથે મંડારાય, ત્યારે જો તેનામાં ધૈર્યનો અભાવ હોય તો તે પારોઠમાં પગલાં ભરશે, આગળ વધતો અટકી જશે ને ધ્યેય બદલી નાખશે.

હતાશ થશે. આશાને છોડી દેશે.

પણ જે ધૈર્યપૂર્વક ભવ માર્ગમાં આવતાં અનેક દુ:ખોને સહન કરે છે, તે આખરે પોતાની મંઝીલને પામ્યા વગર રહેતો નથી.

ધ્યેય જેટલું ઊંચુ એટલાં કષ્ટો વધારે. એટલી કસોટી વધારે.

કસોટીના કાંટે તો એને ચઢવું જ પડે છે.

જાણે દુ:ખોનો વરસાદ પડે છે.

અને એ વરસાદમાં ભીંજાઈ જાય છે મનુષ્ય.

આ કંઈ સરળ કાર્ય નથી.

અપાર ધૈર્ય જોઈએ. અસીમ હિંમત જોઈએ.

મજબૂત મન જોઈએ. પર્યાપ્ત દ્રઢતા જોઈએ.

પ્રભુપ્રાપ્તિનો સંકલ્પ તો અસિધારાવ્રત સમાન છે.

જરૂર છે-

- દુ:ખ સહન કરવાની શક્તિની.
- અનંત અનહદ ધીરજની.
- પરમાત્મામાં અપાર શ્રદ્ધાની.
- અસીમ હિંમતની.
- ગજવેલ જેવી મનોદ્રઢતાની.
- સંકલ્પની તીવ્રતાની.
- સતત પ્રયાસોની.
- સતત ગતિની.
- આશા ભર્યા હૃદયની.
- વિવેકપૂર્ણ સહન શક્તિની.

હા, એ વાત તદ્દન સાચી છે કે વિવેક પૂર્ણ રીતે જે અનંત દુઃખો અને અપાર આપત્તિઓને સહન કરે છે, તેઓ સ્વભાવથી જ સ્વયં અનંત સુખના ધામ રૂપ છે.

અને જો એમ જ હોય તો દુઃખને સહન કરવાની વિવેકપૂર્ણ ભાવના શા માટે ન પ્રગટાવવી ?

હા, એ વાત સાચી છે કે ધ્યેય પ્રાપ્તિના માર્ગ આડે અનેક પ્રકારનાં અનંતાનંત દુઃખો રહેલાં છે, અપાર કષ્ટો રહેલાં છે, આપત્તિઓની હારમાળા રહેલી છે. આ સત્ય વાતને સ્વીકારીને જ માર્ગની પસંદગી કરવી રહી.

જે ડરતો નથી, એને કોઈ ડરાવતું નથી. જે ભય પામતો નથી, એને માટે વળી ભય કેવો ? વિવેકી ધૈર્યવાન માટે બધું જ સહ્ય બની જાય છે ને વાદળો હટી માર્ગની સરળતા પ્રત્યક્ષ થાય છે એટલે સુધી કે તે સ્વયં સ્વભાવથી જ અનંત સુખના ધામ રૂપ બની રહે છે.

सर्वान्परिषहान्प्राप्य, ज्ञानिनः सिद्धधामनि ।
गच्छन्ति साम्ययोगेन, तत्राऽऽत्मसाक्षिभावतः ॥ ४७ ॥

જ્ઞાનીનો પંથ નિરાળો છે.

જ્ઞાન વડે તે સર્વ વાતોને જાણે છે. તે વિવેકપૂર્વક દુઃખોને સહન કરે છે ને અંતે અનંત સુખને પામે છે. વિશ્વની પ્રકૃતિથી તે અવગત હોય છે.

મનુષ્યને પોતાના ભવમાં અનેક પ્રકારના પરિષહો સહન કરવા પડે છે. ટાઢ, તાપ, વરસાદ, તૃષા, ભૂખ એમ અનેક પ્રકારી પરિષહોનો મુકાબલો તેને કરવો પડે છે.

ક્યારેક મનુષ્ય આ પરિષહો સહન કરી શકતો નથી અને પલાયનવાદનો આશ્રય લે છે.

પરિષહોથી તે પૂંઠ ફેરવી લે છે.

પરિષહોની શરૂઆત થતાં જ તે ગભરાઈ જાય છે અને પોતાના ધ્યેયમાંથી ડગીને પીછેહઠ કરે છે.

જીવન છે, ત્યાં પરિષહો તો હોવાના.

જીવન અને પરિષહોને અલગ કરી શકાય નહિ.

સુખ દુઃખ તો જીવન સાથે જોડાયેલાં જ છે.

પરંતુ જ્ઞાનીઓ સર્વ પરિષહોને પ્રાપ્ત થવા છતાં ગભરાટ અનુભવતા નથી કે પલાયનવાદનો આશ્રય લેતા નથી.

પરિષહોને પ્રાપ્ત કરીને તેઓ આત્મસાક્ષી ભાવે વર્તે છે અને એ વાત સાચી છે કે, જે મનુષ્ય સિદ્ધિના આખરી મુકામ સુધી જવા માગે છે, તેણે પરિષહોથી અધૈર્યવાન ન બનવું જોઈએ.

ધૈર્ય એ જ્ઞાનીનો મહત્ત્વનો ગુણ છે. આત્મસાક્ષી ભાવે વર્તતાં જ્ઞાનીઓ ત્યાં સામ્યભાવના યોગથી અંતે સિદ્ધ સ્થાનને પામે છે.

**पूर्वं दुःखं ततः पश्चात्, सुखं भवति योगिनाम् ।**
**सुखाय दुःखभोगोऽस्ति, ज्ञात्वा ज्ञानी न मुह्यति ॥ ४८॥**

યોગીઓ માટે દુઃખનો માર્ગ તો આલેખાયેલો જ છે. દુઃખના કંટકવનમાં થઈને જ સુખના પરમધામ સુધી પહોંચી શકાય છે. દુઃખથી ડરે, તે યોગી નહિ.

યોગીઓએ નિશ્ચિતપણે સમજી લેવું પડે કે પહેલાં દુઃખ છે અને તે પછી જ સુખ છે. દુઃખની ગુંગળાવતી સાંકડી ગલીમાંથી પસાર થયા વિના સુખનો મોકળાશ ભર્યો ઉજાસ પામી શકાતો નથી.

દુઃખથી ભય ન પમાય. દુઃખથી ભાગી ન જવાય.

સુખની મંઝીલે પહોંચવાના ધ્યેયવાળાએ દુઃખને ભોગવવું જ પડે છે.

સુખ પ્રાપ્તિની અનિવાર્ય શરત છે દુઃખ.....

દુઃખ વિના સુખ નહિ. દુઃખ પહેલાં. સુખ પછી.

યોગીના જીવનમાં માત્ર સુખના સરવાળા જ કરવાના હોતા નથી. દુઃખની બાદબાકી પણ તેણે કરવી પડે.

દુઃખથી ડરનારો સુખને પ્રાપ્ત કરી શકતો નથી.

જ્ઞાની જાણે છે કે દુઃખ ભોગવવાનું કાર્ય સુખ માટે જ છે. રાત્રિનો દુઃખભર્યો અંધકાર, સુખદ સૂર્યના ઊગવાની પૂર્વશરત છે. અંધકાર વિના ઉજાશ નથી. અંધકાર છે, તો ઉજાશ છે. અંધકારનું ન હોવું તે જ ઉજાશ છે.

દુઃખ અંધકાર છે. સુખ ઉજાશ છે.

સોનેરી સવારનો સૂર્યોદય જોવાની ઈચ્છાવાળાએ કાજળ કાળી અંધકાર ભરી રાત્રિ પસાર કરવી જ પડે છે.

અંધકાર પછી પ્રકાશ છે. દુઃખ પછી સુખ છે.

જીવનનો અને જગતનો આ ક્રમ છે.

દુઃખ ભોગવવું જ પડે. દુઃખથી ભયભીત ન બનાય.

દુઃખનું અસ્તિત્વ એટલા માટે છે કે તેના પછીનું પગલું સુખનું છે. જે કંટકના ડંખ સહન કરે છે, તેને જ ગુલાબની સુગંધ માણવા મળે છે. ગુલાબની ફોરમની ઈચ્છાવાળાએ કાંટાના ડંખ ખમવા જ પડે.

કુદરતી ક્રમ છે આ. આ ક્રમ કદી તૂટતો નથી.

જીવન અનેક પરિષહોના સરવાળા સમું છે. જાત જાતના પરિષહો મનુષ્યે ભોગવવાના હોય છે. ને સાચું તો એ છે કે આ પરિષહો જ યોગીની કસોટી છે. પરિષહો પછી સુખ છે જ.

દુઃખોના ભોક્તા બનો. સુખ આપમેળે આવશે.

દુઃખને સ્વીકારો. સુખ તમારો અધિકાર બની જશે.

સુખ અને દુઃખ એકમેક સાથે અભિન્નપણે જોડાયેલાં છે પણ પહેલું દુઃખ છે યોગી માટે. પછી જ સુખ છે.

દુઃખનો અંત એટલે સુખ. અંધકારનો અંત એટલે પ્રકાશ.

દુઃખને ભોગવવું પડે, કારણ કે ધ્યેય સુધી પહોંચવાનું છે.

દુઃખને ભોગવ્યા વગર, એની પીડા સહન કર્યા વગર સુખની સુવાસ સુધી પહોંચાશે નહિ. દુઃખો તો સુખને આપનારા સાધનો છે. દુઃખ સુખ સુધી લઈ જનારી સડકો સમાન છે.

તો પછી તેનાથી મુખ ન ફેરવો. તેનાથી વિમુખ ન બનો.

તેનાથી ભય ન પામો.

દુઃખોને મહોબ્બત કરો. પરિષહોને પ્યાર કરો. કંટકોને ચાહો.

કારણ કે દુઃખની ચાહતના છેડે સુખ નામનું ગામ આવેલું છે, જ્યાં તમારે એકાધિકાર સ્થાપિત કરવાનો છે. દુઃખનો ભોગ સુખ માટે જ છે, એવું જ્ઞાનથી જાણીને જ્ઞાની કદી મોહ ભ્રમિત બનતો નથી..... !

सुखज्ञानं तु दुःखेभ्यो, जायते ज्ञानिनां स्वयम्।
दुःखात् सुखमहत्तास्ति, दुःखे ज्ञानी न शोचति ॥ ४९ ॥

દુઃખથી ભય પામીને પલાયનને ગ્રહણ કરનારા મનુષ્યોનો આ જગતમાં તોટો નથી. દુઃખ આવતાં જ વિલાપ કરનારા જીવાત્માઓ પણ સંખ્યાતીત છે. દુઃખની દારૂણતા જીવાત્માને કંપાવી મૂકે છે.

પરંતુ શું દુઃખ આવતાં જ માત્ર અને માત્ર ભય પામવાની જરૂર છે ખરી ? દુઃખનું આ ચક્ર શું કાયમ માટે ફરી રહેશે ? દુઃખ અશ્રુ સારવાનું નિમિત્ત છે શું ? દુઃખની પશ્ચાત્‌વર્તી અસરો શી છે ?

આવા અને આ પ્રકારના અનેક પ્રશ્નોના જવાબો જ્ઞાનીઓ પાસે છે. દુઃખનું સાચું તત્ત્વજ્ઞાન અને દુઃખનું સાચું દર્શન જ્ઞાનીઓ સારી પેઠે જાણે છે. જ્ઞાનીઓ એ વાતથી સુવિદિત છે કે સુખ દુઃખમાંથી જન્મતી સ્થિતિ છે. દુઃખના માર્ગ પર જઈને જ સુખની મંઝીલ સુધી પહોંચી શકાય છે. દુઃખ થકી જ સુખ પ્રાપ્ત થાય છે.

જ્ઞાનીઓને આ બાબતનું જ્ઞાન સુપેરે થયેલું હોય છે.

અને તેથી જ દુઃખ જોઈને ડરી જવાનું કે દુઃખ દેખીને વેદના ભર્યા ચિત્કાર કરવાનું કોઈ જ કારણ નથી. કારણકે દુઃખમાંથી જન્મતી હર્ષપ્રેરક સ્થિતિનું નામ જ સુખ છે. ને તેથી સુખના અભિલાષીએ દુઃખનો હર્ષભેર સ્વીકાર કરવો જ રહ્યો.

દુઃખ કાયમી સ્થિતિ નથી. દુઃખ અલ્પજીવી છે.

દુઃખ ઘડતરની પ્રક્રિયા છે. દુઃખ પરીક્ષા છે. કૌવતની કસોટી છે.

મનુષ્યના હિંમત, ધૈર્ય અને સાત્ત્વિકતાને કારણે ખીલી ઊઠે છે ને તે સ્વયંમાંથી દુઃખનો અંત કરવાની અને સુખને પ્રાપ્ત કરવાની શક્તિ પ્રાપ્ત કરી લે છે.

શા માટે ડરો છો દુઃખથી ? દુઃખ જ તમને સુખ સુધી લઈ જશે.

ચિંતા ન કરો દુઃખની. દુઃખ જ સુખને જન્માવશે.

દુઃખનાં વાદળો ઘેરાય છે, તો સુખની વર્ષા જરૂર થાય છે. એને અનિવાર્ય અનિષ્ટ સમજીને એને સ્વીકારી લો !

સહજતાથી સ્વીકારી લો.

દુઃખનો માર્ગ સુખની સુવર્ણનગરી સુધી પહોંચવાનો માર્ગ છે.

તો માર્ગ પર હર્ષથી પગલાં માંડો.

જ્ઞાનીઓ પોતાના જ્ઞાન વડે આ વાતને સારી રીતે અને સાચી રીતે સમજે છે. એ જાણે છે કે દુઃખને લીધે જ સુખની મહત્તા છે. અને તેથી જ જ્ઞાનીઓ દુઃખથી દુઃખી થતા નથી કે તેને જોઈ ચિંતામાં પડી જતા નથી.

દુઃખને કારણે સુખને પામવાની અદમ્ય ઝંખના જાગે છે. સુખને પામવાના પ્રયાસોનો સિલસિલો શરૂ થઈ જાય છે.

સુખની તરસ લાગે છે. સુખ ભણી તે ઝડપથી ડગ માંડે છે. એના ઉત્સાહમાં વધારો થાય છે. ઝડપ આવે છે. ગતિ વેગીલી બને છે, કારણ કે દુઃખના સ્થળેથી જ સુખના પ્રકાશનાં દર્શન કરી શકાય છે.

તો આવા વરદાયક દુઃખની અવહેલના શા માટે કરવી ?

આ આપત્તિ તો અંતવાળી છે, સાંત છે, ટૂંકા ગાળાની અલ્પજીવી છે.

દુઃખના અંધકાર પછી સુખનો સૂર્ય જરૂરી પ્રકાશી ઉઠશે. સુખના સૂર્યનાં કિરણો તમારા જીવનમાર્ગને અજવાળવા માટે જરૂર જરૂર દોડી દોડી આવશે ! દુઃખના માર્ગનો અંત આવશે અને સુખના સૂર્ય પ્રકાશમાં જિંદગીની ફૂલદાની સજાવવાનું ખૂબ હર્ષમય બની રહેશે.

જ્ઞાનીઓ આ વાત જાણે છે. આ વાતને સમજે છે.

**दुःखसंकटकोटीभ्यो, भेतव्यं न कदाचन ।**
**ततः स्वाऽऽत्मोन्नतिं मत्त्वा, वर्तितव्यं प्रयत्नतः ॥५० ॥**

દુઃખ.....!

અહા, આ શબ્દ જીવ માત્રને કેટલો ડરામણો લાગે છે ? જુઓ તો ખરા, આ શબ્દ કાને પડતાં વિશ્વનાં જીવો કેવાં થરથર કંપે છે ? જરા નજર તો નાખો, આ શબ્દના શ્રવણ માત્રથી નાના મોટા જીવાત્માઓ કેવી ભાગંભાગ કરી રહ્યાં છે ?

ખરેખર દુઃખ આવું દારૂણ છે ? આવું ભયપ્રદ છે ?

ના. જરા પણ નહિ.

જ્ઞાનીઓ દુઃખના તત્ત્વદર્શનને સારી પેઠે જાણે છે !

એકાદ દુઃખ તો શું, પણ કરોડો દુઃખ સંકટ આવી પડે તો પણ એનાથી ક્યારેય ભય પામવો નહિ !

દુઃખ દારૂણ નથી. દુઃખ ભયપ્રદ નથી. દુઃખ જીવાત્મા માટે અહિતકારક નથી.

સુવર્ણને અગ્નિમાં તપવાનું દુ:ખ વેઠવું પડે છે, ત્યારે જ તે શુદ્ધ સ્વરૂપે સોહી ઉઠે છે ને કોઈના મુગટમાં ગૌરવપ્રદ સ્થાને અંકિત થાય છે.

માટીને ગુંદાવું - પીલાવું પડે છે, ત્યારે જ તે સુંદર આકાર ધારણ કરે છે. માટીનું કોઈ મૂલ્ય નથી. પણ પીલાયા પછી તેણે ધારણ કરેલા આકારનું મૂલ્ય વધી જાય છે !

કાષ્ટને છોલાવું પડે છે- કપાવું પડે છે, ત્યારે કોઈ શાહી સમ્રાટનું સિંહાસન બને છે.

દુ:ખ પરીક્ષા છે. દુ:ખ કસોટી છે.

જે એ કસોટીમાંથી પસાર થઈ જાય છે, તે ઉન્નત ગતિને પામે છે. ઊર્ધ્વ સ્થિતિને પામે છે.

માટે જ જ્ઞાનીઓ કહે છે કે દુ:ખો કરોડોની સંખ્યામાં હોય તો પણ કદી ભય પામવો નહિ !

જે ભય પામે છે, તે ગતિ નથી પામતો.

વિકાસ નથી પામતો. ઉન્નતિ નથી પામતો. ઊર્ધ્વગતિ નથી પામતો.

સાચી વાત તો એ છે કે દુ:ખ પછી જ સુખ આવે છે ને દુ:ખ પછી આવેલું સુખ વધુ મિષ્ટ અને દીર્ઘકાલીન હોય છે.

કાંટા વાગ્યા પછી જે ગુલાબ પ્રાપ્ત થાય છે, તે વધુ સુગંધીદાર લાગે છે.

દુ:ખ થકી સુખનું મૂલ્ય સમજાય છે.

દુ:ખ આવતાં સુખની તાલાવેલી જન્મે છે.

સુખની અંતરેચ્છા પેદા થાય છે.

સુખને પામવાની ઝંખના તીવ્રતમ બને છે.

દુ:ખને ચાહો ને સુખને પામો.

દુ:ખ અને સુખ તો ઘટ સાથે જ ઘડાયેલાં છે.

જીવ સાથે જ જડાયેલાં છે.

એમાં એકનો અસ્વીકાર અને બીજાનો સત્કાર ન હોય.

બંને સત્કાર યોગ્ય છે. બંને આવકાર્ય છે.

દુ:ખથી ડરી જઈને આહો ભરનારો, ચિત્કારો કરનારો, ભાગંભાગ કરનારો અને ચિંતાની શૂળી પર ચઢનારો મનુષ્ય અજ્ઞાનવશ એવું કરે છે. તેની આંખ અને મન પર અજ્ઞાનતાનાં જડ પડળો છવાયેલાં છે.

અને તેથી તે સત્ય દર્શન કરી શકતો નથી.

જ્ઞાનીઓ આ દર્શન કરી શકે છે. તેઓ જાણે છે.

જ્ઞાનીઓની આંખ આરપાર જોઈ શકે છે.

અજ્ઞાનને ભેદી શકે છે. સાચી વાતને સમજી શકે છે.

જ્ઞાનનો ઉપયોગ કરીને જ્ઞાની સત્યને પામી શકે છે.

દુઃખ સુખની જનેતા છે. દુઃખ સુખનું કારણ છે.

દુઃખને પાર કરીને સુખને પામી શકાય છે.

સુખ સુધી પહોંચી શકાય છે.

એટલે જ તો જ્ઞાનીઓ કહે છે કે, દુઃખથી ભય ન પામો.

દુઃખથી ન ભાગો. દુઃખથી ભયનો અનુભવ ન કરો. માટે ભાગો નહિ.

ભોગવો. સ્વીકારો. સત્કાર કરો.

તેના થકી જ ઉન્નતિ સધાશે. તેના થકી જ આત્મોન્નતિ થશે.

સ્વઆત્માની ઉન્નતિ દુઃખોના સમૂહ વડે જ થાય છે. માટે કદી પણ દુઃખથી ભય પામીને પલાયનવૃત્તિ ન કરવી.

પણ એવો પ્રયત્ન કરવો કે સુખની નજીક જઈ શકાય.

પ્રયત્નો વધારવા. વૃત્તિને ગતિશીલ બનાવવી.

અને એ પ્રમાણેના પ્રયત્નપૂર્વક વર્તવું જોઈએ.

તો જ દુઃખ ટળે. તો જ સુખ મળે.

**पापाद् दुःखं सुखं पुण्यात्, सर्वत्र सर्वदेहिनाम् ।**
**उपकारोऽस्ति धर्माय, हिंसा पापाय जायते ॥ ५१ ॥**

દુઃખ અને સુખ તો આ સંસારમાં હોય જ.

કેટલાંક જીવો દુઃખનો અનુભવ કરતા જોવા મળે છે, જ્યારે કેટલાક જીવાત્માઓ સુખ ભોગવતા જોવા મળે છે.

શા માટે આવું હશે ? મનુષ્યો શા માટે દુઃખ પામતા હશે ?

શા માટે કેટલાકને સુખ મળતું હશે ?

જ્ઞાનીઓ જ્ઞાનના ઉપયોગને કારણે આ વાત સારી રીતે જાણે છે.

આ જગતમાં સર્વ પ્રાણીઓ જાત જાતનાં કર્મ કરે છે. મનુષ્યનું વર્તમાન જીવન પૂર્વે કરેલાં કર્મ પર આધારિત છે.

કર્મ રાજા કોઈને છોડતો નથી. કર્મ રાજાની સત્તા સર્વ સ્થળે સર્વ સમયે ચાલે છે. કોઈ પ્રદેશ એની સત્તાના પ્રભાવ બહારનો નથી. કર્મ સત્તાને કારણે જીવાત્મા એણે કરેલાં કર્મનાં ફળ ભોગવે છે.

કર્મનું પરિણામ ભોગવે છે.

કર્મના બંધનથી કદી કોઈ છટકી શકતું નથી. ગમે ત્યાં ભાગી જાવ, ગમે ત્યાં છુપાઈ જાવ- ચાહે સો કરો પણ કર્મ સત્તાની આજ્ઞા અનુસાર જે સ્થળે અને જે સમયે જે ફળ મળવાનું હોય તે મળે જ છે.

કર્મની અદાલતમાં જે ન્યાય તોળાય છે, તે તદ્દન સાચો છે. ગુનેગાર જ દંડાય છે.

અહીં પૃથ્વી પરની કોર્ટોની જેમ નિર્દોષને કદી સજા કે દંડ થતો નથી અને એમ દોષિત જીવાત્મા કદી પણ છટકી શકતો નથી. તેણે કરેલા કર્મ અનુસાર ઉચિત સમયે ઉચિત માત્રામાં તેને સજા અથવા પુરસ્કાર મળે છે.

ન વકીલની જરૂર. ન દલીલની જરૂર.

ન સાક્ષીની જરૂર. ન પુરાવાની જરૂર.

ઉપલી કોર્ટે તેને માટે અપીલ થઈ શકતી નથી.

ન તો રાષ્ટ્રની કોઈ સુપ્રીમ સત્તા 'દયાની ભીખ' આપી શકે છે.

કર્મ રાજાનો ચુકાદો અફર અને અપરિવર્તનશીલ છે.

એને કોઈ પડકારી શકતું નથી. કોઈ ખોટો સાબિત કરી શકતું નથી.

પૂર્વે કરેલાં કર્મ પ્રમાણે જીવાત્મા યોગ્ય સમયે સુખ કે દુઃખ ભોગવે છે. પાપ કર્મથી દુઃખ મળે છે. પુણ્ય કર્મથી સુખ મળે છે.

શુભ કર્મો સુખનું કારણ બને છે. અશુભ કર્મો દુઃખનું કારણ બને છે.

માટે શુભ કર્મ કરો. માટે પુણ્ય કર્મ કરો.

માટે પાપકર્મથી ડરો. માટે અશુભ કર્મથી અટકો.

આ જગતમાં જે જે જીવાત્માઓ દુઃખ ભોગવી રહ્યા છે, તેઓ પૂર્વે કરેલાં પોતાનાં પાપ કર્મોનું ફળ ભોગવી રહ્યા છે તેમ માનવું.

જે જે જીવાત્માઓ આ જગતમાં સુખ ભોગવી રહ્યા છે, તેઓ પૂર્વે કરેલાં પોતાનાં પુણ્ય કર્મોનું ફળ ભોગવી રહ્યા છે એમ સમજવું.

જેવી કરણી, તેવી ભરણી. જેવું કરશો, તેવું પામશો.

બાવળનો છોડ વાવનારને કાંટાની વેદના જ મળે છે.

ગુલાબ વાવનારને ખુશ્બૂનો ખજાનો જ મળે છે.

બાવળ વાવનાર ગુલાબની ખુશ્બૂની આશા રાખે તો ?

એ તદ્દન ખોટી આશા છે.

બાવળ વાવનારને કાંટા જ મળે. ફૂલ વાવનારને સુગંધી મળે,

પણ જીવાત્માઓ આ જગતમાં જન્મ ધારણ કર્યા પછી, અજ્ઞાન મોહને વશવર્તી અશુભ કર્મ આચરવા પ્રેરાય છે. કોઈને નુકશાન કરે છે, કોઈનું અકલ્યાણ કરે છે. કોઈને વેદના થાય તેવું કૃત્ય કરે છે, તો ક્યારેક હિંસાનો આશરો લઈ અન્યને હાનિ પહોંચાડે છે.

આવા અશુભ અથવા પાપમય કર્મોની સજા છે દુ:ખ. જે લોકો દુ:ખોનો અનુભવ કરી રહ્યા છે અથવા દુ:ખોના દરિયામાં ડૂબી રહ્યા છે ને 'બચાવો બચાવો' ના આર્ત પોકારો કરી રહ્યા છે, તેમને કોઈ બચાવી શકે તેમ નથી. કારણ કે પૂર્વે કરેલાં પાપ કર્મ પૂરેપૂરાં ભોગવાઈ ન જાય અને એમની સમયાવધિ પૂરી ન થઈ જાય, ત્યાં સુધી એ કર્મ શાંત થતું નથી ને જીવાત્માને બચાવવા માટે સર્વ કોઈ અસમર્થ અને લાચાર છે !

અને એટલે જ પાપકર્મ કરતાં ડરવાનું છે.

પૂરો વિચાર કરવાનો છે. અશુભ કર્મ કરવાથી અળગા રહેવાનું છે.

જે કરે છે, તે ભરે છે. દુ:ખ ભોગવે છે.

અશ્રુ સારે છે. વેદના વેંઢારે છે. ચિત્કારો કરે છે.

અશુભ કર્મનું ફળ એટલે દુ:ખ, વેદના, પીડા, ચીસો અને ચિત્કારો.

એ ભોગવાઈ જાય તો જ કર્મ શાંત થાય.

તો જ સજા પૂરી થાય. તો જ દંડ ભરપાઈ થઈ જાય.

માટે પુણ્ય કર્મ કરો. માટે શુભ કર્મ કરો. માટે સત્કર્મ કરો.

માટે ધર્મ કરો.

એટલું યાદ રાખો કે ઉપકાર કરવાથી હંમેશાં ધર્મ થાય છે.

અન્યનું કલ્યાણ કરવાથી સદૈવ ધર્મ થાય છે.

મહેંદીનાં પાન વાટનારને પણ મહેંદી લાગી જ જાય છે, એમ ઉપકાર કરનારને પુણ્ય અવશ્ય મળે છે. મહેંદી વહેંચનાર પુણ્ય કરે છે, તેથી તેને એનું સુંદર ફળ પણ મળે છે.

માટે ઉપકાર કરો. માટે ધર્મ કરો.

એવું કરો કે જેના થકી અન્યને આનંદ થાય. બીજાનું ભલું થાય. સામાનું શુભત્વ થાય.

શુભ માર્ગી બનો. પુણ્ય માર્ગી બનો. ધર્મ માર્ગી બનો.

પુણ્ય કરવું એ ધર્મનો માર્ગ છે.

દુ:ખીનાં અશ્રુ લૂંછવા એ ધર્મનો માર્ગ છે.

પીડાગ્રસ્તની પીડા હરવી તે ધર્મનો માર્ગ છે.

જે લોકો લાચાર છે, દુ:ખગ્રસ્ત છે, દીનહીન છે, તેમના માર્ગમાં ઉપકારી બનવું, તે ધર્મનો માર્ગ છે.

તેથી હંમેશાં ધર્મ માર્ગને જ અનુસરો. ધર્મ માર્ગ પર જ પગલાં માંડો.

હિંસા પાપનું કારણ છે. હિંસા પાપ કર્મ છે. ભયંકર અશુભ કર્મ છે.

જૈનધર્મમાં અહિંસાની સૂક્ષ્માતિસૂક્ષ્મ વિભાવના છે. જૈન ધર્મમાં 'અહિંસા' શબ્દ ખૂબ ગહન અને વિશદ્ છે. જૈન ધર્મ સાંકડા માર્ગ પર ચાલનારો ધર્મ નથી. અહિંસાના સૂક્ષ્મતમ અર્થને તે વિશાળ ફલક પર પથરાવે છે. અને એટલે જ તો આ ધર્મમાં ભૂલથી ય નાના જંતુની પણ આંતરડી ન દુભાય કે એમને વેદના ન થઈ જાય, તેની દરકાર રાખનારા સાધુભગવંતો આ ધર્મમાં છે.

પૂ. શ્રી રવિસાગરજી મહારાજ એ માટે ભાગ્યે જ પોસ્ટકાર્ડ લખતા કે : કદાચ હું પોસ્ટના ડબ્બામાં પોસ્ટકાર્ડ નાખું ને અંદર રહેલા કોઈ સૂક્ષ્મજીવ પર તે પડતાં તેને વેદના થાય તો ? તો તો પાપકર્મ બંધાઈ જાય.

કહો, જે ધર્મમાં અહિંસાની આવી સૂક્ષ્મ વિભાવના ધરાવનારા સાધુભગવંતો હોય, તે ધર્મનું સેવન કરનાર શ્રાવક કે શ્રાવિકા પાપમાર્ગે સંચરણ કેવી રીતે કરી શકે ? એટલે જ જૈનધર્મ જગતના ચોકમાં ખૂબ ઉન્નત મસ્તકે ઊભો છે ને ઉન્નતિનાં દ્વાર તો ત્યારે જ ખૂલે છે કે જ્યારે ઉપકાર કરવા પૂર્વક ધર્મનું આચરણ થયું હોય !

હિંસા પાપ છે. અશુભ કર્મ છે. એની આકરી સજા છે.

ને એ સજામાંથી કોઈ છટકી શકતું નથી.

માટે પાપકર્મથી અળગા રહો. અશુભ કર્મથી અળગા રહો.

પુણ્ય કર્મ કરો. ધર્મને અનુસરો. ને સુખને પામો.

संपत्तौ च न हर्षोऽस्ति, विपत्तौ न च शोकिता ।
यस्य तस्य समत्वेन, मुक्ति र्भवति निश्चयः ॥ ५२ ॥

સંપત્તિ અને વિપત્તિ તો આવ્યે જ જાય છે.

ક્યાંક વિપુલ સંપત્તિ અચાનક આવે છે.

ક્યાંક વિપત્તિના વાદળો અચાનક જ માનવ જીવનને ઘેરાઈ વળે છે.

સંપત્તિને કારણે મનુષ્ય અહોભાવ અનુભવે છે ને 'મારી પાસે અઢળક સંપત્તિ છે.' એવું અભિમાન ધારણ કરે છે અથવા 'હું વિપુલ સંપત્તિનો સ્વામી છું.' એવો ગર્વ પ્રદર્શિત કરે છે.

સંપત્તિ અહંકારનું કારણ બને છે.

સંપત્તિ છકી જવાનું નિમિત્ત બને છે.

સંપત્તિવાન પોતાની જાતને ઊંચી સમજવા લાગી જાય છે.

કારણ કે બીજાની પાસે નથી, તે એની પાસે છે.

અઢળક દ્રવ્ય છે. પાર વિનાની ચીજો છે. અપાર વૈભવી ઠાઠ છે.

અસંખ્ય નોકર ચાકરો છે. મૂલ્યવાન વસ્ત્રો છે. કિંમતી આભૂષણો છે. ઝગારા મારતા હીરા અને રત્નો છે.

મોંઘીદાટ મોટરો છે. દોમદોમ સાહ્યબી છે.

એનો 'હું' ખૂબ મોટો થઈ જાય છે.

'હું' એટલે સંપત્તિવાન.

'હું' એટલે અઢળક દ્રવ્યનો માલિક.

'હું' એટલે સત્તા. 'હું' એટલે રૂઆબ.

'હું' એટલે અહમ્. 'હું' એટલે ગર્વ. 'હું' એટલે ચઢિયાતો.

'હું' નો હુંકાર એની વાણી અને વર્તનમાં દ્રષ્ટિગોચર થાય છે. અને આ બધું તેની પાસે હોવાથી તે ગર્વને ધારણ કરે છે. એના અવાજમાં તોછડાઈ આવી જાય છે. એની નજરમાં તુમાખી આવી જાય છે.

છકી જાય છે એ.

સંપત્તિહીન માનવોને એ તણખલા તોલે સમજવા લાગે છે.

પોતાને બહુ મોટો સમજે છે.

ખરેખર એવું નથી.

સંપત્તિ તો છોડના પાંદડા પરના ઓસબિંદુ સમાન છે.

આજે છે. કાલે નથી.

આવતાં વાર લાગતી નથી.

એમ લાત મારીને જતાં પણ વાર નથી લાગતી.

દોમદોમ સાહ્યબી અને અપાર સત્તાના સ્વામીઓ પળવારમાં રસ્તે રખડતા-રઝળતા ચીંથરેહાલ થયાના અનેક દાખલા જગતના ઈતિહાસમાં મોજુદ છે.

એ ઘમંડ કરે છે કારણ કે એ જ્ઞાની નથી

સંપત્તિના આવાગમનનું એને જ્ઞાન નથી.

એની ક્ષણ ભંગુરતાની એને સમજણ નથી.

અને તેથી જ- આજે છે, એને તે કાયમી માને છે. અને ત્યાં જ એ મોટામાં મોટી ભૂલ કરે છે.

એની આ ભૂલ અજ્ઞાનવશ છે. સાચી સમજણ કેળવાઈ નથી.

સાચું જ્ઞાન લાધ્યું નથી.

અજ્ઞાનને કારણે જ તે એમ માને છે કે, હાલ જે છે તે કાયમી છે.

અને એવું જ વિપત્તિનું છે.

વિપત્તિનાં વાદળો માનવીના જીવન પર ઘેરાય છે અને તે બેબાકળો બની જાય છે.

'હાયવોય' કરવા લાગી જાય છે.

ચિત્તમાં ચિંતાને ધારણ કરે છે. સ્તબ્ધ બની જાય છે.

રડવા લાગી જાય છે. ગભરાઈ જાય છે.

વિપત્તિ એને માટે વેદનાનું કારણ બની જાય છે.

ચિંતાનું કારણ બની જાય છે.

સંપત્તિ હતી. અચાનક જતી રહી. ને વિપત્તિ આવી.

વિપત્તિએ વેદના આપી.

સંપત્તિ ગયાનું દુઃખ અને વિપત્તિ આવ્યાની વેદના.

જાણે પહાડ તૂટી પડ્યો. જાણે આભ તૂટી પડ્યું.

પણ માણસની ખરી પરીક્ષા વિપત્તિના પહાડ તૂટી પડે છે ત્યારે છે. નિર્લેપપણે જે વિપત્તિને પણ આવકારે છે અને સંપત્તિને પણ આવકારે છે, તે જ સાચો જ્ઞાની છે.

જ્ઞાની સમતા ધારણ કરે છે.

જ્ઞાની મમતા ત્યજે છે. મમત્વથી અળગો રહે છે.

કારણ કે તે જાણે છે કે - સંપત્તિ ચંચળ છે. - આજે છે, કાલે નથી.

- સંપત્તિનું ગૌરવ ન હોય.

- સંપત્તિથી અભિમાની બનાય નહિં. - સંપત્તિથી છકી જવાય નહિ.

- સંપત્તિ ક્યારે લાત લગાવીને ચાલી જશે, એ કહેવાય નહિ.

- આવી ચંચળ, અલ્પજીવી સંપત્તિને ગર્વનું નિમિત્ત ન બનાવાય.

- સંપત્તિ ચાલી જતાં અને વિપત્તિના પહાડ તૂટતાં વાર નહિ લાગે.

- વિપત્તિ પણ ચંચળ છે. - વિપત્તિ આકાશી વાદળ જેવી છે,

જે પવનની ઝાપટ લાગતાં જ ઠેલાઈ જવાનાં છે.

- જેવું સંપત્તિનું, એવું વિપત્તિનું.

- વિપત્તિનાં વાદળ હટતાં વાર નહિ લાગે.

- વિપત્તિથી ડઘાઈ ન જવાય. - ડરી ન જવાય. - હતપ્રભ ન બની જવાય.

આમ સંપત્તિ અને વિપત્તિમાં સમતા ધારણ કરીને રહેનાર જ સાચો જ્ઞાની છે, સાચો મુક્ત છે.

સંપત્તિથી જેને હર્ષ નથી ને વિપત્તિમાં જેને શોક નથી, તે જ સાચો મુક્ત છે.

નિર્લેપ ભાવ કેળવો. સમતા કેળવો. મમતાથી અળગા રહો.

સંપત્તિ અને વિપત્તિ તમામ હર્ષ કે શોકનું કારણ ન બને,

તો જ તમે સાચા જ્ઞાની. તો જ તમે મુક્તિને યોગ્ય.

**सत्तात: पूर्णशुद्धाऽऽत्मा, येन ज्ञातो वपु: स्थित: ।**

**स कुर्वन् सर्वकर्माणि, निष्कामो जायते जन: ॥ ५३ ॥**

આત્મા દેહને ધારણ કરે છે અને પછી પોતાના જીવનમાં વિવિધ કર્મો કરે છે.

આ દેહધારી આત્મા સત્તાથી પૂર્ણશુદ્ધ આત્મા છે, એમ જે જાણે છે, તે સર્વ કર્મ નિષ્કામભાવે કરે છે.

કર્મ કરે છે, પણ કર્મમાં તે અધિકારનું ફળ ઈચ્છતો નથી.

તેનો અધિકાર કેવળ કર્મમાં છે.

કર્મ કરવું, કામના ન રાખવી. કાર્ય કરવું, ફળની ઈચ્છા ન રાખવી. બધું જ નિષ્કામભાવે કરવું.

હા, તે અકર્મણ્યભાવને ધારણ કરતો નથી.

કર્મ જરૂર કરે છે. પોતાના કર્તવ્યને જરૂર તે પૂર્ણ કરે છે. પણ બધું જ નિષ્કામભાવે.

સર્વ કર્મ એ કરે છે, પણ કર્તાભાવે નહિ.

અને તેથી જ તેના કર્મમાં તે નિષ્કામભાવનું આરોપણ કરે છે. કારણ કે તે દેહધારી આત્મા એવો પરમશુદ્ધાત્મા છે, એવું તે જાણે છે.

તેથી તે મનુષ્ય સર્વ કર્મ કરે છે, છતાં પણ તે નિષ્કામ થાય છે ! આ વાતને તે બરાબર જાણે છે. કારણ કે શુદ્ધાત્માના જ્ઞાનને કારણે તે નિષ્કામભાવ અનુભવી શકે છે.

**पूर्णशुद्धाऽऽत्मनि प्रेम, यस्य पूर्णं प्रजायते ।**
**सर्वकर्मसु निर्लेपः, कर्मयोगी भवेन्महान् ॥ ५४ ॥**

દેહધારી આત્મા પૂર્ણશુદ્ધાત્મા છે.

મનુષ્ય આ પૂર્ણશુદ્ધાત્મામાં પ્રેમ અનુભવે છે.

આવો મનુષ્ય સાચે જ મહાન કર્મયોગી છે.

કારણ કે કર્મયોગી સર્વ કર્મ કરે છે, પરંતુ તે તેમાં સર્વદા નિર્લેપ જ હોય છે. જલકમલવત્ તે કર્મ કરે છે. કમલ જલમાં રહ્યા છતાં નિર્લેપ રહે છે, તેમ તે આ જગતમાં સર્વ કર્મ કરે છે, પરંતુ તે નિર્લેપ રહીને.

કારણ કે- તે જાણે છે કે દેહધારી આત્મા પૂર્ણશુદ્ધાત્મા છે.

- શુદ્ધાત્મા કર્મથી નિર્લેપ છે. - શુદ્ધ પ્રતિ તેને પૂર્ણ પ્રેમ થાય છે.

- તે કર્મનો કર્તા નથી. - કર્તા ભાવ તે અનુભવતો નથી.

બસ, આ અને આવી બધી જ્ઞાનયુક્ત સમજણને કારણે તે મહાન કર્મયોગી છે. 'આ હું કરું' કે 'આ મેં કર્યું' એવો મિથ્યા બકવાસ તે કરતો નથી.

કર્મ કરતો હોવા છતાં કર્મનો કર્તા તે નથી, તેવો ભાવ તે સતત અનુભવે છે.

એનું કાર્ય કર્મ કરવાનું છે. ફળમાં તેનો અધિકાર નથી. તેથી તે સર્વ કર્મમાં નિર્લેપ થઈ શકે છે.

ને સાચા અને મહાન કર્મયોગીનું તે લક્ષણ છે.

बहिरन्त र्न मोहोऽस्ति, यस्य ज्ञानात्मयोगिनः ।
तस्य किञ्चिन्न कर्तव्यं, स तथापि प्रवृत्तिमान् ॥ ५५ ॥

આત્મજ્ઞાનીયોગીને બાહ્ય અથવા આંતરિક મોહ હોતો નથી.

તે આવા મોહથી પર છે. આવો કોઈ મોહ એને સ્પર્શી શકતો નથી.

અને સાચી વાત તો એ છે કે જેને મોહ થતો નથી, તે જ આત્મજ્ઞાની યોગી છે. પછી તે મોહ ભલે બાહ્ય હોય કે આંતરિક હોય !

આવા આત્મજ્ઞાનીયોગીને કોઈ કર્તવ્ય કે કર્મ નથી.

કર્મનો તે કર્તા નથી. કર્તાભાવથી તે નિર્લેપ છે.

એને માટે કોઈ કર્મ નથી છતાં તે કર્મ કરે છે, તે પ્રવૃત્તિમાં પરોવાયેલો છે.

જળમાં છે, છતાં જળથી અળગો છે.

નિર્લેપ છે, નિર્મોહી છે, અકર્તા છે, છતાં પ્રવૃત્તિમાન છે.

કર્મ તો કરે જ છે, તેમ છતાં નિર્લેપ છે.

કારણ કે આવો આત્મજ્ઞાની યોગી પોતાના જ્ઞાનના ઉપયોગ વડે જાણે છે કે પોતે કર્તવ્યથી દૂર રહી શકે તેમ નથી, તેમ છતાં તે તેનો કર્તા નથી.

કર્મ કરે છે. કર્તવ્ય કરે છે.

જો કે તેને કોઈ જ કર્તવ્ય કર્મ નથી, છતાં તે પ્રવૃત્તિમાન રહે છે !

ન તો એને બાહ્ય મોહ છે. ન તો આંતરિક મોહ છે, છતાં તે નિર્લેપ છે.

કર્મ કરે છે, કર્તવ્ય ભાવ વિના, મોહ વિના, કારણ કે તે નિર્લેપ છે. આત્મજ્ઞાની યોગી છે.

कुत्रापि नैव रागोऽस्ति, कुत्रापि नैव वैरिता ।
यस्य स सर्वलोकस्य, हन्ताऽपि नैव हन्यते ॥ ५६ ॥

શ્રી નેમિનાથ જગત્પ્રભુ શ્રી કૃષ્ણ વાસુદેવને બોધ પમાડી રહ્યા છે. તે દ્વારિકાપુરીમાં પધાર્યા છે ને શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધિત કરી રહ્યા છે.

તેઓ રાગ અને દ્વેષ બાબતમાં બોધ આપી રહ્યા છે.

આ જગતમાં વિવિધ પ્રકારના મનુષ્યો વસે છે. કેટલાકને અન્ય પ્રત્યે રાગાત્મક ભાવ હોય છે અને કેટલાક અન્ય પ્રત્યે શત્રુભાવ દાખવે છે.

રાગ અને દોષથી યુક્ત અનેક મનુષ્યો આ જગતમાં વસે છે.

જગત્પ્રભુ કહે છે કે:

આ જગતમાં જેને કોઈ પ્રત્યે રાગ નથી અને કોઈ પ્રત્યે શત્રુતા પણ નથી, તેવો તદ્દન નિર્લેપ મનુષ્ય સર્વ લોકને હણનાર હોવા છતાં પણ તે કદી હણાતો નથી.

આવો મનુષ્ય કદી પણ રાગભાવ અનુભવતો નથી. તે મોહાત્મક દશામાંથી બહાર નીકળી ગયો હોય છે. રાગાત્મક મનુષ્યો અને વસ્તુઓથી ઉભરાતા આ જગતમાં તે નિર્લેપભાવે રહે છે. આ બધાનું આકર્ષણ તેને મોહમુગ્ધ કરતું નથી.

ભ્રષ્ટ બનવા માટે જગતમાં અનેક નિમિત્તો છે.

રાગરંજિત બનવા માટે વિશ્વમાં અનેક આકર્ષણો છે.

પણ તે જલકમલવત્ રહે છે.

રાગનો ખેંચાણભાવ તે અનુભવતો નથી.

તે મોહપંથનો પથિક બનતો નથી.

તે સૌથી અળગો રહે છે. નિર્લેપ રહે છે. રાગભાવથી તે ભીંજાતો નથી.

મનુષ્ય કે ચીજવસ્તુનું પ્રબળ આકર્ષણ તેને રાગના દોરડે બાંધી શકતું નથી.

તે રાગમુક્ત છે, તેથી તે મોહમુક્ત છે.

કોઈના પ્રત્યે તેને રાગ નથી.

રૂપ કે રંગ તેને મોહ ભ્રમિત કરવા માટે અસમર્થ છે.

તે એ બધા ભાવોથી પર છે.

આકર્ષણોથી તે તદ્દન અળગો છે.- મનથી અને કાયાથી પણ.

જેમ રાગાત્મકભાવથી તે ખેંચાતો નથી, તેમ શત્રુભાવ પણ તે અનુભવતો નથી. તે સ્થિતપ્રજ્ઞદશાને પામ્યો છે. એટલે રાગભાવ કે શત્રુભાવ તેને ભ્રમિત કરી શકતો નથી. તે તદ્દન નિર્લેપ અને વિરોધાભાસી જગતભાવોથી તદ્દન અળગો રહી શકે છે.

આ જગતમાં મતભેદ અને મનભેદની શક્યતા સર્વથા રહેલી છે. અહંનો ટકરાવ પણ ડગલે પગલે જોવા મળે છે. એને પરિણામે શત્રુભાવ કે દ્વેષભાવ ઉત્પન્ન થવાની તમામ શક્યતાઓ આ સંસારમાં રહેલી છે.

પણ આવો જ્ઞાની સ્થિતપ્રજ્ઞ એ બધા ભાવોથી તદ્દન અલિપ્ત રહે છે. એ યુદ્ધમાં પ્રવર્તે છે તો પણ શત્રુભાવ સહિત નહિ. તે સર્વ લોકને હણનારો બને છે, છતાં પણ તે કોઈથી હણાતો નથી !

**नित्यः सर्वगतः पूर्णो, ज्ञानेन व्यापकः प्रभुः ।**
**सत्याऽऽत्मा येन विज्ञातो, निर्भयः स भवेज्जनः ॥ ५७ ॥**

ભય એ સંસાર સ્વભાવ છે. મનુષ્ય ભયગ્રસ્ત છે.

અથવા સતત કોઈ દિશામાંથી ભયના આગમનની તેને દહેશત રહે છે. આમ ભયની ભ્રમણામાં તે સતત જીવ્યા કરે છે. આમ સંસારના પ્રાણીઓ ભયથી કંપે છે.

પણ જેણે જ્ઞાન વડે નિત્ય, સર્વગત, પૂર્ણ અને વ્યાપક પ્રભુ એવા સત્ય આત્માને જાણ્યો છે, તેને કોઈ પણ ભય શી રીતે ભય પમાડે ?

તે અભય છે. તે નિર્ભય છે. તે ભયથી નિર્લેપ છે.

સત્ય આત્માને જાણનારને ભય કેવી રીતે ત્રસ્ત કરી શકે ?

કારણ કે સત્ય આત્મા અભયને જ ઓળખે છે. જગતના તમામ પ્રકારના ભયો એને કંઈ જ કરી શકતા નથી. આવા ભયોની કોઈ અસર તેને થતી નથી.

આત્મા નિત્ય છે. સર્વગત છે. પૂર્ણ છે. વ્યાપક પ્રભુ છે. સત્ય અને સનાતન છે.

આત્મા અભયમાર્ગી છે. કોઈ ભય તેને સતાવતો નથી.

હવે કહો કે આવા આત્માને જેણે જાણ્યો હોય, તે મનુષ્ય કદી પણ ભય પામે ખરો ?

ના. તે તો નિર્ભય થયો હોય છે.

शस्त्रेण छिद्यते नाऽऽत्मा, दह्यते न च वह्निना ।
वारिणा प्लाव्यते नैव, शुष्यते न च वायुना ॥ ५८ ॥

શ્રી નેમિનાથ પ્રભુ દ્વારિકાપુરીમાં પધાર્યા છે અને શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધ પમાડી રહ્યા છે.

શ્રી જગત્પ્રભુ આત્માનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે-

આત્માને જગતભાવો કોઈ પણ જાતની અસર કરવા માટે સમર્થ નથી.

આત્મા અછેદ્ય છે. તે કોઈ શસ્ત્ર વડે છેદાતો નથી.

શસ્ત્રો તેની આગળ બિનપ્રભાવક બની જાય છે.

વળી આત્માને અગ્નિ બાળી શકતો નથી. આત્મા અદાહ્ય છે.

પાવક એને પ્રજાળી શકતો નથી. અગ્નિ એને દઝાડી કે બાળી શકતો નથી. ભસ્મીભૂત કરી શકતો નથી.

આત્મા ઉપર અગ્નિની કોઈ જ અસર થતી નથી.

પાવક અર્થાત્ અગ્નિ એનું દહન કરવાને અસમર્થ છે.

વળી તે જળ વડે ભીંજાતો નથી. પાણી એને પલાળી શકતું નથી.

પાણી આત્મા માટે બિનપ્રભાવક છે.

વળી પવન પણ તેને કોઈ અસર કરી શકતો નથી. આત્મા પવન વડે શોષાતો નથી.

આત્માને આ પ્રકારે જાણો.

जातस्य जायते नाश, आत्मा जातो न कर्हिचित् ।
आत्मनो न भवेन्मृत्यु, र्देहादेस्तं निबोधतः ॥ ५९ ॥

શ્રી નેમિનાથ જગત્પ્રભુ દ્વારિકાપુરીમાં પધાર્યા છે. તેઓ શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધ પમાડવા અત્રે પધાર્યા છે. પ્રભુનું આગમન ઊર્ધ્વ હેતુથી પૂર્ણ છે.

આ જગતમાં ઉત્પત્તિ અને લય એકમેક સાથે અવશ્યમેવ સંકળાયેલાં છે. જેની ઉત્પત્તિ છે, એનો લય પણ જરૂર છે.

જેનો જન્મ છે, તેનું મૃત્યુ પણ નિશ્ચિત છે.

જે ખીલે છે, તે ખરી પણ જાય છે.

એના આગમનંની સાથે જ એની વિદાય પણ સુનિશ્ચિત થઈ ચૂકી હોય છે.

આ જગતમાં જન્મનાર અને ઉત્પન્ન થનાર તમામે તમામ જડચેતન પદાર્થો અને જીવોનો નાશ નક્કી જ છે.

આવે છે, તે જાય છે. જન્મે છે, તે મરે છે.

જગતના જીવોનું અસ્તિત્વ વિનાશી છે. જન્મની સાથે મૃત્યુની ક્ષણ લખાઈ ચૂકી હોય છે.

પદાર્થ શાશ્વત નથી. જીવ શાશ્વત નથી. દેહ શાશ્વત નથી.

જન્મ તેનું મરણ. ઉત્પત્તિ તેનો નાશ.

કોઈ આ ક્રમથી બચી શકતું નથી.

ન તો જીવો બચી શકે છે, ન તો પદાર્થો બચી શકે છે.

દેહનો નાશ જરૂર છે, પણ આત્મા ક્યારેય પણ ઉત્પન્ન થયો નથી.

તેથી આત્માનું કદી મૃત્યુ થતું નથી.

શરીરનું મૃત્યુ છે, આત્માનું નહિ.

શરીર નાશવંત છે. આત્મા ચિરંતન છે.

દેહ નશ્વર છે. આત્મા શાશ્વત છે.

આત્મા અજન્મા છે, તેથી તે અમરણશીલ છે.

આત્મા હતો, છે અને રહેશે.

એનો નાશ થતો નથી. એનું મૃત્યુ નથી.

મૃત્યુ શરીરનું છે, આત્માનું નહિ.

**जन्मनाशादितो भिन्न, आत्मा शुद्धस्वभावतः ।**
**ज्ञात्वैवं मृत्युकालान्न, भीतिमाप्नोति पण्डितः ॥ ६० ॥**

શરીર અને આત્માનો મૂલતઃ તફાવત એ છે, શરીર પર સ્થળ કાળની અસર થાય છે. તે જરા ગ્રસ્ત બને છે. રોગ ગ્રસ્ત બને છે. દુર્બલતાને પ્રાપ્ત કરે છે અને તે મૃત્યુ પામે છે.

આત્માને સ્થળ અને કાળની કોઈ જ અસર થતી નથી.

ન તો તે જરા ગ્રસ્ત થાય છે. ન તો રોગ ગ્રસ્ત.

તે સ્થિતિથી પર છે. તે સ્થળકાળથી પર છે.

તે રોગ વગેરેથી પર છે. કારણ કે આત્મા સ્વભાવતઃ શુદ્ધ છે.

ન એનો જન્મ થાય છે. ન એનો નાશ થાય છે.

તે શાશ્વત છે. ચિરંતન છે. ચિરકાલીન છે.

તે કાલજયી છે, તેથી કાળની કોઈ જ અસર તેના પર થતી નથી. કાલ વ્યતીત થાય છે, વરસોનો સમય વહી જાય છે પણ આત્મા વૃદ્ધ બનતો નથી.

કોઈ સ્થિતિ તેના પર અસર કરતી નથી.

તેથી તે રોગ વગેરેથી પર છે.

જે જ્ઞાની છે, પંડિત છે, તે આ વાત સારી રીતે જાણે છે. એ સમજે છે કે દેહ જ નાશવંત છે, આત્મા નહિ. આત્મા તો અજર છે. અમર છે. શાશ્વત છે. ચિરંતન છે.

મનુષ્યને મૃત્યુનો સૌથી વધુ ડર હોય છે.

મૃત્યુની વાત આવતાં જ તે ભય પામી જાય છે.

મૃત્યુને નજીક જોઈને તેના ભયનો પાર રહેતો નથી. મૃત્યુ આવતાં પહેલાં ક્ષણે ક્ષણે તે ભય પામતો રહે છે.

પરંતુ જ્ઞાની આ વાત સમજે છે, તેથી તે મૃત્યુરૂપી કાળથી ભય પામતો નથી.

**देहाद्भिन्नं यथा वस्त्रं, तथाऽऽत्मा देहतः पृथक् ।**
**जन्ममृत्यु यथा देहे, न तथाऽऽत्मनि विद्यते ॥ ६१ ॥**

દેહ અને વસ્ત્ર ભિન્ન છે.

વસ્ત્ર દેહ પરનું આવરણ જરૂર છે, પરંતુ વસ્ત્ર એ જ દેહ નથી.

દેહથી વસ્ત્ર અલગ છે.

અને જેમ દેહથી વસ્ત્ર ભિન્ન છે, એ જ રીતે આત્મા દેહથી ભિન્ન છે. દેહ એ જ આત્મા નથી. દેહથી આત્મા અલગ છે.

તેમ છતાં કેટલાક બુદ્ધિશૂન્ય અને વિચાર ભ્રમિત જનો શરીર અને આત્માને એક માની લે છે. ખરેખર તો વસ્ત્રને જ દેહ માનવા જેવી એ ભૂલ છે. ખોટા વિચાર છે.

ખરેખર તો આત્મા દેહથી તદ્દન પૃથક્ છે.

વળી દેહ અને આત્માની કદી સરખામણી થઈ ન શકે. કારણ કે -

દેહ વસ્ત્ર સમાન છે. દેહ નાશવંત છે. દેહનો જન્મ થાય છે. દેહનું મરણ થાય છે. દેહ જરાવસ્થાને પામે છે.

દેહ પર સ્થળ અને કાળની અસર થાય છે, તેથી દેહ વસ્ત્રની જેમ જીર્ણશીર્ણ બને છે.

આત્મા અજન્મા છે. આત્મા અમરણશીલ છે. આત્મા શાશ્વત છે.

સ્થળકાળની કોઈપણ અસરથી આત્મા પર છે.

આત્મા અવિનાશી છે.

એને કોઈ બાળી શકતું નથી. ભીંજવી શકતું નથી. છેદી શકતું નથી.

શરીરને જન્મ છે. શરીરને મૃત્યુ છે.

આત્માને ન તો જન્મ છે, ન તો મૃત્યુ છે.

શરીર જીર્ણ બની, જરા ગ્રસ્ત બની, રોગ ગ્રસ્ત બની કાળનો કોળીયો બની જાય છે,

પણ આત્મા અજર - અમર - અવિનાશી અને શાશ્વત છે.

**सदासदादिरूपाऽऽत्मा, ध्येयः प्राप्यो हृदि स्थितः ।**
**यत्प्रकाशाज्जगत्सर्वं, भासतेऽनादिकालतः ॥ ६२ ॥**

શ્રી નેમિનાથ જગત્પ્રભુ દ્વારિકાપુરીમાં શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધ પમાડવા માટે જ્ઞાનવર્ષણ કરે છે. શરીર અને આત્માના સત્ય સ્વરૂપને તેઓ સમજાવે છે.

આત્મા હૃદય સ્થિત છે. તે સદ્ અસદ્ રૂપ વાળો છે.

આવો આત્મા ધ્યેય છે, પ્રાપ્ય છે.

આત્મપ્રકાશના અજવાળે આ જગતના કાળ અને સ્વરૂપનું આપણને જ્ઞાન થાય છે.

જગત કેવું છે ? કેટલું પુરાતન છે ?

પ્રશ્નો માનવીના મનમાં જાતજાતના જાગે છે અને આ બધા પ્રશ્નોનો સત્ય જવાબ આત્મપ્રકાશ દ્વારા જાણી શકાય છે.

આત્મજ્ઞાની માટે જગતનો કોઈ વિષય અજાણ્યો નથી.

આત્મજ્ઞાન વડે જગતના પદાર્થોની સત્ય સ્થિતિ જ્ઞાની જાણી શકે છે.

આત્મજ્ઞાનની પ્રાપ્તિ થતાં તેના પ્રકાશમાં સર્વ બાબતો દ્રશ્યમાન થઈ જાય છે. સ્થૂલ પદાર્થો વડે બનેલું આ જગત અનાદિ કાળનું છે. તેનો ભાસ આત્મજ્ઞાનના પ્રકાશ વડે કરી શકાય છે.

જગત સ્થૂલ છે. જગતના સર્વ પદાર્થો સ્થૂલ છે.

જગત અનાદિકાળનું છે કે નહિ તે વાત આત્મજ્ઞાની આત્મજ્ઞાનના પ્રકાશ વડે જાણી શકે છે. એના કાળનો આપણને ભાસ થાય છે.

अस्तिनास्तिस्वरूपाऽऽत्मा, व्याप्यव्यापकभाववान् ।
अनन्तसच्चिदानन्दआत्मा ध्येयः सनातन ॥ ६३ ॥

શ્રી નેમિનાથ જગત્પ્રભુ શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધિત કરી રહ્યા છે. તેઓ દ્વારિકાપુરીમાં પધાર્યા છે. અને શ્રી કૃષ્ણવાસુદેવને આત્માના સ્વરૂપ વિષે પ્રતિબોધ પમાડી રહ્યા છે.

આત્માનું સ્વરૂપ કેવું છે ? આત્મા કેવો છે ? વગેરે પ્રશ્નો બાબત શ્રી નેમિનાથ પરમાત્મા વિશદ્ ભાવે બોધ પમાડી રહ્યા છે.

આત્મા અસ્તિનાસ્તિ સ્વરૂપવાળો છે.

આત્મા સર્વ વ્યાપક છે. એના વ્યાપકપણા માટે કોઈ સીમા કે સરહદ નથી. આમ વ્યાપકભાવવાળો આત્મા શાશ્વત અને ચિરંતન છે.

એ સનાતન છે. એના અસ્તિત્વના સમયની કોઈ સીમા નથી.

તે કાલે હતો, આજે છે અને આવતીકાલે પણ હશે. તે ચિરંતન છે.

શાશ્વત છે. સનાતન છે.

સમયના કોઈ બિંદુ પર આત્માનું અસ્તિત્વ અટકતું નથી, તેથી તે સ્થળ અને કાળથી પર છે.

કાલજયી છે. વ્યાપક છે.

તે અનંત છે. અનાદિ છે. તે સચ્ચિદાનંદ સ્વરૂપવાળો છે.

અને તેથી જ આવા સચ્ચિદાનંદ સ્વરૂપવાળો સનાતન આત્મા ધ્યાવવા યોગ્ય છે.

ज्ञाने ज्ञेयलयोत्पादा - भवन्ति यत्र वस्तुतः ।
चेतनः परमाऽऽत्मैव, आत्मा सोऽनंतशक्तिमान् ॥ ६४ ॥

દ્વારિકાપુરીમાં જેમનું પાવન આગમન થયું છે, તે શ્રી નેમિનાથ જગત્પ્રભુ શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધ પમાડી રહ્યા છે. આત્મા વિષે તેઓશ્રી વિશદ્ છણાવટ કરી રહ્યા છે.

વસ્તુતઃ આત્માને વિષે જ્ઞાનમાં જ્ઞેય ભાવોનો લય અને ઉત્પાદ થાય છે. આ તદ્દન સત્ય હકીકત છે.

વસ્તુતઃ આમ જ હોય છે.

ચેતન જ પરમાત્મા છે. આ ચેતન તે આત્મા.

આ ચેતન આત્માની શક્તિની મર્યાદા નથી.

એની શક્તિનો કોઈ પાર નથી.

અનંત, અપાર, અમર્યાદ શક્તિઓની ક્ષમતાવાળો છે આત્મા. સીમા વગરની શક્તિઓ છે આત્માની.

જગતના જીવોની શક્તિઓ મર્યાદિત છે.

અમુક સમય પછી દેહની શક્તિની સરહદો આવી જાય છે.

આ જગત, જગતના પદાર્થો અને જગતના જીવોના શરીરો એ સૌ મર્યાદિત શક્તિના માલિકો છે.

ચેતન છે આત્મા. અને એ જ પરમાત્મા !

આત્મા અનંતાનંત શક્તિવાળો છે.

અસીમ શક્તિઓ છે આત્માની. શરીરથી આત્મા ભિન્ન છે. શરીરની શક્તિઓ મર્યાદિત છે. આત્માની શક્તિઓ અમર્યાદ છે.

**आत्मैव जैनधर्मोऽस्ति, चारित्रमार्गदृष्टितः ।**

**आत्मैव जैनरूपोऽस्ति, शुद्धाऽऽत्मा जिनभास्करः ॥६५॥**

જગતમાં આમ તો ભિન્ન ભિન્ન ધર્મો પ્રવર્તે છે અને તમામ ધર્મો જગત કલ્યાણની ભાવનાને દ્રઢીભૂત કરે છે.

જીવનને ઊર્ધ્વગામી બનાવવા માટેનો પ્રતિબોધ ધર્મ માત્રમાં પડેલો છે. પણ જૈનધર્મ તે સઘળા ધર્મોથી વધુ બહેતર ભાવના માનવ મનમાં દ્રઢ કરનાર ધર્મ છે.

જગત માત્રના કલ્યાણ કરનારો શ્રેયો માર્ગ જૈન ધર્મે આપ્યો છે. જગતોદ્ધાર કરનારા તીર્થંકર પ્રભુઓએ જગતને સત્યનો રાહ ચીંધ્યો છે.

જૈનધર્મની એ વિશિષ્ટતા છે કે - તે સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવોના અસ્તિત્વની ચિંતા કરે છે. તથા બળવાન જીવ લઘુજીવનો ઘાત ન કરે અથવા હિંસા ન કરે તે માટેના મહાવ્રતો જૈન ધર્મમાં નિહિત છે.

જૈનધર્મ સન્માર્ગનો યાત્રી છે. આત્મમાર્ગનો ઉપાસક છે.

'જીવો અને જીવવા દો, એટલુ માત્ર નહિ પરંતુ આત્મભોગે પણ જીવાડો' ની ઉદાત્ત ભાવનાને વરેલો છે.

સહુનું કલ્યાણ એ જૈનધર્મની શુભ ભાવના છે. જૈનધર્મના પાયામાં આવા તો અનેક સિદ્ધાન્તો પડેલા છે.

ચારિત્ર માર્ગની દ્રષ્ટિથી આત્મા જ જૈનધર્મ છે.

ચારિત્ર ગ્રહણ કરનારા સંયમ જીવન માટે પ્રતિબદ્ધ જૈન મુનિવરોએ આત્મ માર્ગની આગવી કેડીઓ કંડારી છે. ચારિત્ર માર્ગ એ તો જૈન ધર્મનો આત્મા છે ને તેથી આત્મા જ જૈન રૂપ છે.

ચારિત્ર માર્ગને ગ્રહણ કરનારો શુદ્ધાત્મા જ જૈન ભાસ્કર છે. આવો આત્મા આ જગતને વિષે સૂર્યની જેમ પ્રકાશમાન છે. જેમ સૂર્ય જગતમાં દેદીપ્યમાન થતાં જ સમસ્ત અંધકાર ભાગી જાય છે, તમસ ટકતું નથી અને સર્વત્ર પ્રકાશ પથરાઈ જાય છે, તેમ શુદ્ધાત્માને કારણે મનનો અંધકાર નામશેષ થઈ જાય છે.

સંયમ માર્ગ સમસ્ત ગુણ સમૂહોનું પ્રતિનિધિત્વ કરે છે. ચારિત્ર ગ્રહણ કરનાર શુદ્ધાત્મામાં તમામ ગુણો પ્રગટ થાય છે જ, તેમ જૈનધર્મ ચારિત્ર માર્ગની દ્રષ્ટિથી આત્મા છે ને આત્મા જ જૈન રૂપ છે.

શુદ્ધાત્મા જૈન ધર્મના સૂર્ય સમાન પ્રકાશમાન છે.

**दर्शनज्ञानचारित्ररूपाऽऽत्मा विश्वपावकः ।**
**मोहादिकर्मसंहर्ता, कर्ताऽकर्तास्त्यपेक्षया ॥ ६६ ॥**

શ્રી નેમિનાથ પરમાત્મા શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધ પમાડી રહ્યા છે. તેઓ દ્વારિકાપુરીમાં પધાર્યા છે ને આત્મા સંબંધી વિશદ્ છણાવટ કરી રહ્યા છે. વિશ્વને પાવન કરનાર આત્મા અંગે તેઓ પ્રતિબોધ કરી રહ્યા છે.

આત્મા વિશ્વને પાવન કરનાર છે. તે દર્શન જ્ઞાન ચારિત્ર રૂપ છે.

આત્મા મોહનીય વગેરે અષ્ટ કર્મોનો વિનાશ કરે છે.

આ આઠ કર્મો જીવને મોહ ફાંસલામાં ફસાવે છે. જીવ આ કર્મ ફંદામાં ફસાઈ જતાં બંધન યુક્ત બને છે. ભવ ચક્રમાં ફરે છે.

સંસાર ચક્રમાં તેની ગતિ અને સ્થિતિ અતિ દયનીય બની જાય છે.

આ બધાથી બચાવનાર જો કોઈ હોય તો તે છે આત્મા. આત્મા આવાં અષ્ટકર્મોના આક્રમણ સામે જીવનું રક્ષણ કરે છે. કહો ને કે તે જીવની ઢાલ બની જાય છે !

આમ પરિમાણ કરનાર આત્મા જ છે.

આત્મા વિશ્વને પાવન કરે છે.

તે દર્શન રૂપ છે. તે જ્ઞાન રૂપ છે. તે ચારિત્ર રૂપ છે.

આ દર્શન જ્ઞાન ચારિત્ર એવા ત્રણ ભવ્ય ગુણ રત્નોથી પુષ્ટ બનેલો આત્મા મોહનીય વગેરે કર્મોનો દાટ વાળી નાખે છે. એમનો નાશ કરે છે.

આત્મા નિજગુણ કર્તા છે. અને પરગુણ અકર્તા છે.

**शुद्धात्मा न च कर्ताऽस्ति, विश्वस्थलोककर्मणाम् ।**
**नैव सृजति भूतानि, न च दुःखादिकारकः ॥ ६७ ॥**

શુદ્ધાત્મા પરગુણે અકર્તા છે. હા, તે જ નિજગુણ કર્તા છે.

આ વિશ્વમાં રહેલા લોકો વિવિધ કર્મો કરે છે. જીવોના જીવનમાં કર્મનું પ્રાધાન્ય રહેલું છે અને જાત જાતનાં કર્મો તેઓ કરે છે. પણ એ તો એ કર્મનો કર્તા નથી. આત્મા કદી કર્તા ભાવને ગ્રહણ કરતો નથી.

વિશ્વ કર્મોનો સાગર છે.

વિશ્વમાં રહેલાં જીવો અનેક પ્રકારનાં શુભ-અશુભ કર્મો કરતાં હોય છે. જીવ માત્રની એ પ્રકૃતિ છે. કર્મ વિના તે રહી શકતો નથી.

કર્મ કરે છે. કર્મ બંધનમાં બંધાય છે. કર્મના ફાંસલમાં ફસાય છે. કર્મ રાજા કોઈને છોડતો નથી. કર્મ સત્તા સર્વ વ્યાપક છે. સર્વ કાળે સર્વ સ્થળે એની સત્તા પ્રવર્તે છે. કોઈ માણસ ગમે ત્યાં છુપાઈ જાય તો પણ કર્મ રાજા એને પકડ્યા વગર રહેતો નથી.

એટલે જ તો કહ્યું છે કે : 'કર્મ સત્તા મહા બલવાન !'

કર્મથી બળિયું કોઈ નથી. કર્મ સર્વને વશમાં લઈ લે છે અને વિવેકયુક્ત સજા કે પુરસ્કાર ફરમાવે છે.

વિશ્વના લોકો કર્મ સત્તાથી બહાર નથી.

જીવ કર્મ કરે છે. મન લલચાય છે. મન ફસાય છે. ને સારા ખરાબ કર્મો તે કરે છે. શુભ - અશુભ કર્મોનો સરવાળો તે કરે છે. અને એ પ્રમાણે ન્યાયયુક્ત ફળ તે મેળવે છે.

આમ વિશ્વના લોકો વિવિધ કર્મો કરે છે, પરંતુ તે બધા કર્મોનો કર્તા નથી. અર્થાત્ તે અકર્તાભાવે વિલસી રહે છે.

તે શુદ્ધાત્મા પ્રાણીઓનો-જીવાત્માઓનો સર્જક પણ નથી અને દુઃખ આદિનો કારક પણ નથી.

सिद्धाजीवाजगत्सर्वं, द्रव्यतोऽनादिकालतः ।
पर्यायापेक्षया सादिसान्तं द्रव्याऽऽत्मकं जगत् ॥ ६८ ॥

શ્રી નેમિનાથ જગત્પ્રભુની કરૂણાનો કોઈ પાર નથી. જગત મધ્યે જ્ઞાનવર્ધન માટે તેઓ સદા યાત્રા કરતા હોય છે. તેમના જગત્ વિહારનો હેતુ ભ્રમ નાશ અને જ્ઞાન વર્ધન છે.

તેઓ દ્વારિકાપુરીમાં પધાર્યા છે.

શ્રી કૃષ્ણ વાસુદેવને તેઓશ્રી પ્રતિબોધ પમાડી રહ્યા છે.

સિદ્ધ પરમાત્માઓ, જીવો, સર્વજગત દ્રવ્યથી અનાદિ કાલથી છે.

આ દ્રવ્યાત્મક જગત છે. ને જે દ્રવ્યાત્મક છે, તે સાન્ત પણ છે.

અનાદિ કાળથી સર્વ જગત દ્રવ્યાત્મક છે.

સર્વ જીવો પણ દ્રવ્યાત્મક છે.

પર્યાયની અપેક્ષાએ દ્રવ્યાત્મક જગત આદિ અને અન્ત વાળુ છે, તેથી સાન્ત છે.

पञ्चद्रव्येषु चाऽऽत्माऽस्ति, सर्वज्ञः परमेश्वरः ।
अनन्तः सच्चिदानंदः, सत्तया द्रव्यतस्तथा ॥ ६९ ॥

લોક ષડ્દ્રવ્યાત્મક છે. (૧) ધર્માસ્તિકાય. (૨) અધર્માસ્તિકાય. (૩) આકાશાસ્તિકાય. (૪) જીવાસ્તિકાય. (૫) પુદ્ગલાસ્તિકાય. (૬) કાળ.

છ દ્રવ્યોમાં આત્માની વાત કરવામાં આવી છે.

આત્મા સત્તાથી અને દ્રવ્યથી સર્વજ્ઞ છે. તે પરમેશ્વર છે. અનન્ત છે. સચ્ચિદાનંદ છે.

આત્માની અનંત ભવ્યતાની અહીં વાત કરવામાં આવી છે. પાંચ દ્રવ્યોમાં એક જ આત્મા સર્વજ્ઞ છે.

આત્મા અનન્ય છે. સર્વ જ્ઞાન ધરાવનાર છે.

આત્મા પરમેશ્વરરૂપ છે.

આત્માને કોઈ અંત નથી. તેથી તે અનંત છે. અને આવો અનાદિ - અનંત આત્મા સત્તા અને દ્રવ્યથી સચ્ચિદાનંદ સ્વરૂપ છે.

नास्ति पुद्‌गलभावानां, कर्ताकारयिता च सः ।
शुद्धनिश्चयपूर्णात्मा, परब्रह्मजिनेश्वरः ॥ ७० ॥

આત્મા પરમેશ્વર સ્વરૂપ છે. શુદ્ધાત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે.

તે પરબ્રહ્મ જિનેશ્વર સમાન છે.

શુદ્ધ નિશ્ચયથી પરબ્રહ્મ જિનેશ્વર એવો પૂર્ણાત્મા પુદ્‌ગલ ભાવોનો કર્તા પણ નથી અને કારયિતા પણ નથી.

દેહધારી જીવો આ વિશ્વમાં જીવન જીવતાં જીવતાં અનેક પ્રકારનાં કર્મો કરે છે. અને એ રીતે કર્મબંધન વડે તેઓ બંધાય છે. કર્મ સત્તાના ફાંસલામાં તેઓ ફસાય છે. કર્મરાજાની અનંત અપાર સત્તાની મર્યાદા રેખામાં તેઓ આવી જાય છે.

એનાથી કોઈ છુટી શકતું નથી. કોઈ બચી શકતું નથી.

કર્મ સત્તા અતિ બલવાન છે.

પરંતુ આ વિશ્વમાં દેહધારી જીવ દ્વારા થતાં કર્મોની જવાબદારી આત્મા સ્વીકારતો નથી. કારણ કે આત્મા આવા પુદ્‌ગલભાવોનો કર્તા પણ નથી ને કારયિતા પણ નથી.

जडानां न च कर्ताऽस्ति, देहातीतो निरञ्जनः ।
सवर्गः सर्वभिन्नोऽस्ति, जडस्थोऽपि न यो जडः ॥ ७१ ॥

શુદ્ધાત્માના સ્વરૂપને ઓળખી લેવું જરૂરી છે. માત્ર આત્મા કે શુદ્ધાત્મા શબ્દ વાપરવાથી એનું સ્વરૂપ બરાબર સમજી શકાતું નથી.

કારણ કે આત્મા તમામ વૈશ્વિક જડ પદાર્થોથી ભિન્ન છે.

જાગતિક પુદ્‌ગલોથી ભિન્ન છે.

અજાણતામાં અને અજ્ઞાનવશ આપણે શુદ્ધાત્માને જગતના સર્વ જડ પદાર્થોનો કર્તા માની લઈએ છીએ. તેને સર્વ પૌદગ્લિક ભાવોથી અભિન્ન સમજીએ છીએ.

આ બધું જાણતા નથી, તેથી આમ છે. અજ્ઞાનને કારણે છે.

જ્યાં જ્ઞાનનો પ્રકાશ પ્રગટ થયો છે, ત્યાં સમજણની ક્ષિતિજો વિસ્તરી છે. ને જ્યાં સમજણનો વિસ્તાર થયો છે, ત્યાં આત્મા અને જડ પદાર્થો વચ્ચેનો તફાવત જ્ઞાન સાધ્ય થઈ જાય છે.

જ્ઞાન જ મહત્ત્વનું છે. જ્ઞાનને કારણે જ સમજણ આવે છે.

ને જ્યાં સાચી સમજણ છે, ત્યાં અજ્ઞાન ટકી શકતું નથી. અજ્ઞાનનાં જડ પડળો આપમેળે જ ભેદાઈ જાય છે, છેદાઈ જાય છે.

માણસ જ્ઞાનને પામવા મથે છે. સતત મથે છે.

અજ્ઞાનને ભેદવા મથે છે.

અજ્ઞાનના જડ પડદા વાસ્તવિક જ્ઞાનની આડે આવે છે, જેને કારણે જડ પદાર્થોની આરપાર તે જોઈ શકતો નથી અને અજ્ઞાનમૂલક વિધાનો કરે છે.

જ્યાં સમજણ નથી, ત્યાં અજ્ઞાન છે.

જ્ઞાનનો અભાવ છે. પ્રકાશનો અભાવ છે.

પ્રકાશનો અભાવ એટલે જ અંધકાર.

અંધકાર શું છે ? પ્રકાશનું ન હોવું તે.

જ્યાં પ્રકાશ છે, ત્યાં અંધકાર ટકી શકતો નથી.

પ્રકાશની ગેરહાજરીનું બીજું નામ છે અંધકાર.

સમ્યગ્ જ્ઞાનનો અભાવ, તે અજ્ઞાન.

સમ્યગ્ જ્ઞાનનું ન હોવું તે. સમ્યગ્ જ્ઞાનની શૂન્યતા.

જ્ઞાનના પ્રકાશ વડે જ જડતાની આરપાર જોઈ શકાય છે.

જ્ઞાન એ નેત્ર છે.

આ જ્ઞાન નેત્ર વડે માણસ તમામ ન સમજી શકાય તેવા, ન જાણી શકાય તેવા, અંતરાય સ્વરૂપ બાબતોની આરપાર જોઈ શકે છે, સમજી શકે છે, ત્યારે તમામ અંતરાયો ભેદાઈ જાય છે.

તમામ અજ્ઞાન છેદાઈ જાય છે. તમામ જડતા વિંધાઈ જાય છે.

અવરોધો નષ્ટ થાય છે. ને પરમ પ્રકાશ સર્વત્ર રેલાઈ રહે છે.

સાચી વાત તો એ છે કે શુદ્ધાત્મા જડનો કર્તા નથી.

આત્મા દેહથી ભિન્ન છે, એટલે કે દેહાતીત છે.

નિરંજન, નિરાકાર છે. સર્વત્ર છે.

સર્વ જડ પદાર્થો અને દેહાકૃતિઓ જે આંખ વડે જોઈ શકાય છે, તે બધાથી શુદ્ધાત્મા તદ્દન ભિન્ન છે, અલગ છે.

હા, તે જડમાં સ્થિત છે, તેમ છતાં શુદ્ધાત્મા જડ નથી. જડમાં સ્થિત હોવાથી શુદ્ધાત્માને જડ માની લેનારા પરમ અજ્ઞાનવશ તેવું જાણે છે. જ્ઞાનનો પ્રકાશ રેલાતાં સમજાય છે કે શુદ્ધાત્મા જડમાં સ્થિત છે, છતાં જડ નથી.

अनन्ताश्चेतना बोध्या, कर्मयुक्ता वपुः स्थिताः ।
अनन्ताः परमाऽऽत्मानः, कर्मातीता जिनेश्वराः ॥ ७२ ॥

શ્રી નેમિનાથ જગત્પ્રભુ શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધ પમાડવા દ્વારિકાપુરીમાં પધાર્યા છે. અનંત જીવોનું કલ્યાણ એ પરમાત્માના વિહારનો શુભાશય છે.

તેઓ જ્ઞાનનો વિસ્તાર કરે છે- જડતાને ભેદે છે. અંધકારને છેદે છે. જ્ઞાન પ્રકાશને પ્રસરાવે છે.

જગતના દેહધારી જીવો અનંત અંધકારમાં સબડી રહ્યા છે, તેમનામાં જ્ઞાનજ્યોતિ જગાડવાનો આશય પ્રભુનો છે.

તેઓ શુદ્ધાત્માની વાત કરે છે.

અજ્ઞાનની વાત કરે છે. જ્ઞાનના પ્રકાશની વાત કરે છે.

આ વિશ્વમાં શરીરધારી અનંત ચેતનો - જીવો છે.

તે સર્વ કર્મ યુક્ત છે.

તેઓ સતત વિવિધ પ્રકારનાં કર્મોથી બંધાતા જાય છે. પૂર્વે પણ કર્મ બંધ થયો છે ને વર્તમાનમાં પણ તેઓ કર્મ યુક્ત છે.

જ્યાં દેહ છે, ત્યાં કર્મ છે. દેહધારી જીવો કર્મથી બંધાય છે.

એમ તો અનંતાનંત જીવો ચેતનો આ વિશ્વમાં અસ્તિત્વ ધરાવે છે. તેમની સંખ્યાનો કોઈ પાર નથી. ગણ્યા ગણાય નહિ તેટલા જીવો પ્રવર્તમાન છે. તે સર્વ જીવો દેહદારી છે. ને દેહધારી જીવો સતત કર્મ કરતા રહે છે. તેઓ કર્મથી અળગા થઈ શકતા નથી, રહી શકતા નથી.

કર્મ સજાની સત્તા અપરંપાર છે. સર્વ કાળે અને સર્વ સ્થળે તેમની સત્તાની આણ પ્રવર્તે છે. કોઈ કર્મથી અલગ રહી શકતું નથી. કર્મથી સર્વ જીવો બંધાય છે. સહુ શુભ અને અશુભ કર્મોના સરવાળા કરે છે.

સદ્ અને અસદ્‌ના સરવાળા કરે છે.

પાપ અને પુણ્યના સરવાળા કરે છે.

શુભ કર્મથી પુણ્ય બંધાય છે. અશુભ કર્મથી પાપ બંધાય છે.

કર્મનું ફળ દરેક જીવને ચાખવું પડે છે.

રાજા હોય કે નોકર, અમીર હોય કે ભિખારી, સ્ત્રી હોય કે પુરુષ - સર્વને કર્મનાં ફળ ભોગવવાં જ પડે છે. કર્મ સત્તાથી કોઈ બચી શકતું નથી.

રાજાના દંડથી બચી શકાય, લાગવગ લગાડી શકાય, દલીલોથી જીતી શકાય અથવા સજાને હળવી કરી શકાય પણ કર્મરાજાનો ન્યાય અદ્દલ ઈન્સાફ છે.

તેમાં ઓછું વત્તું થઈ શકતું નથી. સજામાં વધઘટ થઈ શકતી નથી. સજાના અમલમાં ફેરફાર થઈ શકતો નથી.

જેને જે સમયે જે સજા કરવાની હોય, તેને તે જ સમયે તે સજા જરાય ફેરફાર વિના થાય છે.

ન્યાય એટલે ન્યાય. એમાં સહેજ પણ ઢીલાશ નથી. સજામાં સહેજ પણ ફેરફાર નથી.

તેને પડકારવા માટે ઉપલી કોઈ કોર્ટ નથી.

આ વિશ્વમાં શરીરધારી અનંત ચેતનો - જીવોને કર્મયુક્ત જાણવા.

જ્યારે શ્રી જિનેશ્વર પરમાત્મા કર્મમુક્ત છે. કર્મસત્તાથી બહાર છે.

દેહધારી જીવો - ચેતનો જ કર્મથી બંધાયેલા છે.

જે કર્મમુક્ત છે, તે અનંત જિનેશ્વર પરમાત્મા છે, એમ જાણવું.

કર્મમુક્તિ જ જિનેશ્વર પદની દ્યોતક છે.

**अज्ञानात् कर्मबन्धोऽस्ति, जीवानां भववर्तिनाम् ।**
**आत्मज्ञानाद् भवेन्मोक्षो, ज्ञानानन्दमयः खलु ॥ ७३ ॥**

સંસારમાં રહેલા અને સંસારાભિમુખ જીવો અનંત અપાર છે.

આવા જીવોમાં મહદ્ અંશે અજ્ઞાન પ્રવર્તી રહેલું જણાય છે.

અજ્ઞાનને કારણે તથા જ્ઞાનનો પ્રકાશ ન લાધવાને કારણે સંસારવર્તી જીવો કર્મબંધથી બંધાય છે. આવા જીવો અનેક પ્રકારનાં કર્મો કરે છે ને કર્મો કરવાથી કર્મ બંધ થાય છે.

કર્મસત્તાનું અધિકારક્ષેત્ર સર્વસ્થળે અને સર્વકાળે રહેલું છે.

કોઈ એનાથી બચી શકતું નથી. એની સત્તાના ક્ષેત્રફળમાંથી કોઈ છટકી શકતું નથી. સંસારી જીવો અજ્ઞાનને વશવર્તી અનંતા કર્મો કરે છે ને એ રીતે કર્મબંધમાં સપડાય છે.

કર્મો બે પ્રકારનાં હોય છે. (૧) શુભ કર્મ (૨) અશુભ કર્મ

શુભ કર્મો પુણ્યનું પાથેય બંધાવી આપે છે ને તેના થકી શુભ ફળ મળે છે.

અશુભ કર્મો પાપનું ફળ આપે છે. આવાં પાપ કર્મોનું ફળ પણ અશુભ પ્રાપ્ત થાય છે. કર્મ કર્યા પછી ફળની જવાબદારી કર્મ કરનાર જીવની બની જાય છે ને તે જીવ પોતાની જવાબદારીમાંથી ક્યારેય પણ છટકી શકતો નથી. કર્મ કર્યું એટલે એનું ફળ ભોગવવું જ પડે.

કર્મ રાજાનો ન્યાય તદ્દન સાચો હોય છે. એના ન્યાયમાં રતિભારેય ચૂક આવતી નથી. એના ન્યાયને કોઈ પડકારી શકતું નથી અથવા કોઈ તેના ન્યાયમાં ખામી કાઢી શકતું નથી. તેના ઈન્સાફ અદ્દલ હોય છે. જે જીવને સજા કે દંડ થયો હોય, તેને તે ફરજિયાતપણે ભોગવવો પડે છે.

સજામાં કોઈ વધઘટ થઈ શકતી નથી.

એમાં સહેજ પણ ફેરફાર કરી શકાતો નથી. જેને જે સમયે ફળ ભોગવવાનો હુકમ થયો હોય તેણે તે સમયે, તે સ્થળે તે હુકમનું પાલન કરવું પડે છે. એમાં કોઈ દલીલ ચાલતી નથી ! અથવા લાંચ આપીને તેમાંથી છટકી શકાતું નથી.

આમ અજ્ઞાનને કારણે સંસારવર્તી જીવોને કર્મનો બંધ થાય છે. આમાં અજ્ઞાન મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જ્યાં અજ્ઞાન છે, ત્યાં અંધકાર છે ને જ્યાં અંધકાર છે, ત્યાં જ્ઞાનનું કિરણ પહોંચતું નથી. કર્મોનો બંધ જીવમાં પ્રવર્તી રહેલા અજ્ઞાનને કારણે છે.

જ્યાં અંધકાર નથી, ત્યાં પ્રકાશ છે, તેજ કિરણો છે.

જ્ઞાનનો તેજ બોધ છે.

ને જ્યાં આત્મજ્ઞાન છે, ત્યાં જ્ઞાનનો આનંદ પ્રવર્તે છે ને આવું જ્ઞાનાનંદમય મોક્ષ પ્રાપ્ત થાય છે.

જીવોની ભૂલો, પાપો, અશુભ પ્રવૃત્તિઓ - એ બધું જ કેવળ અજ્ઞાનના કારણ સ્વરૂપ છે. આત્મજ્ઞાન મોક્ષનું કારણ બને છે ને મોક્ષ સાચે જ જ્ઞાનાનંદમય છે.

असुराः प्राणिनो ज्ञेया, देहादिमात्रसेवकाः ।
आत्मानस्ते सुरा बोध्या, आत्माभिमुखवृत्तयः ॥ ७४ ॥

દેવ અને દાનવ !

સુર અને અસુર !

ખરેખર તો દેવત્વ અને દાનવત્વ માનવીના મનમાં જ પડેલાં છે.

સદ્ અને અસદ્ બે વિરોધી વૃત્તિઓ પણ માનવ મનમાં નિહિત છે.

અંગ્રેજીમાં એક નવલકથા છે : 'ડૉ. જેકિલ એન્ડ હાઈડ' ડૉ. જેકિલ સદ્‌વૃત્તિનો પ્રતીક છે, જ્યારે હાઈડ અસદ્‌નો પ્રતીક છે. દાનવ અને દેવ બંને માનવીના મનમાં જ વસે છે.

જેના મનમાં જે વૃત્તિનું આધિક્ય હોય, તે વડે તે ઓળખાય.

સદ્‌વૃત્તિના આધિક્યવાળો સજ્જન કહેવાય.

અસદ્‌વૃત્તિના આધિક્યવાળો દુર્જન કહેવાય !

દુર્જન દુર્વૃત્તિઓને અધીન હોય છે, તે અસદ્‌નો ગુલામ છે અને તેથી ખરાબ પ્રવૃત્તિઓ તે કરતો હોય છે. હિંસા, દુરાચાર, ચોરી, અનીતિ જેવી દુર્વૃત્તિઓ તેને ખરાબ માર્ગ તરફ દોરી જતી હોય છે.

પરિણામે સમાજમાં તે ચોર, લૂંટારો, પાપી, બળાત્કારી કે દુરાચારી તરીકે ઓળખાતો હોય છે. તેણે અધમતાનું આધિનત્વ સ્વીકાર્યું હોય છે. તે શરીરનો સેવક હોય છે. શરીરની વૃત્તિઓ તેને પરવશ બનાવી દેતી હોય છે. પરિણામે તે પોતાના જીવનમાં અધમ માર્ગો અપનાવે છે.

શરીર વિલાસી બનાવે છે. શરીર તેને હિંસાચારી બનાવે છે.

દેહ તેને દુરાચારી બનાવે છે.

શરીરમાંથી ઊઠતી માંગ અથવા શરીરની જરૂરિયાતો સંતોષવા તે અપ્રામાણિક અને અનૈતિક પ્રયાસો કરવામાં સંકોચ અનુભવતો નથી.

તે પાપ માર્ગનો યાત્રી બને છે. અસદ્ માર્ગનો પથિક બને છે.

તે દેહનો સેવક છે. દૈહિક વૃત્તિઓનો ગુલામ છે. કાયાને પરવશ છે.

દેહ દુરાચાર કરાવે. શરીર શયતાન બનાવે. કાયા કુમાર્ગે આગળ ધપાવે.

તમામ દાનવીય ગુણો તેનામાં આવે. તેનામાં અસુરત્વ પ્રગટે.

શરીરનો સેવક તે અસુર.

આત્માનો સેવક તે સુર.

સદ્‌વૃત્તિવાળો માનવી આત્માભિમુખ વૃત્તિવાળો હોય છે.

ડૉ. જેકિલ. પુણ્યમાર્ગનો પથિક, સાત્ત્વિકવૃત્તિવાળો, શુભ વિચારોવાળો અને પુણ્યાત્મક કાર્યો કરનારો તે સૌના કલ્યાણની કામના કરે.

શુભ કર્મો કરે. કોઈને પીડે નહિ. કોઈનો મદદગાર બને.

આત્માને જે અનુસરે છે, તે સુર છે.

કેટલાક જીવો આત્માભિમુખ વૃત્તિવાળા હોય છે.

તે સત્કાર્યોની સુવાસ પ્રસરાવે છે. જગત કલ્યાણના કાર્યો કરે છે.

પર દુઃખે દુઃખ અનુભવે છે.

પરપીડાને જાણે છે ને તેને દૂર કરવા પ્રયાસ કરે છે.

તે આત્મમાર્ગી છે. તે સદ્ - માર્ગી છે.

તે શુભ - માર્ગી છે. તે કલ્યાણ માર્ગી છે.

તેનામાં આત્મગુણોનો વિકાસ થયેલો જોવા મળે છે.

અને આવો આત્માભિમુખ વૃત્તિવાળો, સદ્‌પ્રવૃત્તિ કરનારો, શુભ કર્મો કરનારો, પુણ્યનાં પોટલાં બાંધનારો, કલ્યાણ માર્ગી જીવ જ સુર અથવા દેવ છે, એમ જાણવું.

અસુર શરીર ધર્મી છે.

સુર આત્મ ધર્મી છે.

એક શયતાન નરકના માર્ગે આગળ વધે છે.

બીજો સાધુત્વના માર્ગે સંચરણ કરે છે.

**आसुरप्रकृते र्जेता, येनाऽऽत्मा सुर उच्यते ।**
**सुराणां शूरता पूर्णा, जायते मोहनाशिका ॥ ७५ ॥**

ભગવાન શ્રી નેમિનાથનો હેતુ સુસ્પષ્ટ અને વિશ્વકલ્યાણકારી છે. તેઓશ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધ પમાડવા માટે પૃથ્વી તલને પાવન કરતાં દ્વારિકાપુરીમાં પધાર્યા છે.

સર્વજ્ઞ તીર્થંકર શ્રી નેમિનાથ જગત્પ્રભુ આત્મા વગેરે તત્ત્વનું સત્ય પ્રગટ કરે છે. એક પછી એક અનેક ગૂઢાર્થ અને જગત માટે હિતલક્ષી બાબતો શ્રી કૃષ્ણ વાસુદેવ સમક્ષ પ્રગટ કરે છે. અને એ રીતે તેઓ શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધિત કરે છે. દ્વારિકાપુરીમાં એમના આગમનનો હેતુ કલ્યાણકારી છે.

તેઓ કહે છે કે :

જેઓ આસુર પ્રકૃતિનો જય કરે છે, આસુર પ્રવૃત્તિ પર વિજય પ્રાપ્ત કરે છે, તે આત્મા સુર દેવ કહેવાય છે.

દેવોને આસુરી દુર્ગુણોનો નાશ કરનારી શૂરવીરતા પૂર્ણ હોય છે. આસુરત્વના નાશને લીધે જ દેવત્વ પ્રગટે છે.

સાચા શૂરવીર એ નથી કે જે યુદ્ધમાં હજારો માણસોને મારી નાખે અથવા જીતી લે.

સાચો શૂરવીર એ પણ નથી કે અન્યની વિપુલ સંપત્તિને પોતાની બનાવી દે.

સાચો શૂરવીર એ પણ કદાપી નથી કે જે અન્યના વિશાળ સામ્રાજ્યને જીતી લે.

સાચો શૂરવીર તો આસુરી દુર્ગુણો પર વિજય મેળવનાર છે.

સાચો શૂરવીર તો મોહ પર વિજય પ્રાપ્ત કરનાર છે.

મોહ વિજય મેળવનાર દેવો જ સાચી શૂરવીરતા ધરાવે છે.

આ જગતમાં માનવ વિકાસમાં અંતરાયરૂપ કોઈ હોય તો તે છે મોહ. મોહ અંધત્વ પેદા કરે છે ને મોહનું અંધત્વ વિનાશનું કારણ બને છે, જે અંતે સર્વ નાશમાં પરિણમે છે.

દેવો આસુરત્વનો નાશ કરનારી શૂરવીરતા ધરાવે છે.

**विश्वलोकानुकूलोऽस्ति, जैनधर्मः सनातनः ।**

**वस्तुस्वभावधर्मोऽस्ति, सर्वलक्षणलक्षितः ॥ ७६ ॥**

જૈનધર્મ સનાતન ધર્મ છે. ને શ્રેષ્ઠ ધર્મ માટે જે ઉત્તમ તત્ત્વો હોવાં જોઈએ, તે સર્વ જૈનધર્મમાં પડેલાં છે. આ વિશ્વને અનુકૂળ છે જૈનધર્મ.

જૈનધર્મ તેનામાં રહેલા શ્રેષ્ઠ સિદ્ધાન્તોથી લક્ષિત છે. આ વિશ્વમાં ધર્મ જ તારક છે.

જગત આખુ અનેક પ્રકારના દૂષિત તત્ત્વોથી ભરાયેલું છે. એમાં ય આજે તો વ્યસનોથી માંડી સંસ્કૃતિની ભવ્યતાનો વિનાશ કરે તેવી અનેકવિધ પ્રવૃત્તિઓથી જગત આખુ ખદબદે છે. અથવા એમ જ કહો કે કલિયુગનો પ્રભાવ પૂર્ણકળાએ પથરાઈ ચૂક્યો છે.

માણસ માણસનો વેરી બન્યો છે.

અનેક ભ્રષ્ટતત્ત્વો કીડાની જેમ ઊભરાય છે. પ્રપંચ જાળ સમસ્ત જગતમાં પથરાઈ ચૂકી છે. જગતનો સ્વભાવ છીછરો બન્યો છે ને હલકી સપાટી પર એ તરવા લાગ્યો છે. જૂઠી એષણાઓ, દુષ્કર્મો, સમાજવિરોધી પ્રવૃત્તિઓ અને માનવ માટે કલંક સમાન દૂષણો - આ બધાથી જગત રૂપી સમુદ્ર છલકાઈ રહ્યો છે.....

કોણ ઉગારે જગતના માનવીને ? કોણ બચાવે એને તેમાંથી ?

બચાવી શકશે માત્ર ધર્મ. ધર્મનું આલંબન સ્વીકારીને જ માણસ આ બધી કાલિમામાંથી હેમખેમ બહાર નીકળી શકે તેમ છે. ધર્મો તો અનેક છે અને દરેક ધર્મમાં વિવિધ પ્રકારે ઉત્તમ તત્ત્વો પડેલાં છે.

પણ આ બધામાં સનાતન જૈનધર્મ સર્વ પ્રકારનાં ઉત્તમ લક્ષણોથી લક્ષિત છે.

ધર્મનો અર્થ શો ?

ઉત્તમ લક્ષણોથી લક્ષિત વસ્તુનો સ્વભાવ તે ધર્મ.

જૈનધર્મ જગતને દિવ્ય અને સત્ય માર્ગ ચીંધી શકે તેમ છે.

**सत्यान्नास्ति परो धर्मो, जिनोक्तं सत्यमेव तु ।**
**सत्यात्परो जयो नास्ति, जयः सत्यात्प्रजायते ॥ ७७ ॥**

શ્રી નેમિનાથ પ્રભુએ આ શ્લોકમાં સત્યની મહત્તા સમજાવી છે.

શ્રી કૃષ્ણ વાસુદેવને દ્વારિકાનગરીમાં પ્રતિબોધ પમાડતાં તેઓ સત્યને પ્રતિષ્ઠિત કરે છે.

સત્ય એટલે સત્ય. સત્યનો કોઈ વિકલ્પ નથી.

ધર્મના પાયામાં સત્ય નિહિત છે. સત્ય જ શ્રેષ્ઠ છે.

સત્ય જેવો અન્ય કોઈ શ્રેષ્ઠ ધર્મ નથી. સત્ય ધર્મનો પર્યાય છે. સત્યથી અલગ રહીને કોઈ પણ ધર્મ તેનું સાચું ઓજસ પ્રગટાવી શકે નહિ.

સત્ય અને અસત્ય.

સત્યની સામે દંભ, પ્રપંચ, અસત્ય અને અધર્મ ઊભાં છે.

અસત્ય જરૂર ચળકતું હશે પણ એનો ચળકાટ ક્ષણજીવી છે. એ ઉપર છલ્લો ચળકાટ ઊડી જતાં વાર નથી લાગતી. ધર્મ સત્ય દ્વારા જગતમાં પ્રકાશે છે. જે ધર્મમાં સત્ય નથી, તે ધર્મ અલ્પ જીવી હોય છે. અથવા માત્ર ધર્મનો દંભ જ હોય છે. આભાસ માત્ર જ છે.

સત્ય સત્ય છે. સત્ય હોય ત્યાં અસત્ય ટકી શકે નહિ.

શ્રી જિનેશ્વરોએ આ વાત કહી છે. સત્ય જ શ્રેષ્ઠ ધર્મ છે. એ વાત તદ્દન સાચી છે. જેના પાયામાં સત્ય નહિ હોય તે ધર્મ નહિ હોય.

જ્યાં સત્ય, ત્યાં ધર્મ. ધર્મ એટલે સત્ય. સત્ય એટલે ધર્મ.

સત્યથી ચઢિયાતો અન્ય કોઈ ધર્મ હોઈ શકે નહિ.

જગતમાં જે જે મહા પુરુષો થઈ ગયા છે, તેમણે સત્યની પ્રતિષ્ઠા કરી છે. જગતને રાહ ચીંધનાર તથા જગતને રક્ષનાર તારક તીર્થંકર દેવોએ પણ સત્ય ધર્મની પ્રશંસા કરી છે.

ધર્મમાંથી સત્ય બાદ થઈ જાય તો રહે કેવળ શૂન્ય.

અર્થાત્ સત્ય વિના ધર્મની કલ્પના કરવી પણ મુશ્કેલ છે.

સત્ય સૂર્યની જેમ પ્રકાશે છે.

અસત્યની બોલ બોલા તથા જૂઠા ચળકાટને કારણે કદાચ સત્યનો જય થવામાં વિલંબ થાય તો પણ છેવટે તો સત્ય જ જયવંતુ બને છે.

સત્યનો જ વિજય થાય છે.

ધર્મ અને સત્યને જુદાં પાડી શકાય નહિ. કારણ કે બંને અભિન્ન છે.

સત્ય ધર્મનો પ્રાણ છે.

ને પ્રાણ વગરના શરીરની કલ્પના પણ શી રીતે થઈ શકે ? જે શરીરમાં પ્રાણ નથી તે માત્ર નિર્જીવ માટી જ છે, એથી વિશેષ કશું જ નહિ. ને તેથી સત્ય ધર્મમાં સારી રીતે પ્રતિષ્ઠિત થયેલું છે.

શ્રી નેમિનાથ જિનેન્દ્ર શ્રી કૃષ્ણ વાસુદેવને આ વાત સારી રીતે સમજાવે છે. તેઓ સત્યને સુપ્રતિષ્ઠિત કરે છે. ધર્મમાં રહેલા સત્યનું મહત્ત્વ સમજાવે છે.

સત્ય પ્રાણ તત્ત્વ છે. સત્ય વડે ધર્મ જીવંતતા ધારણ કરે છે.

જય - વિજય પણ સત્ય સાથે જ સંકળાયેલાં છે ને તેથી જ તો કહેવાયું છે.

સત્યમેવ જયતે. સત્ય જ જયવંતુ બને છે.

સત્યનો જય. અને ધર્મનો જય.

જો જય પ્રાપ્ત કરવાની વાંચ્છના હોય તો સત્યથી અળગા થયે કદી પણ ચાલશે નહિ.

સત્યથી શ્રેષ્ઠ જય નથી. ને જય પ્રાપ્ત થાય છે માત્ર સત્ય વડે.

અસત્ય વડે જય મેળવનારા માત્ર અંધકારમાં જ અટવાય છે અને જયના બનાવટી આભાસને જ જય માની બેસે છે.

ખરેખર તો એ જય નથી હોતો. માત્ર ભ્રમ હોય છે.

આ જગતના લોકો ભ્રમ વડે ભ્રમિત થયેલા છે.

ભ્રમની દુનિયામાં જીવે છે.

અવળા માર્ગે ચાલે છે. અવળી વાણી બોલે છે.

અસત્યનું આચરણ કરે છે. સત્યનું નહિ, અસત્યનું જ સેવન કરે છે.

પરિણામે જીવનની ગતિ રૂંધનારાં પરિબળોનું રમકડું જ બની જાય છે !

કાચની આંખ વડે જે દેખાય છે, તે બધું જ સત્ય નથી હોતું. ક્યારેક સત્યનું ચામડું ઓઢીને અસત્ય વધુ આકર્ષક લાગતું હોય છે ને કેટલાક અલ્પબુદ્ધિના માણસો એને જ સત્ય માની લેવાની ભૂલ કરે છે.

એ રીતે સત્યની ઓળખ ન થાય. સત્યનો ચહેરો ભ્રામક ન હોઈ શકે.

સત્ય ધર્મની સાથે જ ચાલે છે. સત્ય નિર્દંભ છે.

સત્ય સ્વયં પ્રકાશિત છે.

અસત્યના જય માટે ઢંઢેરો પીટવો પડે છે, જાહેરાતો કરવી પડે છે..... ભ્રમમૂલક શબ્દો વડે અસત્યને શણગારવું પડે છે પણ એ માત્ર ભ્રમ જ પુરવાર થાય છે.

અસત્યનો જય નથી થતો.

આખરી જય તો સત્યનો જ હોય છે. સત્ય જ વિજયી બને છે.

અસત્યનો નકાબ ચિરાઈ જતાં વાર નથી લાગતી. કારણ કે સત્ય સૂર્ય જેવું છે.

સ્વયં પ્રકાશિત છે. માટે સત્યને જ ધર્મ સમજો. ને સત્યને જયવંતુ માનો.

અસત્યના દંભી ચહેરાને સત્ય માનવાની ભૂલ કરશો નહિ.

સત્ય એ જ ધર્મ છે.

पक्षपातो न धर्मेऽस्ति, धर्मात्सत्यं प्रकाशते ।

पुण्यपापात्सदा भिन्न, आत्मधर्मः सुखावहः ॥ ७८ ॥

ધર્મ એટલે ધર્મ.

ધર્મને વિષે કોઈ પક્ષપાત ન હોઈ શકે.

કારણ કે ધર્મથી જ સત્ય પ્રકાશી રહ્યું છે.

ખરેખર તો સત્ય એ જ ધર્મ છે.

ધર્મનો પ્રકાશ એ સત્યનો પ્રકાશ છે.

ધર્મથી સત્યને અલગ પાડી શકાય નહિ.

જેટલું સત્ય પ્રકાશમાન એટલો ધર્મ ઝળહળતો.

સત્ય ધર્મના પાયામાં રહેલ છે.

આ જગતમાં પાપ છે, તો પુણ્ય પણ છે. કેટલાક મનુષ્યો પાપાચારને જ શિષ્ટાચાર સમજીને એ પ્રમાણે વહેવાર કરે છે. પાપ એમને મન સહજ છે અને પાપ કર્મથી તેમને કશો આઘાત કે આંચકો લાગતો નથી. પાપને સહજતા પૂર્વક સ્વીકારી લીધું હોય છે. તેમના હાથ પાપ કર્મ માટે સહજ રીતે સળવળતા હોય છે.

આમ અમુક મનુષ્યો સ્વભાવથી પાપમાર્ગી હોય છે.

જ્યારે કેટલાક પુણ્યકર્મી હોય છે.

જીવનમાં શક્ય તેટલું વધુ પુણ્ય કાર્ય કરવું, એ તેમનું ધ્યેય હોય છે. હિંસા, દુરાચાર, અનીતિ, અપ્રામાણિકતા વગેરેથી તેઓ દૂર રહે છે.

માટે પુણ્યનું મહત્ત્વ પણ જાણો. અને પાપનું પરિણામ પણ જાણો.

આત્મધર્મ ભિન્ન છે.

પુણ્યથી પણ ભિન્ન છે અને પાપથી પણ ભિન્ન છે.

આત્મધર્મ સર્વ રીતે સુખકારક છે.

અને એથી જગત્પ્રભુ શ્રી નેમિનાથ જિનેન્દ્ર કહે છે કે :

'પાપ અને પુણ્યથી ભિન્ન એવો આત્મધર્મ સદૈવ સુખકારક છે.'

पुण्यात्स्वर्गो भवेच्छ्वभ्रं, पापात्सर्वदेहिनाम् ।
पुण्यादुर्ध्वमधः पापात्, धर्मो मोक्षाय जायते ॥ ७९ ॥

કર્મનું પરિણામ માણસે ભોગવવું જ પડે છે. દુઃખી થનાર માણસ કોઈ સમયે પૂર્વે કરેલા પાપ કર્મનું ફળ ભોગવી રહ્યો છે એમ જાણવું.

સુખમાં રહેનાર મનુષ્ય એણે પૂર્વે કરેલા પુણ્ય કર્મનું ફળ ભોગવી રહ્યો છે એમ સમજવું.

પાપ અને પુણ્ય. કર્મોના બે પ્રકાર. એકમેકના વિરોધી.

પાપ કર્મ કરનાર દુઃખનો ભોગવનાર અને નરકનો વાસી બને છે.

પુણ્ય કરનાર સુખનો ભોગવનાર બને છે અને ઊર્ધ્વ ગતિને પ્રાપ્ત થાય છે ને મોક્ષમાર્ગી બને છે.

જગત આવા પાપ પુણ્ય કર્મોથી ભરપુર છે.

પાપાત્માઓનો પાર નથી.

મનુષ્યને પાપનો સંકોચ નથી. એને પાપની શરમ નથી.

દુરાચારનો આશરો લઈ સતત દુર્બુદ્ધિને વશવર્તી માણસ અધમ કૃત્યનો કરનાર બને છે. એના હાથે હિંસામય અને અનૈતિક કાર્યો થાય છે, પણ આશ્ચર્યની વાત તો એ છે કે -

આજે તો માણસ કાળના પ્રભાવને કારણ કે પછી ખોટી સંગતને કારણે પાપકર્મને શરમ નહિ, પણ ગૌરવ સમજવા લાગ્યો છે.

પાપથી એ પસ્તાતો નથી. પાપથી એ શરમાતો નથી.

પાપથી એને દુઃખ થતું નથી.

પાપ જાણે એના જીવનનું અભિન્ન અને અનિવાર્ય અંગ બની ગયું હોય એ રીતે આ જગતમાં મનુષ્યને વર્તતો જોઈ શકાય છે.

બલ્કે એમ કહી શકાય કે તેને પુણ્ય કરતા પાપ વધારે ફાવે છે, વધારે ગમે છે, વધારે આનંદ આપે છે.

જગત દ્વિસ્વભાવીય છે.

તેની પ્રકૃત્તિમાં ભિન્નતા છે. તે શેતાન પણ છે ને સજ્જન પણ છે.

તે ગુણિયલ ધર્મીજન છે, તો પાપમાર્ગી શેતાન પણ છે.

પાપ એને ભાવે છે. પાપ એને ગમે છે.

તેથી પાપ માર્ગેથી પાછા વળવાની તેને ક્યારેય ઈચ્છા થતી નથી. કારણ પાપ માર્ગની સુંવાળી સડક તેને આનંદ આપે છે.

પાપી. અને પુણ્યાત્મા.

શેતાન. અને સાધુ.

દુર્જન, અને સજ્જન.

આમ એકમેકથી તદ્દન વિરોધાભાસી પ્રકૃતિ ધરાવતા જીવાત્માઓથી ભર્યું ભર્યું છે આ જગત.

ડૉ. જેકીલ.

એન્ડ હાઈડ.

માનવીનો પાપી ચહેરો. અને પુણ્યકર્મી ચહેરો.

એક સતત પાપ કર્મમાં નિમગ્ન રહે છે. પાપમાં ખૂંપી જાય છે. પાપમાં ડૂબેલો રહે છે. ને પાપને આનંદ માને છે.

બીજો પુણ્યકર્મી છે. દોષથી તે દૂર રહે છે. દુરાચારથી તે અળગો રહે છે. થાય તેટલાં સત્કાર્યો તે કરે છે. થાય તેટલાં સત્કર્મો તે કરે છે. થાય તેટલું પુણ્ય તે કરે છે.

આ જગતમાં જીવોને પુણ્યકર્મો વડે જ સ્વર્ગગતિ થાય છે.

પાપથી અધોગતિ થાય છે.

ધર્મથી મોક્ષ પ્રાપ્ત થાય છે.

અધર્મથી - પાપથી - કુકર્મથી નરકવાસી બને છે ને દુઃખપૂર્ણ યાતનાઓ ભોગવે છે.

**पुण्यपापक्षयान्मुक्ति, र्भवेन्निर्लेपयोगिनाम् ।**
**पुण्यकर्माणि कुर्वन्सन् , ज्ञानी धर्मप्रकाशकः ॥ ८० ॥**

યોગીઓ નિર્લેપ હોય છે.

તેઓ જલકમલવત્ પરમાત્માના ધ્યાનમાં રહે છે.

પૂર્વભવનાં પાપનો ધીરે ધીરે ક્ષય થાય છે.

પુણ્યનો પણ ક્ષય થાય છે. તેઓ મુક્તિને પામે છે. આત્મા મુક્ત બને છે.

હા, તેઓ જરૂર પુણ્ય કર્મ કરે છે. આ જગતમાં તેમના વિહરવાનો હેતુ કેવળ પુણ્ય જ હોય છે. તેઓ સતત પુણ્ય કરતા રહે છે.

ધર્મ સદૈવ પુણ્યનું પરિણામ છે. ધર્મ પુણ્યકર્મનો પ્રેરક છે.

તેઓ ધર્મના પ્રસારમાં સતત કાર્ય કરે છે. પુણ્યકર્મો કરે છે, જે ધર્મનો પ્રકાશ ફેલાવે છે.

ધર્મ અને પુણ્ય એક જ સિક્કાની બે બાજુઓ સમાન છે.

ધર્મ હંમેશાં પુણ્યમાર્ગી બનાવે છે મનુષ્યને. પાપનો છેદ કરે છે.

યોગી ધર્મમાર્ગી છે. ધર્મના પ્રકાશક છે. ધર્મના પ્રસારક છે.

તેમની બુદ્ધિ સદૈવ ધર્મમાં સ્થિર થયેલી હોય છે.

યોગી સાચો જ્ઞાની છે.

તેને જીવનનું જ્ઞાન છે. ધર્મનું જ્ઞાન છે. પાપનું જ્ઞાન છે. પુણ્યનું જ્ઞાન છે.

અને તેથી જ તો તે પોતાના જીવનમાં પાપનો ક્ષય કરે છે, પુણ્યને વધારે છે ને આમ પુણ્યકર્મ કરતો રહેતો હોવાથી તે સાચા અર્થમાં ધર્મનો પ્રકાશ ફેલાવનાર છે.

**ज्ञानिनो नैव लिप्यन्ते, कदाचित्पुण्यकर्मभि : ।**
**तथापि ते तु सर्वेषां, भवन्ति सुखहेतवे ॥ ८१ ॥**

ભગવાન શ્રી નેમિનાથ જિનેન્દ્ર દ્વારિકાપુરીમાં આવ્યા છે.

દ્વારિકાપુરીમાં તેમનું આગમન સહેતુક છે.

જગત્પ્રભુનું કોઈપણ કાર્ય વિશાળ અર્થમાં કલ્યાણકારી જ હોય છે. માત્ર કલ્યાણકારી જ નહિ, જ્ઞાનવર્ધક અને પ્રેરક પણ હોય છે.

દ્વારિકાપુરીમાં તેઓ શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધ પમાડવા આવ્યા છે. તેઓ શ્રી કૃષ્ણ વાસુદેવને આત્મા, ધર્મ, તત્ત્વજ્ઞાન, મોક્ષ, પાપ, પુણ્ય વગેરે વિવિધ બાબતો પ્રતિબોધ પમાડે છે. તેઓ જ્ઞાનીની વાત કરે છે.

**જ્ઞાની ક્યારેય પણ પુણ્યકર્મથી લેપાતા નથી.**

**જ્ઞાનીનું ધ્યેય સર્વનું સુખ છે. સર્વનું કલ્યાણ છે.**

**જ્ઞાની શુભ પંથનો યાત્રી છે.**

જે સારું છે, સાચું છે, શુભ છે, હિતકારી છે અને વિશાળ અર્થમાં સર્વને સુખ પમાડનાર છે, ને જ્ઞાન વડે તે જુએ છે અને તે પ્રમાણે તેને અનુસરે છે.

પુણ્યકર્મથી જ્ઞાની ક્યારેય પણ લેપાતો નથી.

તેમ છતાં પણ તે સર્વને માટે જગતમાં સર્વ જીવો માટે સુખ રૂપ બને છે.

સુખનું કારણ બને છે. સુખનું નિમિત્ત બને છે.

उपयोगेन शर्माऽस्ति, क्रियया कर्म जायते ।
परिणामेन बन्धोऽस्ति, जानाति पूर्णतत्त्वविद् ॥ ८२ ॥

ઉપયોગમાં સુખ છે. ઉપયોગ વિના સુખ દૂર છે.

કર્મ હંમેશાં ક્રિયા વડે થાય છે. ક્રિયા કર્યા વગર કર્મ બનતું નથી. આ જગતમાં સર્વ જીવાત્માઓ ક્રિયાત્મક બને છે. વિવિધ પ્રકારની ક્રિયાઓ કરે છે.

ને ક્રિયા દ્વારા જ કર્મ જન્મે છે.

શુભ ક્રિયાથી શુભ કર્મ બંધાય છે.

પુણ્ય ક્રિયાથી પુણ્ય કર્મનો અનુબંધ થાય છે. ક્રિયા માધ્યમ છે.

જીવાત્મા ક્રિયા વડે કર્મશીલ બને છે.

તેની આ કર્મશીલતા જ કર્મના જન્મ માટે નિમિત્ત રૂપ બને છે.

જ્યાં ક્રિયા છે, ત્યાં કર્મ છે. જ્યાં ક્રિયા નથી, ત્યાં કર્મ નથી.

અકર્મણ્યતાથી કર્મ ઉદ્‌ભવતું નથી. ઉપયોગ માટે ક્રિયા કરવી પડે. જીવાત્મા ઉપયોગ હેતુથી ક્રિયા કરવા પ્રેરાય છે.

તે સક્રિય બને છે.

ને તેની આ સક્રિયતાને કારણ કર્મની ઉત્પત્તિ થાય છે.

શુભ ઉપયોગ, શુભ ક્રિયા અને શુભ કર્મ.

અશુભ ઉપયોગ ને અશુભ હેતુથી જે ક્રિયા થાય છે, તેના થકી પાપ કર્મનો બંધ થાય છે.

ક્રિયાનું પરિણામ કર્મબંધ.

આ બાબત સામાન્ય કે ગૂઢમતિવાળો મનુષ્ય સમજી શકે નહિ.

તત્ત્વના ગૂઢજ્ઞાન વિના આ બાબતને સમજી શકાય નહિ.

જગતમાં જ્ઞાનની જેમ અજ્ઞાન પણ એટલું જ છે.

મૂઢમતિવાળા જીવાત્માઓ પણ મોટી સંખ્યામાં છે.

તેઓ કર્મની આખીય પ્રક્રિયાને સારી પેઠે સમજી શકતા નથી.

તેઓ માત્ર ઉપયોગ હેતુ કર્મ કરે છે.

પણ જે લોકો આ ગૂઢ તત્ત્વના જ્ઞાતા છે, તે જ આ વાતને સારી રીતે જાણી શકે છે.

તેઓ જાણે છે કે - ઉપયોગમાં જ સુખ છે.

ઉપયોગ માટે ક્રિયાત્મક બનવું પડે.

ક્રિયા કર્મબંધને જન્મ આપે છે.

જાત જાતના ઉપયોગો આ વિશ્વમાં જીવાત્માઓ કરે છે. પોત પોતાની સમજ પ્રમાણે સમજણની સરહદોમાં રહીને ઉપયોગ હેતુ ક્રિયાવાન બને છે.

અને આ ક્રિયાને કારણે કર્મ બને છે. પરિણામે કર્મ બંધ થાય છે.

સમજણની વાત છે. જ્ઞાનની વાત છે.

તત્ત્વને સમજવું ખૂબ અઘરી બાબત છે. આવા તત્ત્વજ્ઞ જ્ઞાનીઓ ખૂબ જ અલ્પ સંખ્યામાં હોય છે. તત્ત્વજ્ઞાની કર્મ બંધની સમગ્ર પ્રક્રિયાની વાતને ખૂબ જ સારી રીતે સમજી શકે છે. ને મૂઢમતિવાળા અથવા અલ્પબુદ્ધિવાળા જીવાત્મા માટે સદા સર્વદા સમજણની બહાર છે.

શ્રી નેમિનાથ જગત્પ્રભુ આ વાતથી શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધિત કરે છે.

દ્વારિકાપુરીના રાજા શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધ પમાડવાના હેતુથી તેઓનું શુભાગમન થયું છે.

**आत्मना क्रियते कर्म, आत्मनैव प्रभुज्यते ।**

**आत्मना कर्मनाशोऽस्ति, जायते मुक्तिराऽऽत्मना ॥ ८३॥**

જગત્પ્રભુ કર્મની ઉત્પત્તિથી માંડી કર્મના નાશ સુધીની વાત ખૂબ જ સારી રીતે પ્રસ્તુત કરે છે.

તેઓ એ વાત સમજાવે છે કે- તમામ તબક્કાઓ આત્મા વડે જ પૂર્ણ થાય છે.

આત્મા જ કેન્દ્ર સ્થાને છે. આત્મા જ સર્વ કર્તવ્યશીલ છે.

આત્મા થકી જ ક્રિયા બને છે.

કર્મનો જન્મ પણ આત્માને કારણે જ થાય છે.

આત્મા આત્મા છે.

આત્મા એક અને અનન્ય છે. આત્મા જ સામર્થ્યવાન્ છે.

આત્મા જ કર્મ લક્ષી છે. આત્મા વડે કર્મ કરાય છે.

કર્મનો વિપાક પણ આત્મા વડે જ ભોગવાય છે.

બંધાયેલા કર્મનો નાશ પણ આત્મા વડે જ થાય છે.

ને કર્મનો કચ્ચરઘાણ વળી જતાં આત્મા વડે જ આત્માની મુક્તિ થાય છે.

આમ આત્મા સર્વ તબક્કે કર્તા સ્થાને રહેલો છે.

કરનાર પણ આત્મા. ભોગવનાર પણ આત્મા. ને મુક્તિ પામનાર પણ આત્મા.

આમ આત્મા સર્વ સ્થાને, સર્વ તબક્કે કેન્દ્ર સ્થાને રહેલો છે.

આત્મા જ બંધાય છે. આત્મા જ મુક્ત થાય છે. અને તે પણ આત્મા વડે જ.

આત્મા થકી ઉત્પન્ન થયેલાં કર્મો આત્મા વડે જ ભોગવાય અને આત્મા વડે જ તે નષ્ટ થાય, ત્યારે આત્મા જ આત્મા વડે કર્મ મુક્ત થાય છે. આત્મા જ મુક્તિ પામે છે.

આત્મા જ મોક્ષને પ્રાપ્ત થાય છે. આત્મા જ શાશ્વત કાળ પર્યન્ત આત્મત્વમાં સ્થિર થાય છે.

**शुद्धाऽऽत्मा स्वर्गधामाऽस्ति, दुष्टाऽऽत्मा श्वभ्रमाप्नुयात् ।**
**शुद्धात्मा मोक्षरूपोऽस्ति, यद्योग्यं तत्समाचर ॥ ८४ ॥**

જગત્પ્રભુ આત્મા અંગે વિશેષ ભાવે છણાવટ કરીને પ્રતિબોધ પમાડે છે.

શ્રી કૃષ્ણ વાસુદેવ દ્વારિકાપુરીના રાજા છે ને તેમને પ્રતિબોધિત કરવા શ્રી નેમિનાથ જિનેન્દ્ર પધાર્યા છે.

જગત્પ્રભુ શુદ્ધાત્માની ગતિ સમજાવે છે.

શુભ ઉપયોગી આત્મા શુભ કર્મો કરે છે.

શુભ ક્રિયા વડે તે પુણ્યનો સંચય કરે છે.

કારણ કે શુભોપયોગી છે. તેથી શુભ છે. દોષ રહિત છે. કલ્યાણકારી છે.

શુભ ઉપયોગી આત્મા હંમેશાં શુભ માર્ગનો યાત્રી હોય છે.

તેથી તે સ્વર્ગ ગતિને પામે છે.

સ્વર્ગ અને નરક. બંને આત્માની શુદ્ધતા અને અશુદ્ધતા ઉપર જ નિર્ભર છે.

શુદ્ધાત્મા અને દુષ્ટાત્મા.

આ બંને સ્વરૂપો આત્માનાં છે. સ્વકર્મ વડે તેનું સ્વરૂપ બંધાય છે.

શુભોપયોગી શુદ્ધાત્મા શુભગતિવાળો હોય છે.

તેથી તેના થકી જે કંઈ ક્રિયાઓ થાય છે, તે હંમેશાં શુભ જ હોય છે. અને આવી શુભ ક્રિયાઓ વડે તે શુભ કર્મને જન્મ આપે છે.

શુભ કર્મનું શુભ ફળ મળે છે. શુભ કર્મો પુણ્ય પ્રગટાવે છે.

શુભ કર્મો સ્વર્ગ ધામનાં સોપાનો છે.

જ્યારે અશુભ કર્મ પાપમાર્ગી હોય છે. તેથી નરકગતિને પામે છે. દુષ્ટ આત્મા અનેક પ્રકારનાં વિષય-રાગ-ભોગ-અનીતિ-દુરાચાર વગેરેથી ઘેરાયેલો હોય છે. અને તેથી જ તો તેનામાં દુષ્ટતા નિહિત થઈ હોય છે.

તે દુષ્ટ ક્રિયાઓ કરે છે. તેથી અશુભ કર્મ ઉત્પન્ન થાય છે.

અશુભ કર્મ એટલે પાપ.

તે પાપના માર્ગે આગળ વધે છે.

જે માર્ગ એને નરકના સ્થાનમાં લઈ જાય છે.

આમ દુષ્ટાત્મા પોતાનાં દુષ્ટ કર્મોને કારણે પાપનો પુંજ રચતો હોઈ એને માટે મોક્ષમાર્ગ શી રીતે ખૂલ્લો બને ?

મોક્ષ તો પુણ્યના માર્ગમાં આવેલી સ્થિતિ છે.

મોક્ષ અને નરક.

એકમેકથી તદ્દન વિરોધી સ્થિતિ જીવાત્મા પોતાનાં કર્મો વડે જ પ્રાપ્ત કરે છે.

શુભ કર્મ- પુણ્યબંધ કરે છે. અશુભ કર્મ- પાપબંધ કરે છે.

પાપ અને પુણ્ય બંને આત્માની શુદ્ધતા- અશુદ્ધતા ઉપર આધારિત છે.

શુદ્ધાત્મા સ્વર્ગને પામે છે.

દુષ્ટાત્મા નરકને પામે છે. નરકની યાતનાઓને પામે છે.

જગત આ બંને પ્રકારના જીવાત્માઓથી ઉભરાય છે.

અહીં શુભ માર્ગી શુદ્ધાત્માઓ છે.- તો દુષ્ટાત્માઓ પણ છે

અહીં પાપાત્માઓ છે.- તો પુણ્યાત્માઓ પણ નિવસે છે.

જ્યાં દુષ્ટ કર્મો થાય છે, પાપના પંક જામે છે, અનાચાર અને દુરાચારની દુર્ગંધ પ્રવર્તે છે, ત્યાં સમજી લેવું કે- દુષ્ટાત્માઓના દુષ્કર્મોનું આ પરિણામ છે.

દુષ્ટ આત્મા પોતાની દુષ્ટતા છોડતો નથી. તેથી પાપનો ખડકલો થાય છે. ને અંતે આવો દુષ્ટાત્મા નરકવાસી બને છે.

શુભમાર્ગી શુદ્ધાત્માની તો વાત જ જુદી છે.

અહીં પવિત્રતા, શુદ્ધતા, શુભાચરણ જોવા મળે છે ને તેને કારણે પુણ્ય વધતું જાય છે. આવો શુદ્ધાત્મા સ્વર્ગનો અધિકારી બને છે.

**इन्द्रियासक्तियोगेन, मृत्यु र्भवति देहिनाम् ।**

**आत्माऽऽसक्त्या तु लोकानां, जन्ममृत्यु न जायते ॥८५॥**

આ જગતમાં આસક્તિ જ સર્વ દુઃખોનું મૂળ છે. કોઈપણ વસ્તુ વિષે આસક્તિ પેદા થતાં મોહ જન્મે છે ને મોહને કારણે નીતિનાશ થાય છે, જે સર્વ પીડાઓનું કારણ બને છે.

લાલસામાં લપટાય છે માણસ. મોહમાં ફસાય છે માણસ.

માણસ મનમાં રૂપ અને સુંદરતાના રાગાત્મક ભાવ ખડો કરે છે ને રાગ ભોગના માર્ગે લઈ જાય છે.

ભોગ એ રોગ છે. રાગને કારણે એ રોગનો યોગ થતો હોય છે.

મનુષ્યમાં ઈન્દ્રિયો અસંયમિત બને છે, ત્યારે તેના મનમાં આસક્તિ પેદા થાય છે ને આસક્તિના યોગથી જ કર્મબંધ થતાં જીવનું મૃત્યુ થતું હોય છે.

આસક્તિ મૃત્યુનું કારણ બને છે. મોહ નાશનું કારણ બને છે.

દેહધારી માનવને આસક્તિ થતાં તે ઈન્દ્રિયોને ગુલામ બની જાય છે. ઈન્દ્રિયોને વશ થઈ જાય છે. અને ઈન્દ્રિયોની આસક્તિ આખરે તેને મોતના માર્ગ ભણી જ લઈ જાય છે.

જગતમાં ચળકાટભરી ચીજોનો પાર નથી.

ક્યાંક રૂપ છે. ક્યાંક રૂપિયો છે.

ને એનો મોહ જન્મે છે માનવીના મનમાં. તેની મક્કમતા શિથિલ બની જાય છે ને તે અસંયમની પકડમાં આવી જાય છે. ઈન્દ્રિયોની આસક્તિના ફાંસલામાં ફસાયેલો માણસ છેવટે મૃત્યુ પામે છે.

ઈન્દ્રિયોની આસક્તિ મોતનું કારણ બને છે.

પણ આત્માની આસક્તિથી મૃત્યુ થતું નથી પરંતુ મૃત્યુથી મુક્ત બને છે.

शुद्धाऽऽत्मरूपमादाय, नामरूपादिविस्मृतिः ।
कर्तव्याऽऽत्मोपयोगेन, सदसत्सु विवेकिना ॥ ८६ ॥

વિવેકી પુરૂષોએ હંમેશા આત્મોપયોગ દ્વારા શુદ્ધાત્મસ્વરૂપનું આલંબન કરવું જોઈએ.

આ જગતમાં સદ્ અને અસદ્ બન્ને છે.

ક્યાંક સદ્ જોવા મળે છે. ક્યાંક અસદ્નાં દર્શન થાય છે.

શુભ અને અશુભ.

સારાં અને નઠારાં.

આમ એક મેકથી ગુણ સ્વરૂપે તદ્દન વિરોધાભાસી એવાં તત્ત્વોના પરિચય મનુષ્યને પોતાના જીવન દરમ્યાન થાય છે.

સદ્ પદાર્થો અને અસદ્ પદાર્થો.

આ પદાર્થોનાં ચોક્કસ રૂપ હોય છે. એમનાં ચોક્કસ નામ હોય છે.

અને માનવી મોહ બુદ્ધિને કારણે આસક્તિવશ તેમાં અટવાઈ જાય છે ! ખરેખર તો મનુષ્ય માટે જરૂરી છે કે આત્મોપયોગ પૂર્વક શુદ્ધાત્મ સ્વરૂપનું આલંબન. એટલું જ નહિ પણ જગતના સદ્ અસદ્ પદાર્થોનાં નામ રૂપ વગેરેની વિસ્મૃતિ કરવી જોઈએ.

નામ અને રૂપ જ મોહ માટે કારણભૂત છે.

જો મોહપંકમાં ન ડૂબવું હોય તો શુદ્ધાત્મસ્વરૂપનું આલંબન કરીને આવા સદ્ અસદ્ પદાર્થોનાં રૂપ અને નામ વગેરેનું વિસ્મરણ કરવું જોઈએ.

निष्क्रियज्ञानसिद्धाऽऽत्मा, लिप्यते नैव वस्तुषु ।
लिप्यते पुद्गलस्कंधः, पुद्गलस्कंधयोगतः ॥ ८७ ॥

શ્રી નેમિનાથ જગત્પ્રભુની વાણી જગતનાં જીવાત્માઓનું કલ્યાણ કરનારી છે.

જગતમાં વસતા તમામ નાના મોટા પ્રાણીઓનું સુખ કલ્યાણ થાય. તેમની પ્રતિબોધક વાણી છે.

સત્ય તો એ છે કે જે વાણી ઢાળ પરના પાણીની જેમ અર્થહીન રીતે ઢોળાઈ જાય અને કોઈની તૃષા ન છીપાવી શકે, તેનો અર્થ શો ? વાણી અંધકારમાં પ્રકાશ પાથરનારી હોવી જોઈએ.

વાણી કલ્યાણકર હોવી જોઈએ.

પાણી તરસ છીપાવે. કોઈનો મેલ ધુએ.

વાણી પણ જ્ઞાનતૃષા છીપાવે. મનની મલિનતા ધોઈ નાંખે.

નહિતર- પાણી ઢોળાઈ જાય. વાણી વિખેરાઈ જાય.

શ્રી નેમિનાથ જિનેન્દ્રની વાણી જગત માટે કલ્યાણકારી છે. શ્રી કૃષ્ણ વાસુદેવ દ્વારિકાપુરીના રાજા છે. શ્રી નેમિનાથ જિનેન્દ્ર દ્વારિકાપુરીમાં શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધિત કરવા માટે પધાર્યા છે, જ્ઞાનનો પ્રકાશ ફેલાવવા પધાર્યા છે.

તેઓ જ્ઞાનસિદ્ધાત્મા વિષે વાત કરે છે.

નિષ્ક્રિય એવા જ્ઞાનસિદ્ધાત્મા જગતના જડ પદાર્થોમાં લેપાયમાન કદી પણ થતો નથી. જોકે જગતના મોહક જડ પદાર્થો ચિત્તાકર્ષક રૂપ ધારણ કરીને આત્માને લેપવા માટે સદૈવ તત્પર જ હોય છે.

પણ નિષ્ક્રિયજ્ઞાનસિદ્ધાત્મા આવી જડ વસ્તુઓમાં લેપાયમાન થતો નથી. પરંતુ પુદ્ગલ સ્કંધનો યોગ થાય છે, તેથી આવી જડ વસ્તુઓમાં માત્ર પૌદ્ગલિક સ્કંધ જ લેપાય છે.

।નેષ્ક્રિય જ્ઞાન સિદ્ધાત્મા નહિ.

**भावनाज्ञानयुक्ताऽऽत्मा, क्रियासु नैव लिप्यते ।**

**आसक्तो निष्क्रियः सोऽपि, लिप्यते कर्मपुद्गलैः ॥८८॥**

શ્રી નેમિનાથ જિનેન્દ્રના તમામ ઉપદેશ શુભ અને કલ્યાણકારી છે. એમનું આગમન પણ શુભંકર જ હોય.

દ્વારિકાપુરીમાં શ્રી કૃષ્ણ વાસુદેવ રાજા છે. તેમને પ્રતિબોધ પમાડવા માટે શ્રી નેમિનાથ પ્રભુ દ્વારિકાપુરીમાં પધાર્યા છે. તેઓ શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધિત કરી રહ્યા છે.

તેઓ આત્મા તથા કર્મ સહિત અનેક ગૂઢ બાબતોનો બોધ શ્રી કૃષ્ણ વાસુદેવને આપી રહ્યા છે.

ભાવના હોય. જ્ઞાન હોય. તો આવો આત્મા ક્યારેય પણ ક્રિયાઓમાં લેપાતો નથી.

જ્યાં ભાવના નથી તથા જ્ઞાન શૂન્યતા પ્રવર્તે છે, ત્યાં મનુષ્ય ક્રિયાઓમાં લેપાય છે અને કર્મોના બંધનમાં બંધાય છે.

ભાવના જ મુખ્ય છે.

ભાવના પ્રધાન ભાવ છે. ભાવના વગર બધું જ નકામું.

જ્યાં ભાવના ના હોય, ત્યાં ક્રિયા મુખ્ય બને છે ને આત્મા તેમાં લેપાઈને કર્મબંધમાં પડે છે.

માત્ર ભાવના જ નહિ જ્ઞાન પણ એટલું જ અનિવાર્ય છે. ને જ્યાં ભાવના અને જ્ઞાનનો યોગ થયો છે, તેવો આત્મા ક્રિયાથી અળગો રહે છે. કર્મથી અળગો રહે છે. પછી એમાં લેપાવાની વાત તો ક્યાં રહી ?

જ્ઞાની માટે કર્મબંધ અળગુ છે. ભાવના હોય ત્યાં ક્રિયાથી લેપાવાનું નથી.

તો પછી કોણ લેપાય છે ? કોણ ક્રિયાથી વીંટળાય છે. ?

કોણ કર્મબંધને બંધાય છે ?

જે જીવો ક્રિયાવંત છે તે. જે જીવો આસક્ત છે તે.

મોહ એમને બાંધે છે. મોહ એમને આકર્ષે છે.

આ જગત અનેક ચિત્તાકર્ષક, રૂપાળા અને નયનરમ્ય પદાર્થોથી ભરેલું છે. આવા પદાર્થો પર નજર પડતાં જ જીવ ખેંચાણ અનુભવે છે.

એક પ્રકારનું આકર્ષણ ઊભું થાય છે. ખેંચાણ ઊભું થાય છે.

માયાવી પદાર્થો એને ખેંચે છે.

માણસ એ તરફ લોહચુંબક પ્રતિ લોહકણો ખેંચાય તેમ ખેંચાય છે. એમાં લપેટાઈ જાય છે. એમાં ફસાઈ જાય છે. એમાં તે આસક્તિભાવ અનુભવે છે.

રાગ તો જીવને ખેંચનારાં દોરડા સમાન છે.

રાગ રોગ છે. રાગ ભોગનું દ્વાર ખોલી આપે છે.

જીવ ભોક્તા બને છે. ભોગના ભોરીંગ એને ડસે છે.

જીવ રાગભાવથી ભોગવાળી ક્રિયાઓમાં લેપાઈ જાય છે ને અનેક રાગાત્મક કર્મોના બંધન વડે તે બંધાઈ જાય છે.

કારણ કે રાગી જીવ આસક્ત છે. જ્ઞાન હીણો છે. ભાવના શૂન્ય છે.

ને જ્યાં જ્ઞાન નથી, ભાવના નથી અને જ્યાં માત્ર આસક્ત ભાવ જ રમી રહ્યો છે, એવો જીવ કર્મ પુદ્ગલોથી લેપાઈ જાય છે.

અનેક પ્રકારના કર્મો તેના થકી થાય છે.

તે કર્મની જાળમાં ફસાઈ જાય છે. કરોળિયાના જાળામાં માંખી ફસાઈ જાય તેમ.

માટે શુદ્ધ ભાવનાથી ભરાઈ જાવ. જ્ઞાનયુક્ત બનો.

આસક્ત ન બનો. મોહ યુક્ત ન બનો. અને કર્મ પુદ્ગલોથી બચો.

आत्मज्ञानक्रियायुक्तो, निर्मोहो नैव लिप्यते ।
सूक्ष्मबाह्यप्रवृत्त्या तु, नासक्तो न च लिप्यते ॥ ८९ ॥

શ્રી નેમિનાથ જગત્પ્રભુ દ્વારિકાપુરીમાં આવીને શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધિત કરતાં જ્ઞાનની સરવાણી વહાવી દે છે:

એમની વાણી જ્ઞાનયુક્ત અને શુભાશયથી ભરેલી છે. એટલું જ નહિ પણ સમગ્ર જગતના જીવોનું કલ્યાણ કરનારી છે.

તેઓ આત્મજ્ઞાનની વાત કરે છે. કોણ કર્મથી લેપાતો નથી ?

આત્મજ્ઞાનવાળો મનુષ્ય. ક્રિયાયુક્ત મનુષ્ય.

બાકી તો આ જગતમાં અનેક ક્રિયાઓ જીવને લપેટાઈ જવા માટે થનગનતી ઊભી છે.

જીવની જરાક નબળાઈ એના પતનનું કારણ બની રહે છે.

જો જ્ઞાન ન હોય તો- મનુષ્ય કર્મથી લેપાઈ જાય છે.

જો તે ક્રિયા યુક્ત ન હોય તો- તે કર્મથી લેપાઈ જાય છે.

આત્મજ્ઞાન બચાવે છે મનુષ્યને.

ક્રિયાયુક્તપણું બચાવે છે મનુષ્યને.

જગતમાં અનેક પ્રકારની સૂક્ષ્મ બાહ્ય પ્રવૃત્તિઓ રહેલી છે. આ પ્રવૃત્તિઓથી જે અનાસક્ત રહે છે, તે મનુષ્ય કદી લેપાતો નથી.

પ્રવૃત્તિઓ મનુષ્યને ખેંચે છે. મનુષ્ય આકર્ષાય છે. પ્રવૃત્તિમાં પડે છે.

રાગ ભોગ યુક્ત પ્રવૃત્તિઓનો તો આ જગતમાં પાર નથી. માયા નટી અનેક પ્રકારની અંગભંગીઓ દ્વારા નખરાં કરે છે. જીવને ખેંચવા માટે અનેક પ્રકારનાં નૃત્ય તે કરે છે.

એનાં લીલા નૃત્યો મોહથી ભરેલાં હોય છે.

એ લલચાવનારાં હોય છે. જીવને ખેંચનારાં હોય છે.

ભાન ભૂલીને પ્રબલ આસક્ત ભાવને કારણે મનુષ્ય રાગ ભોગાત્મક પ્રવૃત્તિઓમાં પડી જાય છે. માયાનાં આકર્ષક રૂપો એની ઈન્દ્રિયોને પરવશ બનાવી દે છે. જીવ પ્રબલ આકર્ષણ અનુભવે છે.

ભોગ તો ભોરીંગ સમાન છે. તે ફૂત્કારે છે. દંશ દે છે.

નાગના દંશ કરતાં પણ ભોગના દંશ વધારે ખતરનાક હોય છે.

નાગના દંશથી જે ઝેર ચઢે છે, એનાથી તો યથાયોગ્ય ઉપચારને કારણે બચી શકાય.

પણ ભોગના ભોરીંગના દંશને કારણે મનુષ્યને જે ઝેર ચઢે છે, એનાથી ક્યારેય પણ બચી શકાતું નથી.

માણસ રાગનું રમકડું બની જાય છે ને રાગમાં લપેટાવાથી છેવટે તે રાગનું રમકડું બની જાય છે.

રાગ બનાવે રાખ. રાગ રાખ સમાન છે. રાગ રોગ સમાન છે. એનાથી અળગા રહેવું જોઈએ. એનાથી બચવું જોઈએ.

- આ પ્રકારનું જ્ઞાન જે મનુષ્ય પાસે છે, તે મનુષ્ય કર્મથી લેપાતો નથી. - રાગ યુક્ત ભોગાત્મક કર્મોમાં કદી પણ પડતો નથી. - રાગના રંગમાં ડૂબતો નથી.

- ભોગની નાગચૂડમાં ફસાતો નથી.

એ માટે જરૂર છે- આત્મ જ્ઞાનની.

એ માટે જરૂર છે - ક્રિયા યુક્ત નિર્મોહીપણાની.

એ માટે જરૂર છે - અનાસક્તભાવની.

અને આવો જ મનુષ્ય કર્મની નાગચૂડમાંથી બચી શકે છે.

**आत्मज्ञाननिमग्नानां, मुक्तिराऽऽत्मनि संस्थिताः ।**

**निःस्पृहत्वं भवेत्तेषां, परिपूर्णस्थिराऽऽत्मनाम् ॥ १० ॥**

જગત્પ્રભુ શ્રી નેમિનાથ જિનેન્દ્ર શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધ પમાડી રહ્યા છે. દ્વારિકાપુરીમાં તેમનું આગમન શુભહેતુ માટેનું છે.

તેઓ આત્મા વિષે વિગતે પ્રતિબોધ કરી રહ્યા છે.

તેઓશ્રી કહે છે કે : જે મનુષ્યો આત્મજ્ઞાનમાં નિમગ્ન છે, તેમની મુક્તિ આત્મામાં જ રહેલી છે.

આવા મનુષ્યો પરિપૂર્ણ છે. તેઓ સ્થિરબુદ્ધિવાળા છે.

તેઓ અનાસક્ત ભાવે આ સંસારમાં વસેલા છે.

આત્મજ્ઞાનમાં નિમગ્ન રહેલા મનુષ્યોને આસક્તિ સતાવતી નથી. તેઓ જગતના આકર્ષક પદાર્થો પ્રત્યે નિર્મોહીપણું કેળવી શક્યા છે.

તેઓ આત્મજ્ઞાન વડે સમજી શક્યા છે કે :

આ માત્ર માયાનો ચળકાટ છે. રાગના રંગ છે.

માયાનાં આ ભોગાત્મક સ્વરૂપો છે.

એમાં ડૂબી ન શકાય. એમાં મગ્ન ન બની શકાય. રાગમાં લેપાઈ જવાય નહિ.

અને તેથી જ તેઓ આ બધાથી પોતાની જાતને અળગી રાખી શકે છે અર્થાત્ મોહાત્મક રાગ રંગથી અલિપ્ત રહી શકે છે.

કોઈ ઈચ્છા સતાવતી નથી. કોઈ સ્પૃહા તેમને પીગળાવતી નથી.

અને તેથી આત્મજ્ઞાનમાં નિમગ્ન મનુષ્યો આત્મામાં જ મુક્તિ મેળવે છે.

તેઓ પરિપૂર્ણ છે. સ્થિર પ્રજ્ઞાવાળા છે.

તેમનામાં નિઃસ્પૃહીપણું રહેલું છે.

**आत्माऽधीनं सुखं नित्यमनित्यं देहसंगजम् ।**
**विज्ञेयं सुखदुःखानां, लक्षणं भव्यमानवैः ॥ ११ ॥**

સુખના પણ બે પ્રકાર છે.

જે સુખ આત્માને અધીન છે, તે નિત્ય છે.

જ્યારે દેહથી ઉત્પન્ન થયેલું સુખ અનિત્ય છે.

નિત્ય અને અનિત્ય.

આત્માનું અને દેહનું.

જે લોકો જ્ઞાની છે, બુદ્ધિમાં જેમણે સ્થિરતા પ્રાપ્તિ કરી છે ને જેઓ અનાસક્તભાવ કેળવી શક્યા છે, તેઓ આ વાત સારી રીતે જાણી શકે છે.

મનુષ્યને કયું સુખ જોઈએ ? દેહનું કે આત્માનું ?

નિત્ય કે અનિત્ય ?

અલ્પજીવી ? કે સનાતન ?

નાશવંત ? કે અવિનાશી ?

આત્મજ્ઞાન ધરાવનાર મનુષ્ય જાણે છે કે -

હંમેશાં આત્માને આધીન સુખની જ વાંચ્છના થાય.

કેવળ નિત્ય સુખની જ ઈચ્છા કરાય.

દેહથી ઉત્પન્ન થયેલા સુખની વાંચ્છના ન થાય.

કારણ કે દેહથી ઉત્પન્ન થયેલું સુખ અનિત્ય છે.

અલ્પજીવી છે. વિનાશી છે. એવા સુખની ઈચ્છા ન કરાય.

સુખનાં આ લક્ષણોને ભવ્ય જીવો સારી રીતે જાણે છે.

દેહથી ઉત્પન્ન થતું સુખ અનિત્ય છે, એ વાત તેઓ જાણે છે.

આ જગતનો સ્વભાવ ખૂબ વિચિત્ર છે.

સંસાર સ્વભાવી મનુષ્યો દૈહિક સુખોની વાંચ્છના કરે છે.

અનિત્ય સુખોની વાંચ્છના કરે છે.

ઝાકળના જળ સમાન અલ્પજીવી સુખોની વાંચ્છના કરે છે.

મનને બહેલાવે, દેહને ગલગલિયાં કરાવે અને ઈન્દ્રિયોને ઉલ્લસિત કરે એવાં સુખ દૈહિક સુખ છે.

આવાં સુખ અનિત્ય છે. ક્ષણજીવી છે.

પણ સંસારમાં નિવસતા મનુષ્યો મોહાત્મક ભાવ અનુભવતા હોય છે. તેમની આસક્તિ છુટી હોતી નથી. મોહનું પ્રબળ ખેંચાણ તેમના મનમાં રહેલું હોય છે. રૂપ અને રંગમાં તેઓ આસક્ત થયેલા હોય છે.

બાહ્ય ચળકાટ તેમને ખેંચે છે.

રૂપિયા અને રૂપનું આકર્ષણ તેના મનમાં સદૈવ રમી રહેતું હોય છે. તેઓ એશો આરામને ઝંખતા હોય છે. વૈભવને ઝંખતા હોય છે. શારીરિક ખેંચાણને તેઓ મહત્ત્વ આપતા હોય છે. સાંસારિક સુખોમાં જ તેઓ રચ્યા પચ્યા રહેતા હોય છે.

પણ સાવધાન ! આ પ્રકારનાં સુખ કાયમી નથી.

અલ્પજીવી છે. અનિત્ય છે. નાશવંત છે.

પાણીના પરપોટાની જેમ તત્કાળ ફૂટી જનારાં હોય છે.

પણ આત્મજ્ઞાનના અભાવે તેઓ આ વાતને સમજી શકતા નથી.

અને તેથી જ નિત્યને ત્યજી તેઓ અનિત્યને ભજે છે.

ઝાંઝવાના જળ પાછળ દોડે છે.

ખરું સુખ તો આત્મ સુખ છે.

આત્માને અધીન જે સુખ છે, તે જ સાચું ને નિત્ય છે પણ સંસારીજનો સાચા રત્નને છોડી હાથમાં કાંકરા પકડતા હોય છે.

નિત્યને છોડીને અનિત્યની ઈચ્છા રાખતા હોય છે !

પણ ભવ્ય જીવો સુખ અને દુઃખના લક્ષણને સારી રીતે જાણે છે. નિત્ય અને અનિત્ય સુખના લક્ષણને પણ સારી રીતે જાણે છે.

बाह्याऽऽत्मनां भवेद् दुःखं, सत् सुखं चाऽन्तराऽऽत्मनाम्।
पराऽऽत्मनां सदा पूर्णसुखमव्ययशाश्वतम् ॥ ९२ ॥

ભગવાન શ્રી નેમિનાથ જિનેન્દ્ર દ્વારિકાપુરીમાં સહેતુક અર્થાત્ સર્વના કલ્યાણ હેતુ પધાર્યા છે.

તેઓ દ્વારિકાપુરીના રાજા શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધ પમાડી રહ્યા છે. તેઓ આત્મા વિષે ખૂબ જ વિસ્તાર પૂર્વક પ્રતિબોધ કરી રહ્યા છે.

આત્માના ત્રણ પ્રકારો છે.

બાહ્ય આત્મા. અંતરાત્મા અને પરાત્મા.

બાહ્યાત્માઓને દુઃખ હોય છે. અંતરાત્માઓને સુખ હોય છે, જ્યારે પરાત્માઓને સદા પૂર્ણ, અવ્યય, શાશ્વત સુખ હોય છે, કારણ કે તેઓ રાગ અને ત્યાગના ભાવથી મુક્ત છે.

બાહ્ય જગતમાં જે પોતાને રોકી રાખે છે તથા મોહ ખેંચાણ અનુભવે છે, તે છેવટે તો દુઃખનું કારણ હોય છે.

બાહ્ય આત્માઓને આમ દુઃખ હોય છે.

અંતરાત્માઓ આંતરિક સુખની અનુભૂતિ કરે છે. તેઓ સદા સુખનો સ્પર્શ પામે છે. જ્યારે પરાત્માઓ તો સદૈવ પૂર્ણ અને વ્યય નહીં થનારું શાશ્વત સુખ પામે છે.

आत्मनि परमाऽऽत्मानं, पश्यन्ति ज्ञानयोगिनः।
शून्यमिव जगत्सर्वं, न च पश्यन्ति पण्डिताः ॥ ९३ ॥

આત્મા એ જ પરમાત્મા છે.

આત્મા અને પરમાત્મા ભિન્ન નથી.

આત્મા - પરમાત્મા અભિન્ન છે.

જ્ઞાનયોગીઓ આ વાત સારી રીતે જાણે છે. અને તેથી જ તો તેઓ આત્મામાં જ પરમાત્માનાં દર્શન કરે છે.

આ જગતમાં પરમાત્મા સર્વ આત્માઓમાં વસે છે. પરમાત્મા વિના આ જગત ખાલી નથી. સર્વત્ર પરમાત્મા વિલસી રહેલો છે.

તેથી આ જગતને શૂન્ય શૂન્ય માનવું એ યોગ્ય નથી.

જ્ઞાન યોગીઓ જ્ઞાનના ઉપયોગથી આ બાબતને ઊંડાણથી સમજે છે. તેઓ જાણે છે કે આત્મા જ પરમાત્માનું સ્વરૂપ છે.

આત્માથી પરમાત્મા અલગ નથી.

બલ્કે આત્મા એ જ પરમાત્મા છે.

પંડિત પુરુષો જ્ઞાનના પ્રતાપે સર્વ હકીકત સારી રીતે સમજી શકે છે. આત્માના સ્વરૂપને ઊંડાણ પૂર્વક બિશદ્દતાથી જાણે છે ને આત્મા-પરમાત્મા અંગે તેઓ ચોક્કસ જ્ઞાન ધરાવે છે.

તેઓ આ જગતને શૂન્ય માનતા નથી. જગતના સર્વ જીવાત્માઓ પરમાત્મ સ્વરૂપ છે, એ વાતને તેઓ સમજે છે. અને સ્વીકારે પણ છે.

**आत्मज्ञानेन निस्संगो, बाह्यसंगेषु जायते ।**

**अतो ज्ञानसमं नास्ति, पवित्रं बस्तु भूतले ॥ ९४ ॥**

**ભગવાન શ્રી નેમિનાથ જિનેન્દ્ર દ્વારિકાપુરીમાં પધાર્યા છે. દ્વારિકાપુરીમાં રાજા શ્રી કૃષ્ણ વાસુદેવ છે. તેઓ શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધ પમાડવા પધાર્યા છે. તેઓ આત્મા અને પરમાત્મા વિષે વિશદ્ છણાવટ કરે છે એટલું જ નહિ પણ આત્મા અને પરમાત્માના સ્વરૂપને ખૂબ સારી રીતે સમજાવે છે.**

જેને આત્મજ્ઞાન ઉત્પન્ન થાય છે, તે મોહ માયા અને જગતના સ્વભાવથી સુપેરે જાણકાર હોય છે અને તેથી જ તેઓનું બાહ્ય સંગોમાં નિસ્સંગપણું હોય છે. તેઓ બાહ્ય સંગોથી અળગા રહે છે.

બાહ્ય સંગોથી તેઓ આત્મ જ્ઞાનના પ્રભાવથી લેપાતા નથી.

લેપાય તો એ છે કે જેનામાં આત્મજ્ઞાન ન હોય.

આત્મજ્ઞાન જ આ વિશ્વમાં મહાન છે.

આત્મજ્ઞાનની બરાબરી કરી શકે એવી કોઈ ચીજ આ જગતમાં નથી.

આત્મજ્ઞાન ઉમદા છે. આત્મજ્ઞાન શ્રેષ્ઠ છે. આત્મજ્ઞાન પવિત્ર છે.

આત્મજ્ઞાન જેવી પવિત્ર વસ્તુ આ જગતમાં અન્ય એકેય નથી.

અને આત્મજ્ઞાનને કારણે જ મનુષ્યનું બાહ્ય સંગોમાં નિઃસંગપણું થાય છે.

आत्मज्ञानमहाशस्त्रं, छिन्नत्ति कर्मपादपान् ।

सर्वजातिभयौघेषु, स्वाऽऽत्मज्ञानी हि निर्भयः ॥ ९५ ॥

શ્રી નેમિનાથ જગત્પ્રભુ દ્વારિકાપુરીમાં રાજા શ્રી કૃષ્ણ વાસુદેવને આત્મજ્ઞાનનું મહત્ત્વ પ્રતિબોધિત કરે છે.

આત્મજ્ઞાન માનવીનું મોટામાં મોટું બળ છે.

આત્મજ્ઞાન મહાશસ્ત્ર છે.

આત્મજ્ઞાનને કારણે જ કર્મો છેદાય છે.

આત્મજ્ઞાન રૂપ મહાશસ્ત્ર વડે તે કર્મરૂપી વૃક્ષને છેદે છે.

આત્મજ્ઞાન કર્મને કાપે છે. કર્મવૃક્ષનું નિકંદન કાઢી નાંખે છે.

કર્મનો કચ્ચરઘાણ વાળી નાંખે છે.

આમ તો આ જગતમાં જાત જાતના ભય અસ્તિત્વ ધરાવે છે. કર્મ બંધાય છે અને ભયનું સામ્રાજ્ય ફેલાતું જાય છે.

આ ભય સર્વ જાતિનો હોય છે.

ભયના સમૂહો ઠેર ઠેર ઊભા થયા હોય છે ને આ બધા ભય સમૂહોને કારણે માનવી સતત ફફડતો તથા થથરતો રહે છે.

પણ જે આત્મજ્ઞાનથી છલોછલ ભરેલો છે, જેનામાં સ્વાત્મજ્ઞાન છે, એને વળી ભય શાનો ?

એ કદી ભય ન પામે. કારણ કે આત્મજ્ઞાનરૂપી મહાન શસ્ત્ર તો કર્મરૂપી વૃક્ષને કાપી નાખે છે ને જ્યાં કર્મો જ છેદાતાં હોય, ત્યાં સ્વાત્મજ્ઞાની ભય શા માટે રાખે ?

शुद्धाऽऽत्मानं विना सर्वं, मिथ्या हृदि निबोधत ।

शुद्धाऽऽत्मनि रमन्ते ते, क्रियावन्तोऽपि निष्क्रियाः ॥ ९६ ॥

જગત્પ્રભુ શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધિત કરી રહ્યા છે. શ્રી નેમિનાથ જિનેન્દ્ર દ્વારિકાપુરીમાં પવિત્ર આશયથી પધાર્યા છે.

તેઓ અંધકારને ફેડવા માંગે છે. પ્રકાશ પ્રગટાવવા માગે છે. મનુષ્યનો સૌથી મોટો અને ગાઢ પ્રગાઢ અંધકાર છે અજ્ઞાનનો અંધકાર.

આ અંધકાર ભેદાય તો સર્વત્ર સર્વ સમયે જ્ઞાનનો પ્રકાશ ફેલાઈ રહે.

હે ભવ્યાત્માઓ ! સાંભળો ને આ વાતને હૃદયમાં ધારણ કરો. શુદ્ધાત્મા વિના આ જગતમાં સર્વને મિથ્યા જાણો.

શુદ્ધાત્મા જ સર્વમાં કાંઈ છે.

આત્મા જ પરમાત્મા છે. બાકીનું બીજું બધું પોકળ અને ફોગટ છે. એ બધાને તમે મિથ્યા માનજો.

શુદ્ધાત્મા આમ તો ક્રિયાવંત છે, તેમ છતાં તે નિષ્ક્રિય છે. આવા શુદ્ધાત્માઓ જ આત્મા વિષે રમણ કરે છે અને તેથી જ શ્રી નેમિનાથ જગત્પ્રભુ શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધ પમાડતાં શુદ્ધાત્માના સ્વરૂપની ચર્ચા કરે છે.

તેઓ કહે છે કે હે ભવ્યાત્માઓ ! આ જગતમાં મહત્વના સ્થાને છે શુદ્ધાત્મા ! શુદ્ધાત્મા ક્રિયાવંત છે, તેમ છતાં નિષ્ક્રિય છે. એના વિના આ જગતમાં સર્વ કાંઈ મિથ્યા છે એમ જાણજો. જગતની બાહ્ય ચળકાટવાળી વસ્તુઓ મિથ્યા સ્વભાવી, પોકળ અને ફોગટ છે. શુદ્ધાત્માઓ જ આત્મા વિષે રમણ કરે છે.

**तनुभिन्नो भवेदाऽऽत्मा, आत्मतोऽन्यद्वपुः सदा ।**
**आत्मज्ञानीति विज्ञाय, देहनाशे न शोचति ।। १७ ।।**

દેહ અને આત્મા ભિન્ન છે. દેહ એ જ આત્મા નથી.

શરીર અને આત્મા અલગ અલગ છે. તેમને એક માની લેવું એ અજ્ઞાનતા છે. મિથ્યાજ્ઞાન છે.

દેહ દેહ છે. આત્મા આત્મા છે.

શરીરને તમામ પ્રકારનાં ભૌતિક વળગણો હોય છે. એ વસ્ત્રથી ઢંકાય છે. અલંકારોથી લદાય છે. મોંઘાદાટ સુગંધીદાર અત્તરોથી શણગારાય છે. સ્વાદિષ્ટ આહારથી પુષ્ટ કરાય છે.

આત્માને આ બધાની જરૂર નથી.

આત્મા તો સ્વયં શણગારાયેલો છે.

દેહની સ્થિતિ અલગ છે. દેહની જરૂરિયાતો અલગ છે.

દેહની જરૂરિયાતો ઘણી બધી હોય છે. તેને ધન વૈભવની જરૂર પડે છે. સગવડોની જરૂર પડે છે. અગવડોમાં એ અકળાઈ જાય છે. કામ કરવાથી થાકી જાય છે. વધુ પડતા શ્રમથી એ બિમાર પડી જાય છે. એને દવાની જરૂર પડે છે. ડૉક્ટરની જરૂર પડે છે.

આરામની જરૂર પડે છે. શુશ્રૂષાની જરૂર પડે છે.

આત્માને એવી કશી જ જરૂર પડતી નથી.

ન તો સુખ સગવડની જરૂર કે ન વૈભવની.

શરીર અને આત્મા અભિન્ન નથી. એક નથી. અલગ અલગ છે. ભિન્ન ભિન્ન છે.

આત્મા શરીરથી ભિન્ન છે. આત્માથી શરીર જુદુ છે.

જો કે જ્ઞાનીઓ આ વાત સારી રીતે જાણે છે. મૂર્ખ અને અજ્ઞાની જન જ શરીરને આત્મા માની લઈને કે શરીર - આત્માને અભિન્ન માની લેવાની ભૂલ કરી શકે. આત્મજ્ઞાની આવી ભૂલ કદી પણ કરે નહિ.

આત્મજ્ઞાની સમજે છે કે આ શરીર છે, તે આત્મા નથી. શરીર અને આત્મા ભિન્ન છે. એક મેકથી અળગાં છે.

આત્માથી શરીર અળગું છે. શરીરથી આત્મા જુદો છે.

બે અભિન્ન શી રીતે હોઈ શકે ? એ ક્યારેય પણ શક્ય નથી.

એ જાણે છે કે : શરીરનો ધર્મ જુદો છે. આત્માનો ધર્મ જુદો છે.

બાહ્ય પરિબળો અને સાંસારિક વળગણો શરીર પર અસર કર્તા બની શકે છે.

આત્મા પર તેઓ પ્રભાવક બની શકતા નથી.

શરીરના ધર્મો ભૌતિકવાદી છે. શરીર સુખ ઈચ્છે છે. સગવડો ઈચ્છે છે.

આરામ ઝંખે છે. શણગાર ઈચ્છે છે. રોગની દવા ઈચ્છે છે. સંબંધો ઈચ્છે છે.

આત્મા ક્યારેય આવી ભૌતિક સુવિધાઓથી ખેવના રાખતો નથી.

આત્માનો ધર્મ જુદો છે. આત્માનો ગુણ જુદો છે.

દેહને સંસાર સાથે સંબંધ છે.

દેહને સગાં સંબંધીઓની જરૂર છે. દેહને સુંદરતા ખપે છે.

આત્માની સુંદરતા તો અલગ ચીજ છે.

આત્મા ભૌતિક સુંદરતાને ઈચ્છતો નથી.

દેહ ઈન્દ્રિયોને ગુલામ છે. તે ઈન્દ્રિયોને વશ વર્તનાર છે.

જે ઈન્દ્રિયો રાગ અને ભોગની ભોમકામાં લઈ જાય છે, મોહ અને માયામાં ખૂંપાવી દે છે, આસક્તિનાં ઝેર પીવડાવે છે ને કામ ક્રોધ મદ મોહમાં ગાંડા હાથીની જેમ ચકચૂર બનાવે છે ને ભૌતિકવાદી - મોહાત્મક - રાગાત્મક - ભોગાત્માક ઈન્દ્રિયોને પરવશ બને છે દેહ.

એમનો ગુલામ બનીને રહે છે.

ઈન્દ્રિયોની પરવશતાને કારણે એનામાં લાલસા જાગે છે.

રાગ દ્વેષ જાગે છે. કામ ક્રોધ જાગે છે. ભોગનો શિકાર બને છે.

સત્યને વિસ્મરી જાય છે. અસત્યને ગળે વળગાડે છે.

બાહ્ય ચકાચક અને ચળકાટમાં અંજાઈ જાય છે.

મોહના અંધત્વમાં ખોવાઈ જાય છે.

કામિની અને કંચન જોઈને એની ઈન્દ્રિયો બેકાબૂ બને છે. ને તે દ્રષ્ટિ દોષ વહોરી લે છે, એટલું જ નહિ પણ વિષયવશ બનીને અધમ કૃત્યોના આચરણ માટે પ્રવૃત્તિમાન બને છે.

કંચન એની લાલસાને પ્રદીપ્ત કરે છે. કંચનની લાલસાને કારણે બંધુ બંધુ વચ્ચે વેર થયાં હોય અથવા બંધુએ બંધુનો નાશ કર્યો હોય એવું ઈતિહાસના પાનાં પર નોંધાયું છે.

આ બધાં દૈહિક કારણો છે. રાગભાવ અંધત્વ પ્રેરે છે.

દેહભાવ વિવેક ભાન ભૂલે છે. શરીરની માંગ પૂરી કરવા માટે, સર્વ વિવેક ભાનને કોરાણે મૂકીને, તમામ નીતિ નિયમોને અળગા કરી દઈને એ અધમ માર્ગે આગળ વધે છે.

દેહને શણગારવામાં, દૈહિક લાલસાને પૂર્ણ કરવામાં, ઈન્દ્રિયોને વશ બનીને તે વિલાસી અને વિષયી બની છે.

ઈન્દ્રિયોની લીલા એ દેહની આવશ્યકતા છે.

કામિનીને કારણે માથાં કપાયાનું જાણ્યું છે.

કામિનીને કારણે પ્રપંચ દાવો ખેલાયાનું જાણ્યું છે.

દેહ લાલસાને કારણે માણસ રૂપરંગ પાછળ પાગલ બની જાય છે ને પોતાનો શ્રેષ્ઠ સમય અને ઉત્તમ જન્મ વ્યર્થ બગાડી નાંખે છે.

કંચનને કારણે પણ ભાઈ-ભાઈ લડ્યાનું ને પીઠ પાછળ ખંજર ભોંકવાના ઘણા બનાવો ઈતિહાસના ચોપડે નોંધાયા છે.

કંચન દૈહિક સગવડો માટેની લાલસા છે.

કંચનમાં જ દેહ સાચું સુખ માને છે.

કંચનના ઢગલા પર બેસીને સુખમાં આળોટતા માણસને પૂછશો કે : 'તું સુખી છે ખરો?'

'ના રે ! હું શા નો સુખી.'

'તો ?'

'સુખી તો પે.....લો રહ્યો. સોનાના મારાથી મોટા ઢગલા પર બેઠેલો.'

મોટા ઢગલાવાળો કહેશે : 'ના, હું નહિ. સુખી તો પે.....લો છે. મારાથી ય મોટા ઢગલા પર આળોટે છે તે.'

એનો અર્થ એ થયો કે - કંચન અર્થાત્ દ્રવ્ય સુખ આપી શકતું નથી. માત્ર લાલસાનો અગ્નિ પેટાવ્યા કરે છે. ને જ્યાં માત્ર લાલસા જ છે, સંતોષ નથી, સંતૃપ્તિ નથી, આત્મતૃપ્તિ નથી, ત્યાં સુખ શી રીતે હોઈ શકે ?

આવી તો અનેક ચીજોની લાલસામાં દેહ અટવાય છે. પત્નીનું સુખ, સંતાન સુખ, મિલ્કતનું સુખ, યશકીર્તિનું સુખ, પદ પ્રાપ્તિનું સુખ - આમ લાલસાઓના છેડા લંબાયે જ જાય છે, લંબાયે જ જાય છે !

જાણે સૌ મુઠ્ઠીઓવાળીને, ઊંધું ઘાલીને, વિચાર્યા વગર જ, મનની-દેહની તૃષા સંતોષવા માટે મૃગજળ પાછળ અટક્યા વગર દોડે છે.

જાણે દોડ સ્પર્ધા યોજાઈ છે.

એ..... પેલો આગળ જતો રહ્યો..... એને પાછળ પાડી દઉં..... ને હું આગળ નીકળી જાઉં.....એમ સૌ મૃગજળને જળ સમજી તૃષાની તૃપ્તિ માટે દોડ્યે જ જાય છે- અટક્યા વગર, સતત ! કોઈ પાછળ રહેવા નથી માંગતું ! કોઈ રહી જવા નથી માંગતું ! સૌ અન્યને પાડી પછાડી આગળ નીકળી જવા માંગે છે.

બીજાને પાછળ પાડી દેવા માગે છે.

જલ્દીથી જળ પી લેવા માગે છે.

જલ્દી જલ્દી તરસ છીપાવવા માંગે છે !

કામિની હોય કે કલદાર, સંતાન હોય કે કીર્તિ, રૂપ હોય કે રંગ કે પછી રૂપિયા, સંપત્તિ હોય કે સાહ્યબી - સૌ સુખ સગવડ - અલબત્ત ભૌતિક સગવડોની પ્રાપ્તિ જલ્દીથી કરી લેવા માગે છે.

દેહ બહાર દોડે છે. દેહની દિશા બાહ્ય છે. જગત ભણી છે.

ભૌતિકતા ભણી છે. લૌકિક સુવિધા ભણી છે. દૈહિક સુખો ભણી છે.

દેહભાવનો આ સ્વભાવ છે.

દેહને સજાવવામાં, દેહને શણગારવામાં, દેહને આરામ આપવામાં અને દેહની સગવડો સાચવવામાં જ ભૌતિકવાદી મનુષ્યનું જીવન વેડફાઈ જાય છે.

દેહની દોડ બહારની છે. જગત તરફની છે.

ભૌતિક સુખ સુવિધાઓ તરફની છે.

આત્માની દોડ અંદર તરફ છે.

ઊંડાણને એ સ્પર્શે છે. ગહરાઈ સુધી તે પહોંચે છે.

દેહ જ્ઞાની દેહ બિમાર પડતાં દુઃખી થાય છે.

રોગ ગ્રસ્ત બનતાં દુઃખી થાય છે.

દેહને અગવડ પડતાં દુઃખી થાય છે.

દેહની ઈચ્છા પૂર્ણ ન થતાં દુઃખી થાય છે.

દેહનું ધાર્યું ન થતાં દુઃખી થાય છે.

દેહ જીર્ણ થતાં કે દેહને વાર્ધક્ય વળગતાં તે દુઃખી થાય છે.

અનિત્ય દેહ જીર્ણ તો થવાનો જ.

તે જરાશીલ છે. મરણશીલ છે.

દેહ ફાટે છે ને ફૂટે છે.

દેહ રોગ ગ્રસ્ત બને છે ને મરે છે.

દેહનો નાશ થતાં મનુષ્ય શોકગ્રસ્ત બને છે. દેહને જ પોતાનું સ્વજન માનીને વિલાપ કરે છે. ખરેખર તો દેહમરણ એ તો જીર્ણ વસ્ત્રના ફાટી જવા કરતાં વિશેષ કશું જ નથી.

આત્મજ્ઞાની આ વાતને બરાબર સમજે છે.

આત્મજ્ઞાની જાણે છે કે -

આ દેહ છે ને દેહ મરણશીલ છે.

દેહ વૃદ્ધ બને છે. દેહ રોગગ્રસ્ત બને છે. દેહ કુરૂપ પણ બને છે. ને ઉમરના વધવા સાથે દેહ કરચલીયુક્ત અને રોગ યુક્ત બને છે. કેશ શ્વેત બની જાય છે. આંખો તેજ હીણી બની જાય. સ્વર કફયુક્ત બની જાય છે. આવું બધું જ થાય છે.

માટે દેહ ભાન છોડો. માટે દૈહિક આકર્ષણ છોડો,

માટે દેહસ્વભાવી ન બનો. આત્મસ્વભાવી બનો.

આત્મજ્ઞાની જાણે છે કે :

બહારના જગત તરફની દેહની દોડ ખોટી દિશાની છે.

ખોટો માર્ગ છે. ખોટી દિશા છે. ખોટો વિચાર છે.

આત્મજ્ઞાની દેહનો નાશ થવા છતાં શોક કરતો નથી. એ તો જાણે છે કે- 'જીર્ણ વસ્ત્ર ફાટી ગયું. હવે જીવ નવું વસ્ત્ર ધારણ કરશે.'

એમાં શોક ન કરાય.

વસ્ત્ર જૂનું થાય, તેથી દુઃખી ન થવાય.

વસ્ત્ર પર ડાઘ પડે, તેથી દુઃખી ન થવાય.

વસ્ત્ર મેલુ થાય, તેથી દુઃખી ન થવાય.

મેલું થવું એ વસ્ત્રનો સ્વભાવ છે. ફાટી જવું એ વસ્ત્રની પ્રકૃતિ છે.

એથી દુઃખી બનવાની શી જરૂર ? એથી શોક કરવાની શી જરૂર ?

દેહ વસ્ત્ર જેવો છે. એ મેલો થાય છે. ડાઘવાળો થાય છે. રોગ ગ્રસ્ત બને છે. ફાટી જાય છે. નષ્ટ થઈ જાય છે. પણ એથી શોક સાગરમાં ડૂબી ન જવાય !

શરીર નાશ પામ્યું છે. આત્મા નહિ. કારણ કે શરીર નાશવંત છે.

આત્મા શાશ્વત છે. તે સનાતન અને અમરણશીલ છે.

આત્મા જીર્ણ થતો નથી.

આત્માને રોગ વળગતો નથી. આત્મા મલિન બનતો નથી.

શરીર એ આત્મા નથી. શરીરથી આત્મા અલગ છે.

શરીર બદલાય છે, આત્મા અપરિવર્તનશીલ છે.

શરીરને રોગ થાય છે, આત્માને નહિ.

શરીર વૃદ્ધ બને છે, આત્મા નહિ.

આત્મા તો સદા એવો ને એવો જ રહે છે. તે શાશ્વત અને સનાતન છે. ચિરકાલીન છે. અખંડ છે. અછેદ્ય છે. અભેદ્ય છે. અમરણશીલ છે.

માત્ર દેહ જ નાશ પામે છે.

આત્મા અવિનાશી છે.

ને તેથી જ તો, આ બધું જાણીને આત્મજ્ઞાની દેહનો નાશ થવા છતાં પણ શોકગ્રસ્ત બનતો નથી...!

**आत्मानुभवयोगेन, देहाध्यासलयो भवेत् ।**
**देहाध्यासलयेनैव, जायते प्रभुदर्शनम् ॥ १८ ॥**

આત્મા અલગ છે.

દેહ આત્માથી ભિન્ન છે.

આત્માનુભવ એક અલગ બાબત છે.

દેહાનુભૂતિ એક ભિન્ન બાબત છે.

આત્મજ્ઞાની જાણે છે આ વાત.

આત્માના અનુભવનો યોગ થતાં જ દેહાભિમાન-દેહાધ્યાસનો ક્ષય થાય છે.

આત્માનુભવનો યોગ જેને થાય છે, તે આત્મજ્ઞાની છે.

દેહજ્ઞાન અલગ બાબત છે.

આત્મજ્ઞાન થતાં દેહજ્ઞાન છુટી જાય છે.

આત્મજ્ઞાનનો પ્રારંભ એટલે દેહજ્ઞાનનો અંત.

પ્રભુના દર્શન માટે સૌ તલસે છે.

સૌ ઈચ્છે છે કે પોતાને પ્રભુનાં દર્શન થાય.

પણ જ્યાં સુધી દેહાધ્યાસ હોય છે, ત્યાં સુધી પ્રભુ દર્શન શક્ય નથી બનતું.

એ માટે દેહાનુભવને છોડો.

દેહાધ્યાસને છોડો. દેહજ્ઞાનને છોડો. દેહભાવને છોડો.

દેહની આળપંપાળમાંથી બહાર નીકળી જાવ. અલગ બની જાવ. એનાથી ભિન્ન અનુભૂતિ કરો.

દેહનો અધ્યાસ ત્યારે જ લય પામે છે કે જ્યારે આત્માનો અનુભવ થાય છે.

આત્મભાન કેળવો. આત્મજ્ઞાન મેળવો.

આત્મજ્ઞાન થયા પછી જગત ભાન ભૂલાય છે.

દેહભાન ભૂલાય છે. દેહસ્વભાવ છૂટી જાય છે.

પ્રભુદર્શન અને દેહાધ્યાસ બે એક સાથે ક્યારેય બની શકે નહિ.

દેહાધ્યાસના ક્ષયથી જ પ્રભુદર્શન થાય છે.

आत्मपराऽऽत्मनोर्भेदो, भासते न यदा हृदि ।
सोऽहं सोऽहं भवेज्ज्ञानं, निर्विकल्पं ततः पुनः ॥ ९९ ॥

શ્રી નેમિનાથ જગત્પ્રભુના ઉદ્ગારો તો સ્વયં સ્પષ્ટ છે.

એમની વાણી તો અમૃતની ધારા છે. એમનો એક એક શબ્દ અમૃતની બુંદ સમાન છે.

એમની વાણી ભવતારક છે.

એમની વાણી તો પાવનકારી ગંગાનો પ્રવાહ.

એમની વાણી તો અમૃતનો પ્રવાહ.

એમની વાણી ભવ ભયને હરી દે.

એમની વાણી જીવનની તમામ વિટંબણાઓથી બચાવે.

મૂંઝવણોને ટાળી દે. વાસનાને બાળી દે.

ઈન્દ્રિયવશતાને ટાળી દે. મનની દ્વિધાને સળગાવી દે.

સંસારભાવને હલાવી દે.

આત્મભાન જગાવી દે. દેહભાન ભૂલાવે.

એમની વાણી તો અમૃતની સરવાણી.

શ્રી નેમિનાથ જિનેન્દ્રની અમૃતવાણીમાં જે તરબોળ બને છે, એનાં તમામ દુઃખો ટળી જાય છે. એનાં મનોમાલિન્ય નષ્ટ થઈ જાય છે. મનના પ્રપંચ ભાવોનો કચ્ચરઘાણ વળી જાય છે.

જીવનનો સાચો અર્થ એને સમજાય છે.

દ્વિધાઓ ટળે છે. ભોગલાલસા નષ્ટ થઈ જાય છે.

દેહભાન ભૂલાય છે. આત્મભાન કેળવાય છે.

પ્રભુની વાણી તો જગતકલ્યાણી છે. શુભંકરી છે.

ભવમુક્તિ અપાવનારી છે. દુઃખમુક્તિ કરનારી છે.

શ્રી નેમિનાથ જગત્પ્રભુનું દ્વારિકાનગરમાં આગમન મહા મંગલકારી બન્યું છે.

પ્રભુનાં પગલાં પડતાં જ દ્વારિકાપુરીમાં સુખ વર્ષા થતી હોય એવું સૌ અનુભવવા લાગ્યા. વાતાવરણ પાવન સુગંધીમય બન્યું. ચંદનની વર્ષા થઈ. દિશાઓ ઉજ્જવળ બની. અશાંત સમુદ્ર શાંત બની ગયો.

શ્રી નેમિનાથ જગત્પ્રભુની ઉપસ્થિતિ આનંદકારી બની રહી. શુભ સમાચારો નગરજનોને સાંપડવા લાગ્યા.

મનમાં સુંદર પવિત્ર વિચારો પ્રગટવા લાગ્યા.

શ્રી નેમિનાથ જગત્પ્રભુ દ્વારિકાપુરીમાં તેના રાજા શ્રી કૃષ્ણ વાસુદેવને તથા સર્વ નગરજનોને પ્રતિબોધ પમાડવા માટે પધાર્યા છે. એમની મંગલકારી શુભંકરી પાવનકારી દિવ્ય વાણીનો પ્રવાહ અસ્ખલિત પણે વહી રહ્યો છે. સાંભળનારના હૃદયને પ્લાવિત કરી રહ્યો છે.

આત્મા અને દેહ વિષેનો એમનો બોધ અજ્ઞાનને દૂર કરનારો છે. જ્ઞાન પ્રગટાવનારો છે.

આત્મા અને પરાત્મા ભિન્ન નથી.

આત્મા જ પરાત્મા છે. આત્મા - પરાત્મા અભિન્ન છે.

આત્મા - પરાત્માનો અભેદ જ્યારે હૃદયમાં ભાસે છે, ત્યારે જ નિર્વિકલ્પ જ્ઞાન થાય છે.

આત્મા અખંડ છે. આત્મા અવિનાશી છે. આત્મા અમરણશીલ છે.

આત્માની દોડ અંદર તરફની છે.

આવો જળમાં રહેવા છતાં નિર્લેપ કમળ સમાન આત્માનો અનુભવ જેને પણ થાય છે, જેને પણ આત્મજ્ઞાન લાધે છે, તે આત્મા અને પરાત્મામાં કોઈ ભેદ જોતો નથી.

આત્મા એ જ પરાત્મા છે. આત્માનું એ જ સ્વરૂપ છે.

આત્મા પરાત્મા વચ્ચે અભેદ છે. કોઈ ભેદ નથી. કોઈ ભિન્નતા નથી.

આવું જ્ઞાન જ્યારે પણ હૃદયમાં ભાસે છે, ત્યારે 'સોઽહં' 'સોઽહં' એવું નિર્વિકલ્પ જ્ઞાન થવા લાગે છે.

આ સરળ નથી. તે માટે આત્મજ્ઞાની બનવું પડે. દેહ ભાન છોડવું પડે. આત્મા અને પરાત્મા વચ્ચેનો ભેદ ભૂલવો પડે.

આત્મા અને પરાત્મા વચ્ચે અભેદ સ્થપાય તો જ નિર્વિકલ્પ જ્ઞાન લાધે.

निर्विकल्पदशायां तु, मत्तद्भेदो न भासते ।
जायते केवलज्ञानं, ततः शुद्धाऽऽत्मयोगतः ॥ १०० ॥

શ્રી નેમિનાથ જિનેન્દ્ર દ્વારિકાપુરીમાં પધાર્યા છે અને તેના રાજા શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધિત કરી રહ્યા છે. એમની વાણી અજ્ઞાનનો અંધકાર હરનારી અને દિવ્ય સુધામયી છે.

તેઓ આત્મા-પરાત્માના અભેદના જ્ઞાન થકી થનાર નિર્વિકલ્પ જ્ઞાન વિષે વિશદ્તાથી બોધ કરી રહ્યા છે.

આત્મા - પરાત્માનો કોઈ ભેદ નથી, એવું હૃદયમાં જાણ્યા પછી 'સોડહં' 'સોડહં' એવું નિર્વિકલ્પ જ્ઞાન થાય છે.

નિર્વિકલ્પ દશા એક એવી દશા છે, કે જેમાં 'મારું-તારું' એવો કોઈપણ પ્રકારનો ભેદ જણાતો નથી.

ભેદનો લય થાય છે. ભેદ નષ્ટ થાય છે. અભેદ રચાય છે.

'આ મારું, આ તારું' એવો ભેદ નષ્ટ થઈ જાય છે.

નિર્વિકલ્પદશામાં તો આવું બને. આવો જ અનુભવ થાય.

ભેદનો લય, અભેદનું જ્ઞાન.

મારાપણું ભૂલાય, તારાપણું ભૂલાય. સમરસતા સર્વત્ર છલકાઈ રહે.

અને આ મારા - તારાપણાનો ભેદ ભૂલાય, સર્વત્ર સમરસતા પ્રસરી રહે, આત્મા - પરાત્માના અભેદનું જ્ઞાન થાય, ત્યાર પછી શુદ્ધ આત્મયોગ થતો હોય છે.

આ શુદ્ધ આત્મયોગ કેવલજ્ઞાનનું છેલ્લું દ્વાર છે.

પણ આત્મભાવ થાય ત્યારે. આત્મા - પરાત્માનો ભેદ ભૂલાય ત્યારે.

હૃદય આવા અભેદજ્ઞાનને ધારણ કરે ત્યારે.

આત્માની ગતિ તો છેવટે જ્ઞાનની શ્રેષ્ઠતા તરફ જ હોય. પણ મારા - તારાનો ભેદ ન રહે પછી તો શુદ્ધ આત્મયોગ થતાં ઝંખનાના સર્વોચ્ચ તેજસ્વી શિખર સમાન, જ્ઞાનના ચરમ બિંદુ સમાન કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.....

पञ्चद्रव्याऽऽत्मकं विश्वं, सर्वं जानाति केवली ।
अघातिनामकर्माद्यं, भुनक्ति परमार्थकृत् ॥ १०१ ॥

કેવલી પરમ જ્ઞાતા છે.

સ્થળ અને કાળને ભેદીને તેમની જ્ઞાન દ્રષ્ટિ આરપાર જોઈ શકે છે.

ન કાળનું બંધન, ન કાળની મર્યાદા.

ન સ્થળનું બંધન, ન સ્થળની મર્યાદા.

સમસ્ત વિશ્વને કેવલી જાણે છે. જ્યાં કેવળ અને કેવળજ્ઞાન જ વિલસી રહે છે તે કેવલજ્ઞાન. આવા કેવલજ્ઞાનના જ્ઞાતા તે કેવલી. કેવલી ભગવંત.

અને કેવલજ્ઞાન ઉત્પન્ન થયા પછી તથા કેવલજ્ઞાનને પ્રાપ્ત થયા પછી બીજા જ્ઞાનની કોઈ જરૂર નથી જ નથી..... !

કેવળજ્ઞાન આગળ જગતનાં અન્ય તમામ જ્ઞાન છીછરાં અને વામણાં લાગે છે.

કેવળજ્ઞાન એ જ્ઞાનની સર્વોચ્ચ ઊંચાઈ છે.

કેવલી જ્ઞાતા દ્રષ્ટા છે.

તમામ અંતરાયોને ભેદતી, તમામ દિવાલોને વિંધતી અને તમામ પટલોને પાર કરતી એમની દ્રષ્ટિ કેવળ સત્ય પર સ્થિર થાય છે.

વિશ્વના પદાર્થો તેને અવરોધી શકતા નથી.

વિશ્વની વિષમતાઓ તેને રૂંધી શકતી નથી.

અને એટલે જ કેવળજ્ઞાન જ્ઞાનની સર્વ ઊંચાઈઓથી ઉપર અને સર્વ મર્યાદાઓની પેલે પારનું જ્ઞાન છે. આધિભૌતિકથી પર રહેલું ઊંચાઈનું જ્ઞાન છે.

વિશ્વ વિષમ છે. વિષમતાના વેલાઓથી વિંટળાયેલું છે.

સંસાર સ્વભાવથી સભર છે.

જગત પાંચ દ્રવ્યોનું બનેલું છે.

અને આ પંચદ્રવ્યાત્મક વિશ્વને જાણવું - સમજવું - ઓળખવું સરળ નથી. અતિ કઠિન કાર્ય છે.

પણ આ પંચ દ્રવ્યાત્મક વિશ્વને જાણે છે માત્ર કેવલી.

પરમાર્થને કરનાર નામકર્મ આદિ અઘાતિ કર્મને ભોગવે છે.

કેવળજ્ઞાનની પ્રાપ્તિ અતિ દુષ્કર છે.

પૂર્વેનાં મોહનીય આદિ ચાર ઘાતિ કર્મોનો નાશ થયા પછી અને તપધર્મની સર્વ શ્રેષ્ઠ સ્થિતિમાં રમી રહ્યા પછી જગત ભાવ છુટી જાય છે.

જગત દ્રષ્ટિ છુટી જાય છે. માયા ભાવ જતો રહે છે.

મોહ સહિતના તમામ બંધન કરનારા ભાવોથી ફારેગ થઈ જાય છે.

મોહનીય આદિ ચાર ઘાતિ કર્મોનો કચ્ચરઘાણ વળી જાય છે.

અકર્મભાવે આત્મા રમી રહે છે.

ને વિતરાગપણું પ્રાપ્ત થતાં જ્ઞાનદ્રષ્ટિ ખૂલે છે.

પૃથ્વીનાં તમામ પાષાણ પડળોને તોડીને- ફોડીને- ભેદીને જળ ફુવારાની માફક ઉપર આવે તેમ કેવળજ્ઞાન સંપન્ન થાય છે.

પાંચ દ્રવ્યોના બનેલા વિશ્વને કેવલી જાણે છે, કારણ કે કેવલજ્ઞાન વૈશ્વિક પદાર્થોની આરપાર જોઈ શકે છે- જાણી શકે છે.

ઓળખી શકે છે, પિછાણી શકે છે.

**सर्वज्ञः पूर्णशुद्धाऽऽत्मा, कृतकृत्यो भवेत् स्वतः ।**
**जीवानामुपकाराय, ददाति धर्मदेशना ॥ १०२ ॥**

પૂર્ણ શુદ્ધાત્મા.....! સર્વજ્ઞ છે પૂર્ણશુદ્ધાત્મા !

પૂર્ણ શુદ્ધાત્મા સાચે જ સર્વને જાણનાર છે. એની જ્ઞાન ક્ષિતિજોની બહાર કશું જ હોતું નથી. પૂર્ણશુદ્ધાત્માનો અર્થ જ છે પૂર્ણદ્રષ્ટિવાળો શુદ્ધાત્મા.

એમની આત્મદ્રષ્ટિ સંસ્કારાયેલી હોય છે.

બધું જ તે જોઈ શકે છે. બધું જ તે જાણી શકે છે.

તેનું આત્મસ્વરૂપ જ્ઞાનમય બન્યું હોય છે. એમને પછી બાહ્ય કિરણોના કોઈ જરૂર નથી, કારણ કે તે સ્વયં જ્ઞાનસ્વરૂપ છે.

જ્ઞાન જ સ્વયં સૂર્યસ્વરૂપ છે.

તેમને બાહ્ય તત્ત્વ ઉપકારી બનાવતું નથી.

કોઈ એમને કૃતકૃત્ય કરતું નથી. કારણ કે તે સ્વયં કૃતકૃત્ય હોય છે.

પૂર્ણશુદ્ધાત્મા કેવળજ્ઞાનની પૂર્વ સ્થિતિ છે.

એ જ બને છે કેવલજ્ઞાનનો જ્ઞાતા. એ જ બને છે કેવલી.

કેવલીપણું પૂર્ણશુદ્ધાત્માનું પૂર્ણજ્ઞાનમય સ્વરૂપ છે.

કેવળજ્ઞાનનો સૂર્ય ઉદીયમાન થયા પછી વિશ્વના સર્વ પદાર્થો પ્રકાશિત થઈ જાય છે. અજ્ઞાન છૂપું રહેતું નથી અને સત્ય સ્થિતિ પ્રત્યક્ષ થાય છે.

આવો પૂર્ણશુદ્ધાત્મા સ્વતઃ કૃતકૃત્ય હોય છે.

છતાં પણ- વિશ્વના જીવોના ઉપકાર માટે તે જગતમાં વિચરે છે.

જ્ઞાન પ્રદાન કાર્ય કરે છે.

જગતના જીવોને ધર્મદેશના આપે છે. જગતના જીવો પૂર્ણશુદ્ધાત્મા બને તે માટે સત્યનો બોધ આપે છે.

**देहनाशे भवेत्पूर्णः, स्वतन्त्रः पूर्णशक्तिमान् ।**
**शुद्धपर्यायवान् सिद्धः, पूर्णानंदमयप्रभुः ॥ १०३ ॥**

દેહ માટે મૃત્યુ ધ્રુવમ્ છે. દેહ નાશર્વંત છે.

આજે કે કાલે અથવા કોઈપણ સમયે એનો ક્ષય સુનિશ્ચિત છે.

દેહ અશાશ્વત છે. દેહ અમરત્વધારી નથી.

મૃત્યુમુખી છે આ દેહ. જેનો જન્મ છે, એનું મરણ પણ છે.

દેહ મરણશીલ, નાશવંત અને અલ્પ સમય સ્થિતિવાન છે. દૈહિક પદાર્થનો આ ગુણધર્મ છે. જન્મવું, જરાગ્રસ્ત બનવું અને નાશ પામવું.

દેહની અંતિમ સ્થિતિ મૃત્યુ છે.

આમ, દેહ નાશવંત જરૂર છે પણ આત્માની પ્રભુપદ તરફની ગતિ એ જ સાચી ગતિ છે, સર્વોત્તમ ગતિ છે. ને જીવાત્માનો એ જ ઉદ્યમ હોય તે તદ્દન જરૂરી છે.

બિલકુલ આવશ્યક છે જેનું ઉદ્યમવંત હોવું.

જન્મ અને મૃત્યુ એ દેહના બે સામસામા છેડા છે. એ બે વચ્ચેની સ્થિતિ એટલે જ જીવન. આ જીવન દરમ્યાન આત્મા જો ઉત્તમ ગતિ માટે ઉદ્યમવંત બની રહે તો તે પ્રભુત્વ સુધી પહોંચે છે.

દેહાતીત થયે છતે- તે શુદ્ધપર્યાયવાન બને છે.

પૂર્ણાનંદમય બને છે. પૂર્ણશક્તિમાન બને છે.

સ્વતંત્ર અને પૂર્ણ બને છે. તે સિદ્ધ પ્રભુ બને છે.

પણ એ માટે જોઈએ ઉદ્યમ. પરમગતિ માટેનો પુરુષાર્થ.

પણ મોટા ભાગે જીવાત્માઓ જગતના વૈષયિક પ્રમાદોમાં પડી જાય છે. મોહના ફાંસલામાં ફસાઈ જાય છે. માયા નટીના ઝાંઝરના સુર સંગમમાં પોતાનું સાનભાન ખોઈ નાંખે છે.

જગતની માયા આકર્ષક પદાર્થોનો થાળ લઈને ઊભી છે.

એના સુંવાળા મોહક હાથ લંબાય છે.

જીવાત્મા મોહ સરોવરનું પાણી પી લે છે.

અને પછી તો જે થવાનું હોય તે જ થાય છે.

લપસણી છે મોહભૂમિ. લલચાવનારા છે જગતના પદાર્થો.

આ માયાવી જગતીનાં લલચાવનારાં રૂપો એને પોતાના મોહપાશમાં બદ્ધ કરી દે છે. એ ખેંચાય છે.

માયાનાં મૃગજળ પીવે છે. પણ એથી ઓછી જ તૃષા છીપે ?

એથી તો તરસ વધે. અતૃપ્તિ વધે. અતૃપ્તિ અમર્યાદ બનતી ચાલે.

જેનો છેડો ન હોય. જેનો અંત ન હોય.

રૂપાળા છે જગતના પદાર્થો. જોતાં જ સંયમની પાળો તૂટી જાય એવી નજાકત છે માયા સ્વરૂપ નટીના નર્તનની.

માણસ જુએ. માણસ લલચાય. માણસ ફસાય. માણસ અટવાય.

ચાલવાનો હોય માત્ર ભ્રમ, છતાં એક ડગલું પણ આગળ ન વધે.

ગતિની ભ્રાન્તિ થાય. ગતિ યથાર્થ ન હોય. ભ્રમણામાં ભમ્યા કરે.

જગત ક્યાં શાશ્વત છે ? જગત તો નાશવંત છે. સમયના સાંકડા પુલ પર જગત ઊભું છે.

અને ઘડિયાળની ટક...ટ...ક તો અવિરત છે.

સમય સરક્યા કરે છે. સમયની રેત ખર્યા કરે છે.

અટકતી નથી. થંભતી નથી.

પુલના છેડે આવીને ઊભી રહે છે જીવન.

અને એ છેડે છે મૃત્યુ. એ છેડે છે અંત. એ છેડે છે મરણ.

ને ઉદ્યમ કર્યો નથી. શાશ્વતની ઉપાસના કરી નથી. આત્માનું શુદ્ધપણું મેળવ્યું નથી. આત્માની ઊર્ધ્વગતિ માટે પ્રયત્ન કર્યો નથી. શુદ્ધ પર્યાયવાન બનવાનો પ્રયાસ નથી કર્યો.

ને પૂર્ણાનંદમય પૂર્ણશક્તિમાન બન્યો નથી .

ખરેખર તો દેહનો નાશ થયા છતાં આત્મા શુદ્ધ પર્યાયવાન, પૂર્ણાનન્દમય, પૂર્ણશક્તિમાન, સ્વતંત્ર, પૂર્ણ, સિદ્ધ પ્રભુ બને છે.

પણ જો હોય પ્રભુત્વને પામવાની સચ્ચાઈપૂર્વકની મથામણ...તો.

ज्ञात्वैवं जैनधर्मस्य, रहस्यं श्रावकस्तथा ।
साधवः स्वाधिकारेण, यतन्ते मुक्तिसिद्धये ॥ १०४ ॥

આ છે રહસ્ય. આ છે ભેદ. આ છે મૂળભૂત વાત.
આ છે આત્માને પ્રભુત્વ સુધી લઈ જવાની રીત.
આ છે જીવનની દિશા નક્કી કરવાની ચાવી.
અને આ રહસ્ય છે જૈન ધર્મનું.
જે જાણતા નથી, એ શ્લોકો દ્વારા જાણે છે.....
અંદરના રહસ્યને આત્મસાત્ કરે છે.
શ્રાવકોએ જાણવું જરૂરી છે. સાધુઓએ જાણવું જરૂરી છે.
આત્મસાધકે જાણવું જરૂરી છે.
ગતિ માટે સૌ મથે છે. સિદ્ધિની પ્રાપ્તિ માટે સૌ પ્રયાસ કરે છે.

સૌને - શ્રાવકને - સાધુને જ્યાં છે, ત્યાંથી આગળ વધવાની તીવ્ર તમન્ના હોય છે.

આ માણસ માત્રનો સ્વભાવ છે. માણસ માત્ર ગતિ ઈચ્છે છે.

પણ સંસાર રંગમાં ખૂંપેલા માણસોનું લક્ષ્ય ભૌતિક પ્રાપ્તિ માટેનું હોય છે. સાધુનું લક્ષ્ય આધ્યાત્મિક ગતિનું હોય છે. સાચા શ્રાવકનું લક્ષ્ય આત્મશ્રેયનું હોય છે.

અને આત્મશ્રેય ત્યારે જ શક્ય બને છે કે જ્યારે એ ગતિમાન બને છે. ગતિ વિનાનું જળ અને ગતિ વિનાનું જીવન દુર્ગંધમય બની જાય છે. જ્યાં છે ગતિ, ત્યાં જ છે પ્રગતિ ને ત્યાં જ છે પ્રાપ્તિ.

શ્રાવકો આ રહસ્ય જાણીને પોતાના અધિકાર પ્રમાણે પ્રયત્ન કરે છે. પોતાની ક્ષમતા પ્રમાણે મથામણ કરે છે.

સાચો શ્રાવક અને સાચો સાધુ. બંને છેવટે તો આત્મસાધનાના માર્ગના યાત્રી છે. આત્મસાધક છે.

સૌનો પ્રયત્ન મુક્તિ માટેનો છે. સૌનો પ્રયત્ન સિદ્ધિ માટેનો છે.
સૌનો પ્રયત્ન પ્રભુત્વની પ્રાપ્તિનો છે.

જૈનધર્મ એવો સમૃદ્ધ છે કે રહસ્યોના આવા તો અનેક ખજાના તેમાં ભર્યા પડ્યા છે.

આ ખજાનાઓમાંથી જે જેટલું આત્મસાત્ કરી શકે છે, એટલી જ પ્રભુત્વ તરફની એની ગતિ ઝડપી બને છે.

સૌનો સ્વાધિકાર અલગ અલગ હોય છે ને આ સ્વાધિકાર પ્રમાણે સૌ મુક્તિ અને સિદ્ધિ માટે પ્રયાસ કરે છે. કોઈ ઝડપથી મંઝીલે પહોંચે છે, કોઈ વિલંબથી પહોંચે છે.

ગતિ પ્રમાણે જ હોય છે પ્રાપ્તિ.

**अन्तर्मुखोपयोगेन, सर्वकर्तव्यकारिणः ।**
**सर्वोन्नतिपदं यान्ति, स्वाश्रयिणो विवेकिनः ॥ १०५ ॥**

જીવનમાં જરૂરી શું ?

જીવનમાં જરૂરી છે અંતર્મુખ બનવું.

અંતરના ઊંડાણની દિશામાં દોડનારા અને અલ્પ શબ્દાળુ શ્રાવકો જીવનનાં રહસ્યોના તાગ મેળવીને રહે છે. મોતી મેળવીને રહે છે.

કામ કરી બોલનારા બોલકા પુરુષો પોતાની જાતે જ પોતાની ગતિમાં પોતાને વિલંબિત બનાવે છે.

સ્વ કર્તવ્યના પરિણામ સુધી પહોંચવા મથતા મનુષ્યોએ અંતર્મુખતાનો ગુણ વિકસાવવો પણ જરૂરી છે.

માત્ર વાચાળતા. માત્ર શબ્દાળુતા.

- કામને બગાડે છે. - ગતિને અટકાવે છે, વિલંબમાં નાંખે છે.

અને એટલે જ જગત્પ્રભુ શ્રી નેમિનાથ ભગવાનના મુખે અંતર્મુખ યોગનું મહત્ત્વ બતાવવામાં આવ્યું છે.

અંતર્મુખ યોગ દ્વારા સ્વકર્તવ્ય માટે કટિબદ્ધ થનારાઓમાં જરૂરી છે આટલા ગુણો-

તે સ્વાશ્રયી હોય. પરાવલંબી ન હોય.

તે વિવેકી હોય. અવિવેકી કદી ન બને.

તે અંતર્મુખ હોય. વાચાળ ન બને.

અર્થહીન અને વધુ પડતા શબ્દો ક્યારેક કાર્યને બગાડી નાંખે છે.

કાર્યસિદ્ધિના માર્ગમાં અંતરાય ખડો કરી દે છે.

બની રહેલી વાત બગડી જાય છે.

શબ્દોનો સંયમ જરૂરી છે. શબ્દોનો અંકુશ જરૂરી છે.

વાણીનો સંયમ આવશ્યક છે.

વાણીનો બગાડ પણ ન સારો અને પાણીનો બગાડ પણ ન સારો.

વાણી અને પાણી કરે ધૂળ ધાણી.

વાણીમાં ય વિવેક હોય. અને પાણીના વપરાશમાં ય વિવેક હોય.

અધિક અર્થહીન વાણી, વાતને બગાડે કરી નાંખે ધૂળધાણી. આ વાત જાય છે જે જાણી, તે કદી ન કરે વ્યર્થ શબ્દોની લહાણી.....

સર્વોન્નતિ પદને પામવું હોય.

અર્થાત્ મોક્ષને પામવું હોય. તો જરૂરી છે તમામ બાબતોમાં વિવેક.

અંતર્મુખયોગની જરૂર છે. સ્વાશ્રયની જરૂર છે. વિવેકની જરૂર છે. અને તો જ આત્મસાધક મોક્ષને પ્રાપ્ત કરવા શક્તિમાન બની શકે છે.

**बाह्यमुखोपयोगेन, कर्मलेपः प्रजायते ।**
**रागद्वेषपरिणामजा, भावकर्मस्वरूपिणा ॥ १०६ ॥**

કર્મનો લેપ ક્યારે થાય ?

આ પૂર્વે અંતર્મુખયોગની વાત કરવામાં આવી છે.

અહીં બાહ્યમુખોપયોગની વાત કરી છે.

બહિર્મુખતાની વાત કરી છે.

આ વિશ્વમાં બે પ્રકારના મનુષ્યો જોવા મળે છે.

અંતર્મુખી. બહિર્મુખી.

ક્યાંક મધ્યમમાર્ગી પણ જોવા મળે છે.

બાહ્યમુખી મનુષ્યો શબ્દાળુતાને પસંદ કરે છે. વાચાળતાથી વર્તે છે. શબ્દોનો આડેધડ ઉપયોગ કરે છે.

અંતર્મુખપણું તેમને પસંદ નથી.

રાગ અને દ્વેષથી ભરેલો છે આ સંસાર.

કોઈ રાગમાં રંગાઈ જાય છે.

મોહમાં ફસાઈ જાય છે. માયામાં મગ્ન બની જાય છે.

અને જ્યાં રાગ હોય, ત્યાં દ્વેષ હાજર જ હોય.

રાગ અને દ્વેષ પારસ્પરિક સંબંધો ધરાવે છે.

બાહ્યમુખીપણાનો ઉપયોગ કરનારા માનવો રાગદ્વેષથી ભરેલા આ જગતમાં શબ્દોના બિનજરૂરી ઉપયોગ કરે છે.

વાણીને બેફામપણે વહાવે છે. વાણીનો વિવેક રાખતા નથી.

અંતર્મુખીની દોડ મોક્ષ તરફની છે.

બાહ્યમુખીની દોડ સંસાર તરફની છે.

આવા બાહ્યમુખી મનુષ્યોની સંખ્યા વધુ છે.

મનુષ્યને જગત ભણી, માયા ભણી, રાગ રંગ ભણી દોડવું વધારે ગમે છે.

લપસણી છે સંસારની ભોમકા.

જરાક ચૂક્યા તો લપસી પડતા વાર ન લાગે. અને જે લપસે છે, તે રાગાત્મક ખીણમાં ગબડી પડ્યા વગર નથી રહેતો.

ભવની ભવાઈમાં મોહની ભૂંગળો વાગે છે ને માણસ સંસારના ચોકમાં રાગમય નર્તન કરે છે.

બાહ્યમુખોપયોગઃ રાગદ્વેષના પરિણામરૂપ છે.

શબ્દોનું ઠાલાપણું. શબ્દોનું બોદાપણું. વાણીનો વ્યર્થ વિલાસ.

એ છે બાહ્યમુખોપયોગના ચિહ્નો.

અંતર્મુખ ઉપયોગ માણસને સર્વોન્નતિ તરફ લઈ જાય છે.

આત્મોન્નતિ તરફ લઈ જાય છે.

તેને મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. મુક્તિની મંઝીલે પહોંચાડે છે.

સ્વાશ્રયી બનાવે છે. વિવેકગુણથી યુક્ત બનાવે છે.

બાહ્યમુખોપયોગ રાગદ્વેષ ઉત્પન્ન કરે છે.

મોહના હાથ લંબાય છે.

માયાની બેડીઓ પહોળી થાય છે. ને એમાં ફસાઈ જાય છે માણસ.

રાગનું રમકડું તેને રાખનું રમકડું બનાવીને જ જંપે છે.

રાગદ્વેષના પરિણામરૂપ ભાવકર્મસ્વરૂપી બાહ્યમુખી ઉપયોગને કારણે કર્મલેપ થાય છે.

आत्मज्ञानप्रभावेण, देहे वैदेहभावना ।
जायते मोहनाशेन, तत्तत्वज्ञानिनो विदुः ॥ १०७ ॥

મોહનો નાશ નથી થતો, ત્યાં સુધી આત્મજ્ઞાન પ્રગટતું નથી.

જગત મોહની માયા જાળ સમાન છે. મોહ ઉત્પન્ન થાય એવી અનેક ચીજો આ વિશ્વમાં અસ્તિત્વ ધરાવે છે. શૉ કેસમાં ગોઠવાયેલ વસ્તુઓની જેમ તે આકર્ષક રીતે ગોઠવાયેલી છે. મોહ દ્રષ્ટિ વડે જોતાં માનવી તે ચીજો પ્રત્યે પ્રબળ ખેંચાણ અનુભવે છે.

અહીં માત્ર ચીજો જ નથી. નિમિત્તો પણ છે.

મોહોત્પત્તિનાં આ નિમિત્તો નિમંત્રણપત્રિકા સમાન છે. એ સતત માનવચિત્તને સંમોહિત કરે છે.

પણ મોહના નાશથી તેમજ આત્મજ્ઞાનના પ્રભાવથી માણસનો દેહભાવ છુટે છે.

'હું દેહી છું.' એવી સભાન સમજણ નષ્ટ થવા લાગે છે.

દેહ હોવા છતાં વિદેહપણાની ભાવના એનામાં પ્રગટ થાય છે.

દેહ છતાં વિદેહ. દેહી છતાં વિદેહી.

દેહનો નકાર નહિ, વિદેહનો સ્વીકાર.

આવું જ્ઞાન - આવી ભાવના - આવી સમજણ ત્યારે જ સંભવે કે જ્યારે આત્મજ્ઞાન થાય. આત્મજ્ઞાનના પ્રભાવથી જ આવું બને.

તત્ત્વજ્ઞાનીઓ આ વાત જાણે છે. કારણ કે કોઈપણ બાબતનો તેઓ તત્ત્વતઃ વિચાર કરી શકે છે.

દેહપણું હોવા છતાં વિદેહપણાનો ભાવ જાગવો, તે કેવળ મોહનાશ અને આત્મજ્ઞાનના પ્રભાવનું કારણ છે.

विदेहा अन्तराऽऽत्मानो, जैना एव निबोधत ।
महाविदेहतां यान्ति, जिनेन्द्राः परमेश्वराः ॥ १०८ ॥

વિદેહી કોણ છે ?

વિદેહીપણાની ભાવના કોનામાં છે ?

અંતરાત્મામાં જૈનો જ વિદેહી છે એમ જાણો.

સાચા અર્થમાં જૈન છે તે.

સંસારભાવને જેણે જીત્યો છે તે. મોહભાવને જેણે જીત્યો છે તે.

દેહ છતાં તેનામાં વિદેહભાવના પ્રગટ થાય છે ને એ બધું પ્રગટે આત્મજ્ઞાનના પ્રભાવે.

આત્મજ્ઞાનીને જૈન જાણો. આત્મજ્ઞાનીને વિદેહી જાણો.

આત્મજ્ઞાનીને જ અ-દેહ ભાવવાળો જાણો.

જૈન શબ્દ એક વિશાળતર અર્થને પ્રગટ કરે છે. એ કોઈ જાતિવાચક શબ્દ નથી. અર્થ છાયાના સાંકડા સંદર્ભો તે પ્રગટ કરતો નથી.

જૈન એ છે-જે આત્મજ્ઞાનવાળો છે.

જૈન એ છે-જે મોહના નાશને પામ્યો છે.

મોહ જ્યાં પ્રબળ હોય તે અ-જૈન છે.

માત્ર દેહને તે જાણતો નથી.

આત્મજ્ઞાનના પ્રભાવને કારણે તેનામાં વિદેહપણાની ભાવના પણ પ્રગટેલી હોય છે.

દેહ મોહાત્મક છે. જ્યાં દેહ છે, ત્યાં મોહ છે.

જ્યાં મોહ છે, ત્યાં બંધન છે.

જ્યાં મોહ છે, તો સંસારીપણું છે. જ્યાં મોહ છે, ત્યાં દેહીપણું છે.

મોહમુક્તિ એટલે દેહભાવથી મુક્તિ.

મોહમુક્તિ એટલે આત્મજ્ઞાન.

મોહમુક્તિ એટલે જૈન.

માણસની ગતિ મનુષ્યપણાથી આગળ વધીને પ્રભુત્વ સુધીની છે.

મોહનાશ વિના પ્રભુપદ પ્રાપ્તિ શક્ય નથી.

વિદેહપણાની ભાવના મહાવિદેહપણા સુધી લંબાય છે.

જૈનની જિનેશ્વર બનવા સુધીની આત્મયાત્રા એ જ મહાવિદેહીપણાનો ભાવ.

જૈન મોહથી અળગો છે. નિર્મોહી છે. રાગાત્મકભાવથી પર છે.

તેથી જ જૈન આત્મજ્ઞાની છે. જૈન વિદેહી છે.

શ્રી જિનેશ્વર પરમાત્માઓ મહાવિદેહી છે.

માત્ર વિદેહીપણું જ નહિ, મહાવિદેહીપણાને પણ તેઓ સંપ્રાપ્ત થયા હોય છે.

જૈનને માત્ર ધર્મના સંદર્ભમાં જ નહિ, મહાવિદેહીપણા સુધીની આત્મયાત્રાના સંદર્ભમાં પણ જાણો.

महाविदेहसत्क्षेत्रं, देहेषु सर्वदेहिनाम् ।
असंख्यातप्रदेशाऽऽत्मसंयमाध्यात्मद्रष्टितः ॥ १०९॥

કેટલાકનો શાબ્દિક અર્થ હોય છે.

એ સ્થૂલ અર્થ છે. ભૌતિકદ્રષ્ટિથી જણાતો અર્થ છે.

સંદર્ભો વિનાનો, દ્રષ્ટિ વિનાનો અને વાચ્યાર્થથી પર એવો અર્થ એ નથી.

કેટલાક શબ્દો કે શબ્દ સમૂહો કે નામોનો શાબ્દિક અર્થ તપાસવાનો કોઈ અર્થ નથી.

એથી કોઈ અર્થ સરતો નથી. કારણ કે તે મર્યાદિત અર્થ છે.

અર્થ છાયા લંબાતી નથી.

કેટલાક શબ્દો. કે કેટલાક નામો.

અર્થની દ્રષ્ટિથી ઓળખવાના નથી હોતા, એ પણ કેવળ શબ્દાર્થથી.

કેટલાક ભાવથી ઓળખાય છે. કેટલાક ભાવનાથી ઓળખાય છે.

માત્ર શબ્દાર્થ નહિ. માત્ર વાચિક અર્થ નહિ. માત્ર સ્થૂલ અર્થ નહિ.

કારણ કે આવા અર્થો પરિમિત દ્રષ્ટિકોણથી રંગાયેલા હોય છે.

મહાવિદેહક્ષેત્ર એટલે શું ?

માત્ર શબ્દનો અર્થ કરવાથી એના ભાવ રૂપ અર્થને પામી શકાશે નહિ.

શબ્દાર્થ કરતા ભાવમય અર્થ ગહન અને ઊંચો છે.

એ માટે મથવું પડે. એ માટે જ્ઞાનદ્રષ્ટિનો ઉપયોગ મૂકવો પડે. એ માટે ભાવ સંદર્ભને કામે લગાડવો પડે.

શબ્દ અક્ષરોનો સમૂહ છે. અક્ષરોનું એકમ છે.

અને અક્ષરોના-શબ્દોના બે પ્રકારના અર્થો હોય છે :

સ્થૂલ અર્થ. બે વત્તા બે બરાબર ચાર જેવો અર્થ.

આંકડા મૂકો એટલે તાળો મળી જાય.

બીજો છે ભાવ અર્થ. એ માટે સંદર્ભ સમજવો પડે.

ભાવ સમજવો પડે. ભાવનામય બનવું પડે. ભાવમાં રંગાવું પડે.

સ્થૂલ અર્થ ઘાણીમાં ફરતા બળદ જેવો છે : મર્યાદિત કુંડાળામાં જ તે સમાવિષ્ટ થાય છે. વર્તુળને તે ભેદી કે છેદી શકતો નથી.

જ્યારે જેમાં જ્ઞાનદ્રષ્ટિનો ઉપયોગ મૂકવાનો છે, તેમાં અનેક સંદર્ભો સમજવા પડે છે.

વર્તુળ તોડવું પડે છે. જડ કોચલું ભેદવું પડે છે.

કુંડાળાની બહાર નીકળવું પડે છે.

જ્ઞાનદ્રષ્ટિથી. અધ્યાત્મદ્રષ્ટિથી. અને ભાવદ્રષ્ટિથી નામરૂપ શબ્દને સમજવો પડે છે.

જ્ઞાનયોગીઓ સમજે છે. અધ્યાત્મયોગીઓ સમજે છે.
આત્મસાધકો સમજે છે.
કારણ કે સાંકડા રસ્તા તેમણે ક્યારનાય છોડી દીધા હોય છે.
વર્તુળની બહાર જઈને એ જોઈ શકે છે. -જાણી શકે છે.
મહાવિદેહક્ષેત્ર.
અધ્યાત્મદ્રષ્ટિથી આ નામને જાણો.
સર્વ જીવોના શરીરને વિષે અસંખ્ય પ્રદેશો છે.
એમાં એક એટલે મહાવિદેહ. મહાવિદેહનું પ્રદેશાત્મક સત્ક્ષેત્ર.
એ સત્ક્ષેત્ર છે. સત્યનું ક્ષેત્ર છે.
એથી શ્રેષ્ઠ છે. પવિત્ર છે અને પુણ્યવંતુ છે.
અધ્યાત્મદ્રષ્ટિનો ઉપયોગ મૂકીને મહાવિદેહ ક્ષેત્રને ઓળખો.
એને પિછાણો.
વિદેહપણાની મહાભાવના જ્યાં સત્ય પ્રતિષ્ઠિત થઈ છે એવું ક્ષેત્ર.
અને એ ક્ષેત્ર તે મહાવિદેહક્ષેત્ર.

**देहेषु सन्ति वैदेहाज्ञानिनः सत्यनिर्भयाः ।**
**विदेहं शुद्धचित्तं तु, ज्ञानं वैदेहिकं महत् ॥ ११० ॥**

જ્ઞાન અને ભય પરસ્પર વિરોધી છે.
સત્ય અને જ્ઞાન નિર્ભયતાનાં પરિણામી છે.
જ્ઞાનીને વળી ભય શાનો ? જ્ઞાની તો નિર્ભય હોય છે.
સત્ય બાબતમાં તેઓ સદૈવ નિર્ભીકપણું બતાવે છે.
ભય અસત્યવાદીને હોય. ભય તો અજ્ઞાનીને હોય.
જ્યાં સત્ય છે, ત્યાં જ્ઞાન છે. અને જ્યાં જ્ઞાન છે, ત્યાં નિર્ભયતા છે.
જ્ઞાની ભય પામતો નથી.
જ્ઞાની અસત્યનો પક્ષકાર બનતો નથી.
જ્ઞાની દેહવાળો છે છતાં વિદેહી છે. દેહભાવથી પર છે.
અ-દેહની સ્થિતિને અનુભવી શકે છે તે.

સત્ય, જ્ઞાન અને અભય. એ ત્રણે સમાન ધર્મી છે. એકમેકનાં પૂરક છે. એકમેકનાં પર્યાયવાચી છે.

અજ્ઞાન ભયનું કારણ છે.
અજ્ઞાની જ સત્ય કથનથી ભય પામે છે.

અજ્ઞાની જ દેહસ્વભાવી છે. દેહભાનથી યુક્ત છે. અ-દેહ કે વૈદેહની તે કલ્પના પણ કરી શકતો નથી.

જ્ઞાન શુદ્ધચિત્તનું કારણ છે. અથવા ચિત્શુદ્ધિ જ્ઞાનનું સ્વરૂપ છે.
વૈદેહી શુદ્ધ ચિત્તવાળો હોય છે.
વિદેહીનું શુદ્ધ ચિત્ત એ જ મહત્ જ્ઞાન છે.

महाविदेहदेशेषु, जातानां ज्ञानयोगिनाम् ।
सीमंधरप्रभोः प्राप्ति, -र्जायते न च संशयः ॥ १११ ॥

મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરનાર એના જીવનની ઉત્તમ ગતિને પ્રાપ્તિ કરનાર બને છે. જીવનની શ્રેષ્ઠતા એને મળે છે.

જ્ઞાનયોગીઓ માટે તે સુલભ બને છે.

વિદેહીજ્ઞાનીઓ જ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ પામે છે.

જ્ઞાનદ્રષ્ટિ વડે તે સત્ય સ્થિતિને જોઈ શકે છે.

જ્ઞાનદ્રષ્ટિથી જ્ઞાનયોગીઓ દેહધારી હોવા છતાં વિદેહી છે ને તેથી જ મહાવિદેહ ક્ષેત્રમાં તેમને જન્મ પામવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે. કર્મના ક્ષયને કારણે તેઓ જ્ઞાનદ્રષ્ટિને સંપ્રાપ્ત થયા છે.

આ કોઈ સરળ વાત નથી. સહજ વાત પણ નથી.

જ્ઞાનથી સંસ્કારિત થયેલી દ્રષ્ટિ મેળવવી દુષ્કર કાર્ય છે.

જ્ઞાનયોગીઓ તેને પામી શક્યા છે.

વળી તેમનો જન્મ મહાવિદેહ ક્ષેત્રમાં થાય છે, તે પણ કર્મ ક્ષયનો પ્રભાવ છે. પુણ્યાનુબંધી કર્મોના પ્રભાવે કરીને તેઓ જ્ઞાનના અધીક્ષક બન્યા છે.

જ્ઞાનસંપન્ન બન્યા છે. જ્ઞાનને પ્રાપ્ત કરનાર બન્યા છે.

જ્ઞાન પ્રાપ્ત થતાં દ્રષ્ટિ વિશાળ જ નહિ, વિશાળતર બનતી જાય છે.

વિશાળતમ બને છે.

પ્રભુની પ્રાપ્તિ સરળ નથી. પ્રભુનાં દર્શન અતિદુર્લભ છે.

અશુભ કર્મબંધને પામેલા જીવાત્મા માટે તે સદૈવ અસંભવિત છે.

કર્મક્ષય જરૂરી છે. પુણ્યવંતા કર્મોનો પરિપાક જરૂરી છે.

ઉત્તમ ગતિની તરસ જરૂરી છે. ઉન્નતિની પ્યાસ જરૂરી છે.

જેની નજર ઊંચાઈ ભણી છે, તેનાં પગલાં સોપાન શ્રેણીને જરૂર પાદગત કરવાનાં. ઊંચાઈને પ્રાપ્ત થવાનાં.

જ્ઞાનની ઊંચાઈ ગૌરવ અપાવે છે.

મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ પામેલા આવા વિદેહીભાવવાળા જ્ઞાનીઓ જ સીમંધર પરમાત્માને પ્રાપ્ત કરી શકે છે.

એમાં કોઈ સંશય નથી. તે સિદ્ધ બાબત છે. અટલ પરિણામ છે.

सीमंधरोऽस्ति शुद्धाऽऽत्मा, चित्तहिमोत्तरे स्थितः ।
मानसाख्यसरः पार्श्वे, सच्चिदानन्दरूपवान् ॥ ११२ ॥

શ્રી સીમંધર પરમાત્મા ક્યાં રહેલા છે ?
માનસ નામનું રમ્ય સરોવર છે.
આ સરોવરની પાસે ચિત્તરૂપ હિમાલય છે.
આ ચિત્તરૂપ હિમવાનની ઉત્તરે શુદ્ધાત્મા એવા શ્રી સીમંધર પરમાત્મા રહેલા છે.

અહીં માનસ એટલે કે મનને રમ્ય માનસરોવર કહેવામાં આવેલ છે.

ચિત્તને હિમાલયનું રૂપ આપેલ છે.
ચિત્ત સચ્ચિદાનંદ સ્વરૂપી છે.
બસ, ચિત્તરૂપી હિમવાનની ઉત્તરે વસે છે શુદ્ધાત્મા.
એ જ છે સીમંધર પ્રભુ. શુદ્ધાત્મા એ જ પ્રભુ છે. એ જ પરમાત્મા છે.

ચિત્ત સચ્ચિદાનંદ સ્વરૂપ છે.
મન માન સરોવર છે.
જેમ માન સરોવરની પાસે હિમવાન છે. આ હિમવાનની ઉત્તરે શુદ્ધાત્મા સ્વરૂપ પરમાત્મા વસે છે.

તેમ આ દેહના પ્રદેશાત્મક સંવિભાગોમાં વિદેહરૂપ મહાવિદેહ સત્ક્ષેત્ર આવેલું છે.

જ્યાં વસે છે શુદ્ધાત્મા.
સચ્ચિદાનંદરૂપ શુદ્ધાત્મા. આ શુદ્ધાત્મા એ જ છે પરમાત્મા.

अन्तराऽऽत्माख्यकैलासाज्ज्ञानगंगा प्रजायते ।
अष्टापदो महानाऽऽत्मा, योगाष्टकप्रधारकः ॥ ११३ ॥

જ્ઞાનરૂપી ગંગા છે. જ્ઞાનગંગાનો પ્રવાહ વહે છે.
આ ગંગા ક્યાંથી ઉત્પન્ન થાય છે ?
એ ઉત્પન્ન થાય છે અંતરાત્મામાંથી.
અંતરાત્મારૂપી કૈલાસથી જ્ઞાનરૂપી ગંગાની ઉત્પત્તિ થાય છે.
અહીં ગંગાને જ્ઞાનરૂપ કહી છે. જ્ઞાનગંગા જ સાચી ગંગા છે.
ગંગા ઉત્પન્ન થાય છે અન્તરાત્મારૂપી કૈલાસ શિખર પરથી.
આત્મા મહાન છે. આ મહાન આત્મા એ જ અષ્ટાપદ છે.
કારણ કે આ આત્મા યોગ અષ્ટકનો ધારક છે.
ગંગા કોઈ બહારની ચીજ નથી.

આંખો વડે જોઈ શકાય, સ્પર્શ વડે અનુભવી શકાય તેવો જળ પ્રવાહ જ કેવળ ગંગા નથી.

ઈન્દ્રિયાતીત છે ગંગા. સ્પર્શાતીત છે ગંગા. શબ્દાતીત છે ગંગા.

આ ગંગા છે જ્ઞાનરૂપ ગંગા.

આત્મા - મહાન આત્મા જ કૈલાસ પર્વત છે.

એમાં ઉત્પન્ન થાય છે ગંગા.

જ્ઞાનરૂપી ગંગા. જ્ઞાનનો પ્રવાહ. જ્ઞાનનાં જળ. જ્ઞાનનાં વહેણ.

શુદ્ધ અને પવિત્ર પ્રવાહ છે આ જ્ઞાનગંગાનો.

એટલે તે શ્રેષ્ઠ છે. ઉત્તમોત્તમ છે.

ગંગા અને ગંગા જેવી તો અનેક નદીઓ છે, પણ ગંગા તો ગંગા જ છે.

તે એક માત્ર અને અનન્ય છે.

અજોડ છે. તેની જોડની કોઈ નદી નથી.

એની પવિત્રતાની કોઈ સ્પર્ધા કરી શકે નહિ.

જ્ઞાનગંગા પણ એવી જ પવિત્રતમ પ્રવાહવાળી નદી છે.

મહાન આત્મામાંથી આ જ્ઞાન પ્રવાહ ઉત્પન્ન થાય છે.

અષ્ટાપદરૂપ છે આ મહાન આત્મા.

કારણ કે આત્મા અષ્ટ યોગનો પરમ ધારક છે.

**आत्मैव सत्ययज्ञोऽस्ति, ज्ञानाग्निस्तत्र वर्तते ।**
**कामपशुर्हविस्तत्र, जायते सत्यभावतः ॥ ११४ ॥**

આત્માની વાત જ અનોખી છે.

આત્મા જ સત્ય છે. આત્મા જ સત્યયજ્ઞ છે.

આ એક એવો યજ્ઞ છે કે જેમાં જ્ઞાનરૂપી અગ્નિ રહેલો છે.

યજ્ઞમાં અગ્નિ હોય છે.

આ અગ્નિમાં બલિ અપાય છે. બલિ હોમાય છે.

સત્યયજ્ઞમાં જ્ઞાનનો અગ્નિ પ્રજ્જવલિત હોય છે. આ અગ્નિમાં બલિનો હોમ તો જરૂરી જ છે.

કોનો બલિ આપવો ? ક્યા પશુનો બલિ આપવો ?

હા, એમાં પશુનો હોમ જરૂર અપાય છે.

ને એ પશુનું નામ છે કામરૂપ પશુ.

કામ એટલે કામના. કામ એટલે ઈચ્છાઓ.

કામ એટલે વાસના. કામ એટલે વિષયેચ્છા.

આ કામ (ઈચ્છા) નો હોમ અપાય છે આત્માના સત્ય યજ્ઞમાં !

આ સત્ય ભાવ છે.

અને સત્યભાવથી જાણી લો કે આત્મા જ સત્ય યજ્ઞ છે, જેમાં જ્ઞાન રૂપી અગ્નિ પ્રજ્વલિત છે.

અન્ય યજ્ઞોમાં હોમ અપાય છે, તેમ આ યજ્ઞનું પણ જાણવું.

આ સત્ય યજ્ઞમાં કામ (ઈચ્છા)રૂપ પશુનો હોમ અપાય છે, એ વાત સત્ય જાણવી.

**आत्मयज्ञं परब्रह्म, साक्षात्कारः प्रजायते ।**

**आत्मयज्ञस्य कर्तारो, जैनाः स्युरधिकारिणः ॥ ११५ ॥**

જો પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરવો હોય તો એ માટે જરૂરી છે આત્માનો સત્ય યજ્ઞ.

આ યજ્ઞ છે વિશિષ્ટ. સ્થૂલ યજ્ઞ નથી. નિરર્થક ક્રિયાકાંડ નથી.

આત્મયજ્ઞ એ જ સત્ય યજ્ઞ છે.

પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરવાની ઈચ્છા સહેજ હોય છે.

સૌ પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરવાની કામના ધરાવે છે.

તે સત્ય યજ્ઞ છે. તેમાં જ્ઞાનરૂપી અગ્નિ જલે છે.

જીવનમાં જ્ઞાન જ સર્વસ્વ છે. જ્ઞાન વડે જ સત્યનાં દર્શન થાય છે.

જ્યાં જ્ઞાન નથી કે જ્ઞાનનો અભાવ છે, ત્યાં સત્ય નથી.

જ્ઞાન આત્માની અનુભૂતિની વસ્તુ છે. આત્મા વડે અનુભવાય છે.

આત્મા ઉજ્જ્વલ બને છે.

આત્મા વડે સત્ય પ્રદીપ્ત થાય છે. સત્ય થકી આત્મા પ્રદીપ્ત થાય છે.

આત્માને સત્યથી અલગ ન જાણો.

તેથી જ તો આત્મયજ્ઞ એ જ સત્ય યજ્ઞ છે, એમ અવશ્ય સમજો.

તેના થકી જ પરબ્રહ્મનો સાક્ષાત્કાર થઈ શકે છે.

કારણ કે આત્માના સત્યયજ્ઞમાં તમામ કામનાઓ (ઈચ્છાઓ) નો હોમ અપાઈ ચૂક્યો હોય છે.

ને જ્યાં કામ નથી, ત્યાં સત્ય છે. આત્મયજ્ઞ છે.

જૈનો આ વાત સમજે છે.

ગુરુ ભગવંતોની કૃપાથી જૈનોએ સત્યને આત્મસાત્ કર્યું છે. જીવનનાં અને જગતનાં સત્યો તેઓ સારી રીતે જાણે છે.

તેથી આત્મયજ્ઞના અધિકારી કોણ ? એ સવાલનો જવાબ આપો આપ જડી જાય છે. જૈનો જ આત્મયજ્ઞ કરવાના સાચા અધિકારી છે.

આત્મયજ્ઞ તો પરબ્રહ્મ પ્રતિ ગતિ કરવાનો યજ્ઞ છે.

સત્યનો યજ્ઞ છે. જ્ઞાનના પ્રકાશનો યજ્ઞ છે.

કામનાઓને બાળીને ખાક કરવાનો યજ્ઞ છે.

પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરવાનો યજ્ઞ છે.

ને તેના સાચા અધિકારી જૈનો છે.

સત્ય પર તેમને શ્રદ્ધા છે. ને આત્મયજ્ઞ વિષે તેઓ આસ્થાવાન છે.

**अहिंसा सर्वजीवानां, सत्ययज्ञः प्रतिष्ठितः ।**
**सत्ययज्ञस्य कर्तारः, साधवः स्युः पदे पदे ॥ ११६ ॥**

હિંસા અને અહિંસા.

ક્રૂરતા અને દયા.

આ બંને શબ્દોમાં આસમાન જમીનનો તફાવત છે. એક પાપાચાર છે, એક પુણ્યાનુબંધ છે. જૈનધર્મ સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવદયાના પાયા પર ઊભો છે.

જૈનધર્મનો મૂળ પાયો અહિંસા છે.

જૈનધર્મ પાસે અહિંસાની સૂક્ષ્માતિસૂક્ષ્મ વિભાવના છે.

માત્ર સ્થૂલ અહિંસા નથી. માત્ર કાયિક અહિંસા નથી.

વાચિક અને માનસિક અહિંસાની વાત જૈનધર્મ કરે છે.

શબ્દ દ્વારા કે ભાવ દ્વારા કોઈના મનને આઘાત પહોંચાડવો તે પણ જૈનધર્મના મતે હિંસા છે.

એક જીવ બીજા જીવને મારે. બીજા જીવને હણે.

એને ઉતારી પાડે. માનસિક ચોટ પહોંચાડે. વિચાર પ્રહાર કરે.

એ પણ હિંસા છે.

ને આ જગતમાં મોટા ભાગે એવું બને છે કે મોટા નાનાને હણે છે.

મોટી માછલી નાની માછલીને ગળી જાય છે.

હિંસાત્મક તાંડવ આ જગતને લોહીયાળ બનાવે છે. સૌ શસ્ત્રો ખખડાવે છે.

મારવાની ને કાપવાની વાતો કરે છે.

હણવાની વાતો કરે છે. હરાવવાની વાતો કરે છે.

જગત જાણે યુદ્ધભૂમિ બની ગયું છે.

કોઈના હાથમાં હથિયાર છે. કોઈએ મુષ્ટિ ઉગામી છે.

કોઈએ નખ વધાર્યા છે. કોઈની આંખો ક્રોધથી રાતીચોળ છે.

જૈનધર્મ મુષ્ટિ વડે કોઈને હણવાને બદલે એ જ મુષ્ટિ વડે કેશ લોચ કરવાની વાત કરે છે.

કોઈને જીતવાની નહિ, કોઈ થકી જીતાવાની વાત કરે છે.

કોઈને મારવો સરળ છે. કોઈને જીવાડવો સરળ નથી.

કોઈનો પ્રાણ લેવો સરળ છે. કોઈને પ્રાણ બક્ષવો સરળ નથી.

જૈનધર્મ જીવાડવાની વાત કરે છે.

પ્રાણ બક્ષવાની વાત કરે છે. જીવન બક્ષવાની વાત કરે છે.

અહિંસા સત્ય છે. સત્ય યજ્ઞ છે.

હિંસા અસત્ય છે. પાપ છે. પાપની પરાકાષ્ઠા છે.

જૈનધર્મી સાધુ ભગવંતો પોતાની દેશના દ્વારા જગજ્જનોને અહિંસાનો - જીવદયાનો પ્રતિબોધ કરે છે.

જગતને જીવાડવાની જડીબુટ્ટી છે અહિંસા.

જગતને જીવવા લાયક બનાવવાની જડબુટ્ટી છે અહિંસા.

જીવદયા. સમતાભાવ. સર્વ પ્રત્યે પ્રેમ ભાવ. વિશ્વબંધુત્વ. સમરસતા.

જગતમાં ઠેર ઠેર, સ્થાને સ્થાને જૈન સાધુ ભગવંતો વિચરણ કરે છે. કારણ કે તેઓ અહિંસારૂપ સત્યયજ્ઞના અધિકારી કર્તા છે. સાચા કર્તા છે.

જીવ નાનો હોય કે મોટો. સૂક્ષ્મ જંતુરૂપ હોય કે વિશાળ કાય.

કોઈને કોઈનું હનન કરવાનો અધિકાર નથી.

જીવાડવાનો અધિકાર છે.

પ્રેમના પારસમણિનો સ્પર્શ કરવાનો અધિકાર છે.

'જીવો અને જીવવા દો' ની ભાવના જૈનધર્મ ચરિતાર્થ કરે છે.

તેથી અહિંસા જ સત્ય યજ્ઞ છે.

એના કર્તા જૈનસાધુઓ આ જગતને વિષે સ્થાન સ્થાન પર વિચરી રહ્યા છે ને સૌને પ્રતિબોધ પમાડી રહ્યા છે..

दयापुण्यसमोयज्ञ, यद् देशे सन्ति साधवः ।
तत्र दुष्कालपीडाया, जायन्ते न कदाचन ॥ ११७ ॥

જગતમાં પીડાઓનો પાર નથી.

દુષ્કાળની પીડાથી માનવ માત્ર ગભરાય છે. વર્ષા ન પડતાં કે ખેંચાતાં જગતના મનુષ્યો ત્રાસ પામી જાય છે.

કુદરતી આપત્તિ માનવીને વિવશ બનાવી દે છે.

જળ વિના તરફડે છે જનો અને જાનવરો.

પીડાથી તપ્ત બને છે પશુઓ.

ધરતી સૂકાતી જાય છે. ઊભો પાક સૂકાય છે.

અને દુષ્કાળ જેવી તો અનેક આપત્તિઓ આ જગતને કરાલ કાળના જડબામાં ગ્રસી લે છે.

જેની પાસે માનવી લાચાર છે. નિઃસહાય છે.

શું થાય ? માત્ર મૂક પ્રેક્ષક બન્યા સિવાય એને છુટકો નથી.

એની પહોંચની બહાર છે પહોંચી વળવાનું.

એની શક્તિથી પર છે આવી આપત્તિઓને ટાળવાનું !

લાચાર છે માનવી ! લાચાર છે જગતના જીવો !

સંતો અશ્રુ સારવાનાં.

કાં તો અશ્રુ સારવાનાં. કાં તો મૌન રહેવાનું.

એ સિવાય બીજું એ કરી પણ શું શકે ? કશું જ શક્ય નથી.

એનાથી થઈ પણ શું શકે ?

એની શક્તિઓ મર્યાદિત છે. એનું સામર્થ્ય સીમિત છે.

અનેક આપત્તિઓના ઓળા ઊતરી પડે છે અચાનક આ જગત પર !

કાં તો અનાવૃષ્ટિ. કાં તો અતિવૃષ્ટિ.

કાં તો સૂકો દુકાળ. કાં તો લીલો દુકાળ.

કાં તો વાવાઝોડું કે વિનાશક પુર. કાં તો ધરતીકંપ કે રોગ ચાળો.

આવી અને આવા પ્રકારની અનેક અણધારી આપત્તિઓના પહાડ આ જગતના માનવી ઉપર અચાનક જ તૂટી પડે છે !

વિવશ બની જાય છે મનુષ્ય. લાચારીપૂર્વક હાથ જોડી રહે છે મનુષ્ય.

કોઈ ઉપાય નથી. કોઈ ઉકેલ નથી.

માત્ર સહન કરવાનું. માત્ર પીડાવાનું. માત્ર અશ્રુ સારવાનાં.

ભાગ્યના ભરોસે બેસી રહેવાનું.

લાચાર અને અસહાય બની જાય છે મનુષ્ય આવી આપત્તિઓ સામે.

કેમ થાય છે આમ ? કોણ બચાવે આ બધામાંથી ?

દયા ખૂટે, પુણ્ય ખૂટે તો આવું થાય આ જગતમાં.

પાપ વધે તો આવું થાય જગતમાં.

પાપની આ ભારે સજા છે. કુકર્મોનો આ દંડ છે.

દયા અને પુણ્ય સમાન કોઈ યજ્ઞ નથી.

સૌથી મોટો યજ્ઞ છે દયા્ને પુણ્યનો.

સત્કાર્યનો. ભલાઈનો. માણસાઈનો. બીજાને મદદ રૂપ થવાનો.

કોઈનાં અશ્રુ લૂછવાનો. અબોલની આંતરડી ઠારવાનો.

અને દયા અને પુણ્ય સમાન મહાન કલ્યાણકારી યજ્ઞના કર્તા છે સાધુઓ. સાધુ ભગવંતો. મુનિ મહારાજો.

ને જે દેશમાં દયા અને પુણ્ય સમાન યજ્ઞના કર્તા એવા સાધુઓ છે, ત્યાં દુષ્કાળ વગેરેની પીડા થતી નથી.

દયા છે એમના દિલમાં. દયાનો રાહ બતાવે છે તેઓ જગતને.

પુણ્યના અવતાર છે એ.

પુણ્યકર્મનો ઉદય થવાથી તો તેઓએ ચારિત્રગ્રહણ કર્યું છે.

દયા ને પુણ્ય તો યજ્ઞ છે.

આ યજ્ઞ વડે આપત્તિ ઠેલાય છે. નષ્ટ થાય છે.

ને જ્યાં દયા પુણ્યના ઉદ્ગાતા પ્રતિબોધક સાધુઓ વસે છે, વિચરણ કરે છે, ત્યાં આવી આપત્તિઓની પીડા ઉત્પન્ન થતી નથી.

**ब्रह्मज्ञाः सत्यजैनत्वं, प्राप्य मोहपराजयात् ।**

**भवन्ति परमाऽऽत्मानो, जिना विश्वस्य पावकाः ॥ ११८॥**

મોહથી બચવાનું કામ સાચે જ કઠિન છે.

કારણ કે મોહ માનવીને અંધ બનાવે છે ને મોહમાં અંધ બનેલો માનવી માયાના સાણસામાં જકડાય છે.

મોહરૂપી ડાકૂ માનવીને ફસાવવાની રાહ જોતો જ ઉભો છે.

મોહ આકર્ષક લાગે છે, કારણ કે -

એ મોહક છે. લલચાવનાર છે. લપસાવનાર છે. માનવીને અંધ બનાવનાર છે.

પોતાની રાગાત્મક દુનિયામાં મનુષ્યને ખેંચી જનાર છે.

આ જગતમાં મોહ વિવિધ સ્વરૂપે વિલસે છે. ને મોહની મારક દ્રષ્ટિ માનવી ઉપર પડતાં જ તેનામાં રાગભાવ ઉત્પન્ન થાય છે.

મનુષ્ય સ્વયં સામે ચાલીને મોહનાં દોરડાં વડે બંધાય છે.

જાતે જ ફસાય છે.

મનને મોહ ગમે છે. ઈન્દ્રિયોને ગમે છે. દૈહિક લાલસાને ગમે છે.

અને એટલે જ માણસ આંધળુકિયાં કરે છે ને મોહગલીમાં ભૂલો પડે છે.

વિવિધ સ્વરૂપે આવે છે મોહ. રાગમય સૂર બનીને એ આવે છે.

લોભામણું રૂપ બનીને એ આવે છે. દૈહિક માદકતા બનીને આવે છે.

પગમાં પાજેબ બાંધીને આવે છે. સોળે શણગાર સજીને આવે છે મોહ.

મનને ગલીપચી કરાવે છે મોહ. આંખમાં લાલસા જગાવે છે મોહ.

મોહને પુષ્પનાં બાણ છે.

પુષ્પના બાણથી જીવ વિંધાય છે. ને તે મોહ નિદ્રામાં સરી પડે છે.

મોહથી દૂર રહેવું દુષ્કર છે. મોહથી ભાગવું કઠિન છે.

મોહનો નાશ કરવો મુશ્કેલ છે.

મૂઠ્ઠીઓવાળીને ભાગવાથી મોહ કેડો છોડતો નથી.

ગમે ત્યાં જાવ, ગમે ત્યાં છુપાવ, મોહ તમને પકડી પાડશે.

મોહનો પરાજય શક્ય છે ? ના. તે અતિ કઠિન છે.

કોક વિરલા જ તેનો પરાભવ કરી શકે તેમ છે.

મોહનો પરાજય કરનારા જ સત્ય જૈનત્વને પામે છે.

જૈનત્વ મોહનાશનો પર્યાય છે. જૈનત્વ રાગનાશનો પર્યાય છે.

મોહનો પરાજય કરનાર જ સાચા જૈનત્વને પ્રાપ્ત થાય છે.

જગતને પાવન કોણ કરી શકે ?

જગતને સન્માર્ગે પ્રતિબોધિત કોણ કરી શકે ?

જે સત્યના પક્ષમાં હોય. જેણે રાગનો નાશ કર્યો હોય. જેણે મોહનો નાશ કર્યો હોય. જેણે કર્મોનો કચ્ચરઘાણ વાળી નાંખ્યો હોય.

મોહ વિહીન. રાગ વિહીન.

આવો બ્રહ્મજ્ઞ જ સત્ય જૈનત્વને પામી શકે છે.

જૈનત્વને પામવું સરળ નથી.

જૈનત્વ સર્વોત્તમ ગુણોનો પર્યાય છે.

રાગવિહીન, મોહમુક્ત સ્થિતિનો ચિરંતન સંદર્ભ એટલે જૈનત્વ.

સત્ય જૈનત્વની વાત છે.

કહેવાતા જૈનત્વની નહિ.

સાચા જૈનત્વની.

અને સત્ય જૈનત્વને પામેલા બ્રહ્મજ્ઞો જ આ વિશ્વને પાવન કરનાર જિનો - પરમાત્માઓ બની શકે છે !

પણ એની પૂર્વ શરત છે મોહમુક્તિ. રાગમુક્તિ.

એની મહત્ત્વની શરત છે સત્ય જૈનત્વની પ્રાપ્તિ.

**मनुष्यदेहसद्गेहे, प्रभुराऽऽत्माऽस्ति शक्तिमान् ।**
**ज्ञानमेव प्रधानोऽस्ति, विवेकः कार्यवाहकः ॥ ११९ ॥**

દેહ..... અને આત્મા.....!

મનુષ્યનો દેહ ગૃહ છે. અને એમાં વસે છે સર્વ શક્તિમાન્ આત્મા.

આ આત્મા જ પ્રભુ છે.

આત્મા વિનાના દેહનો કોઈ અર્થ નથી. આત્મા જ દેહને પ્રેરે છે. દેહને મૂલ્યવાન બનાવે છે.

આત્મા શક્તિમાન્ છે.

આત્મા વિનાના દેહની કોઈ શક્તિ નથી.

દેહ એ આત્મા નથી. દેહમાં વસે છે આત્મા. દેહ વસ્ત્ર છે.

દેહ ગતિ કરે છે અને તેનાથી આવૃત્ત છે આત્મા.

આત્મા એને ચલાવનાર છે.

જેમ ફૂલમાં સુગંધ છે, સૂર્યમાં તેજ છે, તેમ શરીરમાં આત્મા છે.

આત્મા મહાસામર્થ્યવાન છે, સર્વ શક્તિમાન છે.

એની શક્તિને મર્યાદા નથી. એની શક્તિનો કોઈ પાર નથી.

અને આ મહાશક્તિમાન આત્મા જ પ્રભુ છે, એવું વિવેકપૂર્ણ અને કાર્યકારક જ્ઞાન જ મુખ્ય જ્ઞાન છે.

આ જ્ઞાન ન હોય તો અન્ય સર્વ જ્ઞાન વ્યર્થ છે.

દેહમાં વસનાર શક્તિમાન આત્મા જ પ્રભુ છે, એ જ્ઞાન થવું મહત્વનું છે.

આ જ્ઞાન એને થાય છે, જેનું અજ્ઞાન ટળ્યું છે.

જેના તમામ ભ્રમો ટળ્યા છે.

વિવેકથી ભ્રમ ટળે છે.

**क्षायिकालब्धयस्तत्र, प्रकाशन्ते स्वभावतः ।**

**शुद्धोपयोगसेनानी, रागादिशत्रुनाशकः ॥ १२० ॥**

શ્રી નેમિનાથ જગત્પ્રભુ દ્વારિકામાં પધાર્યા છે.

એમના આગમનનો હેતુ સુસ્પષ્ટ છે.

પ્રભુનું આગમન હંમેશાં જગત માટે કલ્યાણકારી હોય છે.

અજ્ઞાન દૂર કરવા તથા જગતકલ્યાણના શુભ હેતુથી તેમનું આગમન થતું હોય છે. તેમનું દ્વારિકાપુરીમાં જે આગમન થયું છે, તેની પાછળ પણ શુભ કલ્યાણકારી હેતુ રહેલો છે.

દ્વારિકાપુરીના રાજા છે શ્રી કૃષ્ણ વાસુદેવ.

શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધ પમાડવા માટે તેઓ પધાર્યા છે અને જ્ઞાનના ઉપયોગથી ગૂઢાર્થથી ભરેલી અનેક વાતો તેઓ તેમના પ્રતિબોધના માધ્યમથી કહે છે.

પ્રભુ કહે છે કે -

આત્મામાં ક્ષાયિકભાવની તમામ લબ્ધિઓ સ્વભાવથી પ્રકાશમાન થતી હોય છે.

રાગ આદિ શત્રુઓ માનવીને અંધ બનાવી દે છે. રાગાત્મક ભાવમાં લપસી પડેલો અને મોહના પ્રગાઢ બંધનમાં બંધાયેલો મનુષ્ય અંધકારમાં અટવાતા અંધ સમાન છે.

જીવને રૂંધનારાં ઘણાં બધાં પરિબળો ટાંપીને જ બેઠાં છે.

રાગ દ્વેષ, મોહ માયા, કામ ક્રોધ આદિ અનેક પ્રકારના વૈભાવિક ભાવો મનુષ્યના મોટા શત્રુઓ એના પતનની રાહ જોતા બેઠા હોય છે અને થોડી નબળાઈ નજરે પડતાં જ આ શત્રુઓ તેને પોતાના લપેટમાં લઈ લે છે. પોતાના બંધનમાં જકડી લે છે.

પછી તો મનુષ્ય લાચાર બની જાય છે ને વિવશતાપૂર્વક મોહના બંધનમાં તે તરફડે છે. મોહનો અંધકાર તેને વીંટળાઈ વળે છે. રાગરજ્જુ તેને બંધનમાં બાંધી દે છે. મનુષ્ય મોહમાર્ગી બને પછી તેની મુક્તિની સંભાવનાઓ નહીંવત્ બની જાય છે.

ત્યારે મદદરૂપ બને છે શુદ્ધોપયોગ રૂપ સેનાની અર્થાત્ સેનાનાયક.

આ સેનાપતિ એને બચાવે છે. છોડાવે છે. બંધન મુક્ત કરે છે.

રાગના બંધનમાંથી મુક્ત કરે છે. રાગાદિ શત્રુઓનો નાશ કરે છે.

મનુષ્ય બચી જાય છે. મુક્ત બને છે.

ને પ્રકાશમાર્ગે અગ્રગતિ કરે છે.

**आत्मनः पूर्णसाम्राज्यं, पूर्णानन्दप्रकाशकम् ।**
**वर्तते तत्र दुःखस्य, गन्धोऽपि नैव भासते ॥ १२१ ॥**

આત્મા પૂર્ણાનંદ પ્રકાશક છે. આત્મા આનંદનો પ્રેરક છે.

માત્ર આનંદ નહિ પણ પૂર્ણાનન્દ.

જીવ સતત ઝંખે છે આનંદને. એ સતત શોધ ચલાવે છે આનંદની. એને સતત તૃષા હોય છે આનંદની. ક્ષુધા છે આનંદની.

અને આનંદ- પૂર્ણાનંદ દેહ થકી મળતો નથી.

દૈહિક ભાવોથી શક્ય નથી.

રાગાત્મક કાર્ય આનંદનું કારણ નથી, એ આનંદ ક્ષણિક જ હોય છે.

સાંસારિક દ્રષ્ટિથી મનને આનંદ આપનારી અનેક ચીજો આ જગતમાં અસ્તિત્વ ધરાવે છે .આ ચીજો સરસ રીતે શણગારાયેલી, સજ્જ થયેલી છે, જેને જોતાં જ માણસના મનમાં લાલસાની આંધી ઉઠે છે.

રાગાત્મક રમકડાંનો પાર નથી આ વિશ્વમાં.

ઈન્દ્રિયોને પરવશ બનાવે છે આ રાગાત્મક રમકડાં.

એ આનંદ જરૂર આપે છે.

પણ ક્ષણિક. અલ્પજીવી. પાણીના પરપોટા જેવો આનંદ.

તરત જ નાશ પામે તેવો. તરત જ ફૂટી જાય એવો.

એ સાચો આનંદ નથી. શાશ્વત આનંદ નથી. સનાતન આનંદ નથી.

મોહનાં વસ્ત્રો પહેરીને માયા બેઠી છે અને શરીર ઉપર રાગાત્મક લેપ લગાવ્યા છે. એ જોઈને માણસના મનમાં પ્રબળ ખેંચાણ થાય છે.

એનો સંયમ ઓગળી જાય છે ને મનમાં રાગભાવનો અનુભવ કરે છે.

આનંદ પેદા થાય છે મનમાં. પણ ક્ષણિક. અલ્પજીવી.

તરત જ નષ્ટ થનારો આનંદ. કાયમી આનંદ નહિ.

દેહનો આનંદ મર્યાદિત અને ક્ષણજીવી છે.

દ્રષ્ટિનો આનંદ મર્યાદિત છે.

ઈન્દ્રિયોનો આનંદ ક્ષણિક છે.

ઉત્પન્ન થાય છે ને તરત જ નષ્ટ પણ થાય છે.

રાગનાં રમકડાં છે એ. સાચા અર્થમાં તો રાખનાં રમકડાં છે.

શરીરનું તેજ હણાય છે. ને નાશની આંતરપ્રક્રિયા શરૂ થાય છે.

આવો આનંદ ક્ષણિક જ નહિ, મૃત્યુમુખી પણ છે.

દેહનો આનંદ સાચો આનંદ નથી.

સાચો આનંદ છે આત્માનો. તે પૂર્ણાનન્દ પ્રકાશક છે.

ને જ્યાં આત્માનું પૂર્ણ સામ્રાજ્ય પ્રવર્તતું હોય, ત્યાં દુ:ખની ગંધ માત્ર પણ શી રીતે આવે ?

માણસ દુ:ખથી ડરે છે. દુ:ખ એને નથી જોઈતું. દુ:ખ એને ભય પમાડે છે.

તે દુ:ખથી દૂર ભાગવા મથે છે. દુ:ખથી ગભરાય છે.

દુ:ખનો અંશ માત્ર પણ તેને પીડા આપનારો બની રહે છે ને એથી જ તે દુ:ખને ક્યારેય નથી ઈચ્છતો.

દેહનું સુખ દુ:ખનું નિમિત્ત છે. ઈન્દ્રિયોનું સુખ દુ:ખ નોતરે છે.

રાગાત્મક સુખ અલ્પજીવી છે ને તેની ગતિ મૃત્યુમુખી છે.

સાચું સુખ આત્મા અર્પે છે.

આત્મા જ આનંદના કારણરૂપ છે. તે પૂર્ણાનંદ પ્રગટાવે છે.

ને પૂર્ણાનંદના પ્રકાશક એવા આત્માનું પૂર્ણ સામ્રાજ્ય જ્યાં પ્રવર્તે છે, ત્યાં દુ:ખની થોડી સરખી ગંધ પણ આવી શકે નહિ.

ગંધના આભાસ પણ ન થાય. દુ:ખ આવે જ નહિ.

પૂર્ણાનંદ જ પ્રકાશી રહે.

यत्र मोहस्य साम्राज्यं, वर्तते तत्र दुःखिता ।
पारतन्त्र्यं मनुष्याणामात्मभोगेन नश्यति ॥ १२२ ॥

જગતમાં સર્વત્ર મોહનું સામ્રાજ્ય પ્રવર્તે છે.

ને જ્યાં મોહનું સામ્રાજ્ય પ્રવર્તે, ત્યાં હોય છે કેવળ દુઃખ.

મોહને કારણે નીતિનાશ થાય છે.

વિચારશક્તિનો નાશ થાય છે. વિવેકબુદ્ધિનો નાશ થાય છે.

આ જગતમાં મોહ અગણિત સ્વરૂપે પ્રવર્તે છે અને માણસના મનને લલચાવે છે. માણસને આકર્ષે છે.

જ્યાં મોહ છે, ત્યાં દુઃખ છે. મોહ દુઃખનું કારણ છે.

એક ચીજમાં મોહ જાગ્યા પછી ચીજ ન મળે અથવા નષ્ટ થઈ જાય તો માણસ દુઃખી બની જાય છે ને દુઃખના સાગરમાં ડૂબી જાય છે.

આ જગતમાં જે જે જીવો દુઃખી થાય છે, દુઃખને કારણે રડે છે અથવા વિલાપ કરે છે, તે બધાના મૂળ કારણમાં મોહ જ રહેલો જોવા મળશે.

તમે તપાસ કરજો.

બાળકને રમકડા પર મોહ જાગ્યો છે, તે રંગીન છે, રૂપાળું છે એટલે તેથી તે તેના તરફ ખેંચાય છે. તેને હસ્તગત કરવા મથે છે.

તેને મેળવે છે. તેના વડે રમે છે ને આનંદ પામે છે.

પણ આ આનંદ ક્યાં કાયમી છે ? એ તો ક્ષણજીવી છે.

રમ્યા પછી રમતાં રમતાં અચાનક રમકડું તૂટી જાય છે.

ને બાળક રડવા માંડે છે. દુઃખી થાય છે. વ્યથિત બને છે.

બાળક દુઃખી બન્યું છે.

ને એના દુઃખનું કારણ છે રમકડું. રમકડા પરનો મોહ.

મોહ એના દુઃખનું કારણ બન્યો.

પણ આ જ રમકડું તૂટી જવા છતાં કોઈ મોટી ઉંમરની વ્યક્તિને દુઃખ આપતું નથી, કારણ કે તેને રમકડા પર મોહ નથી.

મોહ બાળકને છે.

જે મોહ પામે છે, તે જ દુઃખી બને છે.

નિર્મોહીને કોઈ દુઃખ નથી.

આ જ વાત મોટા માણસોને પણ એટલી જ લાગુ પડે છે.

એમનાં રમકડાં જુદાં છે. એમનો મોહ ભિન્ન છે.

એમને દ્રવ્યનો મોહ છે. એમને સૌંદર્યનો મોહ છે.

એમને સત્તાનો મોહ છે. એમને મોટાઈનો મોહ છે.

એ વેપારીના રૂપિયા ડૂબી ગયા છે.

ધંધો કર્યો, માલ ભર્યો, પણ ભાવ બેસી ગયો..

ભારે નુકશાન થયું એટલે તે દુઃખી બન્યો.

કારણ કે એને દ્રવ્યનો મોહ જાગ્યો હતો. દ્રવ્યએ તેને મોહરૂપ અંધત્વ આપ્યું હતું.

મોહ દુઃખનું નિમિત્ત બન્યો.

પેલા ભાઈની પત્ની મૃત્યુ પામી છે. સુંદર મનગમતી પત્નીના મૃત્યુથી તે દુઃખી છે. રડે છે. માથાં કૂટે છે.

એમને રૂપનો મોહ હતો. રૂપ નષ્ટ થયું. એ દુઃખી બન્યા.

મોહ ભારે દુઃખનું કારણ બની ગયો.

પેલા ટોપીવાળા ભાઈની ખુરશી ચાલી ગઈ છે. જનતાએ એમને મત ન આપ્યા. વિરોધપક્ષવાળો ફાવી ગયો.

ને એમની ખુરશી જતી રહી. એમની સત્તા જતી રહી.

ખુરશીનો મોહ જાગ્યો હતો. સત્તાનો મોહ જાગ્યો હતો.

એટલે એ દુઃખી બની ગયા.

પણ વેપારીને એનું દુઃખ નથી કારણ કે એને સત્તાનો મોહ નથી.

મોહનું કારણ છે મનની નબળાઈ.

દુઃખનું કારણ છે મોહ. મોહ દુઃખી કરે છે. મોહ મારે છે.

અને એટલે જ તો જ્યાં મોહનું સામ્રાજ્ય પ્રવર્તે છે, ત્યાં દુઃખ છે.

મનુષ્યોનું પારતંત્ર્ય આત્મજાગૃતિ આત્મભોગથી જ નાશ પામે છે.

માટે આત્માને સેવો.

**आत्मस्वातंत्र्यसाम्राज्य, आत्मभोगेन जायते ।**
**समष्टिव्यष्टिसाम्राज्यमात्मभोगात् जायते ॥ १२३ ॥**

આત્મ-ભોગની વાત અહીં ખૂબ જ સુંદર ઢંગથી કરવામાં આવી છે.

મનુષ્યનું પરતંત્રપણું આત્મ-ભોગ થકી નષ્ટ થાય છે.

આત્મભોગથી આત્મસ્વાતંત્ર્ય પ્રાપ્તિ થાય છે.

દેહ અને આત્મા.

દેહના ભોગથી મોહ ઉત્પન્ન થાય છે. રાગાત્મક માયા ઉત્પન્ન થાય છે. સંસારનાં બંધનો ઉત્પન્ન થાય છે.

મનુષ્ય પરતંત્ર બને છે. તે પોતાની સ્વતંત્રતા ગુમાવી દે છે.

કારણ કે તે દૈહિક ભોગોને કારણે સ્વતંત્રપણે કંઈ કરી શકતો નથી. એટલું જ નહિ પણ મોહાંધતાને કારણે તે વિવશ બની જાય છે, પરતંત્ર બની જાય છે.

દેહસ્વાતંત્ર્ય અને આત્મસ્વાતંત્ર્ય અથવા આત્મસ્વરાજ.

દેહસ્વાતંત્ર્ય એક અલગ ચીજ છે. આત્મસ્વરાજ ખૂબ ઊંચી બાબત છે.

આત્મભોગથી એટલે આત્માના જ્ઞાનાદિગુણોના ભોગથી આત્મ સ્વરાજ પ્રાપ્ત થાય છે.

આત્મભોગથી સમષ્ટિ અને વ્યક્તિ સામ્રાજ્ય ઉત્પન્ન થાય છે.

તો પછી આત્મભોગનું સેવન શા માટે ન કરવું ?

**मृत्युभीत्यादियुक्ताऽऽत्मा, देहाऽऽत्माध्यासयोगतः ।**
**मुक्तिं नाप्नोति मूढाऽऽत्मा, नामरूपादिमोहवान् ॥ १२४॥**

દેહને વિષે આત્મબુદ્ધિ કરવાથી દેહીને તમામ પ્રકારની ભીતિઓ સતાવે છે. એટલું જ નહિ પણ દેહીને તમામ સંશયો પણ સતાવે છે.

દેહીને મૃત્યુની ભીતિ છે. પ્રહારની ભીતિ છે. નાશ થવાની ભીતિ છે.

દેહીને અનેક પ્રકારના સંબંધો છે. તેથી સંબંધો નષ્ટ થવાની ભીતિ છે.

રંગ, રાગ, વિષય, મદ, મોહ બધું જ દેહગત છે.

અને આ બધું ચાલ્યા જવાની, નષ્ટ થવાની કે તેનાથી વિમુખ થઈ જવાની ભીતિ દેહીને સતાવે છે.

દેહાત્માધ્યાસના યોગથી આ બધી ભીતિઓથી મૂઢાત્મા પીડાય છે.

તેને નામ છે. તેને રૂપ છે. અને નામરૂપ આદિનો તેને મોહ છે :

જગતના મોહક પદાર્થોની તેને વાંચ્છના છે.

રાગાભિલાષાને તે દબાવી શકતો નથી.

રૂપ પ્રત્યે તે મોહાત્મકભાવ અનુભવે છે.

નામ પ્રત્યે પણ તેને મોહ છે.

અનેક વિષયો-વિકારોથી તે ભરેલો છે.

આ મૂઢાત્મા મુક્તિ ઈચ્છે છે. મુક્ત થવાની તેની ઝંખના છે.

પણ રાગાત્મક બંધનોમાં તે બંધાયેલો છે. નામરૂપ આદિના મોહ વાળો તે છે. તેથી એ શી રીતે મુક્તિ પામે ?

મુક્તિ પામવા માટે મોહમુક્ત બનવું પડે.

કામનાથી મુક્ત બનવું પડે. દેહાધ્યાસ છોડવો પડે.

આત્મભોગ પામવો પડે.

આત્મભાવને છોડી દેહભાવમાં ભ્રાન્ત રહેનારો, મોહ માયા અને રંગરાગમાં રક્ત રહેનારો આવો મૂઢાત્મા કદી પણ મુક્તિને પામતો નથી.

આત્મ સ્વાતંત્ર્ય પામતો નથી. આત્મ સામ્રાજ્યને પામતો નથી.

**आत्मानुभवबोधेन, निर्भयो जायते जनः ।**
**शुभाऽशुभसमो ह्याऽऽत्मा, साक्षीरूपेण जीविता ॥१२५॥**

માણસ અનેક પ્રકારના ભયો વચ્ચે જીવે છે. જ્યાં જીવન છે, રાગાત્મક ભાવો છે, મોહ છે અને દેહાધ્યાસ છે, ત્યાં આવા અનેક ભયો મનુષ્યને સતાવવાના.

મનુષ્ય મૂળભૂત રીતે નિર્ભય બનવા ઈચ્છે છે.

પણ જ્યાં આસપાસ તૂટી જાય એવી, નષ્ટ થઈ જાય એવી, છીનવાઈ કે લૂંટાઈ જાય એવી અથવા મૃત્યુ પામે તેવી ચીજો ગોઠવાયેલી હોય, ત્યાં એ નિર્ભય શી રીતે બની શકે ?

એને અભય શી રીતે મળે ?

દૈહિક આકર્ષણ હોવાને કારણે તથા સુખનો સાચો અર્થ ન જાણતો હોવાને કારણે તે માત્ર ક્ષણિક સુખને જ સાચું સુખ માની બેસે છે.

ક્ષણિક આનંદને જ તે સાચો આનંદ માની લે છે.

જેમ નાનું બાળક છીપલાંને જ સાચાં મોતી માની લે તેમ.

જેમ પાગલ માણસ શ્વાનના ગલુડિયાને જ પોતાનું બાળક માની લે તેમ.

હાથમાં હીરો પકડ્યો છે એવું તે સમજે છે, પણ વાસ્તવમાં તે કાચ જ છે.

રાગમય જગત છે અને આ જગતમાં રાગાત્મક ચીજોનો પાર નથી.

શો-કેશમાં સુંદર રીતે વેચાણ માટેની ચીજો ગોઠવેલી હોય, તેમ આ જગતમાં રૂપ રંગવાળી આવી અનેક ચીજો મોહ પમાડે તેમ ગોઠવાયેલી છે.

આ બધી વસ્તુઓ પર તે અધિકાર પ્રાપ્ત કરે છે અને આ વસ્તુઓ 'ચોરાઈ જશે તો?' અથવા 'નાશ પામશે તો?' એવા સંશયથી તે સતત ફફડ્યા કરે છે.

ભય પામતો રહે છે તે સતત. દહેશતમાં તે જીવે છે.

તેને મૃત્યુનો ડર છે.

પોતાની ચીજો છીનવાઈ જવાનો ભય છે.

રોગનો ભય છે. રૂપ ઝાંખું પડવાનો ભય છે.

સતત સતાવે છે એને આ બધા ભયો. સતત ફફડ્યા કરે છે તે.

શંકાઓમાં જીવ્યા કરે છે તે.

ને એ જતું રહેશે તો ? આ રૂપ ચાલ્યું જશે તો ?

આ યૌવન ચાલ્યું જશે તો ? મૃત્યુ મને ઉપાડી જશે તો ?

મારી સમૃદ્ધિ લૂંટાઈ જશે તો ?

સ્ત્રીના, બાળકોના, મિલ્કતના, યુવાનીના - કેટકેટલા ભયો તેની આસપાસ રહી તેને સતત ઠોલતા રહે છે !

એ ક્ષણે ક્ષણે કપાતો રહે છે. રહેંસાતો રહે છે.

માણસ નિર્ભય શી રીતે બને ?

આત્માના અનુભવયુક્ત બોધથી મનુષ્ય નિર્ભય બને છે.

આત્મભાવે રમી રહેનારને કોઈ ભય સતાવતો નથી !

આત્મભોગ જરૂરી છે. આત્મસ્વાતંત્ર્ય જરૂરી છે.

ભય છે દેહભાવે રમી રહેનારને.

દેહને યૌવન છે ને યૌવન ચાલ્યું જાય છે ને વૃદ્ધત્વ એને જકડી લે છે. આ યૌવન ચાલ્યું જવાનો ભય એને સતાવે છે.

દેહને રૂપ છે. રૂપ ચાલ્યા જવાનો ભય એને સતાવે છે.

પણ આત્માના અનુભવ યુક્ત બોધથી જે પ્રતિબોધિત થયો છે ને જ્ઞાનયુક્ત બન્યો છે, તે ભય પામતો નથી. શુભ અને અશુભમાં તે સમ રહે છે. આવો આત્મા સાક્ષી ભાવમાં જીવે છે.

આત્માનો અનુભવયુક્ત બોધગ્રહણ કરો-

જો નિર્ભય બનવું હોય તો ? ભય ન પામવું હોય તો ?

શુભ અશુભમાં સમભાવે રહો.

**सर्वकालेषु मुक्तात्मा, जायते समभाववान् ।**
**आत्मनि नैव कालोऽस्ति, न च कर्माणि निश्चयात् ॥ १२६ ॥**

મુક્તાત્મા કોઈપણ કાળે કોઈપણ સ્થળે અને કોઈપણ સ્થિતિમાં સમભાવવાળો હોય છે.

કાળ તો દેહને છે. આત્માને નહિ. આત્મા કાલજયી છે.

શરીરને કાળ હોય છે. શરીરને ઉમર થાય છે. ઉમર વધે છે.

શૈશવ, યૌવન અને વૃદ્ધત્વ એવી કાલ વ્યવસ્થામાંથી શરીરને પસાર થવું પડે છે.

માત્ર શરીરને જ. આત્માને નહિ.

આત્મા યુવાન કે વૃદ્ધ બનતો નથી.

કાળ એને કંઈ જ અસર કરી શકતો નથી.

આત્માને કાળ નથી. કાળ છે માત્ર દેહને.

દેહને રોગ થાય છે. દેહને કરચલીઓ પડે છે. દેહને વાગે છે. દેહ વૃદ્ધ બને છે. દેહ મૃત્યુ પામે છે.

કાળના થપેડા સામે દેહ ઝીંક ઝીલી શકતો નથી.

સર્વ કાળે દેહ પ્રભાવિત થાય છે.

દેહને કર્મ છે. જાત જાતનાં કર્મો તે કરે છે.

ને આમ કર્મબંધનથી બંધાતો જાય છે.

આત્માને નિશ્ચયપણે કર્મ પણ નથી. તેને કર્મબંધ થતો નથી.
અને એટલે જ તો મુક્તાત્મા સર્વ કાળે સમભાવવાળો હોય છે.
કાળ તેને પ્રભાવિત કરતો નથી. તેને કર્મ બંધ થતો નથી.
જે કંઈ બંધનો કે અસરો છે, તે માત્ર શરીરને.
સમય જતાં શરીરમાં ફેરફાર થાય છે.
રૂપ ઝાંખું પડે છે. આંખોનું તેજ ઝાંખું પડે છે.
ચામડી પર કરચલીઓ પડે છે. રોગગ્રસ્ત બને છે.
શરીરમાં કંપ આવે છે. કેડ વાંકી વળે છે.
આત્માને એમાનું કંઈ થતું નથી. તે કાળથી પર છે.
કર્મથી પર છે.

**आत्मानमाऽऽत्मभावेन, द्रष्टा सम्यक्त्त्व योगीराट्।**
**वैकुण्ठं मानसं कृत्वा, स्वतंत्रो जायते हृदि ॥ १२७ ॥**

સમ્યક્ત્વ શ્રેષ્ઠ છે. સમ્યક્ત્વ ગ્રહણ કરનાર શ્રેષ્ઠ છે.
સમ્યક્ત્વ તો યોગીરાજ છે.
તે આત્મભાવ થકી આત્માને જુએ છે.
સમ્યક્ત્વના પ્રભાવથી મનની શુદ્ધિ થાય છે.
સમ્યક્ત્વ મનને વૈકુંઠ બનાવે છે અર્થાત્ પવિત્ર બનાવી દે છે.
સમ્યક્ત્વ જીવનનો શણગાર છે. આત્માનું ગૌરવ છે.
મનને પવિત્ર કોણ કરી શકે ?
એને વૈકુંઠ સમાન કોણ બનાવી શકે ?
એને શુદ્ધિ કોણ અર્પે ?
માત્ર અને માત્ર સમ્યક્ત્વ.
સમ્યક્ત્વ ધારણ કરનાર પવિત્ર બને છે. એનું મન પવિત્ર બને છે.
મનમાં રહેલો કચરો સાફ થઈ જાય છે.
મનનો મેલ નષ્ટ થાય છે.
તે શુદ્ધ બને છે. પવિત્ર બને છે. વૈકુંઠ સમાન બને છે.
સમ્યક્ત્વરૂપી યોગીરાજ આ પ્રમાણે મનને વૈકુંઠ બનાવીને હૃદયમાં સ્વતંત્ર થાય છે.

**आत्मा येन न विज्ञातो, नैगमादिनयै र्महान् ।**
**सर्वयोनिषु संसारे, भ्राम्यति दुःखवेदकः ॥ १२८ ॥**

આત્મા સાચે જ મહાન છે.

યથાર્થ રીતે તેની મહાનતા સર્વ સ્વીકારે છે, કબૂલ કરે છે.

આત્મા અનુપમેય છે. સર્વથી તે મહાન અને શ્રેષ્ઠ છે.

આત્મા અનન્વય છે. શ્રેષ્ઠ જ નહિ, સર્વ શક્તિમાન છે.

આત્મા નૈગમ આદિ નયોના જ્ઞાનથી મહાન છે. આત્માની તુલના કશાથી જ થઈ શકે તેમ નથી.

માટે આત્માને ઓળખો. આત્માને જાણો. આત્માને પિછાણો.

આત્મા ખરેખર મહાનતમ છે.

આત્માની મહાનતાને જે જાણતો નથી, તે સાચે જ દુઃખવેદક છે.

જેણે આત્માને નૈગમ આદિ નયોના જ્ઞાનથી મહાન જાણ્યો નથી, તે દુઃખવેદક છે.

આત્માના સામર્થ્યને ન પિછાણનાર સાચે જ દયાને પાત્ર છે.

આવો દુઃખવેદક આ સંસારની સર્વ યોનિઓમાં ભમે છે.

વિવિધ યોનિઓમાં ભ્રમણ કરે છે. તેને મુક્તિ મળતી નથી.

આત્માની મહાનતાને, આત્માના સર્વશક્તિમાનપણાને, આત્માની અજોડતાને જાણી લેવી જરૂરી છે.

જે જાણતો નથી, તે દયાપાત્ર છે. દુઃખવેદક છે.

સંસારની સર્વ યોનિઓમાં તે ભમે છે.

**येनाऽऽत्मापूर्णविज्ञातस्तेन ज्ञातमिदं जगत् ।**
**बाह्यान्तरे विजेतारो, भवन्ति ब्रह्मवेदिनः ॥ १२९ ॥**

આત્માને જેણે સંપૂર્ણ જાણ્યો છે, તેણે આ જગતને જાણ્યું છે એમ માનવું.

જગતને અલગથી જાણવાની જરૂર નથી.

આત્માને જે જાણે છે, એને માટે જગત આપમેળે જણાઈ રહે છે.

જગતનો સાર શો ? સંસારનો સાર શો ? વિશ્વનો સાર શો ?

એ સાર, એ ભેદ, એ અર્થ અને એ શક્તિમાનપણું સર્વ આત્માના જ્ઞાનમાં નિહિત છે.

આત્મા સંપૂર્ણ છે. આત્મા આત્મા છે. જગત જગત છે.
જગતના તમામ અર્થો અને સંદર્ભો આત્મામાં નિહિત છે.
એટલે જ તો કહ્યું છે કે : આત્મજ્ઞાન જેવું કોઈ જ્ઞાન નથી.
આત્મજ્ઞાન આગળ સર્વ જ્ઞાન વામણાં છે.
આત્મજ્ઞાન શ્રેષ્ઠ જ્ઞાન છે.
એ જ્ઞાનમાં જગતનું જ્ઞાન સમાવિષ્ટ થઈ જાય છે.
આત્મજ્ઞાનમાં જગતજ્ઞાન આવી ગયું.
જગત જ્ઞાન એથી ભિન્ન નથી.
કારણે સંપૂર્ણ જાણ્યા પછી આંશિક જાણકારીની જરૂર નથી.
કારણ તે સંપૂર્ણ જાણકારીમાં સમાઈ જ જાય છે.
આત્મા સર્વાંગ સંપૂર્ણ છે. સર્વ શક્તિમાન છે.
આત્મા બ્રહ્મ છે. બ્રહ્મવેદીઓ બ્રહ્મને અર્થાત્ આત્માને જાણે છે.
આત્માને જાણ્યા પછી કશાયને જાણવાની જરૂર રહેતી નથી.

કારણ કે બધા જ અંશો આત્મામાં સમાવિષ્ટ થઈ જાય છે. જેમ સમષ્ટિમાં વ્યક્તિ સમાઈ જાય છે.

બ્રહ્મ (આત્મા) ને જાણનારા આ બ્રહ્મવેદીઓ બાહ્યને પણ જાણનારા થાય છે અને અંતરને પણ જાણનારા થાય છે.

આત્માના જ્ઞાન સામે જગતનું જ્ઞાન કે કોઈ બાહ્ય પદાર્થનું જ્ઞાન ન્યુન છે. આત્માનું જ્ઞાન જ સંપૂર્ણ છે.

**मनोवाक्कायशक्तीनां, विकासाय सुशिक्षणम् ।**
**आत्मज्ञानस्य संग्राह्यं, परार्थस्वार्थसाधकम् ॥ १३० ॥**

માણસ માત્ર પોતાની સર્વ પ્રકારની શક્તિઓનો વિકાસ ઈચ્છે છે.
- મનની શક્તિઓનો વિકાસ.
- વાણીની શક્તિઓનો વિકાસ.
- કાયાની શક્તિઓનો વિકાસ.

આમ, સર્વ પ્રકારી શક્તિઓના સંપૂર્ણ વિકાસ માટે તે સતત પ્રયત્નશીલ રહે છે.

તમામ પ્રકારની શક્તિઓનો વિકાસ શી રીતે શક્ય બને ?
કાયાની શક્તિનો વિકાસ શી રીતે થાય ?

મનની શક્તિનો વિકાસ શી રીતે જાય ?

વાણીની શક્તિઓનો વિકાસ શી રીતે શક્ય બને ?

એ માટે જરૂર છે માત્ર આત્મજ્ઞાનની. કારણ કે આત્મજ્ઞાન પરાર્થનું સાધક છે. તેમ સ્વ-અર્થનું પણ સાધક છે.

આવા આત્મજ્ઞાનનું શિક્ષણ મેળવવાથી મન, વચન અને કાયાની શક્તિઓનો સર્વ પ્રકારી વિકાસ શક્ય બને છે.

આત્મજ્ઞાન પ્રેરક બને છે. આત્મજ્ઞાન તેને આગળ વધારે છે.

આત્મજ્ઞાનથી કોઈ જ્ઞાન ભિન્ન નથી.

આત્મજ્ઞાનનું સુશિક્ષણ મેળવવાથી તમામ પ્રકારની શક્તિઓનો વિકાસ શક્ય બને છે.

આત્મજ્ઞાન પરાર્થનું સાધક છે. સ્વાર્થનું પણ સાધક છે.

તો પછી આવા અનોખા, અનુપમ અને સર્વ હિતકારી આત્મજ્ઞાનનું સુશિક્ષણ કેમ ન મેળવવું ?

**आत्मज्ञानस्य लाभेन, जैना जयन्ति भूतले ।**
**आन्तरानेकलब्धीनां, प्राप्तिस्तेन प्रजायते ॥ १३१ ॥**

જે આત્મજ્ઞાન મેળવે છે, તે વિજયી બને છે.

આ વિશ્વમાં જય મેળવનારા જૈનો માટે તેમ બને છે, કારણ કે તેમને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ હોય છે.

આત્માને ઓળખનારા કેટલા ? આત્માને જાણનારા કેટલા ?

આત્માનું જ્ઞાન મેળવનારા કેટલા ?

આ વિશ્વ તો બહુ વિશાળ છે.

ચોખંડ ધરતી માનવ સમૂહોથી ઉભરાય છે.

સૌ પોતપોતાની રીતે આગળ વધવા માગે છે.

જૈનો આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરે છે.

અને તેથી આ વિશ્વમાં તેઓ વિજયવંત બને છે.

જગતમાં જય પ્રાપ્ત કરે છે.

આત્મજ્ઞાની જ સાચો વિજેતા છે.

આત્મજ્ઞાન વગરનાં તમામ જ્ઞાન ફિક્કાં અને વામણાં છે.

જૈનો આ વાત જાણે છે. સાધુ ભગવંતો આ વાત જાણે છે.

તેથી તેઓ આત્મજ્ઞાન પ્રાપ્ત કરે છે ને આત્મજ્ઞાનની પ્રાપ્તિથી તેઓ આ ભૂતલમાં જય મેળવે છે.

જય મેળવનાર છે જૈન. આત્મજ્ઞાન મેળવનાર છે જૈન.

આત્માને જાણનાર છે જૈન.

ને જે આત્માને જાણે છે, તે જગતને જાણે છે

ને જગતમાં વિજયી બને છે.

જૈન સાધુ ભગવંતો આત્મજ્ઞાની હોય છે.

એટલે જગતનું બધું જ જ્ઞાન તેમાં આવી ગયું.

અને આત્મજ્ઞાનને કારણે તેઓ અનેક પ્રકારની આંતરિક લબ્ધિઓ - શક્તિઓ મેળવે છે. તે બધાની પ્રાપ્તિ કરે છે.

શક્તિ પ્રાપ્ત કરવી સરળ નથી. લબ્ધિ મેળવવી સરળ નથી.

તેના માટે જગતનાં અન્ય જ્ઞાન જરૂરી નથી....એનો કોઈ અર્થ પણ નથી.

જરૂરી છે આત્મબલ. જરૂરી છે કેવળ આત્મજ્ઞાન.

આત્માની જાણકારી. આત્માની ઓળખ.

આત્મશક્તિ મેળવ્યા પછી, આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તેને કારણે આંતરિક અનેક પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત થાય છે.

શક્તિઓ પ્રાપ્ત થાય છે.

**परब्रह्मजिनेन्द्रोऽस्ति, स्वाऽऽत्मैव स हृदि स्थितः ।**
**इहामुत्र च सर्वत्र, यत्र तत्र महाप्रभुः ॥ १३२ ॥**

હૃદયમાં વસે છે સ્વ આત્મા.

પરબ્રહ્મ જિનેન્દ્ર કોણ છે ? હૃદયમાં રહેલો સ્વ- આત્મા જ પરબ્રહ્મ જિનેન્દ્ર છે.

જે સ્વ-આત્માને ઓળખે છે, એના સત્ય સ્વરૂપને જાણે છે, એ પરબ્રહ્મ જિનેન્દ્રને જાણે છે, કારણ કે સ્વ-આત્મા જ પરબ્રહ્મ જિનેન્દ્ર છે.

માટે સ્વ- આત્માને ઓળખો. સ્વ- આત્માને જાણો.

પરબ્રહ્મ જિનેન્દ્રની અલગ કલ્પના ન કરો.

તેમનું અલગ કોઈ સ્વરૂપ નથી. આ જ સાચું સ્વરૂપ છે.

જેને પરબ્રહ્મ પરમાત્મા કહે છે, તે જિનેન્દ્ર તે જ સ્વ-આત્મા છે.

સ્વ-આત્મા જ પરબ્રહ્મ જિનેન્દ્ર છે.

સ્થળ કોઈપણ હોય - આલોક હોય. કે પરલોક હોય.

અથવા ક્યાંય પણ - સર્વ સ્થળે - તે જ છે મહાન પ્રભુ !

સર્વત્ર તે રહેલો છે. માટે મહાન પ્રભુને અલગપણે શોધવા ન નીકળો.

તે અલગ મળશે પણ નહિ. માત્ર હૃદયમાં ડોકિયું કરો.

હૃદયમાં સ્થિત સ્વ-આત્મા જ મહાન પ્રભુ છે.

તે જ પરબ્રહ્મ જિનેન્દ્ર છે.

**एकाऽऽत्मा हृदि संविष्ठो, मिथ्या देहादिकं खलु ।**
**ध्यातव्यः सच्चिदानंदस्तत्त्वमस्यादिलक्षितः ॥ १२३॥**

શરીર મિથ્યા છે, નાશવંત અને મરણશીલ છે.

શરીર સંલગ્ન દરેક પદાર્થો મરણગામી છે. જેમ તેની ઉત્પત્તિ થાય છે, તેમ તેનો નાશ પણ થાય છે.

જગત મિથ્યા છે. શરીર મિથ્યા છે. ઈન્દ્રિય સુખો મિથ્યા છે.

આ જગત અને શરીર મિથ્યાત્વથી ભરેલું છે.

માયા મોહ મિથ્યા છે. શરીરનો નાશ કરનારા છે.

શરીરને ક્ષીણ કરનારા છે.

માટે મિથ્યાત્વને ન ભજો. મિથ્યાત્વ પ્રત્યે રાગ ભાવ ન કેળવો.

તે તું છે. તે એટલે પરમાત્મા. તું એટલે આત્મા.

આત્મા જ પરમાત્મા છે, એમ જાણો.

આમ 'તત્ ત્વં અસિ' (તું જ પરમાત્મા છે.) આદિથી લક્ષિત છે આત્મા.

આત્મા જ શાશ્વત છે. આત્માને કોઈ મારી શકતું નથી.

આત્માને કોઈ બાળી શકતું નથી. એને કોઈ ક્ષીણ કરી શકતું નથી.

આત્માને કોઈ મોહમાયા નથી. આત્માને કોઈ રાગભાવ નથી.

આત્માને ભોગાત્મક આકર્ષણ નથી.

આત્મા સાંસારિક ભાવોથી પર છે. કારણ કે આત્મા એ જ પરમાત્મા છે.

આત્મા એ જ પરબ્રહ્મ જિનેન્દ્ર છે.

આત્મા ધ્યાન કરવા યોગ્ય છે. માટે આત્માને જ ભજો.

આત્મારૂપ પરમાત્માને ત્યજી અન્ય કોઈ પરમાત્માની શોધ ન ચલાવો.

એ તો હૃદયમાં સ્થિત છે. તમારા જ હૃદયમાં રહેલો છે.

એ આત્મા છે. ને એ જ પરમાત્મા છે. એ જ પરબ્રહ્મ જિનેન્દ્ર પ્રભુ છે.

એ જ સચ્ચિદાનંદ સ્વરૂપ છે.

આત્મા ધ્યાન કરવા યોગ્ય છે. આત્મા ભજવા યોગ્ય છે.

આત્મા ચિંતવવા યોગ્ય છે.

તત્ ત્વં અસિ. તે જ પરમાત્મા તું છે. આત્મા જ પરમાત્મા છે.

સત્ - ચિત્ - આનંદસ્વરૂપી છે આત્મા. તે મહાન પ્રભુ છે.

પણ શરીર મિથ્યા છે. શરીર નાશવંત છે. અલ્પજીવી છે. ક્ષણ ભંગુર છે.

**आत्मनः प्रतिमा नास्ति, विश्वं स्वप्नोपमं हृदि ।**
**भासते यस्य सद्ब्रह्म, ज्ञानी जैनो भवेत् महान् ।। १३४।।**

આત્મા આત્મા છે. આત્મા અતુલનીય છે. અનુપમેય છે.

એની તુલના કોઈથી થઈ શકે તેમ નથી.

આત્માને ઓળખવો અઘરો છે.

આત્માને જાણવાનું કામ સહુ કરી શકે નહિં.

આત્મા એ જ પરમાત્મા છે. મહાન પ્રભુ છે. પરબ્રહ્મ જિનેન્દ્ર છે.

જે જ્ઞાની છે, તે જ આ વાતને સારી રીતે અને સાચી રીતે સમજી શકે છે. અજ્ઞાનીનું આમાં કોઈ કામ નથી.

ને જે આ વાત સમજે છે, તે જ મહાન જ્ઞાની જૈન છે.

શરીરની તુલના થઈ શકે.

જગતના દરેક પદાર્થની તુલના થઈ શકે.

પણ આત્માની તુલના ક્યારેય થઈ શકે નહિ.

આવું કોણ જાણે ? આવું કોણ સમજે ? આવું ભાસમાન કોને થાય?

આવી પ્રતીતિ કોને થાય ? બધા આ વાત સમજી શકતા નથી.

આ જગતમાં અબજો માનવીઓ વસે છે. સંખ્યાતીત જીવો વસે છે. પણ બધા આ વાતને જાણવા તથા સમજવા માટે સક્ષમ બનતા નથી.

જ્ઞાન દર્શન આપે છે. જ્ઞાન સમજણ આપે છે.

જ્ઞાન આવરણો હટાવે છે. જ્ઞાન અંધકારને ભેદે છે.

ને જ્યાં જ્ઞાન છે, ત્યાં સમજણ છે. જ્ઞાન છે, ત્યાં આવરણ નથી.

જ્ઞાન પારદર્શી છે. જ્ઞાનને કારણે પારદર્શિત આવે છે.

જ્ઞાનીઓ બહુ ઓછા હોય છે કે જેઓ સમજી શકે કે આત્મા એ જ પરમાત્મા છે.

વિશ્વ તો સ્વપ્ન સમાન છે.

સ્વપ્ન ક્યારે ઊડી જાય તે કહેવાય નહિ.

સ્વપ્ન સત્ય નથી. સ્વપ્ન ક્ષણજીવી છે.

આંખ ખૂલતાં જ સ્વપ્ન નષ્ટ થઈ જાય છે.

વિશ્વ - જગત - સંસાર સ્વપ્ન સમાન છે. ક્ષણજીવી છે. નાશવંત છે.

આભાસી છે. પલકારામાં ઊડી જાય તેવું છે.

વિશ્વના વિશ્વાસે ન રહી શકાય.

વિશ્વના પદાર્થોને સાચા માની ન શકાય.

જે દેખાય છે, તે સાચું નથી. ક્ષણિક અને નાશવંત છે.

સૂતા પછી આવેલા સપના જેવું છે.

પણ જ્ઞાન વગરના જીવો એને સાચું માની લે છે. એ જ સત્ય છે એમ સમજી લે છે. મિથ્યાત્વમાં સત્યનું આરોપણ કરે છે.

જગત મિથ્યા છે. માયા મિથ્યા છે. ઈન્દ્રિયસુખો મિથ્યા છે.

જે દેખાય છે, એ મિથ્યા છે.

રાગાત્મક સુખો મિથ્યા છે. ભોગાત્મક સુખો મિથ્યા છે.

ને જગત ભોગપ્રધાન છે. મિથ્યાત્વથી ભરેલું છે.

તો પછી ભૂલી જાઓ એને. છોડો એની માયા.

સત્યને છોડી મિથ્યાને કોણ પકડે ?

સત્ય આત્મા છે.

સ્વ - આત્મા જ પરમાત્મા છે. તે સત્ય અને શાશ્વત છે.

તો પછી આત્માને જ ઓળખો. એને જ ભજો.

તે તું છે. આત્મા જ પરમાત્મા છે.

તે જ સત્ય અને સચ્ચિદાનંદ છે.

કાયમી છે, તેથી આત્માની તુલના કોઈથી થઈ શકે નહિ.

બસ, આવું જેને ભાસમાન થાય છે, આવું જે જાણે છે, આવી જેને પ્રતીતિ થાય છે, આવું જેને જ્ઞાન છે, તે જ મહાન જ્ઞાની જૈન છે.

ब्रह्मज्ञानी भवेदेव, निर्लेपः कर्मयोगीराट् ।
जैनः स विश्वशालायां, जायते परमार्थकृत् ॥ १३५ ॥

બ્રહ્મજ્ઞાની નિર્લેપ કર્મયોગી જ થાય છે. બ્રહ્મજ્ઞાની એ આત્મજ્ઞાની છે. જેને આત્મજ્ઞાન થયું છે, તે આત્મજ્ઞાની આત્મા એ જ બ્રહ્મ છે અને આત્મજ્ઞાની જ બ્રહ્મજ્ઞાની છે.

આત્મજ્ઞાન વિના બ્રહ્મજ્ઞાન સંભવિત નથી.

આત્મજ્ઞાની નિર્લેપ છે. એ કશાથી ભીંજાયેલો હોતો નથી.

બધાને જુએ છે, જાણે છે પણ બધામાં આસક્ત નથી બનતો.

બ્રહ્મજ્ઞાની જ કર્મયોગીરાજ છે. એ પણ નિર્લેપ કર્મયોગીરાજ.

કર્મ કર્યે જાય છે. જગત કલ્યાણ માટે મથ્યે જાય છે. છતાં નિર્લેપ રહે છે.

જળમાં રહેવા છતાં જળથી નિર્લેપ. જળથી ભિન્ન.

આવો નિર્લેપ કર્મયોગીરાજ એવો આત્મજ્ઞાની જ સાચો જૈન છે.

આવો જૈન આ વિશાળ વિશ્વશાળામાં પરમાર્થ કરનારો થાય છે.

સ્વાર્થ માટે નહિ, પરમાર્થ માટે તે કર્મ કરે છે. તેનાં તમામ કર્મ પરમાર્થ હેતુક હોય છે. જગતના કલ્યાણ માટે હોય છે.

મનુષ્ય માટે જૈન હોવું કેટલું મહાન કેટલું દુર્લભ છે ?

જૈન તરીકે જીવવું કેટલું મહાન છે ? પણ માત્ર જૈન હોવું જ પર્યાપ્ત નથી, આત્મજ્ઞાની હોવું પણ આવશ્યક છે.

અથવા એમ જ કહો ને કે જે આત્મજ્ઞાની છે, તે જ જૈન છે.

જે નિર્લેપ કર્મયોગીરાજ છે, તે જ જૈન છે.

ને આ જગતમાં સતત પરમાર્થ કરે છે, તે જ જૈન છે.

જૈન હોવું જ આપોઆપ મહાનતાનો સંદર્ભ બને છે.

જૈન એટલે- તે નિર્લેપ છે. તે કર્મયોગીરાજ છે. તે પરમાર્થને કરનારો છે. તે આત્મજ્ઞાની છે.

માટે જૈનત્વને સાર્થક કરો.

जीवानां विश्वशालायां, शिक्षणं सुखदुःखतः ।
भवत्येव समुत्क्रान्तिराऽऽत्मनो द्रव्यभावतः ॥ १३६ ॥

જીવ માત્ર શિષ્ય છે.

વિશ્વ એક શાળા છે. અને સુખ દુઃખ વડે આ વિશ્વશાળામાં સર્વ જીવોનું શિક્ષણ થાય છે.

શિક્ષણ જ નહિ, ઘડતર પણ થાય છે.

આમ તો આ વિશ્વશાળા જીવોને ઘણું બધું શીખવી જાય છે.

પણ સુખ દુઃખ વડે જે શિક્ષણ મળે છે, તે એના જીવન વિકાસમાં ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે.

જગત વિશાળ અને વિરાટ શાળા છે.

આ શાળામાં જ્ઞાન પ્રાપ્તિ કરવાની છે. શિક્ષણ મેળવવાનું છે.

જીવન ઘડતરના પાઠ ભણવાના છે.

અને આ બધા માટે વિશ્વરૂપી શાળા જેવી કોઈ શાળા નથી.

માણસ સુખ વડે શીખે છે. માણસ દુઃખ વડે શીખે છે.

જીવન વિકાસ સાધે છે.

દરેક આત્મા ઝંખે છે આત્માની સમ્યક્ ઉત્ક્રાન્તિ.

આ ઉત્ક્રાંતિ શી રીતે શક્ય બને ?

દ્રવ્ય અને ભાવથી જ આત્માની સમ્યક્ ઉત્ક્રાંતિ શક્ય બને છે.

જીવન વિકાસ સધાય છે. પરમાર્થ માટે તત્પરતા કેળવાય છે.

દ્રવ્ય અને ભાવ વડે સમ્યગ્ ઉત્ક્રાંતિનું આરાધન થાય છે.

आत्मन आत्मभावेन, परिणामो भवेद् यदा ।
सदैक्यं जायते साक्षाद्, द्युदि द्वैतं न भासते ॥ १३७ ॥

આત્મભાવો ...

કેટલો મહાન છે આ શબ્દ ! કેટલો ઊંચા ભાવવાળો છે આ શબ્દ!

કેટલો ઊંચો સંદર્ભ સૂચવી જાય છે આ અર્થ ગર્ભ શબ્દ !

કેટલાક શબ્દો જ એવા હોય છે કે એમનામાં અર્થની ઊંચાઈ હોય છે ! ભાવની ઊંચાઈ હોય છે !

આપો આપ જ શ્રેષ્ઠત્ત્વને તેઓ પ્રાપ્ત કરી લે છે.

આત્મભાવ આવો જ ઊંચાઈના સ્પર્શવાળો શબ્દ છે !

આત્માનો પરિણામ આત્મભાવથી જ્યારે થાય છે, ત્યારે સાક્ષાત્ ઐક્ય સધાય છે.

દ્વૈત અદ્રશ્ય થાય છે. દ્વૈતપણું નષ્ટ થાય છે.

અદ્વૈતહૃદયમાં દ્વૈતપણું રહેતું નથી.

- જો આત્માનો પરિણામ આત્મભાવથી થાય તો !

આત્મભાવ ઐક્યનો કર્તા છે. આત્મભાવ વડે ઐક્ય સધાય છે.

આત્મભાવથી દ્વૈત મટે છે. દ્વૈતત્વનો નાશ થાય છે.

માટે આત્મભાવ કેળવો. આત્મભાવે રમી રહો.

આત્મભાવ દ્વારા ઐક્ય સાધો.

**अन्तराऽऽत्मनि सम्यक्त्वं, मौनमाऽऽत्मस्वरूपता ।**

**अष्टधाऽऽत्मा भवेत्तत्र, शुद्धाऽऽत्मा स्वोपयोगतः ॥ १३८॥**

સમ્યક્ત્વ અંતરાત્માનો સ્વભાવ છે.

આત્માની ગતિ સમ્યક્ત્વ ભણી જ હોય છે. તે સતત સમ્યક્ત્વ તરફ આગળ ધપતો રહે છે.

તે એનું લક્ષ્ય છે. તે એની પ્રાપ્તિ છે.

અંતરાત્મા સમ્યક્ત્વનો સાધક છે.

સમ્યક્ત્વ જ સાચી આત્મસાધના છે. આત્મલક્ષ્ય છે.

સમ્યક્ત્વની પ્રાપ્તિ જ આત્માની શ્રેષ્ઠ સાધના છે.

મુનિપણું આત્મસ્વરૂપથી પ્રાપ્ત થાય છે.

મુનિનું મૌનપણું આત્મસ્વરુપ થકી જ મેળવાય છે.

મુનિપણાના વિકાસની પાછળ આત્મભાવ રહેલો છે.

સમ્યક્ત્વ આત્માનો મૂળભૂત સ્વભાવ હોવાથી સમ્યક્ત્વની દિશા ભણી જ આત્માનું પ્રયાણ થાય છે.

સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું, તે એક વિશિષ્ટ સ્થિતિમાં જવાનો ભાવ છે.

સમ્યક્ત્વ દરેકને પ્રાપ્ત થતું નથી.

સમ્યક્ત્વ આત્મ મથામણ છે. સમ્યક્ત્વ આત્મભાવ છે.

સમ્યક્ત્વ આત્મપુરૂષાર્થ છે. આત્મસાધનાનું પરિણામ છે.

અંતરાત્મા જ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે. ત્યાં જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્ર આત્મા, વીર્ય આત્મા, યોગ આત્મા, ઉપયોગ આત્મા, દ્રવ્ય આત્મા અને ભાવ આત્મા એમ આત્મા આઠ પ્રકારે હોય છે.

અષ્ટધા આત્માની આ કલ્પના છે.

માત્ર કલ્પના નહિ, યથાર્થ છે. વાસ્તવિકતા છે.
સ્વ ઉપયોગથી જ શુદ્ધાત્મા છે. એ જ શુદ્ધાત્માનું સ્વરૂપ છે.
આમ આત્મા- અંતરાત્મા મૂલતઃ સમ્યક્ત્વ સ્વભાવી હોય છે.
મુનિત્વ આત્મસ્વરૂપ વડે જ છે.
મૌનપણું આત્મસ્વરૂપનું કારણ છે.
સમ્યક્ત્વ જ આત્માનો શ્રેષ્ઠ સ્વભાવ છે.
જૈન આત્મસ્વભાવી છે. સમ્યક્ત્વનો ગ્રહણ કર્તા છે.
આત્મ સાધક છે.
જૈનત્વ સમ્યક્ત્વનો પર્યાય છે. માટે અંતરાત્માને અનુસરો.

**आत्मशुद्धोपयोगेन, परब्रह्म भवेज्जनः ।**
**अन्तर्मुहूर्तमात्रेण, रागद्वेषक्षयात्स्वतः ॥ १३९ ॥**

શુદ્ધોપયોગ.
આત્મશુદ્ધોપયોગની વાત જ અનન્ય છે. અજોડ અને અનોખી છે.
એ રાગદ્વેષનો ક્ષય કરે છે. રાગદ્વેષને નષ્ટ કરી દે છે.
તે પણ અંતર્ મુહૂર્ત માત્રમાં જ. અલ્પ કાળમાં જ.
જ્યાં સુધી રાગ દ્વેષ છે, ત્યાં સુધી ભવમુક્તિ નથી.
સંસાર મોહસ્વરૂપી છે.
મોહતમસ્‌ને કારણે મનુષ્યમાં રાગભાવ ઉત્પન્ન થાય છે.
રાગના બંધનથી તે બંધાય છે.
જ્યાં રાગ ઉત્પન્ન થાય છે, ત્યાં દ્વેષ પણ જાગે છે.
રાગદ્વેષ એ બંને ભાવો સાથે સાથે ચાલનારા ભાવો છે.
જ્યાં મોહ છે, ત્યાં રાગ છે. ને જ્યાં રાગ છે- ત્યાં દ્વેષ પણ છે.
મોહ તમસ્‌માં અટવાયેલો મનુષ્ય રાગદ્વેષયુક્ત હોય જ.
સંસારમાં રાગમુક્તિ શક્ય નથી.
એ શક્ય બને છે કેવળ આત્માના શુદ્ધોપયોગથી.
આત્મશુદ્ધોપયોગ વડે.
માણસ આત્મશુદ્ધોપયોગનો સહારો લે તો.

રાગ દ્વેષ મનમાં જડ ઘાલી ગયા હોય તો સંસારમાં મુક્તિ શક્ય નથી જ. મન સદૈવ રાગાત્મક ભાવમાં જ રમમાણ રહે તો.

આત્મશુદ્ધોપયોગને કારણે માણસના મનમાં પડેલ રાગદ્વેષનો માત્ર અંતર્‌મુહૂર્તમાં જ ક્ષય થઈ જાય છે. એનો સ્વતઃ ક્ષય થાય છે.

જે શક્ય નહોતું, એ શક્ય બને છે. અશક્યતા ઓગળી જાય છે.

અલ્પકાળમાં એ બને છે. અંતર્‌મુહૂર્તમાં જ તે બની જાય છે.

અને આ પ્રમાણે આત્મશુદ્ધોપયોગને કારણે માત્ર અંતર્‌મુહૂર્તમાં જ રાગદ્વેષનો સ્વતઃ ક્ષય થવાથી મનુષ્ય પરબ્રહ્મ સ્વરૂપી બને છે.

**परब्रह्मनिमग्नस्य, पूर्णानन्दामृतं हृदि ।**
**अत्रैव वेद्यते साक्षात्, तत्र साक्षी स्वयं भवेत् ॥ १४० ॥**

પરબ્રહ્મ એટલે પરબ્રહ્મ. એનો આનંદ જ અનેરો છે.

જગતના તમામ આનંદો કરતાં પરબ્રહ્મનો આનંદ નિરાળો છે.

અનન્ય છે. અજોડ અને અનુપમ છે.

પરબ્રહ્મમાં નિમગ્ન થયેલો મનુષ્ય પૂર્ણાનંદનો આસ્વાદ મેળવે છે.

પૂર્ણાનંદ જગતનો શ્રેષ્ઠ આનંદ છે. એવો આનંદ કે જે પામ્યા પછી અન્ય કોઈ આનંદની ખેવના રહેતી નથી.

સ્વયં પર્યાપ્ત. સ્વયં પૂર્ણ.

પૂર્ણાનંદ તો અમૃત છે. અમૃતનો એ આસ્વાદ છે.

મનુષ્ય અહીં જ આ અમૃતનો આનંદ સાક્ષાત્ અનુભવે છે.

પોતે જ આસ્વાદક. પોતે જ સાક્ષી. પોતે જ કર્તા. ને પોતે જ દ્રષ્ટા.

કારણ કે આ આનંદામૃતનો અનુભવ માત્ર એને આસ્વાદનાર જ કરી શકે છે. બીજો એ આનંદ માણી શકતો નથી. જોઈ શકતો નથી.

એટલે આસ્વાદ લેનાર પણ પોતે છે. ને સાક્ષી પણ પોતે જ છે. પોતે જ કર્તા છે. પોતે જ દ્રષ્ટા છે.

**आत्मनो गुरूराऽऽत्मैव, शिष्यश्चाऽऽत्मैव साधकः ।**
**सिद्धश्चाऽऽत्मैव सर्वस्वमाऽऽत्मनि व्यक्तिशक्तितः॥१४१॥**

દ્વારિકાપુરીમાં જગત્પ્રભુ શ્રી નેમિનાથ જિનેન્દ્ર કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધ પમાડી રહ્યા છે. તેઓ આત્મા વિષે વિશદ્ છણાવટ કરી રહ્યા છે.

તેમના પ્રતિબોધ પ્રમાણે-

આત્માથી શ્રેષ્ઠ કોઈ નથી. આત્માથી ચઢિયાતું પણ કોઈ નથી.

આત્માનો ગુરુ આત્મા જ છે.

ગુરુ પણ આત્મા છે. શિષ્ય પણ આત્મા છે.

સાધક પણ આત્મા છે. સિદ્ધ પણ આત્મા છે.

આત્માની સરખામણી કેવળ આત્માથી જ થઈ શકે.

આત્માનું ઉપમેય આત્મા છે.

જે આત્માને જાણે છે, તે આ વાત જાણે છે.

જેનું અજ્ઞાન હટી ગયું છે.- જેની આંખ આગળથી મોહતમસ્ હટ્યું છે- જે જ્ઞાનનો શુદ્ધ ઉપયોગ કરી શકે છે- તેવો જ્ઞાની આ વાતને સારી રીતે સમજી શકે છે.

આત્માને સમજવો અઘરો છે પણ એની સમજણ મેળવ્યા પછી બીજી કોઈ સમજણની જરૂર નથી.

આત્મજ્ઞાન શ્રેષ્ઠ જ્ઞાન છે. વ્યક્તિ શક્તિથી સર્વસ્વ આત્મા છે.

માટે આત્માને ઓળખો. આત્માને સમજો. આત્માના જ્ઞાનને પ્રાપ્ત કરો.

કારણ કે- આત્માનો ગુરુ આત્મા છે. શિષ્ય પણ આત્મા છે.

સાધક પણ આત્મા છે. ને સિદ્ધ પણ આત્મા જ છે.

**आत्मशुद्धोपयोगाय, ज्ञानिनां संगतिः सदा ।**
**अंतर्दृष्ट्या प्रकर्तव्या, सर्वस्वार्पणभक्तितः ॥ १४२ ॥**

આત્મા. આત્માનો શુદ્ધોપયોગ.

આત્માના શુદ્ધોપયોગ માટે જરૂરી છે સર્વસ્વનું અર્પણ.

જરૂરી છે ભક્તિ. જરૂરી છે અંતર્દ્રષ્ટિ.

આ શી રીતે બને ? બને. જરૂર બને.

જ્ઞાનીઓની સંગતિથી આ બધું સદૈવ શક્ય બને છે.

જ્ઞાનીઓ આ વાત જાણે છે. આત્મજ્ઞાનીઓ આ વાત સમજે છે.

આત્માની ગૂઢ વાતોને જાણવા માટે ધૈર્ય જરૂરી છે.

આત્મજ્ઞાન સર્વશ્રેષ્ઠ જ્ઞાન છે.

જ્ઞાની આ વાત જાણે છે. સમજે છે. ને સમજાવી શકે છે.

કોઈ કવિએ ગાયું છે : 'આતમજ્ઞાન બિના સબ સૂન'

આતમજ્ઞાન વિના જગ જાણો, જગમેં સઘળે અંધિયારા,
સદ્ગુરુ સંગે આતમધ્યાને, ઘટ ભીતર મેં ઉજીઆરા,

અર્થાત કોઈ મનુષ્યમાં દુનિયા ભરનાં તમામ જ્ઞાન હોય, વિજ્ઞાન હોય, બદ્ધિ હોય ને તાર્કિકતા હોય પણ જો આત્મજ્ઞાન ન હોય તો તે સઘળું શૂન્ય બરાબર છે.

જ્ઞાની પાસે આ જ્ઞાન હોય છે. આ સમજણ હોય છે.

જ્ઞાની માત્ર પોથી પંડિત નથી. ગોખણપટ્ટી કરનારો નથી.

એનું જ્ઞાન અંદરથી પ્રગટ્યું છે.

ઊંડાણમાંથી ઝળક્યું છે. અંતઃ સ્ફૂરિત છે. માટે જ્ઞાની પાસે જાવ.

ગર્વની ગઠરિયાં છોડીને જાવ.

શિષ્ય બનીને જાવ. સાધક બનીને જાવ. તરસ્યા બનીને જાવ.

ને જ્ઞાનામૃત દ્વારા તૃષા મિટાવો.

જ્ઞાનીને ગુરુ બનાવો.

તે જ્ઞાન આપશે. આત્મજ્ઞાન આપશે.

સર્વસ્વના અર્પણની તૈયારી રાખો. ભક્તિ ભાવના રાખો.

અને અંતર્દ્રષ્ટિનો ઉપયોગ કરો.

જ્ઞાનીઓની નજીકાઈ પરિણામદાયી છે.

માટે જ્ઞાની ગુરુની સંગતિ કરો. જ્ઞાન મેળવો. આત્મજ્ઞાન મેળવો.

**आत्मभावं विना लोका, भ्रान्ता भ्रमन्ति भूतले ।**
**आत्मशर्म न जानन्ति, भूपेन्द्रा अपि वस्तुतः ॥ १४३ ॥**

આ સંસારમાં - રાગદ્વેષથી ભરેલા સંસારમાં -

અનેક કષાયોના સમુદ્ર સમા સંસારમાં -

મોહમાયાથી યુક્ત સંસારમાં

આજ દિન સુધી લોકો ભમ્યા છે અને ભમે છે અને ભમ્યા કરશે

કારણ ? કારણ કે આત્મભાવનો અભાવ છે.

આત્મભાવની ગેરહાજરી - આત્મભાવ નથી.

ને જ્યાં આત્મભાવ નથી, ત્યાં માત્ર અભાવ છે.

માત્ર ભમવાનું છે. માત્ર ભટકવાનું છે.

આત્મભાવ જ મુખ્ય છે.

આત્મભાવ વિના સર્વ શૂન્ય. માત્ર મીંડા. જેની કિંમત કશી જ નહિ.

શું સામાન્ય માણસ, મજૂરી કરીને પેટિયું રળી ખાતો માણસ, સામાન્ય કર્મચારી કે ચક્રવર્તી સમ્રાટ - પણ જેમનામાં આત્મ ભાવ નથી, તેમને માત્ર ધ્યેયહિન રીતે, પ્રાપ્તિ વિના જ ભમવાનું છે, ભમ્યા કરવાનું છે.

એ જ ભૂતકાળ છે. એ જ વર્તમાન છે. અને એ જ ભવિષ્ય છે.

સૌ મથે છે આત્મસુખ માટે.

આત્મસુખ સનાતન સુખ છે. ચિરંતન સુખ છે.

આવા આત્મસુખ માટે કોના મનમાં ઝંખના ન હોય ?

આત્મસુખને - સૌ ઝંખે છે. સૌ એને માટે ઝૂરે છે. પણ એ મળતું નથી.

કારણ કે - આત્મભાવનો અભાવ છે.

મોટા મોટા ભૂપેન્દ્રો - મહાન ચક્રવર્તીઓ પણ આત્મસુખને જાણતા નથી હોતા.

હા, એ માટે મથે છે. એને ઈચ્છે છે. એને ઝંખે છે. ભરપુર પ્રયાસો કરે છે. પણ પ્રાપ્ત કરી શકતા નથી.

કારણ કે આત્મસુખને તેઓ જાણતા નથી.

કેમ જાણતા નથી ?

આત્મભાવ વિના. આત્મભાવ મેળવ્યા વિના. આત્મભાવ કેળવ્યા વિના.

ને જ્યાં આત્મભાવ નથી, ત્યાં આત્મસુખની સમજણ નથી.

આત્મસુખ નથી. માત્ર આત્મસુખની ઝંખના જ છે.

**एक एव महानाऽऽत्मा, हृदि यस्य निरन्तरम् ।**
**भासते तस्य सत्प्रीत्या, मृत्युभीति र्न जायते ॥ १४४ ॥**

મૃત્યુનો ભય... મૃત્યુની ભીતિ સૌને સતાવે છે. સૌને મૂંઝવે છે.

મનુષ્યને સૌથી મોટો ડર મૃત્યુનો છે. મૃત્યુથી મોટો કોઈ ડર નથી.

મહા બળવાનો, મહાન ભુપેન્દ્રો, મહાન જ્ઞાનસ્વામીઓ- સૌ મૃત્યુથી ફફડ્યા કરે છે. મૃત્યુના ડરને મિટાવી શકતા નથી.

મૃત્યુનો મોટો ડર છે માનવીને. મોટી ભીતિ છે સંસારની.

હા, આ ભીતિ જરૂર નાશ પામે છે.

જરૂર નિર્ભય બનાય. જરૂર ડર નીકળી જાય.

જો મહાન એવા આત્માનો ભાસ થાય તો !

આત્મ ઓળખ થાય તો !

જેને હૃદયમાં સત્પ્રીતિથી ફક્ત એક અને એક જ એવા મહાન આત્માનો ભાસ થાય છે, અલબત્ત આત્મ દર્શન થાય છે, આત્મ પરિચય થાય છે, આત્મ પ્રતીતિ થાય છે, એની નજીક મૃત્યુની ભીતિ ફરકી પણ શકતી નથી.

મૃત્યુની ભીતિ એને થતી નથી. એને સતાવતી નથી.

મૃત્યુથી ભય પામવાનું એને રહેતું નથી. તે નિર્ભય બને છે.

એ માટે હૃદયમાં સત્પ્રીતિપૂર્વક આત્માનો ભાસ થવો જરૂરી છે.

એમ થયા પછી -

ન ડર રહે ન મૃત્યુનો ડરામણો ચહેરો એને ભયપૂર્ણ બનાવે.

એ અભય બને છે. નિર્ભય બને છે.

**आत्मनः पूर्णविश्वास, निर्भयो भवति स्फुटम् ।**
**विपत्तिमृत्युकालेऽपि, पूर्णानन्दः स्वयं सदा ॥ १४५ ॥**

નિર્ભય બનવું હોય તો આત્મામાં પૂર્ણ વિશ્વાસ રાખો.

આત્મા વિશ્વાસનું સ્થાનક છે.

આત્મવિશ્વાસી બનો. પૂર્ણપણે વિશ્વાસી બનો.

આસ્થાને ન ડગાવો. વિશ્વાસ પૂરેપૂરો રાખો.

આ વિશાળ વિશ્વમાં આમ તો ક્યાંય વિશ્વાસ મૂકવા જેવું નથી. કારણ કે જ્યાં વિશ્વાસ મૂકી શકાય એવું વિશ્વાસુપાત્ર ક્યાંય જોવા મળતું નથી. તેથી અવિશ્વાસની આંધી ઊઠે છે.

જ્યાં જ્યાં નજર નાખો, તે અસ્થિર.

જ્યાં જ્યાં વિચાર કરો, તે અશ્રદ્ધાવાન.

અશ્રદ્ધેય. અનાસ્થેય.

કોઈ સ્થળ નથી, કોઈ પાત્ર નથી, કોઈ મનુષ્ય નથી, જ્યાં વ્યક્તિ પોતાના વિશ્વાસને નચિંત બનીને સ્થાપિત કરી શકે.

એવું નથી. એવું નહિ મળે.

હા, એક સ્થળ છે. અને તે છે આત્મા.

આત્મામાં વિશ્વાસ મૂકો. આત્મવિશ્વાસી બનો.
આત્મામાં પૂર્ણપણે વિશ્વાસનું સંસ્થાપન કરો.
વિશ્વાસીનો વિશ્વાસ નહિ તૂટે.
શ્રદ્ધા ભંગ નહિ થાય. આસ્થા નષ્ટ નહિ થાય.
આત્મામાં પૂર્ણ વિશ્વાસ ધરાવનાર સાચે જ સંપૂર્ણતયા નિર્ભય હોય છે.

આત્મવિશ્વાસી બન્યા પછી ભયનું કોઈ કારણ નથી.
ભયનો ભ્રમ ભાંગી જાય છે. તે ભયરહિત બને છે.
ભય ક્યારે ઉત્પન્ન થાય છે ?
મૃત્યુ ટાણે. વિપત્તિ ટાણે.
આ જીવન જતું રહેશે ? આ સુખ જતું રહેશે ?
જો અને તો માં તે અટવાયા કરે છે.
આમ થશે તો... ? તેમ થશે તો... ?
અને પરિણામ સ્વરૂપે તે ભયગ્રસ્ત બને છે, ભય તેને ભયગ્રસ્ત બનાવે છે.

એનો આનંદ ઊડી જાય છે. એની પ્રસન્નતા લૂંટાઈ જાય છે.
કારણ ? કારણ કે તે આત્મવિશ્વાસી નથી બન્યો.
કારણ કે તે આત્મશ્રદ્ધાવાન નથી બન્યો.
કારણ કે તે આત્મવાન નથી બન્યો.
આત્મશ્રદ્ધાની ગેરહાજરી છે. વિશ્વાસની ઊણપ છે. તે વિશ્વસ્થ બન્યો નથી.

તેથી જ તેને - જીવનના અંતનો ભય સતાવે છે.
સંપત્તિ ચાલી જવાનો ભય સતાવે છે.
વિપત્તિ આવવાનો ભય સતાવે છે.
યૌવન ચાલ્યું જવાનો ભય સતાવે છે.
સ્વાસ્થ્ય ગલિત થવાનો ભય સતાવે છે.
કારણ કે - આત્મવિશ્વાસી નથી બન્યો તે.
આત્મવાન્ નથી બન્યો તે. વિશ્વસ્થ નથી બન્યો તે.
જ્યાં વિશ્વાસ મૂકવાનો છે, ત્યાં તે વિશ્વાસ મૂકતો નથી.
જ્યાં શ્રદ્ધા આરોપવાની છે, ત્યાં તે આરોપતો નથી.

આત્માનો પૂર્ણ વિશ્વાસી સાચે જ નિર્ભય હોય છે.
તેના આનંદને કોઈ છીનવી શકતું નથી.
વિપત્તિ ટાણે - કે મૃત્યુ ટાણે પણ તે હંમેશાં સ્વયં પૂર્ણાનંદ હોય છે.
પૂર્ણ આનંદમાં મગ્ન હોય છે. આનંદ સ્વરૂપ હોય છે.
પૂર્ણાનંદ સ્વરૂપ હોય છે. પૂર્ણાનંદમય રહે છે.

देशभाषाविशेषेण, यः स्यादनन्तनामवान् ।
अनाद्यनन्तपूर्णाऽऽत्मा, पूर्णदृष्ट्याऽनुभूयते ॥ १४६ ॥

આત્માને ઓળખો.
આત્મા દેશ અને ભાષાના વિશેષણથી અનંત નામવાળો છે.
તે અનાદિ છે અને તે અનંત છે. પૂર્ણદ્રષ્ટિ વડે જ તે અનુભવાય.
આત્માને અનુભવવાનું કાર્ય એકાંગી કે અર્ધ દ્રષ્ટિવાળાનું કામ નથી.
એ માટે પૂર્ણ દ્રષ્ટિ જોઈએ.
આત્મા પૂર્ણ છે. અનંતાનંત છે. આદિ કે અંતથી પર છે.
દેશ અને ભાષાનાં વિશેષણો વડે અનંત નામવાળો 'અનન્તનામવાન્' છે.
એને એક નામથી ઓળખી ન શકાય. એક વિશેષણથી ઓળખી ન શકાય.
એક દ્રષ્ટિથી અનુભવી ન શકાય.
પૂર્ણદ્રષ્ટિથી જ પૂર્ણ આત્માને અનુભવી શકાય.
આત્માને ઓળખવાનું કાર્ય અતિ કઠિન છે. અલ્પમતિવાળા કે અર્ધદગ્ધ સમજણવાળા મનુષ્ય માટે આત્માને ઓળખવાનું કાર્ય અશક્ય છે.
એ માટે પૂર્ણ દ્રષ્ટિ કેળવવી પડે. પોતાનામાં પૂર્ણત્વ પામવું પડે.
આવો પૂર્ણ દ્રષ્ટિવાન મનુષ્ય જ પૂર્ણ આત્માને અનુભવી શકે.

साक्षादनुभवो यस्य, ब्रह्मणो जायते हृदि ।
तस्य किञ्चिन्न लब्धव्यं, पश्चात् कुत्राऽपि विद्यते ॥ १४७॥

માણસ આ રાગમય - ભોગમય - મોહમય - માયામય સંસારમાં વિવિધ પ્રકારે અટવાઈ જાય છે. એવો અટવાઈ જાય છે કે પાછળથી તેને તેમાંથી બહાર નીકળવાનો કોઈ અવકાશ જ રહેતો નથી.

અહીં ભોગના ભ્રમરો છે. રાગના સર્પો છે. મોહનું અંધત્વ છે.

પગમાં દોરડાં બાંધ્યા હોય તો માણસ શી રીતે કારાગારમાંથી બહાર આવી શકે ? શી રીતે મુક્ત બને ? શી રીતે બંધન મુક્ત થાય ?

એ માટે દોરડાં કાપવાં પડે. ગ્રંથિઓ છોડવી પડે. બંધનો તોડવાં પડે.

એ વિના મુક્તિ ક્યારેય શક્ય નથી.

અજ્ઞાનનો અંધકાર પ્રસરેલો હશે, ત્યાં સુધી જ્ઞાનનો પ્રકાશ નહિ લાધે.

રાગ હોય તો મુક્તિ ન મળે. ભોગ હોય ત્યાં ભ્રમ ન ભાંગે.

એ માટે તો હૃદયમાં કરવો પડે સાક્ષાત્ બ્રહ્મનો અનુભવ.

બ્રહ્મનો અનુભવ થયા પછી જ્ઞાનના દરવાજા ખૂલી જાય છે.

તે ભોગમાર્ગી મટે છે. ને જ્ઞાનમાર્ગી બને છે.

રાગમાર્ગી મટે છે. ને બ્રહ્મમાર્ગી બને છે.

અજ્ઞાન હણાય છે. જ્ઞાન પ્રગટે છે.

બ્રહ્મનો સાક્ષાત્કાર થાય. બ્રહ્મનો સાક્ષાત્ અનુભવ થાય.

પછી કશું જ શેષ ન રહે. એને બધું જ મળી ગયું. બધું જ પ્રાપ્ત થઈ ગયું.

એને માટે તે પછી પ્રાપ્ત કરવાપણું કંઈ જ રહેતું નથી.

બ્રહ્મના અનુભવમાં બધાનો સમાવેશ થઈ જાય છે.

એના સાક્ષાત્કારમાં જ્ઞાનની તમામ સીમાઓ ખૂલી જાય છે.

પ્રાપ્તિની તમામ સરહદો તૂટી જાય છે.

બ્રહ્મનો સાક્ષાત્ અનુભવ થયા પછી ક્યાંય પણ અને કંઈ પણ પ્રાપ્તવ્ય એને માટે નથી.

**ज्ञानाऽऽत्मा कृतकृत्योऽपि, प्रारब्धकर्मयोगतः ।**
**सर्वकर्माणि कुर्वन सन्, परमार्थाय जीवति ॥ १४८ ॥**

જાત માટે સૌ જીવે છે. સ્વાર્થ માટે પણ સૌ જીવે છે. પંડની પળોજણ સૌ કરે છે. પણ પરમાર્થ માટે જીવનારા કેટલા ?

પરમાર્થ કાર્યો કરનારા કેટલા ? અન્ય માટે મથનારા કેટલા ?

ખૂબ જ ઓછા. અતિ અલ્પ.

મોટા ભાગે તો આ સંસારમાં એવા જ મનુષ્યો મળશે, જે પોતાના સ્વાર્થ હેતુ માટે જ કર્મો કરતા હોય.

સ્વદ્રષ્ટિ છોડનારા કેટલા ? પરદ્રષ્ટિ કેળવનારા કેટલા ?

સ્વાર્થાંધ માણસોથી છલકાય છે આ જગત.

જાતનાં જતન કરનારા ઘણા છે.

જ્ઞાનાત્મા સાચે જ કૃતકૃત્ય છે, પણ તેમ છતાં પ્રારબ્ધના યોગથી તે સર્વ કર્મ કરતો હોય છે.

જ્ઞાનાત્મા જરૂર કર્મ કરે છે. પ્રારબ્ધને અનુસરે છે.

અને એ વાત પણ એટલી જ સાચી છે કે પ્રારબ્ધ મુજબ જ સૌ કોઈ પોતપોતાનાં કાર્યો કરે છે, પણ જ્ઞાનાત્માની વાત જુદી છે.

તે જ્ઞાનથી યુક્ત છે. સત્યજ્ઞાનથી પૂર્ણ છે. જ્ઞાનનો ભંડાર છે.

લબ્ધિઓ સિદ્ધિઓથી પૂર્ણ છે, એટલે તે કર્મ જરૂર કરે છે.

પ્રારબ્ધને પણ જરૂર અનુસરે છે.

પણ તેમ છતાં - તે પરમાર્થ માટે જીવે છે. પરમાર્થ એનું ધ્યેય છે. પરમાર્થ એનું લક્ષ્ય છે. પરમાર્થ એની મંઝીલ છે.

સ્વાર્થની સાંકડી સરહદોમાંથી તે બહાર આવી ગયો હોય છે.

'સ્વ' નો અર્થ છોડી તે પરના અર્થે એટલે કે 'પરાર્થે' કર્મ કરે છે.

પરાર્થ માટે જીવે છે. પરમાર્થ માટે જીવે છે.

કારણ કે - તે જ્ઞાનાત્મા છે.

**सर्वत्राऽऽत्मप्रभावोऽस्ति, लब्धिसिद्धिमयः सदा ।**
**मंत्रयंत्रादिशक्तीनां, निधिराऽऽत्मा प्रकाशते ॥ १४९ ॥**

આત્માની વાત જ નિરાળી છે.

આત્મા લબ્ધિમય છે. આત્મા સિદ્ધિમય છે.

આત્માનો જ હંમેશા સર્વત્ર પ્રભાવ રહેલો છે.

તે સર્વ પ્રભાવી છે.

આત્માની શક્તિ અનંતાનંત છે.

એની શક્તિની ક્ષિતિજોને સરહદો નથી.

તે અસીમ અપ્રમેય છે.

તેને માપી શકાતો નથી. તે અમાપ છે.

તેને માપી શકાતો નથી. તે અમાપ્ય છે.

સાંકડાં માપ એના માટે વામણાં છે. સાંકડાં અર્થ એને માટે વ્યર્થ છે.

તે મંત્રનો નિધિ છે: તે તંત્રનો નિધિ છે.

અને મંત્રતંત્ર ઉપરાંત આવી તો અનેક શક્તિઓનો તે ભંડાર છે.

અને એટલે જ આવો સર્વશક્તિમાન આત્મા દિવ્ય પ્રકાશ વડે પ્રકાશે છે.

તેની શક્તિઓ વડે પ્રકાશે છે. તેના પ્રભાવ થકી પ્રકાશે છે.

તેની લબ્ધિઓ થકી પ્રકાશે છે. તેની સિદ્ધિઓ થકી પ્રકાશે છે.

તે સર્વ ક્ષેત્રે પ્રભાવી છે. તે સર્વત્ર પ્રભાવી છે.

કોઈપણ સ્થળે, કોઈપણ સ્થિતિમાં, કોઈપણ કાળે આત્મા - લબ્ધિ સિદ્ધિમય આત્મા હંમેશા પ્રભાવી છે.

**स पञ्चपरमेष्ठ्याऽऽत्मा, चिदानंदोदधिः प्रभुः ।**
**प्रत्यक्षो वेदितव्यः स, - कृत्वा तत्र मनोलयम् ॥ १५० ॥**

મન.

માણસનું મન. વિચારો અને વિકારોનું થાણું.

વિચારો અને વિકારોનું ઉદ્ભવસ્થાન.

નકારાત્મક અને રાગાત્મક ભાવોની ગંગોત્રી એટલે મન.

સંસાર સ્વભાવી રાગોનું તળાવ એટલે મન.

મન મર્કટ સમું છે. મન ચંચળ છે.

મોહદશામાં જલ્દી આકૃષ્ટ બને છે.

સંસાર સ્થિતિમાં ભટકવું મનનું કારણ છે.

મન મલિન પણ બને. મન પવિત્ર પણ બને.

મનો માલિન્યને દૂર કરવું પડે. પવિત્રતાને કાયમી કરવી પડે.

આત્મા સદૈવ પવિત્ર છે. શુદ્ધાતિશુદ્ધ છે. ગુણોનો ભંડાર છે.

જગતના માલિન્યો એના પર ક્યારેય અસર કરી શક્યા નથી.

આત્મા લબ્ધિમય છે. આત્મા સિદ્ધિમય છે. આત્મા સર્વત્ર પ્રભાવી છે.

મંત્રશક્તિનો એ ભંડાર છે. યંત્રશક્તિનો એ ભંડાર છે.

એ સદૈવ પ્રકાશમાન છે.

મન અને આત્મા સામસામા છેડે છે.

મનને મલિનતા વળગે છે, આત્માને નહિ.

મનને રાગભાવ અસર કરે છે, આત્માને નહિ.

સર્વ નકારાત્મક ભાવો અને સર્વ મોહાત્મક ભાવો મનને મલિન બનાવી શકે છે.

આત્મા સદા શુદ્ધ છે. પરમ શુદ્ધ છે. વિશુદ્ધ છે.

એ મલિન બનતો નથી.

આત્મા પ્રકાશમાન છે. એમાં અંધકાર વસતો નથી.

આત્મસૂર્યના અજવાળે આ વિશ્વ પ્રકાશમાન છે.

તો પછી એમ કરો. આત્મામાં મનનો લય કરો.

પંચપરમેષ્ઠીનું આલંબન લો. એથી ચિદાનંદનો ઉદધિ એવો આત્મા પ્રત્યક્ષ માણવા યોગ્ય થાય છે.

નિરવધિ આનંદનો સાગર છે આત્મા.

ચિદાનંદનો મહાસાગર છે આત્મા.

એ આત્મામાં મનનો લય કરો. મનને આત્મમય બનાવો.

આનંદની ભરતી ચઢશે. ચિદાનંદના તરંગો ઉછળશે.

માણવા યોગ્ય છે આત્મઉદધિ.

**ॐकारः परमाऽऽत्मैव, परमेष्ठिस्वरूपवान् ।**

**दर्शनज्ञानचारित्रशुद्धपर्यायवान्प्रभुः ॥ १५१ ॥**

પરમ આત્મા જ ૐકાર છે.

આત્મા બલિષ્ઠ છે. સર્વ શક્તિવાન છે. સર્વ ગુણ સંપન્ન છે.

વિકારવિહીન અને માલિન્યવિહીન છે.

પરમ પ્રકાશમાન છે. પ્રકાશમાન સૂર્ય સમાન છે.

આત્માને ઓળખવો અઘરો છે પણ જે ઓળખી લે છે, તેને તેના વિરાટ વિશાળ સ્વરૂપનાં દર્શન થાય છે. આત્મજ્ઞાન લાધે છે.

આત્મજ્ઞાનથી ઊંચુ કોઈ જ્ઞાન નથી.

આત્મજ્ઞાન ગહન જ્ઞાન. સર્વદેશીય જ્ઞાન.

જગતની ભાવસ્થિતિ વિષેની સાચી સમજણ.

આત્મા પરમેષ્ઠી સ્વરૂપ છે.

આત્મા જ બ્રહ્મ છે. આત્મા જ પ્રભુ છે.

દર્શનસ્વરૂપ આત્મા છે. જ્ઞાનસ્વરૂપ આત્મા છે. ચારિત્રસ્વરૂપ આત્મા છે.

આમ આત્મા જ શુદ્ધપર્યાયવાન્ પ્રભુ છે.

આત્મજ્ઞાની જ સાચો જ્ઞાની છે.

આત્માને જાણનારા જ પ્રભુને જાણનારા છે.

આત્મવાન્ ચારિત્રવાન છે. જ્ઞાનવાન્ છે. દર્શનવાન્ પણ છે.

આત્મજ્ઞાની સકલજ્ઞાની છે. પ્રભુત્વને જાણનારો છે.

**मंत्रयोगस्वरूपाऽऽत्मा, जैनधर्मः सनातनः ।**

**यत्र तत्र स्वरूपोऽस्ति, जैनधर्मः सतां मतः ॥ १५२ ॥**

જૈનધર્મ તો સત્પુરુષોને માન્ય એવો ધર્મ છે. જૈનધર્મમાં પડેલા અમૂલ્ય ગુણરત્નોને કારણે એક ચોક્કસ ઊંચાઈ પર તે ઊભો છે.

સૂક્ષ્માતિસૂક્ષ્મ ભાવો પર જૈનધર્મ નજર રાખે છે.

અહિંસાની વાત હોય

કે દયાની વાત હોય કે ચારિત્રની વાત હોય કે રાગાત્મક ભાવોની વાત હોય.

જૈન ધર્મ સૂક્ષ્મદ્રષ્ટિ ધર્મ છે.

એ ચલાવી લેતો નથી. કશું જ છોડતો નથી.

મનુષ્યને એ ભાવાત્મક અનુસંધાનથી જોડે છે.

ઉત્તમોત્તમ ગુણોથી સાંકળે છે.

જૈનધર્મ રત્નસાગર છે. અલબત્ત એ ગુણોના રત્નો છે.

જૈનધર્મ સ્વીકાર્યા પછી ક્યાંય કશું જ ચલાવી ન લેવાય.

કશું જ છોડાય નહિ. કોઈ વિકલ્પ નહિ. કોઈ છટકબારી નહિ.

જગતમાં મોટા ભાગે એવું જોવા મળે છે કે નિયમની સાથે જ છટકબારીઓ પણ સર્જી દેવામાં આવે છે.

મુખ્ય દ્વારે થઈને નહિ. તો બારીમાં થઈને છટકો. છિદ્રમાં થઈને પલાયન કરો.

જૈનધર્મ છિદ્રાળુ ધર્મ નથી. છિદ્રનું તે અસ્તિત્વ જ રાખતો નથી.

ન બારી, ન છિદ્ર. ન દ્વારમાં, ન દિવાલમાં.

એક અકબંધ અને અનન્વયભાવી ધર્મ છે જૈન ધર્મ.

ઉત્તમ સ્થિતિ જ તેને માન્ય છે. ઉચ્ચતમ ભાવો જ તેને ગ્રાહ્ય છે.
અછિદ્રાળુ ચારિત્ર પાલન જ તેને સ્વીકાર્ય છે.
તેથી જ જૈન ધર્મ સનાતન છે.
સામયિક નથી. પ્રાસંગિક નથી. શરતી પણ નથી.
કોઈ શરત નહિ ને કોઈ છુટ નહિ.
અછિદ્રાળુ મન. અછિદ્રાળુ કર્મ. અછિદ્રાળુ જીવન.
આત્મા એટલે આત્મા.
આત્મા મલિન નથી. વિકલ્પ યુક્ત નથી.
અછિદ્રાળુ પ્રકાશમાન પ્રભાવી છે.
આત્મા મંત્રયોગ સ્વરૂપી છે.
જૈનધર્મ સનાતન છે.
જૈનધર્મનો આત્મા સચ્ચિદાનંદ છે.
કોઈ છિદ્ર નહિ. કોઈ છટકવાની યોજના નહિ.
જે હોય તે પૂર્ણ. પૂર્ણ જ નહિ, સંપૂર્ણ.
સંપૂર્ણ શુદ્ધ. સંપૂર્ણ પવિત્ર. ન આંચ, ન અંગારા.
આત્મા સદા હોય પાવન. શુદ્ધ - અતિ શુદ્ધ. શુદ્ધાતિશુદ્ધ.
સંપૂર્ણ શુદ્ધાત્મસ્વરૂપી જૈનધર્મ.
જૈનધર્મ જે તે સ્વરૂપી છે. ચારિત્ર સ્વરૂપી છે. ગુણ સ્વરૂપી છે.
ભાવ સ્વરૂપી છે. સત્ય સ્વરૂપી છે.
અને તેથી આ જગતમાં જૈનધર્મ સનાતન ધર્મ છે.
અલ્પ સમયનો નહિ. અલ્પ ભૂમિનો નહિ.
તે સૌનો છે. સૌને માન્ય છે. સૌને સ્વીકાર્ય છે.
સનાતન અને શ્રેષ્ઠ છે.
કારણ કે તે મનુષ્યને સમ્યક્ જ્ઞાનનું દર્શન કરાવે છે.
સમ્યક્ વિચારનું દર્શન કરાવે છે.
સમ્યક્ ચારિત્ર. સમ્યક્ જ્ઞાન. સમ્યક્ કર્મ. સમ્યક્ વિચાર.

જો જીવનમાં સમ્યક્પણું પ્રવેશે ને સમ્યક્પણું જ માન્ય કરાય, તો જીવન આત્મસૂર્યના અજવાળે પ્રકાશી ઊઠે.

જૈનધર્મ સર્વ સમ્યકત્વનો આગ્રહી છે.
તેથી તે સનાતન છે.
સર્વ સ્વીકાર્ય છે. સત્ પુરુષોને માન્ય છે.

ॐकारैव जैनाऽऽत्मा, जिनेन्द्रश्च हृदि स्थितः ।
चतुर्विधमहासंघ, ॐकार एव सर्वदा ॥ १५३ ॥

જૈન ધર્મી..... જૈની.....

હર એક જૈન ધર્મીના હૃદયમાં શ્રી જિનેન્દ્ર ભગવાન બિરાજમાન છે. વિદ્યમાન છે.

'ભગવાન હૃદયમાં છે.' એ બાબતને ધ્યાનમાં રાખીને જ જૈની પોતાનો વ્યવહાર ગોઠવે છે.

પોતાનો આચાર ગોઠવે છે.

હૃદયમાં પરમાત્મા હોય તો જ જીવન સફળ બને.

જૈની આ વાત સમજે છે.

તેના હૃદયમાં જિનેન્દ્ર પરમાત્મા છે. પરમાત્મા દૂર નથી.

પરમાત્મા કોઈ કલ્પનાની વાત નથી.

હૃદયની વાત છે. હૃદયમાં એમનો વાસ છે. હૃદયમાં પ્રભુની સ્થિરતા છે.

ને જ્યારે હૃદયમાં પરમાત્મા વસતા હોય, ત્યારે જૈન આત્મા ૐકારમય હોય છે.

એ વ્યક્તિ હોય. સમાજ હોય. કે ચતુર્વિધ સંઘ હોય.

સૌ આ બાબતને સારી રીતે સમજે છે કે અમારા હૃદયમાં પરમાત્મા નિવસેલા છે, સ્થિર છે, વાસિત છે.

પરમાત્મા દૂર નથી. જિનેન્દ્ર પ્રભુ દૂર નથી.

માત્ર કલ્પનાની સરજત નથી.

સાક્ષાત્ સ્વરૂપ છે. હૃદયમાં એ રહે છે.

ને જ્યારે હૃદયમાં પરમાત્મા વસતા હોય, જિનેન્દ્ર પ્રભુ એની અંદર જ હોય, નજીક - સાવ નજીક હોય, ત્યારે જૈનીનો આત્મા ૐકારમય છે.

સમાજ ૐકારમય છે. ચતુર્વિધ સંઘ ૐકારમય છે.

કારણ કે - પ્રત્યેકના હૃદયમાં વસે છે પ્રભુ. હૃદયમાં સ્થિત છે પરમાત્મા.

હૃદયમાં બિરાજમાન છે જિનેન્દ્ર ભગવાન.

**सर्वशक्तिस्वरूपोऽस्ति, ह्रींकारो विश्वशासकः ।**
**सर्वविद्यास्वरूपोऽस्ति, ऐंकारो नाभिदेशगः ॥ १५४ ॥**

હ્રીઁ કાર સર્વ શક્તિમાન છે.
સર્વ શક્તિ સ્વરૂપ છે. તે વિશ્વશાસક છે. વિશ્વ સંચાલક છે.
સર્વ શક્તિ એનામાં સમાયેલી છે. તે સર્વ શક્તિમાન શાસક છે.
તે વિશ્વનું સંચાલન કરે છે. વિશ્વને ચલાવે છે.
હ્રીઁ કાર પરમાત્મ સ્વરૂપ છે. શક્તિમાન - શક્તિ સ્વરૂપ છે.
ઐં કાર સર્વ વિદ્યા સ્વરૂપ છે. સર્વ વિદ્યાઓથી ભરિત છે.
તેનું સ્થાન નાભિ છે. નાભિમાં તે રહેલો છે. નાભિમાં તે પ્રગટે છે.
ઐં કાર વિદ્યાનો કારક છે. સર્વ વિદ્યાઓનું તે સ્વરૂપ છે. નાભિ સ્થાનમાં તે રહેલ છે.
હ્રીઁ કાર સર્વ શક્તિ સ્વરૂપ છે. વિશ્વશાસક છે.
ઐં કાર નાભિ સ્થાને રહેલો છે. તે સર્વ વિદ્યા સ્વરૂપ છે.

**सर्वकामस्वरूपोऽस्ति, क्लींकार सर्वकामदः ।**
**सर्वमंत्रस्वरूपोऽस्ति, जैनाऽऽत्मा जिनधर्मवान् ॥ १५५॥**

ક્લીઁ કારની વાત અહીં કરાઈ છે.
'ક્લીઁ' કાર એક એવો શબ્દ છે, જે સર્વ મંત્ર સ્વરૂપી છે.
મહાન મંત્ર છે 'ક્લીઁ'કાર. સર્વ કામ સ્વરૂપી છે તે.
ઈચ્છાઓની પૂર્તિ કરનાર છે. ઈચ્છેલું તમામ આપનાર છે.
માનવીની સર્વ કામનાઓ, સર્વ આશાઓ, સર્વ ઈચ્છાઓને પૂર્ણ કરે છે તે.
જૈની ધર્મવાન્ છે. જૈનધર્મમાં તેની શ્રદ્ધા છે.
જૈનધર્મ તેનો આત્મા છે. જૈની આત્મવાન્ છે.
આમ, જૈનધર્મમાં યુક્ત એવો જૈનાત્મા એવો 'ક્લીઁ'કાર સર્વ મંત્ર સ્વરૂપી છે. કારણ કે તે ઈચ્છેલું આપે છે.
કામનાઓની પૂર્તિ કરે છે. ઈચ્છાઓને ફળ પ્રદાન કરે છે.
જૈનાત્મા છે તે.
સર્વ મંત્રોનો સાર છે. સર્વ કામ આપનાર છે. સર્વ કામ સ્વરૂપી છે.

निष्कामकर्मकर्तव्यं, येन मुक्तो भवेज्जनः ।
सकामकर्मलेपाय, जायते सर्वदेहिनाम् ॥ १५६ ॥

કર્મની શી ભાવના છે ? કર્મ કેવું કરવું જોઈએ ? કર્મનું સ્વરૂપ શું ?

સંસારમાં રહેલા અને પોતાનો વ્યવહાર ચલાવતા મનુષ્યોએ કર્મ અવશ્ય કરવું પડે છે.

કર્મ મનુષ્યની સ્થિતિ છે, ગતિ છે.

પણ કર્મ કેવું હોય ? નિષ્કામભાવે કર્મ કરવું જોઈએ.

દરેક મનુષ્યે એ જોવું કે પોતાનું કર્મ નિષ્કામ ભાવે કરાયેલું છે કે નહિ ?

નિષ્કામભાવે કરેલા કર્મ થકી જ મનુષ્ય મુક્ત બને છે.

નિષ્કામભાવે કરેલું કર્મ જ માનવીને મુક્ત બનાવે છે. કર્મ કરવું, કામના ન રાખવી.

કર્તવ્ય બજાવવું. ફળની આશા ન રાખવી.

ફળની આશા રાખ્યા વગર કરેલું કર્મ જ પ્રાણીને મુક્ત બનાવે છે.

સર્વ પ્રાણીઓને સકામ કર્મ લેપ માટે થાય છે.

લેપ ન કરો. નિષ્કામ કર્મ કરો.

ફળની આશા ન રાખો ને પોતાનું કર્તવ્ય બજાવો.

નિષ્કામકર્મ મુક્ત બનાવે. સકામ કર્મ લેપ કરે.

निष्कामत्वं सकामत्वं, द्वयोः साम्यं च यद् धृदि ।
सर्वलोकस्य हन्ताऽपि, समाऽऽत्मा स न हन्यते ॥ १५७॥

કામના વગરનું કર્તવ્યપણું.

કામના સાથેનું કર્તવ્યપણું.

અર્થાત્ નિષ્કામપણું અને સકામપણું. આ બે છે કર્મની બે સ્થિતિ.

ઈચ્છા સાથેનું અને ઈચ્છા વગરનું.

એકમાં ઈચ્છાનું હોવાપણું છે.

બીજામાં ઈચ્છા રહિતપણું છે.

નિષ્કામપણા અને સકામપણામાં જેને સામ્ય છે, તેવો આત્મા હણાતો નથી.

સર્વ લોકની હિંસા કરનાર - સર્વ લોકને હણનાર એવો સામ્ય સ્વરૂપી આત્મા કદી હણાતો નથી.

સકામપણાનું જેને સમાન છે. નિષ્કામપણું પણ જેને સમાન છે.

બેયના હોવાપણામાં જેને સામ્ય છે.

જે જલકમલવત્ છે, એવો આત્મા સર્વ લોકને હણનાર હોવા છતાં તેવો સામ્ય આત્મા કદી પણ હણાતો નથી.

સકામપણા અને નિષ્કામપણાથી તદ્દન નિરપેક્ષ બનવાની આમાં વાત છે.

**सर्वकर्मप्रकुर्वाणः, समाऽऽत्मा नैव लिप्यते ।**
**सर्वदोषेषु निर्दोषी, जीवन्मुक्तोऽभिधीयते ॥ १५८ ॥**

**જે આત્મા સમભાવી છે, સકર્મ-અકર્મથી પર છે, તેવો આત્મા સર્વ કર્મ અવશ્ય કરે છે પણ તેમ છતાં કર્મથી તે લેપાતો નથી.**

તે સમભાવી છે.

નિષ્કામ કર્મ પ્રત્યે પણ એ જ ભાવ છે.

બંને તેને માટે સમાન છે. બંનેમાં તે સામ્ય જુએ છે.

તે સમભાવી છે. બંનેને સમાન દ્રષ્ટિથી જુએ છે.

કર્મ સકામ હોય કે કર્મ નિષ્કામ હોય.

પણ સમભાવી માટે તે એક સમાન છે.

સમભાવી આત્માની દ્રષ્ટિએ બન્ને વચ્ચે સામ્ય છે.

તે કોઈનો પક્ષપાત કરતો નથી. કોઈ પ્રત્યે ઢળી પડતો નથી.

કોઈને કુણી નજરથી જોતો નથી. કોઈ પ્રત્યે દ્વેષ રાખતો નથી.

સારું ખોટું બંને તેને માટે સમાન છે. તે નિરપેક્ષ છે. નિર્લેપ છે.

હા, એ કર્મ જરૂર કરે છે. સંસારમાં રહ્યે કર્મ તો કરવાં જ પડે.

પણ તે નિરપેક્ષભાવે કરે છે. નિર્લેપભાવે કરે છે.

કર્મ કરે છે પણ કર્મમાં રગદોળાતો નથી.

એનામાં સમાવિષ્ટ થતો નથી. એનાથી લેપાતો નથી.

કર્મ એનું કર્તવ્ય છે.

જે સમયે જે કર્મ જરૂરી હોય તે કરે છે.

જરૂરી ન હોય તે કરતો નથી.

ભલે તે કર્મ સકામ હોય અથવા નિષ્કામ હોય.

પણ તેથી એને કોઈ ફેર પડતો નથી.

કારણ કે તે જલકમલવત્ છે.

નિર્લેપ છે. સામ્યભાવી છે. સમાનધર્મી છે.

સર્વ દોષોમાં હોવા છતાં પણ તે નિર્દોષી એવો જીવન્મુક્ત કહેવાય છે. કારણ કે તે નિર્લેપ છે. સમભાવી છે.

**सर्वपापेषु निष्पापो, निष्कामी सर्वकामिषु ।**
**समाऽऽत्मा सर्वजीवेषु, क्रियावानपि निष्क्रियः ॥ १५१॥**

આત્મા સર્વશક્તિમાન છે.

કોઈપણ દ્રષ્ટિ વડે જુઓ આત્મા અનંતાનંત નામવાળો છે.

આત્માની અનંતતા અનુભવી શકાય છે.

એનો પાર પામી ન શકાય.

આત્મા પ્રભુ છે. આત્મા જ શ્રેષ્ઠ છે. શુદ્ધ છે. પવિત્ર છે.

આત્મા જ પરમાત્મા છે. આત્મા જ પરબ્રહ્મ છે.

સર્વ કર્મ કરવા છતાં તે લેપાતો નથી. આત્મા નિર્લેપ છે.

માટે કહ્યું છે કે ચંચલ મનને નહિ આત્માને ઓળખો.

આત્મા કર્મવાન છતાં નિષ્ક્રિય છે. નિષ્પાપ છે. નિર્લેપ છે.

જલકમલવત્ છે.

સર્વ કર્મો તે કરે છે. સારાં - નરસાં બધાં જ કર્મો તે કરે છે, પણ તેમાં જરાય લેપાયા વગર.

તે સર્વ પ્રકારનાં પાપો કરવા છતાં પણ નિષ્પાપી છે.

પાપી નથી. પાપથી તે લેપાતો નથી.

સર્વ પ્રકારે કામી છે તે, છતાં પણ નિષ્કામી છે તે.

તે નિરપેક્ષ છે. નિર્લેપ છે.

સર્વ જીવો વિષે તે સમ છે. સમભાવી છે. સમભાવિત આત્મા છે.

આત્માની તુલના કોઈથી થઈ શકે નહિ.

કારણ આત્મવાન જ પ્રભુ છે. આત્મવાન જ મહાન છે. ઉત્તમ છે. શ્રેષ્ઠ છે.

આત્મા કર્મો તો જરૂર કરે છે, છતાં તે અકર્મક છે.

સારાં કર્મો પણ કરે છે. નરસાં કર્મો પણ કરે છે.

છતાં તે કર્મથી નિર્લેપ છે. તે કશાથી લેપાયમાન થતો નથી.

કશાથી ભીંજાતો નથી. જલમાં રહેલા કમલની જેમ.

તે ક્રિયાવાન છે. તે ક્રિયાત્મક છે. છતાં નિષ્ક્રિય છે.

કામ્યભાવોનો ભોગ હોવા છતાં તે નિષ્કામી છે.

પાપો કરવા છતાં તે નિષ્પાપી છે.

આત્મા લબ્ધિમય છે. આત્મા સિદ્ધિમય છે.

તે મંત્ર, યંત્ર આદિ શક્તિનો ભંડાર છે, જે ક્યારેય ખાલી જ થતો નથી, બલ્કે અભરે ભરેલો રહે છે.

આત્મા પ્રભાવક છે. સર્વ પર તે પ્રભાવ કરે છે.

આમ આત્મા સર્વ પ્રભાવી છે.

તે કર્મ કરવા છતાં પરમાર્થ માટે જીવે છે.

આત્મભાવ મહત્વનો છે.

આત્મભાવ વિનાના લોકો જ આ સંસારમાં ભમ્યા છે, અને ભમી રહ્યા છે, અને ભમ્યા કરશે.

આત્મા નિર્ભય છે. દેહને ભય છે. આત્માને નહિ.

ન કોઈ આપત્તિનો એને ભય છે. ન એને મૃત્યુનો ભય છે.

તે નિષ્પાપી, નિષ્કામી અને નિષ્ક્રિય છે.

તે સર્વ જીવો વિષે સમભાવિત છે.

**समभावदशाप्राप्तौ, माध्यस्थं जायते हृदि ।**
**साक्षित्वं जायते पश्चात्, दृश्यादृश्येषु वस्तुषु ॥ १६० ॥**

સમભાવ દશાને પ્રાપ્ત કરવાનું સરળ નથી.

આત્મા સમભાવ દશાને પ્રાપ્ત થાય છે.

મનુષ્યમાં સમભાવદશા પ્રાપ્ત થતાં હૃદયમાં માધ્યસ્થપણું થાય છે.

સમભાવી હોવું એ માટે જરૂરી છે.

સમભાવ દશાને પ્રાપ્ત કરનાર માટે કોઈપણ વાત અશક્ય નથી.

માધ્સ્થપણાના મૂળમાં સમભાવ પડેલો છે.

આમ, સમભાવ દશા પ્રાપ્ત થતાં હૃદયમાં માધ્યસ્થપણું ઉત્પન્ન થાય છે.

અને માધ્યસ્થપણું ઉત્પન્ન થયા પછી દશ્ય-અદશ્ય વસ્તુઓ વિષે સાક્ષીભાવ પ્રાપ્ત થાય છે.

જરૂરી છે સમભાવ. જરૂરી છે માધ્યસ્થપણું છે.

અને એના પરિણામે તમામ સંભાવનાઓ નેત્રદીપક બને છે.

દશ્યવસ્તુઓ છે જગતમાં. અદશ્ય વસ્તુઓ છે જગતમાં.

આ તમામે તમામ - દશ્ય અને અદશ્ય વસ્તુઓ વિષે - સાક્ષીભાવ મનુષ્યને પ્રાપ્ત થાય છે.

**आत्मानुभवसज्ज्ञानं, ततः सम्यक् प्रजायते ।**
**ततो नयप्रमाणानां, शास्त्राणां न प्रयोजनम् ॥ १६१ ॥**

સમભાવ દશા પ્રાપ્ત થયા પછી હૃદયમાં માધ્યસ્થપણું ઉત્પન્ન થતાં દશ્ય-અદશ્યનો સાક્ષીભાવ પ્રાપ્ત થાય છે.

ત્યાર પછી અનુભવનું સદ્‌જ્ઞાન પેદા થાય છે.

ને તે સમ્યક્ બને છે.

જ્ઞાનનું સમ્યક્‌પણું અનુભવને અંતે બને છે.

આત્માના અનુભવનું સદ્‌જ્ઞાન જ સમ્યક્‌પણાને પ્રાપ્ત થાય છે.

જરૂર છે સમ્યક્ વિચારની. સમ્યક્ આચારની. સમ્યક્ વાણીની. સમ્યક્ જ્ઞાનની.

આત્માનુભવથી આ સમ્યક્‌જ્ઞાન સમ્યક્‌પણે ઉત્પન્ન થાય છે.

જૈનધર્મ હંમેશાં સમ્યક્ માર્ગનો આગ્રહી રહ્યો છે.

ધર્મ નિર્દેષિત સમ્યક્ માર્ગોને અપનાવવાથી જ સમ્યક્ જ્ઞાનની પ્રાપ્તિ નિઃશંકપણે થાય છે.

આત્માને ઓળખો. આત્માને પ્રમાણો આત્મસ્થ બનો. આત્મવાન બનો.

આત્મવાન બન્યા પછી અનુભવ જગત વિસ્તૃતપણે ખૂલે છે.

સમ્યક્‌પણુ પ્રતિબિંબિત થાય છે. સમ્યક્ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

ને જ્યાં આત્મજ્ઞાન છે, જ્યાં સમ્યક્ જ્ઞાન છે,

ત્યાં શાસ્ત્રોના પ્રમાણની જરૂર જ રહેતી નથી.

નય - પ્રમાણોના શાસ્ત્રોનું કોઈ પ્રયોજન તે પછી રહેતું નથી.

તો પછી ખીલવો સમ્યક્ દ્રષ્ટિ.

બનો આત્મવાન. બનો સમ્યક્‌માર્ગી.

न च प्रमाणनिक्षेपभंगादिनां विकल्पतः ।
निर्विकल्पाऽऽत्मरूपं तु, प्राप्यते नैव योगिभि : ॥ १६२॥

આત્માનું રૂપ કેવું છે ? આત્માના રૂપને ઓળખો છો ?

યોગીઓ દ્વારા એ પ્રાપ્ત થતું નથી.

નયનો વિકલ્પ. નિક્ષેપનો વિકલ્પ. પ્રમાણનો વિકલ્પ. ભંગનો વિકલ્પ. અને આવા બધા અનેક વિકલ્પોથી આત્માનું સ્વરૂપ નિર્વિકલ્પ છે, તે પ્રાપ્ત થતું નથી.

નિર્વિકલ્પ સ્વરૂપ છે આત્માનું.

આત્મરૂપમાં કોઈ વિકલ્પ ચાલતો નથી.

યોગીઓ અનેક વિકલ્પો દર્શાવે છે.

પણ યાદ રાખો કે આત્માનું સ્વરૂપ નિર્વિકલ્પ છે.

તેથી આવા વિકલ્પોથી નિર્વિકલ્પ એવું આત્મરૂપ કદી પણ પ્રાપ્ત થતું નથી.

આત્માના રૂપને ઓળખો.

તે નિર્વિકલ્પ છે. વિકલ્પ વડે તે નહિ ઓળખાય.

આત્મરૂપને ઓળખવું - પામવું - પરિચય મેળવવો એ અતિ કઠિન કાર્ય છે. કોઈ વિકલ્પો એમાં ચાલતા નથી. કારણ કે આત્મરૂપ નિર્વિકલ્પ છે.

नयादीनां विकल्पेन, श्रुतज्ञानविशारदैः ।
आत्मा न जायते साक्षान्निर्विकल्पसुखोदधिः ॥ १६३ ॥

આત્માને જાણવા સૌ મથે છે. યોગીઓ પણ મથે છે. જ્ઞાનીઓ પણ મથે છે. સર્વ કોઈ મથે છે.

કારણ કે આત્મા જ બ્રહ્મ છે. આત્મા જ પ્રભુ છે.

આત્મવાન્ જ પરબ્રહ્મ છે. તેથી આત્મજ્ઞાનને પામવું અઘરું છે.

આત્મરૂપને ઓળખવું કઠિન છે. ભલે બધા મથે. ભલે ખૂબ મથામણ કરે.

શ્રુતજ્ઞાનના વિશારદો - પંડિતો વગેરે વડે વિકલ્પો ઊભા કરાય છે. વિકલ્પો રજુ થાય છે.

નય વગેરેના અનેક વિકલ્પો આત્માને જાણવા માટે મૂકાય છે.

આત્મા અનન્ય છે. અજોડ, અનન્વય છે.

આત્માને કોઈ વિકલ્પ નથી. આત્મા નિર્વિકલ્પ છે.

આત્મા સુખનો ઉદધિ છે. નિર્વિકલ્પ સુખનો સાગર છે.

એટલે વિકલ્પો વડે આત્માને કદી પણ જાણી શકાતો નથી.

એ રીતે જાણવો વ્યર્થ છે.

ભલે શ્રુતજ્ઞાનના વિશારદો કહે.

ભલે તેઓ વિકલ્પો દર્શાવે. ભલે નય વગેરેના વિકલ્પો આપે. પણ તેથી શું ?

આત્માને જાણવો સરળ નથી. આત્મા એ રીતે અકળ છે.

નય આદિના વિકલ્પથી તે જાણી શકાતો નથી.

કારણ કે - તે નિર્વિકલ્પ સુખનો સમુદ્ર છે.

એને જાણવો કઠિન છે. વિકલ્પો વડે તે જાણી શકાતો નથી.

એમ કરનારા નિષ્ફળતાને પ્રાપ્ત કરે છે, એવું જાણજો.

**याद्दग्भावो भवेद् यस्य, तस्य ताद्दकं फलं भवेत् ।**
**शुभभावाद् भवेत् स्वर्गः,श्वभ्रश्चाशुभभावतः ॥ १६४ ॥**

જેનો જેવો ભાવ. તેવું તેને મળે છે ફળ. જેવાં કર્મ તેવું પરિણામ.

ભાવ સારો હોય તો - ફળ પણ સારું જ મળે.

બાવળ વાવનારા માટે કંટકનું ફળ નિશ્ચિત જ હોય છે. બાવળનું વાવેતર કરનાર ફૂલની આશા રાખે તો તે નિરાશ થવાનો.

ભાવ મુજબ ફળ મળે છે. જેવો ભાવ, તેવું ફળ.

સારું કાર્ય કરો ને સારું ફળ મેળવો. શુભનું પરિણામ શુભ જ હોય.

શુભ ભાવના ભાવનારને સદૈવ શુભ ફળ જ પ્રાપ્ત થાય છે.

અશુભ ભાવનું ચિંતન કરનારને હંમેશાં અશુભ ફળ જ પ્રાપ્ત થાય છે.

મનુષ્ય હંમેશાં શુભનો અભિલાષી છે. શુભત્વ એને ગમે છે.

એની દ્રષ્ટિ શુભ માર્ગી છે.

સારું પરિણામ પ્રાપ્ત કરવા માટે તે સતત મથતો હોય છે.

સતત કર્મ કરતો હોય છે.

પણ દુર્ભાગ્ય એ રહ્યું છે કે મનુષ્ય સ્વાર્થકેન્દ્રી અથવા સ્વકેન્દ્રી બનીને ક્યારેક અશુભ માર્ગી બની જાય છે.

જીવો અને જીવવા દો ની ભાવનાને એ ભૂલી જાય છે.

જૈનધર્મ તો હંમેશાં અન્યની ચિંતા કરનારો ધર્મ છે. નાનામાં નાના પ્રાણીને પણ દુઃખ ન પહોંચે એ પ્રકારનાં ગુણરત્નો જૈનધર્મમાં રહેલાં છે.

કોઈ દુઃખી ન થાય. કોઈ કોઈને દુઃખી ન કરે.

કોઈ કોઈના દુઃખનું કારણ ન બને.

કોઈ અન્યની પીડાનું નિમિત્ત ન બને.

જીવનની ઉત્તમોત્તમ વ્યવસ્થાની વાત જૈનધર્મમાં કરવામાં આવી છે.

અહિંસાની એની ભાવના સૂક્ષ્મસ્વરૂપી છે.

સમભાવ અને સમરસતા.

શાંતિ અને સુખ.

પ્રેમ અને ક્ષમા.

દયા અને હૃદય ઔદાર્ય.

આ બધી તો જગતની સર્વ પીડાઓનું શમન કરનારી જડીબુટ્ટીઓ છે.

જૈનધર્મ જીવવાની વાત કરે છે. જીવાડવાની વાત કરે છે.

મારવાની નહિ પ્રેમની વાત કરે છે. હિંસાની નહિ

સમાનતાની વાત કરે છે. અસમાનતાની નહિ.

એ પીડાની નહિ, દયાની વાત કરે છે.

યુદ્ધની નહિ, ક્ષમાની વાત કરે છે.

ક્ષમા તો વિશ્વની વેદનાને હણવા માટેની માસ્ટર કી છે.

જૈનધર્મ કહે છે : શુભ ભાવ હૈયે ધરો. શુભ ફળ મેળવો.

શુભત્વનું ચિંતન કરો. સુંદર પરિણામ મેળવો.

ફૂલ વાવો. સુખ આપો. કોઈને ચેન આપો. સ્વાર્થી ન બનો.

સાધર્મિકનો પણ એટલો જ ખ્યાલ રાખો, જેટલો તમે તમારી જાતનો રાખો છો.

જીવન જીવવાની - સુખથી જીવન જીવવાની અનેક ગુરૂચાવીઓ જૈનધર્મમાં રહેલી છે.

અશુભનું પરિણામ અશુભ છે.

વાવેલો બાવળ શૂળ પેદા કરશે ને તમારા પગની પાનીમાં છેદ કરશે. તમને વેદના આપશે.

તો પછી બાવળ ન વાવો. કાંટા ન વાવો. વેદનાનું વાવેતર ન કરો.

ફૂલ છોડ વાવો. ગુલાબ વાવો. અને ગુલાબની પરિમલ મેળવો.

જીવનની આ રીત છે. જીવનની આ પદ્ધતિ છે.

ફૂલ વાવશો તો ફૂલ મળશે. સુગંધ મળશે. ચિત્તની પ્રસન્નતા મળશે.

બાવળ દુઃખ આપશે. સુખ છેદાશે. ચેન ચીરાશે. શાંતિ હણાશે.

માટે બાવળ ન વાવો. ફૂલ જ વાવો.

આંબો વાવનારને મિષ્ટરસથી ભરપુર કેરી મળે છે.

તેની મધુરતા આસ્વાદનારના મનને પ્રસન્નતા બક્ષે છે.

તો આંબા જ વાવો.

ફૂલ વાવનારને સુગંધી મળે છે. જે ચિત્તને તરબતર કરે છે.

તો ફૂલછોડ જ વાવો. ગુલાબનાં વાવેતર જ કરો.

કાંટા ન વાવો, બાવળ ન વાવો. દુઃખ ન વાવો.

દુઃખ વાવીને સુખના ફળની આશા ન રાખી શકાય.

જેવું કર્મ, તેવું ફળ. જેવો ભાવ, તેવું પરિણામ.

શુભ ભાવવાળાને સ્વર્ગ મળે છે. સુખ મળે છે. પ્રસન્નતા મળે છે.

અશુભ ભાવવાળાને નરક મળે છે.

પીડા મળે છે. ચિંતા મળે છે. દુઃખ મળે છે.

જેવું વાવશો, તેવું લણશો. જેવું કરશો, તેવું પામશો.

માટે કર્મ કરતાં પહેલાં સો વાર વિચાર કરો.

એટલી ખાતરી કરી લો કે -

મારા આ કર્મથી કોઈ દુઃખી તો નહિ થાય ને ?

કોઈને પીડા તો નહિ પહોંચે ને ?

કોઈને વેદના તો નહિ થાય ને ?

કોઈની પ્રસન્નતા તો નહિ હણાઈ જાય ને ? એવું કર્મ ન કરો.

એવું કર્મ કરો કે જેથી -

કોઈને સુખ મળે. કોઈનું દુઃખ ટળે. કોઈની પીડા શમે. કોઈની પ્રસન્નતા વધે.

શુભ ભાવના ભાવનારને એનું શુભ પરિણામ મળ્યા વગર રહેતું નથી.

શુભ ભાવથી મળે છે સ્વર્ગ. સ્વર્ગ સુખનો પર્યાય છે.

સ્વર્ગ પ્રસન્નતાનું પ્રતીક છે. સ્વર્ગ ચિત્તના આનંદનું પ્રતીક છે.

અશુભ ભાવનાએ મળે છે નરક.

નરક એટલે યાતના. નરક એટલે દુઃખ.

મળે છે ચિંતા. મળે છે વેદના.

જો સ્વર્ગ ગતિ જ પ્રાપ્ત કરવી હોય તો શુભ ભાવના ભાવો.

જો નરકગતિ મેળવવી હોય તો અશુભ ભાવનાથી જ તે મળશે.

જેવો ભાવ, તેવું ફળ. જેવી ભાવના, તેવું પરિણામ.

શુભ ભાવના મેળવી આપે સ્વર્ગ. અશુભ ભાવના મેળવી આપે નરક.

તો પછી શુભને જ ભાવો. શુભને જ ધ્યાવો. શુભત્વ તરફ ગતિ કરો.

**आत्मभावाद् भवेन्मुक्तिरखण्डानन्दरूपिणी ।**
**ज्ञात्वा निष्कामभावेन, कर्तव्यं कर्म मानवैः ॥ १६५ ॥**

આત્મભાવ કેળવાય તો મુક્તિની મંઝીલો દૂર નથી. મુક્તિનાં શિખરો તો સાદ દઈ રહ્યાં છે ને કહી રહ્યાં છે કે, આત્મભાવ કેળવો અને મુક્તિ મેળવો.

વાત સાચી છે. આત્મભાવ વગર મુક્તિ નથી.

આત્મભાવે સ્થિર બનો. આત્મભાવે રમી રહો.

આત્મભાવ જ પરમાત્મભાવ સુધી પહોંચાડે છે.

આત્મભાવની મંઝીલ મુક્તિ છે અને એય સાધારણ મુક્તિ નહિ.

સ્થૂલભાવવાળી મુક્તિ નહિ. અખંડ આનંદ સ્વરૂપી મુક્તિ.

જ્યાં માત્ર આનંદ છે - અને એ પણ અખંડ રીતે પ્રવાહિત થતો આનંદ.

બસ, એવા અખંડ આનંદ સ્વરૂપી મુક્તિ મળી રહે છે આત્મભાવથી.

આટલું જાણો. ને નિષ્કામભાવે કર્મ કરો. કામના વગરનું કર્મ. ફળની આશા રાખ્યા વગરનું કર્મ. તે નિષ્કામ કર્મ.

માનવોએ નિષ્કામભાવે આ જાણીને કર્મ કરવું જોઈએ.

જગતભાવ નહિ. સંસારભાવ નહિ. પણ આત્મભાવ.

આત્મભાવથી મુક્તિ મળે છે, એ જાણી નિષ્કામભાવે કર્મ કરો.

नास्तिका बहिराऽऽत्मानो, ज्ञेया मिथ्यात्विनो जडाः ।
जडातिरागिणो मुढा, मिथ्यात्वगुणवर्तिनः ॥ १६६ ॥

બહિરાત્માઓ એટલે ? બહિરાત્માઓ કોણ છે ?

અજ્ઞાની બહિરાત્મા છે. મિથ્યાત્વવાદી બહિરાત્મા છે.

જેઓ જડના અતિરાગી હોય છે, જડત્વમાં જ રાગપણું દર્શાવે છે અને એ પણ અતિશય, એવા જડના અતિરાગી હોય છે બહિરાત્માઓ.

મિથ્યાત્વગુણસ્થાનવર્તી હોય છે તેઓ.

મૂઢ હોય છે બહિરાત્માઓ. નાસ્તિક હોય છે બહિરાત્માઓ.

જડતા પ્રત્યે મમત્વભાવી હોય છે. અજ્ઞાનથી ભરેલા હોય છે.

મિથ્યાવાદી હોય છે. મિથ્યાગુણોના અનુવર્તી હોય છે તેઓ.

આ જગતમાં આવા બહિરાત્માઓનો તોટો નથી, જેઓ અંતરાત્મા તરફ અભિમુખ થવાને બદલે જગત તરફ અભિમુખ હોય છે.

જ્ઞાન હોતું નથી. હોય છે કેવળ અજ્ઞાનનો અંધકાર.

તેઓ જડ હોય છે, ને નાસ્તિક હોય છે.

આવા નાસ્તિકો - મૂઢવાદીઓ - અજ્ઞાનીઓ - જડાનુરાગી અને મિથ્યાત્વવાદીઓને બહિરાત્મા જાણવા.

आस्तिका अंतराऽऽत्मानो, जैना जिनेन्द्रवर्त्मगाः ।
मन आत्मनि सन्यस्य, कुर्वन्ति कर्मयोगिनः ॥ १६७ ॥

તો પછી અંતરાત્માઓ કોણ છે ? સ્વાભાવિક રીતે આવો પ્રશ્ન દરેક મનુષ્યના મનમાં પેદા થાય.

આસ્તિકો છે અંતરાત્મા.

જેઓ જિનેન્દ્ર પ્રભુના માર્ગે ચાલે છે એવા જૈનો અંતરાત્માઓ છે.

બહિરાત્મા નાસ્તિક છે. અંતરાત્મા આસ્તિક છે.

બહિરાત્મા રાગમાર્ગી છે. અંતરાત્મા જ્ઞાનમાર્ગી છે,

અજ્ઞાનના અંધકારમાં અટવાય છે બહિરાત્મા.

જ્ઞાનથી પ્રકાશે છે અંતરાત્મા.

શ્રી જિનેન્દ્ર પ્રભુના માર્ગે તેઓ ચાલે છે.

ધર્મમાર્ગી છે તેઓ. આત્મમાર્ગી છે તેઓ. પ્રભુમાર્ગી છે તેઓ.

બહિરાત્માઓ સંસારમાર્ગી છે, તેથી મોહમાર્ગી છે.

રાગાત્મક ભાવોને અનુસરે છે. તેઓ અતિરાગી હોય છે.

અંતરાત્માઓ જ્ઞાની, આસ્તિક અને શ્રી જિનેન્દ્રપ્રભુના માર્ગે ચાલનારા છે. ને તેથી યોગીઓ મનને આત્મામાં સ્થિર કરે છે. ને એ રીતે કર્મ કરે છે.

**जिनेन्द्रशास्त्रमन्तारः, शासका बहिराऽऽत्मनाम् ।**
**सद्गुरोः सेवका दक्षाश्चतुर्वर्गस्य साधकाः ॥ १६८ ॥**

સાધક કોણ? સાચો સાધક કોણ?

અહીં સાચા સાધકોની વ્યાખ્યા કરવામાં આવી છે.

જેઓ જિનેન્દ્રોના શાસ્ત્રવચનોને માનીને ચાલે છે.

જેઓ બહિરાત્માઓના શાસકો છે, સદ્ગુરુના સેવકો છે, દક્ષ છે અને ધર્મ, અર્થ, કામ, મોક્ષ - એમ ચાર વર્ગના સાધકો છે એ જ સાચા સાધકો છે.

જિનેન્દ્રોના વચનો - શાસ્ત્રવચનો છે. એ વચનોને માનનારા જ સાચા સાધકો છે.

જિનેન્દ્રનાં શાસ્ત્રવચનોને નહીં માનનાર મોહમાર્ગી છે.

અજ્ઞાનના અંધકારમાં અટવાતા જીવાત્માઓ છે.

પણ જે જિનેન્દ્રોના શાસ્ત્રવચનોને માને છે ને જેઓ બહિરાત્માઓના શાસકો છે તથા તેઓ સદ્ગુરુના સેવકો છે. તેઓ દક્ષ છે.

ને ધર્મ, અર્થ, કામ, મોક્ષના સાધકો છે એ જ સાચા સાધકો છે.

**कर्ताहर्ता च विश्वेशो, जिनेन्द्रोऽर्हन्महाप्रभुः ।**
**तद् ध्यानं हृदि कर्तारो, जैनास्ते द्विविधाः स्मृताः ॥ १६९॥**

શ્રી નેમિનાથ જિનેન્દ્ર દ્વારિકાપુરીમાં શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધ પમાડવાના હેતુથી પધાર્યા છે. તેમનું આગમન શુભ ધ્યેયયુક્ત છે.

તેઓ જ્ઞાનસભર અનેક વાતો કરે છે ને પ્રતિબોધિત કરે છે.

સાચું ધ્યાન કોનું કરાય?

વિશ્વના ઈશનું. જગત્પ્રભુનું.

જિનેન્દ્ર, અર્હત્, મહાપ્રભુ આ જગતમાં કર્તા અને હર્તા છે.

સમસ્ત જગતનું સંચાલન કરનાર છે. જગતને ચલાવનાર છે.

વિશ્વના કર્તાહર્તા છે તેઓ.
ધ્યાન એમનું ધરાય. ધ્યાનમાં એમને રખાય. એમનું સ્મરણ થાય.
જૈનો આ કાર્ય કરે છે.
તેમના હૃદયમાં ધ્યાન ધરે છે જિનેન્દ્ર અર્હત્ મહાપ્રભુનું.
કારણ કે એ જ કર્તા છે અને એ જ હર્તા છે, એ જ વિશ્વસંચાલક છે.
એમનું ધ્યાન કરનારા બે પ્રકારના કહ્યા છે.
(૧) સાધક. (૨) સંસારી.

**भवस्य हेतवो ये ये, ते ते मोक्षस्य हेतवः ।**
**भवन्ति ज्ञानिजैनानां, त्यागिनां गृहियोगिनाम् ॥ १७०॥**

જૈનો કે જે જ્ઞાની છે, જે ત્યાગી છે. જે ગૃહસ્થ છે અથવા જેઓ યોગી છે.

આવા જૈનો માટે જે જે કારણો ભવ માટેનાં છે, તે કારણો મોક્ષ માટેનાં પણ થાય છે.

જ્ઞાની જે જ્ઞાન સંસાર સાધન હેતુ ઉપયોગમાં લે છે - એ જ જ્ઞાન મોક્ષના કારણરૂપ બની જાય છે.

ત્યાગી માણસ એના ત્યાગના ગુણ વડે સંસારમાં શોભી રહે છે, તેમ તેના ત્યાગનો ગુણ મોક્ષનું કારણ પણ બની રહે છે.

આવું જ ગૃહસ્થ માટે પણ સમજવું.

ગૃહસ્થ જે રીતે સંસાર ચલાવે છે, સર્વ પ્રત્યે પ્રીતિ રાખે છે તથા જ્ઞાનપૂર્વક ગૃહસ્થ જીવનનું પરિવહન કરે છે, એ બધા જ ગુણો તેને માટે મોક્ષનું પણ કારણ બને છે.

સંસાર એટલે કે ગૃહસ્થ જીવનમાં રહ્યા છતાં સર્વ ગુણોનું તે વહન કરે છે. ધર્મનું પરિશીલન કરે છે, દાનવૃત્તિ દાખવે છે, ત્યાગ કરે છે, પ્રીતિનો અનુભવ કરે છે - આ બધા જ ગુણો તેને માટે મોક્ષના કારણરૂપ પણ બની રહે છે.

માણસ ભલે જૈન જ્ઞાની હોય, ત્યાગી હોય, ગૃહસ્થ હોય કે યોગી હોય પણ તેને માટે ભવના જે જે કારણો છે, તે જ કારણો મોક્ષના કારણો પણ બની રહે છે.

पापकर्माऽपि पुण्याय, निर्जरायै प्रजायते ।
ज्ञानिजैनसमूहस्य, संघधर्मस्य हेतवे ॥ १७१ ॥

જ્ઞાની જૈન હંમેશાં શુભ આશયથી જ કાર્ય કરે છે. તેના માટે સમૂહ અને સંઘનું હિત જ મહત્ત્વના સ્થાને છે.

કર્મના બે પ્રકાર છે - પુણ્યકર્મ અને પાપકર્મ.

પુણ્યકર્મ એટલે કે શુભકર્મ. પાપકર્મ એટલે અશુભકર્મ.

અશુભ કર્મ વડે માણસ પાપ કરે છે.

શુભકર્મ પુણ્યનું ભાથુ બાંધી આપે છે.

પણ જ્ઞાની જૈન ક્યારેક સમૂહના શુભ માટે તથા સંઘના શુભ માટે પાપકર્મ કરે છે, તો તે પુણ્ય તેમજ નિર્જરા માટે થાય છે એમ સમજવું.

તેના આ કર્મની પાછળ વિશાળ સમૂહનું હિત સમાયેલું છે.

તેનો હેતુ શુભ છે. તેનો આશય કોઈના અશુભ માટે નથી. માત્ર વિશાળ માનવ સમુદાયના શુભ માટે તેણે પાપકર્મ કર્યુ છે. આવું પાપકર્મ પુણ્ય તેમજ નિર્જરા માટે થાય છે એમ સમજવું.

सम्यग्दृष्टिमनुष्याणां, सम्यग्रूपतया जगत् ।
भासतेऽतो विरुद्धेऽपि, सम्यग्रूपं विभासते ॥ १७२ ॥

જેવી દ્રષ્ટિ..... તેવી સૃષ્ટિ.

ચશ્માના જેવા રંગના કાચમાંથી તમે જગતને નિહાળો છો એવા જ રંગનું જગત દેખાય છે.

સજ્જનને બધે સજ્જનો જ દેખાય.

દુર્જનને જગતમાં ક્યાં સજ્જન ન દેખાય.

સજ્જનને ક્યાંય દુર્જન ન દેખાય.

જેવું મન, તેવું જગત.

સારાને સારું દેખાય. ખરાબને ખરાબ જણાય.

બૂરાઈની નજરે બધું બૂરું જ છે. ભલાઈની નજરે બધું ભલું જ છે.

બસ, આ જ વાત આ શ્લોકમાં બહુ જ સરસ રીતે કહેવામાં આવી છે. આમ તો આ શ્લોક એક સનાતન સત્ય રજુ કરી જાય છે.

જેવું જોવા માગતા હશો, તેવું દેખાશે.

લીલા કાચમાંથી લીલું દેખાશે. સફેદ કાચમાંથી સફેદ.

જેવી દ્રષ્ટિ..... તેવી સૃષ્ટિ. જેવા ચશ્મા, તેવું જગત.

ખરાબ માણસ હાથમાં દીવો લઈને ચોખંડ ધરતી ફરી વળે, તોય તે નિરાશ થઈને પાછો આવશે ને નિસાસો નાખીને કહેશે :

'અ રે રે, મને ક્યાંય સારો માણસ ન દેખાયો.'

આજ હાલ સારા માણસના થશે. સારો માણસ આખા જગતમાં ફરી વળશે તો ય એને કોઈ ખરાબ માણસ નહિ જડે !

શુભને શુભ મળે. અશુભને અશુભ મળે.

એમ તો આ જગતમાં સારાપણું ઠેર ઠેર વિખરાયેલું પડ્યું છે. સારાપણું શોધનારને ઢગલાબંધ સારાપણું મળશે પણ ખરાબ માણસને તો ખરાબપણું જ મળશે, સારાપણાનો અંશ પણ તેને નહિ જડે.

સજ્જન સજ્જન છે. દુર્જન દુર્જન છે.

ચોરને જગત આખું ચોરોથી ઠાંસો ઠાંસ ભરેલુ જણાશે.

કોઈ શાહુકાર એને નહિ જડે. માત્ર ચોર જ ચોર દેખાશે.

શાહુકારને માત્ર શાહુકાર જ જણાશે. ચોર નહિ.

દ્રષ્ટિ પ્રમાણે જ દર્શન થાય છે.

સમ્યક્‌દ્રષ્ટિવાળા મનુષ્યોને આ વિશ્વ સમ્યક્‌રૂપે જ ભાસે છે.

એમને અનિષ્ટ - અસમ્યક્ તત્ત્વોમાં પણ સમ્યક્‌નાં દર્શન થાય છે.

કારણ ? કારણ કે એમની દ્રષ્ટિમાં સમ્યક્‌પણું છે. એ સમ્યક્‌ને જ પિછાણે છે. સમ્યક્‌ને જ જોવા માગે છે, તેથી તેને સમ્યક્ જ જડશે.

જેવું હૈયુ, તેવો સંસાર.

શુભ્ર ભાવવાળા મનુષ્યોને અશુભ ક્યાંય દેખાશે નહિ.

અશુભમાં પણ એ શુભનાં જ દર્શન કરશે.

સમ્યક્‌થી વિરોધીભાવોમાં પણ એને સમ્યક્ જ જણાશે.

સજ્જનને દુર્જનમાં પણ સારાપણાનો ભાવ દ્રષ્ટિગોચર થાય છે ને દુર્જનને સજ્જનમાં પણ અશુભપણાનો ભાવ દેખાય છે.

જોવા જોવામાં ફેર છે. દ્રષ્ટિ દ્રષ્ટિમાં પણ ફેર છે.

દ્રષ્ટિ પ્રમાણે દ્રશ્યો દેખાય છે.

તેવા જ રંગનાં, જેવા રંગનાં એ જોવા ઈચ્છે છે.

ઈચ્છાનો જ રંગ. ઈચ્છાનું જ સ્વરૂપ. માટે સમ્યક્‌દ્રષ્ટિ રાખો.

સર્વત્ર શુભત્વને નિહાળો.

શુભનાં જ દર્શન કરો. અશુભમાં પણ શુભ નિહાળો.

સમ્યક્દ્રષ્ટિવાળાને વિશ્વ સમ્યક્સ્વરૂપે જરૂર દેખાય છે.

અસમ્યક્ત્વમાં પણ એને સમ્યક્પણાનો ભાવ દેખાય છે.

સારાપણું દેખાય છે. શુભત્વ દેખાય છે.

તો પછી દ્રષ્ટિને બદલી નાખો. માત્ર શુભના જ દર્શન કરો.

**सम्यगद्दष्टिप्रतापेन, मिथ्यात्त्वसाधनान्यपि ।**

**सम्यक्त्वहेतुरुपेण, परिणामं प्रयान्त्यहो ॥ १७३ ॥**

જીવનમાં સમ્યક્દ્રષ્ટિ હોય તો બધું જ સમ્યક્ બની જાય છે.

જીવન સારા - નરસાનો સરવાળો છે.

જગતમાં માત્ર ખરાબ જ નથી. સારુ પણ છે.

સારાપણા અને ખરાબપણાથી ભરેલું છે આ જગત.

મિથ્યાત્ત્વના અનેક સાધનો અહીં મોજુદ છે.

પણ એથી ગભરાવાની જરૂર નથી

સમ્યક્દ્દષ્ટિથી બધું જ સમ્યક્ થઈ શકે છે.

સમ્યક્દ્રષ્ટિ ખીલે તો જે મિથ્યાત્વી હેતુ છે, એ પણ સમ્યક્ત્વના હેતુમાં પરિણમે છે, પણ એ માટે જોઈએ સમ્યક્ દ્રષ્ટિ.

બધું જ સમ્યક્ નથી. બધું જ ઉત્તમ નથી. બધું જ સત્ય પ્રભાવી નથી.

ક્યાંક બૂરાઈ છે. ક્યાંક ભલાઈ છે.

પણ એથી નિરાશ થવાની જરૂર છે ?

સમ્યક્દ્રષ્ટિનો પ્રતાપ આશ્ચર્યકારી છે.

એના પ્રતાપથી આ જગતમાં રહેલાં મિથ્યાત્વના સાધનો પણ તેને અનુકૂળ બની રહે છે.

અને સમ્યકત્વના હેતુરૂપે પરિણામ પામે છે.

માટે સમ્યગ્દ્રષ્ટિ મેળવો.

**सर्वविषयभोक्ताऽपि, निर्भोक्ता ज्ञानयोगतः ।**

**जैन आस्त्रवकर्ताऽपि, संवरी परिणामतः ।। १७४ ।।**

આ શ્લોકમાં જૈન આત્માની વાત કરવામાં આવી છે અને તેની વિશિષ્ટતા વ્યક્ત કરવામાં આવી છે.

જૈન સર્વ વિષયોનો ભોક્તા હોય તે બનવા યોગ્ય છે.

જગતના સર્વ વિષયોને તે ભોગ્ય બનાવે, તે પણ સ્વાભાવિક છે.

તેમ છતાં તે જૈન આત્મા છે, તેથી તે વિશિષ્ટ છે.

સર્વથી અલગ છે, ભિન્ન છે.

સંસાર એટલે વિષયોનો પહાડ.

જાત જાતના વિષયોથી ભરપુર છે સંસાર.

વિષયો માનવીને ખેંચે છે. એને ભોગી બનાવે છે. એને ફસાવે છે.

અને તેને પોતાના મોહપાશમાં બાંધે છે.

પણ આ બધું સામાન્ય જન માટે. જૈન માટે નહિ. જૈન આત્મા માટે નહિ.

જૈન ભિન્ન છે. વિશિષ્ટ છે.

જૈનાત્મા સર્વ વિષયોનો ભોક્તા હોવા છતાં તે જ્ઞાનનો ઉપયોગ કરી જાણે છે.

જ્ઞાનનો ઉપયોગ અલગ બાબત છે.

જ્યાં જ્ઞાનનો ઉપયોગ છે, ત્યાં ભોક્તા નિર્ભોક્તા બને છે.

જ્ઞાનના ઉપયોગ વડે જૈનાત્મા સર્વ વિષયોનો ભોક્તા હોવા છતાં નિર્ભોક્તા બને છે.

ભોગ્ય પદાર્થોની વચ્ચે તે રહે છે. મોહક પદાર્થોની વચ્ચે તે રહે છે.

તેમ છતાં - તે નિર્ભોક્તા બને છે.

કારણ કે તેની પાસે જ્ઞાનનો ઉપયોગ કરવાની સમજ છે.

આસ્રવકારી કાર્યો કરતો હોવા છતાં જૈનાત્મા અંતરના સમ્યગ્ પરિણામથી સંવરી બને છે.

सम्यग्द्रष्टितया जैनाः, क्रियावन्तोऽपि निष्क्रियाः ।
कर्मवन्तोऽप्यकर्माणो, जीवन्ति कर्मयोगिनः ॥ १७५ ॥

કર્મ કરવા છતાં અકર્મવંત. ક્રિયા કરવા છતાં અક્રિયાવંત.

જળમાં રહ્યા છતાં નિર્લેપ.

ભોગ્ય પદાર્થો વચ્ચે હોવા છતાં નિર્ભોક્તા.

અશક્ય લાગે છે. અસંભવિત લાગે છે. આશ્ચર્યકારક લાગે છે. તેમ છતાં તે શક્ય છે.

સામાન્ય જન માટે શક્ય નથી. જૈનાત્મા માટે શક્ય છે. કારણ કે તેમની પાસે છે સમ્યક્દ્રષ્ટિ. તેમની પાસે છે સમ્યક્દ્રષ્ટિપણું.

સમ્યક્દ્રષ્ટિપણાને કારણે જૈનો ક્રિયાવંત હોવા છતાં નિષ્ક્રિય છે એમ જાણવું.

કર્મયોગી કોણ છે ?

જે કર્મ કરે છે. અનેકાનેક કર્મો કરે છે.

વિશ્વના પદાર્થો વચ્ચે રહે છે. ભોગ્ય પદાર્થો એમની આસપાસ છે.

ને તેઓ ક્રિયાવંત છે. કર્મ કરે છે, છતાં તેઓ અકર્મ કર્મયોગી છે.

કારણ ? કારણ કે તેમની પાસે છે સમ્યક્દ્રષ્ટિપણાનો ભાવ.

સમ્યક્દ્રષ્ટિ મનુષ્યને કર્મયોગી બનાવે છે.

જૈનો કર્મયોગી છે.

साक्षिभावेन जैनानां, सर्वकर्मसु योग्यता ।
जायते धर्मरक्षार्थमापत्काले विशेषतः ॥ १७६ ॥

જૈનોની વાત નિરાળી છે.

તે કર્મ કરવા છતાં અકર્મક છે. ક્રિયાવંત છતાં અક્રિયાવાન છે.

કારણ કે - સમ્યગ્દ્રષ્ટિપણાનો એ પ્રભાવ છે.

જ્યાં દ્રષ્ટિનું સમ્યક્પણું છે, ત્યાં જગતના ભોગ્ય પદાર્થો કંઈ જ કરી શકતા નથી. મોહક પદાર્થો કંઈ કરવા અસમર્થ હોય છે.

સાક્ષીભાવે સર્વ કર્મ કરવાની યોગ્યતા જૈનોમાં હોય છે.

કારણ કે જૈનો સમ્યગ્દ્રષ્ટિવાન છે.

તેઓ સર્વકાર્યોમાં સમ્યક્ભાવ ધારણ કરે છે.

સમ્યક્ત્વને તેઓ પ્રધાનપણે ગ્રહણ કરે છે.

ને જ્યાં સમ્યક્ત્વ છે, ત્યાં જગતના પદાર્થો ભોગવવા છતાં જૈનો નિર્ભોક્તા બની રહે છે.

સાક્ષીભાવથી સર્વકર્મની યોગ્યતા જૈનોમાં છે. એમાંય વિશેષ કરીને તો આપત્તિકાળે આ યોગ્યતા વધુ ખીલી ઊઠે છે.

આપત્તિકાળે ધર્મરક્ષા એક મહત્ત્વની બાબત છે.

મોટાભાગે ધર્મરક્ષા આવા સમયે છુટી જતી હોય છે.

માણસ આપત્તિકાળે ધર્મરક્ષા માટે અસમર્થ બની જતો હોય છે.

પણ જૈનોમાં આ ભાવના સવિશેષપણે રહેલી જોવા મળે છે.

આપત્તિના સમયમાં - આપત્તિકાળે જૈનોમાં ધર્મરક્ષા કાજે સાક્ષીભાવથી સર્વકર્મની યોગ્યતા વિશેષપણે છે એમ જાણવું.

**जैनसंघस्य रक्षार्थं, सर्वजातीयशक्तिभिः ।**
**कर्तव्यं सर्वथा जैनै, र्देहादीनां विसर्जनम् ॥ १७७ ॥**

આ વિશ્વમાં જૈનધર્મ સૌથી વધુ વિશિષ્ટ અને મહત્ત્વનો છે.

એનાં સર્વ કીર્તિમાન ગૌરવશિખરો જગતમધ્યે આત્મસત્વના ચળકાટથી પ્રકાશી રહ્યાં છે.

આ સંસારમાં જૈની હોવું એ પણ પરમ સદ્ભાગ્યની વાત છે.

જૈનો સમ્યક્દ્રષ્ટિવાળા હોય છે. કર્મ કરવા છતાં અકર્મક છે.

સર્વ વાતોમાં તેઓ સમ્યક્દ્રષ્ટિનો વિનિયોગ કરી શકે છે.

જૈનો. જૈનધર્મ. જૈનસંઘ.

જૈનસંઘો હંમેશાં જૈનધર્મની રક્ષા માટે કાર્ય કરે છે એટલું જ નહિ પણ ધર્મે સૂચવેલી નીતિઓ - સિદ્ધાન્તો પ્રમાણે કર્તવ્ય કરે છે. સૂક્ષ્માતિસૂક્ષ્મ અહિંસા, જીવદયા, ક્ષમાપણું અને સાધર્મિક વાત્સલ્યનું ધર્મ ચીંધ્યું કર્તવ્ય જૈનસંઘ કરે છે.

આવા જૈનસંઘની રક્ષા માટે તમામ જૈનોએ સર્વ પ્રકારની શક્તિઓથી ભોગ આપવો જોઈએ.

દ્રવ્યભોગ આપવો. સમયભોગ આપવો. શ્રમનો ભોગ આપવો.

અન્ય સર્વકર્મો બાજુએ મૂકી જૈનસંઘની રક્ષા માટે ક્રિયાવંત બનવું જોઈએ. એ માટે તમામ પ્રકારની શક્તિઓને કામે લગાડવી જોઈએ.

એટલે સુધી કે શરીર આદિનો પણ ભોગ આપવો જોઈએ.
શરીરની પણ પરવા ન કરવી.
કારણ જૈનસંઘની રક્ષા એટલે - જૈનોની રક્ષા.
જૈનધર્મની રક્ષા. અહિંસાની રક્ષા. સાધર્મિક વાત્સલ્યની રક્ષા.

**सर्वस्थावरतीर्थेभ्यो, जैन एको महान् स्मृतः ।**
**एक जैनस्य रक्षार्थं, प्राणास्त्याज्या विवेकतः ॥ १७८ ॥**

આ જગતમાં અનેક પ્રકારના સ્થાવર તીર્થો છે.
પાર વગરના છે.
તે બધાં જરૂર મહાન છે. શ્રેષ્ઠ છે.
પણ આ તમામ સ્થાવરતીર્થો કરતાં પણ એક જૈન મહાન છે.
સમ્યગ્દ્રષ્ટિવાળો જૈન. સમ્યક્જ્ઞાનવાળો જૈન.
જીવદયાવાન જૈન. અહિંસાનું સૂક્ષ્મ પાલન કરતો જૈન.
સાધર્મિક વાત્સલ્ય ભાવનાવાન જૈન.
આ એક જ જૈન આ જગતમાં રહેલાં સર્વ સ્થાવર તીર્થો કરતાં મહાન છે.
એની રક્ષા કરવી તે સર્વની ફરજ છે.
દુઃખી જૈનની વહારે ચઢવું સૌનું કર્તવ્ય છે.
એ માટે તમામ પ્રકારના ત્યાગ માટે સજ્જ રહેવું પડે.
તન - મન - ધન સહિત સર્વપ્રકારી ત્યાગ કરવા પડે તો પણ શું ?
એક જૈનની રક્ષા માટે વિવેકથી પ્રાણ ત્યજવા પણ તૈયાર રહેવું જોઈએ.
કારણ કે - એક જૈન સર્વ સ્થાવર તીર્થો કરતાં પણ મહાન કહ્યો છે.

**अन्तराऽऽत्मा भवेज्जैनो, जैनधर्मस्य रक्षकः ।**
**मिथ्यात्विभ्यो महान्पूज्यः, श्रावको विश्वपावकः ॥ १७९॥**

ધર્મ.
ધર્મ હોય પણ ધર્મનું રક્ષણ કરનાર ન હોય તો ?
એનું જતન કરનાર ન હોય તો ?
સાચી વાત તો એ છે કે ધર્મનું રક્ષણ કરનાર જ મહાન છે.
જૈન ધર્મનું પણ એમ જ સમજવું.

જૈન ધર્મનું રક્ષણ કરનાર જૈન અંતરાત્મા છે.

જગતમાં બધે જ સાચા શ્રાવકો નથી.

વાતો કરનારા વધુ છે. આલોચના કરનારા વધુ છે.

મિથ્યાત્ત્વીઓ વધારે છે.

વાતો અને વિતંડાવાદમાં શબ્દો વેડફનારા વધારે છે.

મિથ્યા વાદવિવાદમાં સમય વેડફનારા વધારે છે.

પણ ધર્મના રક્ષક ઓછા છે.

સાચો શ્રાવક ધર્મનો રક્ષક છે.

મોટી મોટી, ખોટી ખોટી અને મિથ્યા વાતો કરનારા કરતાં ધર્મરક્ષક શ્રાવક મહાન છે. શ્રેષ્ઠ છે. પૂજ્ય છે.

મિથ્યાવાદીઓનું ટોળું આજે તો મોટું થતું જાય છે.

પ્રતિદિન વધતું જાય છે.

ધર્મની ચર્ચા કરનારાઓ વધતા જાય છે.

ધર્મને રક્ષનારા ઘટતા જાય છે.

ધર્મરક્ષા જ મૂળ મુદ્દો છે.

ધર્મનો સાચો હિતેચ્છુ તે છે.

ધર્મની મિથ્યા વાતો કરીને પાંડિત્યપ્રચુરતા દર્શાવનારા માણસો તમને ઠેર ઠેર જોવા મળશે.

વિદ્વત્તાનાં પ્રદર્શન કરનારા પણ ઠેકઠેકાણે જોવા મળે છે.

મિથ્યા વાતો કરનારા પણ ઘણા હશે.

પણ સત્ય એ નથી.

સત્ય એક જ છે - ધર્મની રક્ષા કરો.

ધર્મનું જતન કરો. ધર્મના રક્ષક બનો.

જૈન ધર્મનું રક્ષણ કરનાર જૈન અંતરાત્મા છે.

એ જૈન વિશ્વને પાવન કરનાર છે.

મિથ્યાત્વીઓ કરતાં ધર્મરક્ષક જૈન સાચે જ મહાન અને પૂજ્ય છે.

जैनानां जीवनोपायास्तथा वंशादिरक्षकाः ।
देशकालानुसारेण, कर्तव्याः सर्वमानवैः ॥ १८० ॥

જૈન સાચો અંતરાત્મા છે.

જૈનધર્મ સર્વ જીવો માટે કલ્યાણકારી અને ઉપકારી છે. જીવદયાની સૂક્ષ્મ અતિસૂક્ષ્મ ભાવના જૈનધર્મમાં જ જોવા મળે છે. વૈચારિક હિંસાની વાત પણ જૈનધર્મી ગ્રહણ કરતો નથી.

જીવદયાના આદર્શ અને ઉત્તમ અર્થો તમને જૈનધર્મમાં સાંપડે.

આથી જૈન સાચો અંતરાત્મા છે. ધર્મરક્ષક છે.

જૈનોની રક્ષા કરવી એ સૌનું કર્તવ્ય છે.

કારણ કે જૈન જગતના સર્વ નાના મોટાં, સૂક્ષ્મ - અતિસૂક્ષ્મ જીવાત્માઓનું પ્રતિનિધિત્વ કરે છે ને સૌના રક્ષણ માટે કૃતસંકલ્પ છે.

આવા જૈનોના જીવનના ઉપાયો તેમજ વંશ વગેરેની રક્ષા દેશકાળ અનુસારે કરવી એ સર્વ માનવોની ફરજ છે.

જૈનોની રક્ષા જરૂરી છે.

જગતનાં સર્વ માનવીઓએ જૈનોના જીવનના ઉપાયો રક્ષવા જોઈએ.

તેમના વંશ વગેરેની દેશકાળ અનુસાર રક્ષા કરવી જોઈએ.

अनादिकालतो जैना, जैनधर्मस्य साधकाः ।
ब्राह्मणाः क्षत्रिया वैश्या, शुद्राश्च विश्ववर्तिनः ॥ १८१ ॥

જૈન ધર્મ તો વિશ્વવર્તી છે. સમગ્ર જગતમાં જૈન ધર્મ પ્રસરેલો છે.

તમામ સ્થળે. તમામ કાળે - જૈનધર્મ પોતાની પ્રભા પ્રસારી રહ્યો છે.

આજે પણ જૈનધર્મ એ રીતે જ સમસ્ત જગતમાં પોતાનો પ્રભાવ પાથરી રહ્યો છે.

ગઈકાલે પણ એમ જ હતું. આવતીકાલે પણ તેમ જ હશે.

સર્વ કાળે એમ જ છે અને હશે. સર્વ સ્થળે જૈનધર્મ વ્યાપ્ત છે.

અનાદિકાળથી જૈનો જૈનધર્મના સાધકો છે.

જૈનધર્મ દિવ્ય તેજ પ્રસારી રહ્યો છે.

સમગ્ર વિશ્વમાં તે ફેલાયેલો છે.

જૈની બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રો જૈનધર્મના સાધકો છે. ટૂંકમાં જૈનધર્મ સર્વ કાળે, સર્વ સ્થળે અને સર્વ માનવોમાં વ્યાપ્ત છે.

જૈની બ્રાહ્મણો જૈનધર્મના સાધકો છે.

જૈની ક્ષત્રિયો જૈનધર્મના સાધકો છે.

જૈની વૈશ્યો અને શૂદ્રો જૈનધર્મના સાધકો છે આજે પણ.

ભૂતકાળમાં પણ, અને ભવિષ્યકાળમાં પણ.

સમગ્ર વિશ્વમાં સર્વ માનવો જૈનધર્મના આંતરિક સુગંધીને પ્રગટાવી રહ્યા છે.

સર્વ માનવો જૈનધર્મને અપનાવી રહ્યા છે.

એના અંતર્ગુણોને પ્રસારી રહ્યા છે.

જૈની બ્રાહ્મણો પણ છે. ક્ષત્રિયો પણ છે. વૈશ્યો પણ છે ને શૂદ્રો પણ છે.

સર્વ માનવો જૈનધર્મના સાધકો બની રહ્યા છે.

**બ્રાહ્મણાઃ ક્ષત્રિયા વૈશ્યાઃ, શૂદ્રાઃ સ્વસ્વપ્રવૃત્તિષુ ।**
**વર્તમાનાઃ સદા જૈનધર્મં, કુર્વન્તિ શક્તિતઃ ॥ ૧૮૨ ॥**

દરેક માનવીને પોતપોતાની પ્રવૃત્તિ હોય છે.

બ્રાહ્મણને બ્રાહ્મણની પ્રવૃત્તિ છે. ક્ષત્રિયને રક્ષણની પ્રવૃત્તિ છે.

વૈશ્યને વ્યાપારની પ્રવૃત્તિ છે. શૂદ્રને સેવાની પ્રવૃત્તિ છે,

સૌ પોતપોતાની પ્રવૃત્તિમાં મગ્ન હોય છે ને કર્તવ્યપૂર્વક પોતાની પ્રવૃત્તિ બજાવે છે.

દરેકની ભિન્ન પ્રવૃત્તિ છે. દરેકની ભિન્ન શક્તિ છે. દરેકનું ભિન્ન જ્ઞાન છે. તેમ છતાં તેઓ જૈની છે, અને પોતપોતાની શક્તિ પ્રમાણે જૈનધર્મનું આચરણ કરે છે.

જૈની બ્રાહ્મણો. જૈની ક્ષત્રિયો. જૈની વૈશ્યો, અને જૈની શૂદ્રો પોતાનામાં રહેલ અલગ અલગ સામર્થ્ય મુજબ સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત એવા જૈન ધર્મનું નિષ્ઠાપૂર્વક આચરણ કરે છે.

**સર્વજાતીયજૈનાનાં, પાવિત્ર્યં સૂર્યવત્સદા ।**
**જૈનસ્ય સ્પર્શમાત્રેણ, પવિત્રં વસ્તુ જાયતે ॥ ૧૮૩ ॥**

જૈન ધર્મ એક વિશિષ્ટ ધર્મ છે. તે એક વિશ્વ વ્યાપી ધર્મ છે.

જીવદયા અને જગતવાત્સલ્ય માટે તેના આગવા, અજોડ અને વિશદ્ નિયમો અને સિદ્ધાન્તો છે.

અને એટલે જ તો દ્વારિકાપુરીમાં પધારેલા શ્રી નેમિનાથ જગત્પ્રભુ શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધ પમાડી રહ્યા છે. આત્માથી માંડી વૈવિધ્યસભર બાબતો અંગે તેઓ જ્ઞાન પ્રદાન કરી રહ્યા છે.

તેઓ જૈનધર્મ અંગે પણ વિશદ્ છણાવટ કરે છે ને જૈનધર્મની વિશ્વ વ્યાપકતા વિષે પણ પ્રતિબોધ કરે છે. કોઈપણ વર્ણનો મનુષ્ય જૈની તરીકે જૈનધર્મનું આચરણ તથા અનુસરણ કેવી રીતે કરે છે, એની વાત પણ તેઓ કરે છે.

અહીં તેઓ જૈનોની પવિત્રતા વિષે છણાવટ કરે છે.

જૈનધર્મ પવિત્ર ધર્મ છે. જૈની પવિત્ર છે.

સૂર્યની જેમ સર્વ જાતના જૈનોમાં પવિત્રપણું રહેલું છે.

જૈનધર્મ એને પવિત્રતા પ્રદાન કરે છે.

જેમ સૂર્ય પવિત્ર છે, એનું તેજ ધૂળથી મેલું થતું નથી એટલું જ નહિ પણ એનાં કિરણો અંધકારરૂપ મેલનો નાશ કરી જગતને પવિત્રતા બક્ષે છે, તેમ જૈનોમાં પણ પવિત્રપણું રહેલું જ છે.

જૈનના સ્પર્શમાત્રથી દરેક વસ્તુ પવિત્રતા પામે છે.

**गुणकर्मानुसारेण, वर्णकर्मव्यवस्थिताः ।**

**जैनाः परां गतिं यान्ति, अरिष्टनेमिसेवकाः ॥ १८४ ॥**

જૈનો ભગવાન શ્રી અરિષ્ટ નેમિપરમાત્માના સેવકો છે.

તેઓ ગુણ અને કર્મ વિષે વ્યવસ્થિત છે.

જૈનધર્મના અનુસરણને કારણે ગુણવાન-ગુણજ્ઞ છે.

કર્મની સત્તાથી તેઓ વાકેફ છે એટલે શુભકર્મનું અનુસરણ તેઓ કરે છે.

ઉત્તમ ગુણો. ઉત્તમ કર્મ, અને આ બધાને કારણે જ ઉત્તમ ગતિ પ્રાપ્ત થતી હોય છે.

કર્માનુસાર ગતિ મળે છે.

શુભકર્મથી શુભગતિ. અશુભકર્મથી અશુભગતિ.

વર્ણ અને કર્મ વિષે જૈનો વ્યવસ્થિત છે.

તેઓ શ્રી અરિષ્ટનેમિ ભગવાનના સેવકો છે.

તેઓ ગુણકર્મને અનુસારે ઉત્તમગતિને પ્રાપ્ત થાય છે.

**जैनधर्मे वरं मृत्यु, नान्यधर्मेषु जीवनम् ।**
**इत्येवं पूर्णविश्वासकारका जैनधर्मिणः ॥ १८५ ॥**

જૈનધર્મનું મહત્ત્વ આ શ્લોકમાં બતાવવામાં આવ્યું છે.

જૈનધર્મ સાચે જ શ્રેષ્ઠ છે. એની ઉત્તમતા સૌને માન્ય છે.

જૈનધર્મીઓ પોતાના ધર્મ ઉપર પૂર્ણપણે વિશ્વાસ કરનારા છે.

ધર્મમાં વિશ્વાસ હોવો એ સારી વાત છે.

પણ પૂર્ણ વિશ્વાસ હોવો તે શ્રેષ્ઠ વાત છે.

જૈનધર્મીઓ માને છે કે જૈનધર્મમાં મૃત્યુ પણ શ્રેષ્ઠ છે.

કારણ કે જે શ્રેષ્ઠ છે, એ તમામ પ્રકારે શ્રેષ્ઠ છે.

જીવનમાં પણ શ્રેષ્ઠ છે. મૃત્યુમાં પણ શ્રેષ્ઠ છે.

જૈનીઓનો આ વિશ્વાસ છે. એક અને અખંડ વિશ્વાસ છે.

કેટલાક ધર્મ એવા પણ જોવા મળશે, જેમાં તે ધર્મ પાળનારા પણ વિશ્વાસ ન ધરાવતા હોય. અરે મૃત્યુની વાત છોડો, પણ જીવવાને પણ ઉત્તમ ન સમજતા હોય.

જૈનધર્મીઓની વાત જુદી છે.

તેઓ જૈનધર્મી જીવનને તો ઉત્તમ માને જ છે.

પણ જૈનધર્મમાં મૃત્યુને પણ શ્રેષ્ઠ માને છે.

**अरिष्टनेमिनाथेन, केवलज्ञानधारिणा ।**
**प्रकाशो जैनधर्मस्य, कृतस्तीर्थकृता शुभगः ॥ १८६ ॥**

તીર્થંકર અરિષ્ઠ નેમિનાથ ભગવાને જૈનધર્મને પ્રકાશમાન કર્યો. તેઓ કેવલજ્ઞાનધારી છે, કેવળી છે.

તીર્થંકર છે તથા જૈનધર્મનો પ્રકાશ કરનારા છે.

તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું, તેથી કેવળજ્ઞાનધારી કેવળી છે. તીર્થંકર છે.

કેવળજ્ઞાનને ધારણ કરનાર છે.

એમણે જૈનધર્મનો પ્રકાશ કર્યો છે.

साधवः श्रावकाश्चैव, जंगमतीर्थरूपिणः ।

तेषां भक्ति र्जनैः साध्या, स्वर्गसिद्धिप्रदायिनी ॥ १८७॥

આ શ્લોકમાં સાધુઓ અને શ્રાવકોનું મહત્ત્વ બતાવ્યું છે.

સાધુઓ અને શ્રાવકો ધર્મના જંગમ તીર્થરૂપ છે.

તેમની ભક્તિ અનેક પ્રકારનાં ફળ આપનારી છે.

સાધુઓ અને સાચા શ્રાવકોને જંગમ તીર્થ સ્વરૂપ ગણવવામાં આવ્યા છે. વ્યક્તિની સમીપ રહેલુ તીર્થ તે સાધુઓ. તેમની ભક્તિ ઉત્તમ ફળ આપનારી છે.

આ જંગમતીર્થોની ભક્તિ સાચે જ શ્રેષ્ઠ છે.

આવી ભક્તિ સ્વર્ગ આપનારી છે. સિદ્ધિપદ આપનારી છે.

મનુષ્ય શું ઈચ્છે છે ?

તે સ્વર્ગને ઈચ્છે છે. સ્વર્ગીય સુખોને ઈચ્છે છે.

અને સ્વર્ગ મળે છે સાધુઓ રૂપ જંગમતીર્થોની સાચા હૃદયની ભક્તિથી.

એમની ભક્તિ સ્વર્ગ આપે છે. સિદ્ધિપદ આપે છે.

सर्वदा सर्वथा जैना, आत्मान एव वस्तुतः ।

कर्मप्रकृतिजेतारः, शुद्धाऽऽत्माभिमुखाः शुभाः ॥ १८८॥

જૈનોની ઉત્તમ સ્થિતિ કેવી હોય છે ?

શ્રેષ્ઠ સ્થિતિ છે જૈનોની.

વસ્તુતઃ તો તેઓ શુદ્ધાત્માભિમુખ હોય છે.

આત્મવાન્ હોય છે.

આવા શુભ જૈન જ પ્રકૃતિને જીતનારા હોય છે.

પ્રકૃતિ વિજેતા હોય છે. સદા તેઓ પ્રકૃતિ જયી હોય છે.

સર્વથા તેઓ પ્રકૃતિને જીતનારા હોય છે.

જૈન શુદ્ધાત્માભિમુખ છે.

જૈન શુભ છે. તે સમ્યક્ જ્ઞાનયુક્ત અને શુભ્રસ્વભાવી છે.

सर्वलोकेषु जैनानां, श्रेष्ठताऽनादिकालतः ।
प्रवर्तते स्वभावेन, जैनधर्मस्य सेवनम् ॥ १८९ ॥

જૈનો જૈનધર્મની સેવના કરે છે. જૈનધર્મ એક ઉત્તમ ધર્મ છે.

સમસ્ત વિશ્વમાં જૈનધર્મ ઉત્તમ સ્વરૂપે પ્રવર્તે છે.

તમામ પ્રકારના વર્ણના જૈનીઓ આ વિશ્વમાં જૈનધર્મની ઉત્તમ ભાવનાઓનું વહન કરે છે.

એટલે જ તો જૈનીઓ માટે જૈનધર્મમાં મૃત્યુ પણ શ્રેષ્ઠ છે.

તેઓ પોતાના ધર્મ પર પૂર્ણ વિશ્વાસ ધરાવે છે.

જૈનધર્મ શ્રેષ્ઠતાવાળા તત્ત્વોથી ભરેલો છે.

તેની સેવના જૈનીઓ કરે છે.

તેથી જ જૈનીઓનો સ્વભાવ શ્રેષ્ઠ હોય છે.

સ્વભાવથી જ સર્વલોકમાં જૈનોની શ્રેષ્ઠતા પ્રવર્તમાન છે.

કારણ કે તેઓ ઉત્તમધર્મની સેવના કરી રહ્યા છે.

જે તેમના સ્વભાવને શ્રેષ્ઠ બનાવે છે.

તેમનામાં સમ્યક્જ્ઞાન પ્રેરે છે.

તેમનામાં શ્રેષ્ઠતાનું અવતરણ કરે છે.

અને આમ આવા ઉત્તમ ધર્મની સેવનાથી જૈનોની સ્વભાવથી સર્વલોકમાં શ્રેષ્ઠતા પ્રવર્તે છે.

आपत्कालो यदाऽऽगच्छेत्, तदा तदनुसारतः ।
विचाराचारकर्माणि, वर्त्स्यन्तीति प्रभाषितम् ॥ १९० ॥

તીર્થંકરોની વાણી સ્થળ અને કાળને ભેદનારી છે.

તે આ સમયે પણ સાચી છે.

સાચી હતી અને ભવિષ્યકાળમાં પણ સાચી ઠરશે.

એમની વાણીનું સત્ય સર્વકાળે સર્વસ્થળે જગત માટે દીપક સમાન છે. તેમના શબ્દો કાલાતીત છે.

તીર્થંકરોએ કહ્યું છે કે -

જ્યારે આપત્તિકાળ આવે તો તે કાલને અનુસાર વિચારના અને આચારના કર્મો પ્રવર્તશે.

વિચાર પ્રમાણે કર્મો. આચાર પ્રમાણે કર્મો.

જેવો કાલ. તેવા વિચાર. અને તેવા આચાર.

ને કાલને અનુસાર આચાર- વિચાર પ્રગટશે.

ને તે પ્રમાણે કર્મો પ્રવર્તશે.

सर्वजातीयजैनानां, गुणकर्मानुसारतः ।
लग्नाद्याव्यवहारस्तु, संघटन्ते परस्परम् ॥ १९१ ॥

જૈનીઓ વિવિધ જાતિના હોય છે, કારણકે જૈની બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર પોતપોતાનું કર્તવ્ય બજાવે છે.

તે બધા જ જૈનો વિવિધ જાતિના છે.

દરેક જાતિના અલગ અલગ ગુણ કર્મો છે.

દરેકની આગવી વિશિષ્ટતા છે.

અલગ અલગ ગુણો અને ગુણ અનુસારે અલગ અલગ કર્મો.

લગ્નના વ્યવહારમાં પારસ્પરિક ગુણકર્મો જોવા પડે છે.

ગુણકર્મનો મેળ મળતો હોય તેવી જાતિના જૈનીઓ વચ્ચે જ લગ્ન આદિનો વ્યવહાર શક્ય બને. સંઘટિત બને.

ભિન્ન ગુણ કર્મવાળાઓ વચ્ચે લગ્ન વગેરેના વ્યવહારો સંઘટિત બનતા નથી.

ગુણ જોવા પડે. કર્મ જોવા પડે.

અને તેમાં સમાનતા હોય, પરસ્પરના ગુણકર્મ રુચિકર હોય, તેવી જાતિના જૈનો જ લગ્ન વગેરેનો વ્યવહાર પારસ્પરિક રીતે કરે છે. તો જ આવા વ્યવહારો સંઘટિત બને છે.

सर्वजातीयजैनानां, गुणकर्मानुसारतः ।
स्पृश्यास्पृश्यादिभेदो न, भोजनादिषु तात्त्विकः ॥ १९२॥

આ શ્લોકમાં સમાનતાનો એક મહાન આદર્શ રજુ કરવામાં આવ્યો છે.

સર્વે જૈનો સમાન છે.

કોઈ અસ્પૃશ્ય નથી. ઊંચ-નીચના કોઈ ભેદ નથી.

અસમાનતાની ભાવનાને કારણે વર્ણભેદ અને વર્ગભેદ ઉત્પન્ન થાય છે.

માનવ ગૌરવ હણાય.

માનવીય ગરિમાનું હનન થાય છે,

એક જીવાત્માને નીચો કહી તેના મનને દુભાવવો તે પણ એક પ્રકારની હિંસા જ છે.

જૈનધર્મની અહિંસા સૂક્ષ્મસ્વભાવી છે.

માત્ર શારીરિક હિંસા જ નહિ, પ્રત્યક્ષ યા પરોક્ષપણે માનસિક કે વૈચારિક હિંસા પણ જૈનધર્મી માટે ત્યાજ્ય છે.

માણસ થઈને એક માણસ બીજાને નીચો દર્શાવી ન શકે.

કોઈના ગૌરવનું હનન ન કરી શકે.

કોઈને માનસિક રીતે દુભવી ન શકે.

સૌ માનવો એક સમાન છે.

એક સમાન શરીર છે. એક સમાન મન છે. તેથી દરેક માનવી ગૌરવનો અધિકારી છે.

કોઈ એની ગરિમાને હલકી પાડી ન શકે.

કોઈ તુચ્છ નથી. કોઈ હલકો નથી. કોઈ અસ્પૃશ્ય નથી. સર્વ સમાન છે.

જાતિ ગમે તેવી હોય, જાતિ અનુસારે ગુણ કર્મ ગમે તેવાં હોય, તો પણ સર્વ જાતિના જૈનોને પરસ્પરમાં સ્પૃશ્ય અને અસ્પૃશ્ય વગેરે તાત્ત્વિક નથી. સ્વીકારવા યોગ્ય નથી.

તેથી સમાનતાના નિયમનો ભંગ થાય છે.

સર્વ જાતિના જૈનો સમાન છે. કોઈ ઊંચ નથી. કોઈ નીચ નથી.

સ્પૃશ્ય - અસ્પૃશ્યતા ભેદ તાત્ત્વિક તેથી જ નથી.

**शूद्रा अपि सदा स्पृश्या, जैना भवन्ति भूतले ।**
**जिनेन्द्रदेवसद्भक्तया, विश्वलोकस्य पावकाः ॥ १९३ ॥**

ભક્તિ મહત્ત્વની છે. જાતિ નહિ.

જે જેટલી ભક્તિ કરે છે, તે પ્રમાણે તે ફળને પ્રાપ્ત થાય છે.

ભક્તિ કોઈનો ઈજારો નથી.

ભક્તિ સર્વ માટે છે. સર્વ જાતિના મનુષ્યો માટે છે.

ભક્તિનો આધાર જાતિ નથી.

જાતિ કોઈ પણ હોય પણ તે સારામાં સારી ભક્તિ કરી શકે છે.

ભક્તિ વ્યક્તિગત છે. જાતિગત નહિ.

ભક્તિ હૃદયગત છે, જાતિ મુજબ નહિ.

શૂદ્ર જૈન પણ ઉત્તમ ભક્તિ કરી શકે છે.

આ સનાતન સત્યને આ શ્લોકમાં રજુ કરવામાં આવેલ છે.

જાતિથી ભક્તિને માપી શકાય નહિ.

જાતિથી ભક્તિને તોળી શકાય નહિ.

જિનેન્દ્ર દેવની સદ્‌ભક્તિથી વિશ્વને પાવન કરનારા જૈન શૂદ્રો પણ હંમેશાં ભૂતલ પર સ્પૃશ્ય છે.

શૂદ્રો અસ્પૃશ્ય નથી.

શૂદ્ર જૈનો સદ્‌ભક્તિથી હંમેશાં આ પૃથ્વી પર સ્પૃશ્ય છે.

**स्पृश्याऽस्पृश्यादिकं कर्म, जैनानां हि परस्परम् ।**
**कदापि कल्पते नैव, सत्यमुक्तं मया भुवि ॥ १९४ ॥**

શ્રી નેમિનાથ જગત્પ્રભુનું દ્વારિકાપુરીમાં આગમન સહેતુક થયેલ છે. એમનું આગમન શુભ હેતુવાળુ છે.

ભગવાન શ્રી નેમિનાથ અજ્ઞાનના અંધકારને ભેદવા માગે છે.

જ્ઞાનના પ્રકાશને પ્રસારવા માગે છે.

જ્ઞાન સૂર્ય જેવું છે. એના થકી અંધકાર ભેદાય છે.

પ્રકાશ રેલાઈ રહે છે.

જ્ઞાનનું પ્રદાન આગમનનો હેતુ છે.

જગત્પ્રભુ દ્વારિકાપુરીમાં શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધિત કરવા માટે પધાર્યા છે.

ધર્મ, આત્મા, જાતિ, ભક્તિ સહિત તમામે તમામ પ્રકારની બાબતોમાં પ્રવર્તતા અજ્ઞાનને તેઓ પ્રતિબોધ વડે દૂર કરી રહ્યા છે.

તેઓએ સ્પૃશ્યાસ્પૃશ્યતાની વાતને પણ વ્યક્ત કરી છે.

જૈન એટલે જૈન. ભલે તે કોઈપણ જાતિનો હોય.

બ્રાહ્મણ હોય, ક્ષત્રિય હોય, વૈશ્ય હોય કે શૂદ્ર હોય - પણ તમામ જૈનો એક સમાન છે.

કોઈ અસ્પૃશ્ય નથી. કોઈ ઉતરતું નથી.

સહુ પોત પોતાનું કર્તવ્ય બજાવ્યે જાય છે.

જૈનોને પરસ્પર સ્પૃશ્ય અસ્પૃશ્ય વગેરે ભેદભાવ ઉત્પન્ન કરનારું કર્મ કદી પણ કલ્પતું નથી.

જૈનો ભેદભાવથી મુક્ત છે.

સમાનતાના આદર્શને વરેલા છે. સર્વ જૈનીઓનું ગૌરવ કરનારા છે.

જગત્પ્રભુ કહે છે કે : જૈનોને આમ અસમાનતા ઊભી કરનાર તથા ભેદભાવ પેદા કરનારા સ્પૃશ્ય અસ્પૃશ્ય વગેરેનું કર્મ ક્યારેય પણ કલ્પતું નથી, એવું મેં આ પૃથ્વી પર સત્ય કહેલું છે.

જૈની ભેદભાવને ગ્રાહ્ય રાખતો નથી.

તે માત્ર જૈની છે. કોઈ અસ્પૃશ્ય નથી.

**जैनकन्या तु सज्जैनं, विनाऽन्यस्मै न दीयते ।**

**कन्यादानं विधर्मिभ्यः, सर्वपापाधिकं मतम् ॥ १९५ ॥**

કન્યા કોને આપવી તે યોગ્ય ગણાય, તે બાબત પર આ શ્લોકમાં પ્રકાશ પાડવામાં આવેલ છે.

પોતાના કન્યારત્નને ગમે તેના હાથમાં સોંપાતું નથી.

એ માટે જોઈએ યોગ્યતા. એ માટે જોઈએ ગુણકર્મ સમાનતા.

અહીં જૈન કન્યાની વાત છે.

જૈન કન્યા સદ્ જૈનને અપાય. યોગ્યતા તપાસીને અપાય.

સદ્ભક્તિ વડે સદ્ જૈન બનાય.

જૈન તો બધા છે, સદ્ જૈન ઓછા છે.

સદ્ગુણી જૈનને જ કન્યા અપાય.

સદ્ગુણી પણ તે જૈન હોવો જરૂરી છે.

સમાન ધર્મીપણું કન્યાના આદાનપ્રદાનમાં આવશ્યક છે.

અન્ય ધર્મીને કન્યા ન આપવી જોઈએ.

વિધર્મીને કન્યા આપવી તે સર્વ પાપોથી પણ અધિક પાપ કહેલું છે.

આ પાપ ન કરવું. આવા પાપમાં ન પડવું.

સદ્જૈનીને જ કન્યા આપવી. અન્ય ધર્મીને નહિ.

વિધર્મીને કન્યાદાન એ મહાપાપ છે.

गुणकर्मानुसारेण, वर्णधर्मस्य सेवने ।

सर्ववर्णीयजैनानां, कृत्यमावश्यकं स्मृतम् ॥ १९६ ॥

જૈનો તો સમાન જ છે. એક ધર્મસૂત્રથી બંધાયેલા છે.

જૈનધર્મ જેવા વૈશ્વિક મહાનધર્મનું અનુશીલન કરવાનું તેમને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે. આ કોઈ નાની સૂની વાત નથી.

પૂર્વભવનાં ઉત્તમ અને શુભ શ્રેષ્ઠ સંચિત કર્મોના સુફલ સ્વરૂપે આ જન્મમાં જૈનધર્મનું અનુપાલન કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે.

શુભ કર્મોનો સરવાળો થયો છે. ઉત્તમ કર્મોની ગણતરી થઈ છે.

અને આવાં અનેક શુભ શુભ્ર ઉત્તમ કર્મોને કારણે માણસને ઉત્તમ જન્મ પ્રાપ્ત થાય છે ને તેને ઉત્તમ ધર્મના સેવનનું ભાગ્ય મળ્યું છે.

જૈનધર્મ શ્રેષ્ઠ છે.

જૈની હોવું જ એક ઉત્તમ બાબત છે.

જૈની કોઈપણ વર્ણનો હોઈ શકે છે.

તે બ્રાહ્મણ હોય કે ક્ષત્રિય હોય. વૈશ્ય હોય કે શૂદ્ર હોય.

દરેકનો ધર્મ એક છે. ઉત્તમ જૈનધર્મ છે.

પણ વર્ણ અલગ છે. જાતિ ભિન્ન છે.

ને ભિન્ન ભિન્ન વર્ણવાળા જૈનીને પોતપોતાના ભિન્ન ભિન્ન ગુણ કર્મો બજાવવાનાં હોય છે.

પોતાના ગુણ અને કર્મ અનુસાર વર્ણધર્મનું સેવન કરવું, તે દરેક જૈની માટે આવશ્યક કૃત્ય છે.

પોતાનું કર્મ કરવાનું છે. પોતાનું કર્તવ્ય બજાવવાનું છે.

વર્ણાનુસારે કર્મ કરતા રહેવાનું છે.

અને સર્વવર્ણવાળા જૈનોએ ગુણ અને કર્મ અનુસાર વર્ણ ધર્મનું સેવન થાય તે માટે આવશ્યક કૃત્ય કરવું જોઈએ.

स्वाधिकारेण यो योग्यो, व्यवहारः स धर्मिभिः ।
प्राणान्तेऽपि न मोक्तव्यो, यतो धर्मो भवेत्ततः ॥ १९७॥

ધર્મનો આધાર કયો? ધર્મ ટકે છે શી રીતે? ક્યા સ્તંભ પર ટકે છે?

ધર્મીપુરૂષોએ પોતપોતાના અધિકાર પ્રમાણે યોગ્ય વ્યવહાર કરવો જોઈએ અને આ વ્યવહારનું પાલન સદૈવ કરવું જોઈએ.

આવો યોગ્ય વ્યવહાર પ્રાણાન્તે પણ ન છોડવો જોઈએ.

પોતાના સ્વાધિકાર પ્રમાણે વ્યવહાર કરવો, એ કોઈપણ વ્યક્તિની ફરજ છે.

અને એ રીતે જ માણસે કર્તવ્ય કરવું જોઈએ.

પોતાના અધિકારમાં હોય તે કરવું. એવો જ વ્યવહાર કરવો.

જૈનીએ તો એ જ વ્યવહાર કરવો, જે તેના સ્વ-અધિકારમાં હોય.

એ વ્યવહારને મૃત્યુ પર્યંત છોડવો ન જોઈએ.

કારણ કે - તેના થકી જ ધર્મ ટકે છે.

देहवित्तादिभोगेन, सर्वजैनैः परस्परम् ।
द्रष्टव्यः सर्वजैनेषु, यतो धर्मो भवेत्ततः ॥ १९८ ॥

જગતના માનવીઓ ભોગલક્ષી બન્યા છે.

દ્રવ્ય પાછળની એમની દોડ યોગ્ય હોય તો પણ તે ભોગમાર્ગી ન હોય તે આવશ્યક છે.

ધનના ઉછળતા તરંગો એને મોહકર્મોના માર્ગ ભણી ખેંચી જાય છે. પછી તો માયામાં ડૂબી જાય છે.

ધર્મને ભૂલી જાય છે. પરમાત્માનું વિસ્મરણ કરે છે.

તે અંધત્વ દશા ગ્રહણ કરે છે.

દરેક કાર્યમાં પરમાત્માને જોનારા કેટલા?

પરમાત્માના સાક્ષીભાવે કામ કરનારા કેટલા?

પરમાત્મપ્રીતિ રાખનારા કેટલા?

અહો આ સંસારમાં ભીષણ ભોગલીલા ચાલી રહી છે. મોહના અંધારાં અડાબીડપણે સૂસવી રહ્યાં છે. નાખી નજર પણ ન પહોંચે ત્યાં સુધી રાગ અને ભોગનાં જળ રેલમછેલ છે.

મનુષ્ય સંસારી છે.

સંસારમાં રહીને તેને સ્વાધિકાર મુજબ પોતાનાં કર્તવ્યો બજાવવાનાં હોય છે. તેથી સ્વાભાવિક છે કે દેહ,ધન વગેરેનો રાગી બને.

સાંસારિક બંધનોમાં બંધાય.

દ્રવ્ય એકઠું કરે. પણ સર્વજૈનોએ દેહ, ધન વગેરેના ભોગથી સર્વજનોમાં પરમાત્મા જોવા જોઈએ.

દેહભોગ અનિચ્છનીય છે. દેહ સજાવટ પણ અનિચ્છનીય છે.

દ્રવ્ય દ્વારા રાગભોગ પણ અનિચ્છનીય છે.

દેહભોગ અજ્ઞાનજન્ય છે. દેહ સજાવટ મોહજન્ય છે. માટે એ ત્યાજ્ય છે. વર્જ્ય છે. અનિચ્છનીય છે.

પણ સર્વજનોએ અને ખાસ તો સર્વ જૈનીઓએ પરસ્પરમાં દેહ, દ્રવ્ય વગેરેના ભોગથી સર્વજનોમાં પરમેશ્વર જોવો જોઈએ.

**परस्परं नमस्कारः, कर्तव्यः सर्वदाऽर्हतैः ।**
**आत्मरुपसमा ज्ञेया, जैना जैनैः परस्परम् ॥ १९९ ॥**

જૈન એટલે જૈન. પછી તો કોઈપણ વર્ણનો હોય. કોઈપણ જાતિનો હોય. પણ જૈને જૈન સાથે વ્યવહાર સ્નેહપૂર્વકનો કરવો જોઈએ.

આ જગતમાં અસંખ્ય માનવો વસે છે. પણ સ્નેહભાવના અભાવે ક્યાંક કલહ, કંકાસ કે યુદ્ધનાં દ્રશ્યો જોવા મળે છે. કારણ ?

કારણ કે માનવી અન્ય માનવીને ભિન્ન ગણે છે ને તેની સાથેનો વ્યવહાર સ્નેહપૂર્ણ હોતો નથી.

સ્નેહનો પૂલ તૂટી ગયો હોય છે. પરિણામે ઝગડા સર્જાય છે.

ઘર્ષણો થાય છે. યુદ્ધની નોબતો વાગે છે. મારામારી થાય છે. ગાળાગાળી થાય છે. કારણ કે એક માણસ બીજાને આત્મરૂપ સમાન ગણતો નથી.

અલગ સમજે છે. પરાયો સમજે છે.

આ પરાયાપણાનો ભાવ એના વ્યવહારને કલેશ કંકાસમાં પલટી નાંખે છે.

આમ કેમ થાય છે ? આવું શાને થાય છે ?

માણસે માણસમાં બંધુત્વ પ્રરોપવું જોઈએ.

આત્મૈક્ય સાધવું જોઈએ.

આત્મરૂપ આત્મ સમાન ગણવો જોઈએ. વ્યક્તિ મટીને વિશ્વ માનવી બનવાની કલ્પના માણસ ભૂલી ગયો છે.

એ વ્યક્તિ તરીકે વિચારે છે. વ્યક્તિ તરીકે જુએ છે. વ્યક્તિ તરીકે મૂલવે છે. વ્યક્તિ તરીકે વ્યવહાર કરે છે.

વ્યક્તિને વ્યક્તિ માને છે. આત્મરૂપ સમજતો નથી. આત્મબંધુ માનતો નથી.

ભેદ રેખા દોરે છે. ભિન્નતા દોરે છે. ભિન્નતા આલેખે છે.

ને જ્યાં આવું થાય, ત્યાં શાંતિ શી રીતે સંભવી શકે ?

બંધુત્વની ભાવનાનો હ્રાસ થયો છે.

વિશ્વ માનવીની કલ્પના નષ્ટ થઈ છે.

જુદાઈ આવી ગઈ. ભિન્નતાની દિવાલો ચણાઈ ગઈ.

અલગતાનાં પાર્ટીશન ગોઠવાઈ ગયા.

માનવી માનવીથી જુદો પડ્યો.

બંને વચ્ચેની દૂરતા વધી. અંતરના અંતર વધ્યાં.

ને પેલી બંધુત્વની સર્વોચ્ચ ભાવનાનો લોપ થયો.

શાંતિ ત્યાં જ છે, જ્યાં સમાનતા છે.

સુખ ત્યાં જ છે, જ્યાં સખ્ય છે.

સમૃદ્ધિ ત્યાં જ છે, જ્યાં અભિન્નતા છે.

આ શ્લોકમાં ખાસ કરીને જૈનોની વાત કરવામાં આવી છે.

જૈનધર્મી કોઈ પણ જાતીનો હોય, પણ જૈન જૈન જ છે.

સાધર્મિક છે. સમાન ધર્મી છે.

એક શ્રેષ્ઠધર્મનું અનુસરણ તેઓ કરી રહ્યા છે.

જૈનોએ જૈનોને હંમેશાં આત્મરૂપ આત્મ સમાન જાણવા.

બંધુભાવ અનુભવવો. ઐક્યનું આલંબન કરવું.

જૈનોએ જૈનોને હંમેશાં આત્મરૂપ આત્મ સમાન ગણી તેમને નમસ્કાર કરવા જોઈએ.

जैनानां सर्वदा जैना, आत्मीया स्युः स्वभावतः ।
आहारे व्यवहारे च, पावित्र्यं हि परस्परम् ॥ २०० ॥

જૈનો માટે જૈનો હંમેશાં આત્મીય છે.

સ્વભાવથી અને ધર્મથી પણ.

આમ તો માણસે માણસને આત્મરૂપે નિહાળવો જોઈએ.

કોઈ ભિન્ન નથી. કોઈ ઊંચ નથી. કોઈ નીચ નથી.

જમીન એક છે. આકાશ એક છે. સૂર્ય ચંદ્ર એક છે.

વનોની વનસ્પતિ એક છે.

સમગ્ર જગતમાં સદાકાળ સર્વત્ર એક સમાન તત્ત્વો વિલસી રહ્યાં છે. આ જ મોટામાં મોટો પુરાવો છે કે જગતનાં સર્વ માનવીઓ એક સમાન છે.

છતાં જમીન વહેંચાય છે. છતાં હૃદય વહેંચાય છે.

ભાષાના ઝગડા થાય છે. ઊંચ - નીચના ઝગડા થાય છે.

કલેશ કંકાસ થાય છે. હૈયાની હોળી સર્જાય છે.

પણ જૈનોની વાત જુદી છે. જુદી અને વિશિષ્ટ છે.

જૈનો એક છે. આત્મરૂપ છે. સમાન ધર્મ છે.

વર્ણ ભિન્ન એથી શું ? જાતિ ભિન્ન એથી શું ?

હૃદય તો એક છે ને ! ધર્મ તો એક છે ને !

ધર્મનું અનુસરણ તો એક જ છે ને ?

માટે જ જૈનોને સ્વભાવથી જ જૈનો આત્મીય છે.

પોતાના છે. પરાયા નથી.

આત્મ રૂપ આત્મ સમાન છે. સાધર્મિક બંધુ હંમેશાં સમાન છે.

અલગ નથી. કારણ કે તેમના આહારમાં પવિત્રપણું છે.

શુદ્ધાહારી છે. જે નિષિદ્ધ છે, તે આહારમાં તેમને ખપતું નથી.

શુદ્ધ આહાર. સાત્ત્વિક આહાર.

આ આહાર શુદ્ધિ અર્થાત્ આહારની પવિત્રતા સર્વ જૈનીના ઘરમાં પ્રવર્તે છે.

આહાર તેવો ઓડકાર. ભોજન તેવો ભાવ. ખાણી તેવી રહેણી.

આ ભોજનનો પ્રભાવ વ્યવહાર ઉપર પડ્યા વગર રહેતો નથી.

શુદ્ધ શાકાહારી અને પવિત્ર ભોજનવાળા જૈનો એક જ છે.

એમનો વ્યવહાર પણ એક સમાન છે.

વ્યવહાર શુદ્ધિ છે એમનામાં. વ્યવહારનું પવિત્રપણું છે.

પરસ્પરનો વ્યવહાર અઘટિત કે અશોભનીય ક્યારેય હોતો નથી, કારણ કે તેઓ જૈન છે. આહાર શુદ્ધિને વરેલા છે. વ્યવહાર શુદ્ધિને વરેલા છે.

ને જેના આહાર - વ્યવહારમાં પવિત્રતા હોય તેના વિચારો પણ પવિત્ર હોય. વર્તન પણ પવિત્ર હોય.

જૈનો માટે જૈનો સ્વભાવથી જ આત્મીય છે.

આહાર - વ્યવહારમાં પરસ્પર પવિત્રપણું દ્રષ્ટિગોચર થાય છે.

**जैनसंघो महातीर्थं, सर्वतीर्थशिरोमणिः ।**

**तदस्तित्वे सदा जैनैः, कर्तव्यं स्वार्पणं कलौ ॥ २०१ ॥**

જૈનસંઘ એ તીર્થ છે.

તીર્થ જ નહિ, મહાતીર્થ છે. સર્વ તીર્થોમાં શિરોમણિ છે.

હાલ જે પાંચમો આરો પ્રવર્તી રહ્યો છે, તેવા કલિયુગમાં જૈન સંઘના જૈનધર્મના અસ્તિત્વ માટે વિશેષપણે સભાનતા અને સ્વાર્પણ જરૂરી છે.

સ્વાર્પણ વગર સિદ્ધિ નથી.

ટકવું હશે કે ટકાવવાનું હશે તો સ્વાર્પણ જોઈશે.

જૈનસંઘને ટકાવવો છે. એના અસ્તિત્વને ટકાવવું છે.

એના અસ્તિત્વ સામે ખતરો પેદા થાય તેમ હોઈ સહુ જૈનીઓએ એક બની સમર્પણની ધારા વહાવવાની જરૂર છે.

એ માટે જૈનોએ હંમેશાં સ્વાર્પણ કરવું જોઈએ.

ત્યાગની ભાવના રાખવી જોઈએ.

આપીને ઉજળા બનીએ. છોડીને શ્રેષ્ઠ બનીએ.

સ્વાર્પણ શ્રેષ્ઠત્વનું પુરસ્કર્તા છે.

સ્વાર્પણ માટે સૌએ સજ્જ બનવાનું છે.

તમામ જૈનીઓએ. પછી તે કોઈપણ જાતિના હોય.

अनन्तज्ञानस्वरुपोऽस्ति, जैनआत्मैव नो वपुः ।
विजितं दुर्मनो येन, स जिनो विश्वपावकः ॥ २०२ ॥

જૈન આત્માની વાત આમાં કરવામાં આવી છે.

જૈન એટલે ? જીતે તે જૈન. મનને જીતે છે જૈન.

મન ચંચળ છે. મન દુષ્ટ છે. મન મોહમાર્ગી છે.

મનને જીતવાનું કામ સાચે જ ખૂબ અઘરું છે.

મનને જીતે તે સાચો વિજેતા.

મનને જીતો.

મન તોફાની અશ્વ જેવું છે.

તેના અસવારને ક્યારે પાડી નાખે એ કહેવાય નહિ.

કાંટામાં ય ફેંકી દે. ખીણમાં પણ ફેંકી દે.

પતનની ખીણ ખૂબ ઊંડી હોય છે, ને તેમાં પડનારા મનને કારણે જ પડે છે.

મન ચાંચલ્ય દાખવે છે. નબળાઈ ભણી દોડે છે.

રાગના જંગલ ભણી દોડે છે. મોહના માર્ગ પર દોડે છે.

માયાની ગલીમાં દોડે છે.

ત્યાં દોડે છે, જ્યાં માનવીના પતન માટેનાં સર્વ સાધનો મોજુદ છે. જ્યાં માનવીને કલુષિત કરનારી કાળાશ મોજુદ છે.

તો પછી જીતો મનને. મન અશ્વને સંયમની લગામ પહેરાવો.

મનને જીતો. મનનો પરાભવ કરો.

મનના ગુલામ ન બનો. મનને ગુલામ બનાવો.

દુષ્ટ, ચંચળ, મોહમાર્ગી અને આમ તેમ કુદકા લગાવતા મનને જે જીતે છે, તે જૈન.

જૈન વિજેતા છે.

વિશ્વને પાવન કરનાર જિન છે.

જૈન આત્મા જ અનન્તજ્ઞાન રૂપ છે, શરીર નહિ.

મનને જેણે જીત્યું છે, તે વિશ્વપાવક જિન છે. જૈન છે.

जैनत्वं सर्वजीवेषु, जिनत्वं सत्तया तथा ।
जिन एव परब्रह्म, ज्ञात्वा जैनो न मुह्यते ॥ २०३ ॥

સર્વ જીવોમાં સત્તાથી જૈનત્વ અને જિનત્વ રહેલું છે.
જૈન મનને જીતનાર છે.
મન પર સંયમની લગામ ચઢાવનાર છે.
આંધી તોફાન વચ્ચે પણ તે અડગ રહે છે.
એનું સ્થૈર્ય કાયમ રહે છે.
માયા નટી એના સ્થૈર્યને ડગાવવા પ્રયત્ન કરે છે.
મોહરાજા તેને વિચલિત કરવા મથે છે.
પણ જૈન અડગ રહે છે.
સર્વ જીવોમાં જૈનત્વ રહેલું છે. જિનત્વ રહેલું છે.
જિન એટલે ? જિન એટલે પરબ્રહ્મ. જિન એટલે વિજેતા.
જૈન આ વાત જાણે છે, તેથી તે કદી મૂંઝાતો નથી.
મોહ પામતો નથી.

જીવનમાં ગમે તેટલાં તોફાનો આવે કે ગમે તેવી અગ્નિ પરીક્ષા થાય- જૈન ક્યારેય પણ મૂંઝાશે નહિ.

મોહમાયા આદિ એને ભ્રમિત કરવા પ્રયત્ન કરે, તો પણ સાચો જૈન કદી પણ મોહ પામતો નથી.

अप्रमत्तो भवेज्जैनः, परार्थं कर्मकारकः ।
व्यक्तिकुर्वन् जिनेन्द्रत्वमाऽत्मनो जायते प्रभुः ॥ २०४ ॥

પરને માટે કર્મ કરનારા જૈન અંગે શ્રી નેમિનાથ પ્રભુ પ્રતિબોધ કરે છે. તેઓનું આગમન દ્વારિકાપુરી ખાતે થયું છે. પ્રભુનું આગમન અહેતુક નથી. અપ્રયોજન નથી. સહેતુક છે.

દ્વારિકાપુરીના અધિપતિ શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધ પમાડવા માટે પ્રભુ પધાર્યા છે.

આત્મા વિષે, જૈન વિષે, વર્ણ વિષે, જૈન સંઘ વિષે ને એમ વિવિધ બાબતો વિષે પ્રભુ પ્રતિબોધિત કરે છે. જ્ઞાનાન્વિત કરે છે.

તેઓ જૈનની વાત કરે છે. જૈનના અપ્રમત્તભાવની વાત કરે છે.
જૈન પરને માટે કર્મ કરનારો છે.

પરાર્થે કર્મ કરવામાં જૈન હંમેશાં અપ્રમત્ત હોય છે.

આલસ્ય વિનાનો હોય છે.

કર્મના શુભત્વ દ્વારા જ મનુષ્ય ઉન્નતિ કરે છે.

માણસ મહાન બને છે. મહાત્મા બને છે.

અરે, પ્રભુત્વને પણ તે પ્રાપ્ત કરે છે.

જૈન માટે પણ એવું જ છે.

કરો અને પામો. જેવાં કર્મ..... તેવાં ફળ.

પરને માટે કર્મ કરીને - અપ્રમત્તપણે કર્મ કરીને ઉત્તમતાની અભિવ્યક્તિ તે કરે છે. પોતાની અંદર રહેલા શ્રેષ્ઠત્વને પ્રગટ કરે છે.

તે મહાન બને છે. અંદરની મહાનતા પ્રગટાવે છે. ઉત્તમ ગુણ રત્નોને પ્રગટાવે છે. શુભ શ્રેષ્ઠ કર્મ કરે છે. અપ્રમત્તપણે ઉત્તમ કર્મનો કર્તા તે બને છે.

બસ, આ ઉત્તમતાનું પ્રગટીકરણ તેને ઊંચાઈ પર લઈ જાય છે.

શ્રેષ્ઠત્વ તરફ લઈ જાય છે. શિખર ભણી લઈ જાય છે.

પોતાનું જિનેન્દ્રપણું વ્યક્ત કરતો તે પ્રભુ બને છે.

**पश्चात्त्वं भजते नैव, जैनः कर्तव्यकर्मसु ।**
**प्रसह्य सर्वविघ्नानि, धीरो भवति नेमिवत् ॥ २०५ ॥**

જૈન એટલે જૈન.

જૈનીની આગવી પ્રતિભા છે ને આગવો નિશ્ચય છે.

આગવી નિષ્ઠા છે ને આગવી ધર્મપ્રીતિ છે.

નિર્ણય કર્યા પછી જૈન કદી ઢીલો પડતો નથી.

કદી પીછેહઠ કરતો નથી. નિર્ણયને વળગી રહે છે.

નિર્ધારને નિરાધાર બનાવતો નથી. એમાં ઢીલાશ આણતો નથી.

કર્તવ્ય કર્મ એટલે કર્તવ્ય કર્મ.

એમાં એ પાછો પડતો નથી.

પારોઠનાં પગલાં ભરતો નથી. પીછેહઠ કરતો નથી.

કર્તવ્ય કર્મને પાર કરે જ છે.

કર્તવ્ય કર્મથી જૈન વિમુખ બનતો નથી.

આ જગતમાં તમને એવા ઘણા માણસો જોવા મળશે, જેઓ પોતાના કર્તવ્ય કર્મના માર્ગથી વિચલિત થયા હોય.

પણ જૈન એવો નથી. તેની પાસે સંસ્કારોનું બળ છે.
ધર્મનું બળ છે. નિર્ણયનું બળ છે.
ભલેને કર્તવ્ય કર્મના માર્ગમાં ગમે તેટલાં વિઘ્નો આવે.
પાર વગરની મુસીબતો આવે.
જૈન એ સર્વ વિઘ્નોને જીતી લે છે ને સફળતાને વરે છે.
એ ધીર બને છે. વીર બને છે. દ્રઢ બને છે. અણનમ બને છે.
વિજેતા બને છે. સફળતાનો સાધક બને છે.
અડગ ધીર વીર બને છે. નેમિનાથ ભગવાનની જેમ.
એમના જેવી અડગતાથી. એમના જેવી નિર્ણાયકતાથી.
વચનને વળગી રહે છે. કર્તવ્ય કર્મને વળગી રહે છે.
જૈનની અડગતા બેમિસાલ છે. જૈનની દ્રઢતા અજોડ છે.
કર્તવ્ય કર્મમાં સહેજ પણ ઢીલાશ રાખતો નથી.
પીછેહઠ કરતો નથી.

**अरिष्ठनेमिनाथोक्तजैनधर्मस्य साधकाः।**
**मद्वद्भवन्तु सत्प्रीत्या, सज्जना आत्मरागिणः ॥ २०६ ॥**

અરિષ્ઠ નેમિનાથ ભગવાન.
સદ્ધર્મને જગતમાં પ્રકાશાવનાર.
સર્વત્ર એનાં તેજ રેલાવનાર.
એમણે કહ્યો છે જૈન ધર્મ.
જૈનધર્મનાં સર્વોત્તમ સત્યો. ધર્મની વિશિષ્ટતાઓ.
ધર્મની મહાનતાઓ.
આ જૈનધર્મના સાધક છે સજ્જન પુરૂષો.
જૈનીઓ. જૈનધર્મીઓ.
જૈનધર્મમાં વિશ્વાસ રાખનારા. એમાં ઊંડી શ્રદ્ધા ધરાવનારા.
તેઓ સત્પ્રીતિ વડે મારી જેમ આત્મરાગી બનો.
ધર્મપ્રીતિ અખંડ રહો. ધર્મપ્રીતિ સદા વૃદ્ધિ પામતી રહો.
આત્મરાગી બનો.
ભવરાગી નહિ. સંસાર રાગી નહિ. મોહરાગી નહિ.
પણ જૈનધર્મ પ્રત્યેની સત્પ્રીતિ થકી આત્મરાગ ઉત્પન્ન થાય છે.
તેઓ આત્મરાગી બનો.

आत्मैव जैनधर्मोऽस्ति, आत्मैव जैन उच्यते ।
आत्मैव परमाऽऽत्मास्ति, समष्टिव्यष्टिरूपवान् ॥ २०७ ॥

આત્મા અને પરમાત્મા.
જૈનધર્મ શું છે ? આત્મા જ જૈનધર્મ છે.
જૈનધર્મ રૂપે આત્મા બૃહત્પણે વિસ્તર્યો છે.
આત્મા જ જૈન કહેવાય છે.
સમષ્ટિરૂપે આત્મા પરમાત્મા છે.
વ્યષ્ટિરૂપે આત્મા પરમાત્મા છે.
આત્મા અને જૈનધર્મ એકરૂપ છે.
જૈનધર્મ અને આત્મા ભિન્ન નથી, અભિન્ન છે.
જૈનધર્મ આત્મ સ્વરૂપ છે. જૈનધર્મ આત્મ પ્રકાશક છે.
એ સમષ્ટિરૂપે વ્યાપ્યો છે, વ્યષ્ટિરૂપે વ્યાપ્યો છે.
તેથી આવો સર્વત્ર વ્યાપક આત્મા જ પરમાત્મા છે.
જૈનધર્મ અને આત્માનો અભેદ છે, ભિન્નતા નથી.
તેથી આત્માને જ જૈનધર્મ માનો ને આત્મા જ પરમાત્મા છે.

शक्तित्वं यत्र तत्राऽस्ति, जैनत्वं जैनधर्मिणाम् ।
जिनत्वं व्यापकं सर्वलोकेषु सर्वदेहिषु ॥ २०८ ॥

એમ તો જગતમાં અનેક પ્રકારના માણસો વસે છે.
વિવિધ પ્રકારનાં જીવોથી આ જગત વિલસી રહ્યું છે.
પણ બધે જૈનત્વ નથી. બધે જ શક્તિપણું નથી. બધે જ આત્મરાગીપણું નથી.
જ્યાં શક્તિપણું છે, ત્યાં જૈનધર્મીઓને જૈનત્વ રહેલું છે.
જૈનત્વ શક્તિ વિહીન નથી.
જૈનધર્મની એ વિશિષ્ટતા છે. જૈનધર્મની એ શ્રેષ્ઠતા છે.
જૈનધર્મ શક્તિહીનતાનું નામ નથી.
જૈનધર્મ નિર્બળતાનું નામ નથી.
જ્યાં શક્તિ છે, ત્યાં અડગતા છે, દ્રઢતા છે.
જૈન હોવું તે સ્વયં શક્તિપણું પ્રગટ કરે છે.
જૈનપણું શક્તિપણું છે.
બધાંના નસીબમાં આવું જિનપણું નથી હોતું.

સર્વ લોક વિષે અસંખ્ય પ્રાણીઓ છે. અપાર જીવો છે. સંખ્યાતા મનુષ્યો છે.

પણ એથી શું ? જિનપણું ક્યાં દરેકને પ્રાપ્ત થાય છે ?

જ્યાં શક્તિપણું હોય, ત્યાં જિનપણું હોય.

જ્યાં દ્રઢતા હોય, ત્યાં જિનપણું હોય.

જિનપણું દ્રઢતાનો પર્યાય છે, શક્તિનો પર્યાય છે.

આત્મબલનો પર્યાય છે.

ને આવું જિનપણું તમામને પ્રાપ્ત થતું નથી.

તમામના ભાગ્યમાં એ હોતું નથી.

**ब्रह्मविष्णुमहेशाद्या, आत्मैव हृदि बोधत ।**

**अत आत्मैव सज्जैनो, जिनेन्द्रो व्यक्तिशक्तितः ॥२०९॥**

માણસે આત્માને જ ઓળખવાની જરૂર છે.

કારણ કે એ જેને બહાર શોધી રહ્યો છે, તે આત્મા જ છે.

આત્મા જ સર્વ કાંઈ છે.

આત્મા બ્રહ્મા છે. આત્મા વિષ્ણુ છે. આત્મા મહેશ વગેરે છે.

અને આ જ વાત જીવે હૃદયમાં ધારણ કરવી જોઈએ.

આત્મ દર્શન કરવું જોઈએ.

જીવ બહાર ભટકે છે, ભમે છે ને નિરર્થક શોધ ચલાવે છે, કારણ કે તે આત્મા વિષે અજ્ઞાનતા ધરાવે છે.

વ્યક્તિ શક્તિ વડે આ આત્મા જ જિનેન્દ્ર છે, એમ જાણવું.

આત્માને ઓળખો. આત્માના સ્વરૂપને ઓળખો.

આત્માની મહાનતા અને દિવ્યતાને પહેચાનો.

આત્મ દર્શન કરો. આત્મદ્રષ્ટા બનો.

જીવ જે દૈવીપણાની શોધ ચલાવે છે, તે આત્મા છે.

આત્મા જ જિનેન્દ્ર છે. આત્મા જ પરમાત્મા છે.

**जैनात्मैव परब्रह्म, मनोदेहनियामकः ।**
**अन्तर्यामि वपुः सृष्टौ, तस्मै नित्यं नमो नमः ॥ २१० ॥**

પરબ્રહ્મ એટલે શું ? પરબ્રહ્મ કોણ ?
જવાબ સરળ છે. જવાબ એક જ છે.
મન અને દેહનો નિયામક એવો જૈન આત્મા જ પરબ્રહ્મ છે.
આત્મા મનનું નિયમન કરે છે. આત્મા દેહનું નિયમન કરે છે.
જૈનો આ નિયમનને સ્વીકારે છે. માન્ય કરે છે. આ વાત સમજે છે.
અંકુશ અથવા નિયમન વગર મન બેફામ પ્રવૃત્તિઓ કરનારું બની જાય. નિરંકુશપણે વર્તે.
ચંચળ મનને અને જીવનને અધઃ પતનની ખીણ તરફ લઈ જાય.
શરીરનું પણ એવું છે
શરીરની પણ પ્રકૃતિ છે. શરીરનો પણ સ્વભાવ છે
શરીર શરીરના સ્વભાવ પ્રમાણે વર્તે તો અનુચિત વાતાવરણ સર્જાઈ જાય.
શરીર ધર્મ ગમે તે હોય.
પણ એના પર નિયમન જરૂરી છે. તેના પર અંકુશ જરૂરી છે.
અને આ નિયમન કરે છે આત્મા. અંકુશ મૂકે છે આત્મા.
તેથી જ જૈન આત્મા મન અને દેહનો નિયામક છે.
શરીરને સૃષ્ટિ ગણો તો શરીરરૂપી સૃષ્ટિનો તે અંતર્યામી છે.
મનનો અંતર્યામી છે. શરીર-મનને સુપથગામી બનાવનાર છે.
આવો જૈન આત્મા જ પરબ્રહ્મ છે.
આવા મહાન આત્માને નિત્ય નિરંતર નમસ્કાર થાઓ.

**सर्वत्र सर्वदेहेषु, जैनाः सन्ति स्वसत्तया।**
**जिनाः सन्ति च देहेषु, तेभ्यो नित्यं नमो नमः ॥ २११ ॥**

આ જગતમાં સર્વત્ર અને સર્વ દેહોમાં સ્વ સત્તાથી જૈનો જ છે. જૈનોના ગુણધર્મ સર્વત્ર પ્રસરેલા છે. જૈન માત્ર શરીરથી નથી, ગુણ પ્રભાવથી છે. જગતનું કલ્યાણ કરવા સદૈવ તત્પર જૈનો છે.
ક્ષમાનું સત્ય જાણનારા જૈનો છે.
અહિંસાની સૂક્ષ્માતિસૂક્ષ્મ વિભાવનાને સમજનારા જૈનો છે.
આમ સર્વ શરીરોમાં જૈનો છે. સ્વસત્તાથી તેઓ સર્વ દેહોમાં છે.
આવા જૈનો સાચે જ નમસ્કારને યોગ્ય છે.

એમના ઉત્તમોત્તમ ગુણોનું આકર્ષણ સર્વને થાઓ.
એમની મહાનતા અને વિશાળતાનું આકર્ષણ સર્વને થાઓ.
કારણ કે- સ્વસત્તા વડે સર્વત્ર અને સર્વ દેહોમાં જૈનો જ છે.
તેમને વારંવાર નમસ્કાર હો.

**जैनानां जैनधर्मस्य, रागीभ्योऽस्तु नमो नमः ।**
**महासंघस्य दासेभ्यः, पूर्णप्रीत्या नमोऽस्तु ते ॥ २१२ ॥**

જૈનધર્મની વાત જ ભિન્ન છે. ને એવા જ વિશિષ્ટ છે જૈનો.
નમસ્કાર કરવા યોગ્ય જૈનો છે
તેમની મહાનતા છે. તેમનામાં રહેલું ઉચ્ચ સત્ત્વ છે.
તેમનામાં રહેલી વિશ્વ વત્સલતા છે.
તેમનામાં રહેલો ઉત્તમ ગુણ પ્રભાવ છે.
તેમની ગુણ સંપન્નતા છે.
જૈનોનો કોઈ વિકલ્પ નથી. જૈનો અજોડ છે.

ધર્મનું પવિત્ર તેજ પ્રસરાવનાર તથા સદ્ધર્મનું ગાન કરનાર જૈનો જ છે.

ઉચ્ચ આત્માવાળા છે જૈનો. ઉચ્ચ આશયવાળા છે જૈનો.
માત્ર જૈનો જ નહિ- જૈનધર્મના રાગીઓ પણ મહાન છે.
તેઓને વારંવાર નમસ્કાર થાઓ.

અહીં જૈનધર્મમાં રહેલા ઉચ્ચ સત્ત્વને - સર્વોત્તમ તત્ત્વને નમસ્કાર કરવાની વાત કરી છે.

મહાનતા હંમેશા નમન યોગ્ય છે. ઉચ્ચતા સદૈવ નમન યોગ્ય છે.

ને જૈનધર્મ જેવો સર્વોત્તમ ધર્મ અનેક પુણ્ય બળોના પ્રતાપે કરીને જેમને પ્રાપ્ત થયો છે એવા જૈનો સાચે જ નમસ્કારને યોગ્ય છે.

ને કેવળ જૈનો જ નહિ પણ જૈનધર્મ પ્રત્યે રાગી એવા સર્વને નમસ્કાર હો.

કારણ કે તેઓ પણ સત્યનાં દર્શન કરવા સમર્થ બન્યા છે ને તેથી તેઓ જૈનધર્મના રાગી બન્યા છે. તેઓ પણ નમસ્કારને યોગ્ય છે.

અને મહા સંઘના જેઓ દાસ છે, તેઓને પણ સદૈવ સાચા હૃદયના નમસ્કાર થાઓ.

बाह्यान्तः शक्तियोगेन, जैना जीवन्ति भूतले ।
शक्ति विना न जीवन्ति, दासा भवन्ति निर्बलाः ॥२१३॥

જૈન એટલે જૈન. જૈનોની આગવી ઓળખ છે.

વિશિષ્ટ પહેચાન છે.

જગતમાં પ્રવર્તમાન સર્વધર્મો પોતપોતાની રીતે વિશ્વમાં પ્રકાશ પાથરતા રહે છે પણ એ બધામાં જૈનધર્મનો ચહેરો આગવી ઓળખાણ વ્યક્ત કરે છે.

જૈનધર્મ જીવોને જગતના સંદર્ભમાં જુએ છે ને જાતને જોખે છે.

જે દુઃખ પોતાનું, એ બીજાનું પણ.

એમ સંવેદના તો જૈનધર્મ જ પ્રગટાવે.

અટપટું છે આ જીવન. વિચિત્ર છે આ વિશ્વ.

જાત જાતની વિચિત્રતાઓથી આ જગત ખદબદે છે.

ક્યાંક સ્વાર્થ તો ક્યાંક કપટ.

ક્યાંક પ્રપંચ જાળ તો ક્યાંક ઈર્ષાભાવ.

જગત એક નજર નાખવાથી પરખાઈ ન જાય.

ઊંડું નિરીક્ષણ કરવું પડે.

સંવેદનાને ઘુંટવી પડે. સમસંવેદનશીલ બનવું પડે.

જૈનધર્મ સમસંવેદનાને ઘુંટવાની વાત કરે છે.

પરદુઃખના ઉપભોક્તા બનવાની વાત કરે છે.

પારકાનાં દુઃખ એ પોતાનાં દુઃખ. પારકાની પીડા એ પોતાની પીડા.

પરાઈ પીડને જાણનારા છે જૈનો.

આવા જૈનો બાહ્યશક્તિ અને આંતર્ શક્તિના યોગથી પૃથ્વી પર જીવે છે. તેમનામાં બંને પ્રકારની શક્તિઓનો યોગ છે.

શક્તિથી ભરપુર છે જૈનો.

બાહ્ય શક્તિ અને આંતર્શક્તિ પણ.

જેની પાસે શક્તિ નથી-બાહ્ય કે આંતર્- એવા જૈનો અન્યના દાસ બને છે.

અને દાસ બનીને જીવે છે.

चतुर्विधस्य संघस्य, प्रत्यनीका भवन्ति ये ।
तेषां शिक्षणकार्येषु, मुक्ति जैनेन्द्ररागिणाम् ॥ २१४ ॥

જૈનધર્મ, જૈનો અને ચતુર્વિધ સંઘ.

સમ્યક્ જ્ઞાન કે શિક્ષણના અભાવે ચતુર્વિધ સંઘના પ્રત્યનીક શત્રુઓ કેટલાક બનતા હોય છે.

એ અજ્ઞાન છે. અસત્ પ્રિયતા છે. સાચી સમજણનો અભાવ છે.

અને તેથી જ તેઓ ચતુર્વિધ સંઘના પ્રત્યનીક-શત્રુઓ છે.

આવા લોકોને સત્ શિક્ષણ આપવાનું કાર્ય કરવું જોઈએ.

આવું શ્રેષ્ઠતમ કાર્ય(સત્ શિક્ષણ આપવાનું) કરનારા જિનેન્દ્રરાગીઓ છે.

શ્રેષ્ઠ જૈનધર્મીઓ છે. આવું શ્રેષ્ઠ કાર્ય કરનાર શ્રેષ્ઠ જૈનધર્મીઓ અવશ્યપણે મુક્તિને પામે છે. માટે સત્ શિક્ષણ આપો. સત્યનો માર્ગ બતાવો. ધર્મનો માર્ગ બતાવો.

जैनानां जैनधर्मस्य, शत्रूणां शिक्षणाय ये ।
योग्यकर्म न कुर्वन्ति, ते स्यु र्मोहपरायणा ॥ २१५ ॥

જૈનધર્મમાં ગુણરત્નોની અનેક વિભાવનાઓ પડેલી છે,

જૈનધર્મ શ્રેષ્ઠ છે અને તેથી જૈનધર્મી પણ શ્રેષ્ઠ છે.

તેમ છતાં અજ્ઞાનતાવશ કેટલાક જૈનધર્મ પ્રત્યે શત્રુત્વ દાખવે છે.

આવા લોકોને સત્ શિક્ષણ મળ્યું નથી હોતું ને તેથી જ તેઓ શત્રુભાવ ધારણ કરે છે.

તેમને સાચી વાતની સમજણ આપવી જોઈએ.

તેમને સાચું શિક્ષણ આપવું જોઈએ.

જૈનોની આ ફરજ છે. સાચા જૈનનું આ કર્તવ્ય છે.

જૈનધર્મના શત્રુઓના શિક્ષણ માટે યોગ્ય કર્મ જેઓ કરતા નથી, તેઓ સાચે જ મોહ-પરાયણ છે એમ માનજો.

जैनधर्मस्य शत्रूणां, दुर्गति र्दुःखराशयः ।
जैनधर्मस्य रक्षातो, दुष्टानामपि सद्गतिः ॥ २१६ ॥

સારા કર્મનું ફળ સારું મળે છે. શુભ કર્મ શુભત્વ પ્રગટાવે છે.

અશુભ કર્મનું ફળ અશુભ મળે છે.

શુભત્વ અને અશુભત્વ- એ બે માર્ગ છે. એમાંથી ક્યો માર્ગ ગ્રહણ કરવો એ વ્યક્તિના હાથની વાત છે.

શુભ વિચારો શુભ માર્ગ ગ્રહણ કરાવે છે.

અશુભ વિચારો અશુભ માર્ગ પ્રતિ ખેંચી જાય છે.

સારા કર્મનું ફળ ઉત્તમ. બૂરા કર્મનું ફળ બૂરું.

ધર્મ શત્રુ કદી ન બનવું.

તેમ છતાં કેટલાક મનુષ્યો અજ્ઞાનતાને કારણે ધર્મ શત્રુ બની જતા હોય છે.

પણ એક વાત જરૂર છે કે ધર્મના શત્રુઓની હંમેશાં દુર્ગતિ જ થતી હોય છે ને દુઃખની પરંપરાને તેઓ પ્રાપ્ત થતા હોય છે.

માટે ધર્મશત્રુ ન બનો. ધર્મનો દ્રોહ ન કરો.

ધર્મ પ્રત્યે શત્રુત્વ ન દાખવો.

અને આ જ રીતે જૈનધર્મના શત્રુઓની દુર્ગતિ થતી હોય છે તથા દુઃખોની પરંપરા પ્રાપ્ત થતી હોય છે.

પણ ધર્મની રક્ષા કરનારને તો હંમેશાં ઉત્તમ ફળ જ પ્રાપ્ત થાય છે.

શુભત્વ પ્રગટે છે.

જૈનધર્મની રક્ષા કરનાર દુષ્ટ માણસ હોય તો પણ તેની સદ્ગતિ થાય છે.

તેનાં દુઃખો નષ્ટ થાય છે. ધર્મરક્ષાનું ફળ અતિ ઉત્તમ છે.

प्रत्यहं श्रीजिनेन्द्रस्य, कर्तव्यं दर्शनं जनैः ।
सद्गुरो दर्शनं कार्यं, वन्दनं च विवेकतः ॥ २१७ ॥

ધર્મનું આલંબન મનુષ્યને સદ્ગતિ તરફ લઈ જાય છે.

શુભની વાંચ્છના કરનારે હંમેશાં ધર્મના શરણાર્થી બનવું જોઈએ.

ધર્મ તારે છે. ધર્મ બચાવે છે. ધર્મ ઉગારે છે. ધર્મ ઉદ્ધારે છે.

ધર્મ જ શ્રેષ્ઠ છે ને શ્રેષ્ઠ છે ધર્મનું આલંબન.

સાચો જૈન એ છે કે જે ધર્મનું આલંબન સ્વીકારે.

ધર્મ માર્ગે ચાલે.

સારી ખોટી કોઈપણ વાતને ધર્મના ત્રાજવે તોળે.

ધર્મ એના ઉદ્ધારનું કારણ બનશે.

જૈનધર્મીનું એ કર્તવ્ય છે.

માત્ર જૈની હોવું પૂરતું નથી.

'જૈની' તો માત્ર ઓળખાણ છે.

પણ માણસની સાચી ઓળખાણ એના કાર્યો થકી થાય છે, એની ધર્મપ્રીતિ થકી થાય છે.

શ્રી જિનેન્દ્ર પ્રભુનું દર્શન એના સુખનું કારણ બને છે.

તેથી જૈનધર્મી મનુષ્યોએ દરરોજ શ્રી જિનેન્દ્ર પરમાત્માનાં દર્શન અવશ્ય કરવાં જોઈએ.

પ્રભુનાં દર્શન અને ગુરુનાં પણ દર્શન.

ગુરુ ભગવંતનાં દર્શન તેનો ભવ સુધારે છે.

માત્ર દર્શન નહિ.

દર્શન અને વંદન પણ. અને એય વિવેકપૂર્વક.

માટે પ્રભુનાં દર્શન કરો.

ગુરુ ભગવંતનાં દર્શન અને વંદન કરો.

પણ વિવેકસહિત કરો.

**चतुर्विधमहासंघतीर्थस्य पूर्णरागतः ।**

**दर्शनं वन्दनं कार्यं, वैयावृत्यं च सर्वदा ॥ २१८ ॥**

જૈનધર્મમાં ચતુર્વિધ સંઘનું મહત્ત્વ અનોખું છે.

ચતુર્વિધ મહાસંઘને તીર્થરૂપ ગણેલ છે.

જેમ પ્રભુનાં અને ગુરુ ભગવંતનાં દર્શન- વંદન આવશ્યક છે, તેમ ચતુર્વિધ મહાસંઘરૂપ તીર્થના દર્શન કરવા જોઈએ.

વંદન કરવાં જોઈએ. વૈયાવચ્ચ કરવા જોઈએ.

ચતુર્વિધ જૈન સંઘનું મહત્ત્વ ઘણું ઊંચું છે. તેથી જ તે તીર્થ રૂપ છે.

જૈનધર્મીએ મહાસંઘ પ્રત્યે પૂર્ણ રાગ ધરાવવો જોઈએ.

એના પ્રત્યે પૂર્ણ રાગ સહિત તેનાં દર્શન કરવાં જોઈએ.

તેને વંદન કરવાં જોઈએ. તેના દર્શન કરવાં જોઈએ.

તેની વૈયાવચ્ચ કરવી જોઈએ.

ચતુર્વિધ મહાસંઘ મહાન છે. શ્રેષ્ઠ છે.

દર્શન તથા વંદનને યોગ્ય છે.

निन्दा कार्या कदाचिन्न, जैनै र्देवस्य सद्‌गुरोः ।
हेलना न च कर्तव्या, प्राणान्तेऽपि च धर्मिणाम् ॥ २१९॥

નિંદા. કુથલી. ઉતારી પાડતી વાણી.

જૈનધર્મમાં નિંદાને હલકી ગણી છે. કુથલીને ત્યજવા યોગ્ય ગણી છે.

નિંદા કરનાર અન્યનો મેલ ધુએ છે ને પોતાના મનને મેલુ કરતો રહે છે.

નિંદા બૂરી ચીજ છે માટે નિંદાથી બચો.

પરંતુ આ રાગદ્વેષમય જગતમાં નિંદાનો મહારોગ મોટાભાગના મનુષ્યોને લાગુ પડ્યો હોય એવું જણાય છે.

બીજાનું બૂરું બોલતાં મનુષ્ય અચકાતો નથી. એની ગેરહાજરીમાં એના વિષે ભૂંડુ બોલવાનું એ ચૂકતો નથી.

સ્ત્રી હોય કે પુરુષ. યુવાન હોય કે વૃદ્ધ.

આ રોગના સહુ કોઈ ભોગ બનેલા છે.

હા, એટલું જરૂર કે નિંદા કરવાથી જેની નિંદા થઈ રહી છે, તેનાં પાપ ધોવાય છે. તે નિર્મળ બને છે.

પણ નિંદા કરનાર ખુદ મેલવાળો બની જાય છે.

નિંદા કરીને તે કેવળ પાપ જ ગ્રહણ કરે છે.

એક તત્ત્વજ્ઞાની સંતે તો એટલે સુધી કહ્યું છે કેઃ

નિંદા કરનારને નજીક રાખવો જોઈએ. આંગણામાં કુટીર બનાવીને તેને આપણી પાસે જ રાખવો. જેથી પાણી કે સાબુ વગર તે આપણા સ્વભાવને મેલ રહિત કરે.

તે અન્યના પાપ ધુએ. અને પોતે પાપગ્રસ્ત બને.

નિંદા લોભામણી છે. નિંદા કરવાનું માણસને ગમે છે.

પણ સાચી વાત તો એ છે કે માણસે નિંદાથી બચવું જોઈએ.

જૈનોએ ક્યારેય પણ દેવની અને સદ્‌ગુરુની નિંદા ન કરવી જોઈએ.

નિંદા અશુભ છે. નિંદાથી શુભત્વ નષ્ટ થાય છે.

માટે નિંદાથી બચો. નિંદાથી અળગા રહો.

કોઈનું બૂરું બોલતાં પહેલાં સો વાર વિચાર કરો.

અને બૂરું જ બોલવું હોય તો પોતાની જાત માટે બોલો.
જૈનધર્મીએ નિંદા-કૂથલીમાં કદી પણ ન પડવું જોઈએ.
જૈનધર્મીએ- દેવની નિંદા કદી ન કરવી.
સદ્‌ગુરુની નિંદા કદી ન કરવી.
ધર્મીઓની નિંદા કદી ન કરવી-પ્રાણાન્તે પણ.
નિંદા કરવાની લાલચથી બચો. શબ્દોને બહાર ન લાવો.
જાતને નીરખો. અન્યને નીચો ન દેખાડો.
જૈન ધર્મમાં નિંદા વર્જ્ય છે.

**सद्‌गुरुदेवधर्माणां, रागेण सद्‌गतिः कलौ ।**
**भविष्यन्ति मनुष्याणां, तत्र किञ्चिन्न संशयः ॥ २२० ॥**

આ કલિકાલ છે. કલિકાલમાં જીવની સદ્‌ગતિ શી રીતે થઈ શકે ?
સંસારના રાગથી ? ના.
દેહના રાગથી ? ક્યારેય નહિ.
ધનવૈભવના રાગથી ? બિલકુલ નહિ.
આ સતયુગ નથી. સતયુગ પૂર્ણ થઈ ગયો છે.
આ કલિકાલ છે. કલિયુગ છે.
અને આવા કપરા કાળમાં મનુષ્યની સદ્‌ગતિ અત્યન્ત દુર્લભ છે.

આ કલિયુગમાં દરેક મનુષ્ય પોતાની સદ્‌ગતિ થાય એવું જરૂર ઈચ્છે છે.

પણ તે થાય કેવી રીતે ?
જો સદ્‌ગતિને પ્રાપ્ત કરવી હોય તો-
સદ્‌ગુરુ પ્રત્યે રાગ કેળવો. સુદેવ પ્રત્યે રાગ કેળવો.
સદ્‌ધર્મ પ્રત્યે રાગ કેળવો. સદ્‌ધર્માનુરાગી બનો.

અને આમ સદ્‌ગુરુ, સુદેવ અને સદ્‌ધર્મના અનુરાગી બનવાથી આ કલિકાલમાં જીવ માત્રની સદ્‌ગતિ થાય છે, તેમાં લેશ માત્ર સંશય નથી.

कलौ सरागधर्मस्य, प्रवृत्ति र्मोक्षकारिका ।
भविष्यति च साधूनां, सरागधर्मवर्तनम् ॥ २२१ ॥

કલિયુગમાં પરિમાણો બદલાઈ જાય છે.
ધર્મની પ્રવૃત્તિ આમે ય સદ્ગતિકારક છે.
પણ આ ધર્મપ્રવૃત્તિમાં રાગ ભળે તો તે મોક્ષકારક બની રહે છે.
ધર્મ પ્રત્યે રાગ જરૂરી છે.
રાગ વગર પ્રવૃત્તિ છીછરી બની રહેશે.
માત્ર ઉપરછલ્લું કાર્ય બની રહેશે. માત્ર વેઠ બની રહેશે.
માત્ર કરવા ખાતર કરેલી પ્રવૃત્તિ બની રહેશે.
રાગ નહીં હોય તો કાર્યમાં જાન નહિ હોય.
રાગ નહિ હોય તો રસ નહિ હોય.
રાગ નહીં હોય તો પ્રવૃતિ લક્ષ્યસાધક નહિ હોય.
કાર્યમાં રાગ જરૂરી છે. પ્રવૃત્તિમાં રાગ જરૂરી છે.
ધર્મમાં રાગ જરૂરી છે.
કાર્યમાં રાગ ભળે તો પરિણામ ઉત્તમ આવે.
રાગ વગરની, રસ વગરની પ્રવૃત્તિ શુષ્ક વેઠ જ બની રહે.
માત્ર ધર્મ પ્રત્યે રાગી બનો. અનુરાગી બનો.
પ્રવૃત્તિમાં રાગ ભેળવો.

કલિયુગમાં રાગપૂર્વકની ધર્મ પ્રવૃત્તિ મોક્ષકારક બની રહેશે એમ જાણવું.

સાધુઓ માટે રાગપૂર્વકની ધર્મ પ્રવૃત્તિ થશે એ નિશ્ચિત છે.
એમાં જરા પણ સંશય ન રાખશો.

રાગ-અનુરાગ જો ધર્મપ્રવૃત્તિમાં ભળે, તો પરિણામ ઉત્તમપણે પ્રાપ્ત થાય છે.

जैनानां जैनधर्मस्य, रक्षायै च प्रवृद्धये ।
देहवित्तादिसर्वस्य, त्यागः कार्यो विवेकतः ॥ २२२ ॥

આ કલિયુગમાં ત્યાગનું મહત્ત્વ સવિશેષ છે.
ત્યાગીને પામો. જે ત્યાગે છે, તે પામે છે.
તમારો ત્યાગ જ તમારા માટે ઉચ્ચ ગતિનું કારણ બની રહેશે.
છોડે છે, તેને મળે છે. ત્યાગે છે, તે જ મેળવે છે.
ત્યાગ જ પ્રાપ્તિની પૂર્વ ભૂમિકા છે.

પણ બને છે એવું કે મોટા ભાગે મનુષ્યો મેળવવામાં અને મેળવેલાને સંગ્રહવામાં રચ્યાપચ્યા રહે છે.

આપી શકતા નથી. છોડી શકતા નથી. ત્યજી શકતા નથી.

લઈ લેવાનો એમનો નિયમ છે.

મેળવવાનો એમનો નિયમ છે. સંગ્રહવાનો એમનો નિયમ છે.

આપતાં અચકાય છે. ત્યાગતાં જીવ બાળે છે. છોડતાં ખંચકાય છે.

તેથી આપી શકતા નથી. તેથી પામી શકતા નથી.

જૈનધર્મ એક ઉત્તમ ધર્મ છે.

અનેક ભવોનાં સંચિત પુણ્યોના પરિણામ રૂપે આ ભવે જૈનધર્મ મનુષ્યોને સંપ્રાપ્ત થયો હોય છે.

અમૂલખ જીવન છે. અમૂલખ ભવ છે. અમૂલખ ધર્મ છે.

જૈની હોવું એ ગૌરવની બાબત છે.

જૈનધર્મી હોવું એ સાચે મહા ગૌરવની ઘટના છે.

આવા મહાન ઉપકારી અને અનન્ય જૈનધર્મને પ્રાપ્ત થનાર મનુષ્યનું એ કર્તવ્ય બની જાય છે કે જૈનધર્મની રક્ષા કરવી.

જૈનોની રક્ષા. જૈનત્વની રક્ષા. જૈનધર્મની રક્ષા.

જૈન અને જૈનધર્મની રક્ષા માટે મનુષ્યે બધું જ કરી છૂટવું પડે.

ભલેને શરીરનો ત્યાગ કરવો પડે.

ભલેને ધનનો ત્યાગ કરવો પડે.

ભલેને સર્વસ્વનો ત્યાગ કરવો પડે.

જૈનો અને જૈનધર્મની રક્ષા તો કરવાની જ છે, એના માટે તમામ પ્રકારનો ત્યાગ પણ કરવાનો છે પણ ધર્મરક્ષા ઉપરાંત ધર્મની વૃદ્ધિ માટે - એના વિકાસ માટે મનુષ્યોએ ત્યાગમૂર્તિ બનવાનું છે.

તનથી, મનથી અને ધનથી સર્વસ્વ સમર્પિત કરી દેવાનું છે.

આ ત્યાગ પ્રાપ્તિનું નિમિત્ત છે.

ત્યાગીને પામવાનું છે. આપીને પ્રાપ્ત કરવાનું છે.

જૈનો માટે. જૈનધર્મ માટે. એની રક્ષા માટે. ને એની વૃદ્ધિ માટે-
સર્વસ્વનો વિવેકપૂર્વક ત્યાગ કરવો જોઈએ.

जैनानां जैनधर्मस्य, नाशकाश्च भवन्ति ये ।
तेषां शिक्षा प्रकर्तव्या, जैनानां धर्म एव सः ॥ २२३ ॥

સારું કરનારાને સારું ફળ મળે છે.
બૂરાઈનું ફળ બૂરું જ હોય છે.
જગતમાં ભલા-બૂરા બંને પ્રકારના માણસો વસે છે.
કોઈ ભલાઈ જ કરે છે. કોઈ બૂરાઈ આચરે છે.
ભલાઈનું પરિણામ સારું આવે છે.
બૂરાઈનું પરિણામ અનિષ્ટ આવે છે.
તેમ છતાં મનુષ્ય પોતાની પ્રકૃતિને ત્યજી શકતો નથી.
સજ્જન સદાચરણ કરે છે. દુર્જન દુરાચરણ કરે છે.
સજ્જનને જગત હંમેશાં સારું જ દેખાય છે.
સારું કાર્ય કરવા માટે તે સતત સજ્જ રહે છે.
સત્કાર્ય તેનું જીવન કર્તવ્ય બની જાય છે.
એટલે સજ્જનતા એ તેની પ્રકૃતિ છે. એનો સ્વભાવ છે.
સજ્જનતાને તે છોડી શકતો નથી.
દુર્જનતા તે આચરી શકતો નથી.

અને કેટલાક મનુષ્યો જૈનો અને જૈનધર્મની બાબતમાં પણ દુર્જનતાનું આચરણ કરવાનું ચૂકતા નથી.

ધર્મદ્રોહ જેવો કોઈ દ્રોહ નથી.

તેમ છતાં આવા દુર્જનો જૈનો અને જૈનધર્મનો નાશ કરવા માટે તત્પર બને છે.

ધર્મનો દ્રોહ મનુષ્ય માટે નરકગતિનું નિર્માણ કરે છે.
ધર્મદ્રોહ કદી ન કરાય.
ધર્મના નાશનું નિમિત્ત કદી ન બનાય.
છતાં મનુષ્ય છે. મનુષ્ય દુર્જન છે અને દુર્જનતા તેની પ્રકૃતિ છે.
દુર્જનતા આચર્યા વગર તે રહી શકતો નથી.

ધર્મ હોય કે ધર્મી હોય- પણ એમનો નાશ કરવા માટે તે દુષ્પ્રવૃત્તિ કરતાં જરા પણ અચકાતો નથી.

ધર્મદ્રોહ પાપ છે. ધર્મીનો દ્રોહ પણ પાપ છે.

આવા પાપાત્માઓ ખરાબ દશાને પામે છે.

પાપીને તો સજા જ હોય. પાપીને શિક્ષા જ કરવાની હોય.

પાપીને શિક્ષા કરવી એ જ ધર્મ બની રહે છે.

જૈનોનો આ ધર્મ છે.

અધમનો નાશ. અધમને શિક્ષા. અધમતાની સજા.

દુર્જન દંડને યોગ્ય છે. દુર્જનતાને તો સજા જ યોગ્ય છે.

ધર્મી અને ધર્મનો નાશ કરવા માટેની પ્રવૃત્તિનું પાપ એણે કર્યું છે.

તે પાપાત્મા છે. દુર્જન છે, ધર્મદ્વેષી છે.

એને સજા કરવી એ જ જૈનોનો ધર્મ છે. એ જ જૈનોનું કર્તવ્ય છે.

**मह्यां जीवन्ति सज्जैनाः, सर्वजातिबलान्विताः ।**
**निर्बला नैव जीवन्ति, भ्रष्टाः क्षात्रादिकर्मतः ॥ २२४ ॥**

શક્તિશાળી જ જીવે છે. બળવાન જ અસ્તિત્વ ટકાવી રાખે છે.

આ પૃથ્વી પર જે જીવાત્માઓ છે, તેમનો આ નિયમ છે.

જે નિર્બળ છે, તે નષ્ટ થાય છે. અશક્તિમાન નાશ પામે છે.

બળીયો જીવે. નિર્બળ મરે.

આ પૃથ્વી પર સર્વ જાતિના બળવાળા સજ્જૈનો જીવે છે.

સ્વમાનથી જીવે છે. પોતાના ક્ષાત્ર તેજથી જીવે છે. પોતાના બળથી જીવે છે. જીવે છે, ટકે છે અને જૈનધર્મને ટકાવે છે.

નિર્બળનું એ કામ નથી. શક્તિહીનનું એ કામ નથી.

એ કામ છે બળવાનનું.

બળવાનને જ જીવવાનો અધિકાર છે.

પોતાના ઓજસ વડે તે જીવે છે. પોતાના સ્વમાન વડે તે જીવે છે.

જીવે છે અને જીવાડે છે. ટકે છે ને ટકાવે છે.

પોતાના અસ્તિત્વની સાથે જૈનો અને જૈનધર્મના અસ્તિત્વને પણ તે ટકાવે છે.

ક્ષાત્ર કર્મથી ભ્રષ્ટ થયેલા- સ્વબળથી ભ્રષ્ટ થયેલા-

આત્મ ઓજસથી ભ્રષ્ટ થયેલા- નિર્બળો જીવતા નથી.

જીવે છે બળવાન. જીવે છે સજ્જૈન. જીવે છે ઓજસવાન્.

राज्यकार्यादिनेतारः, क्षात्रव्यापारकर्मठाः ।
कृषिकर्मादिभि जैना, जीवन्ति सर्वशक्तितः ॥ २२५ ॥

જૈનધર્મ.

અને જૈનધર્મની પ્રાપ્તિનું મહાભાગ્ય જેને મહાપુણ્યે કરીને આ ભવમાં પ્રાપ્ત થયું છે એવા જૈનો.

રાજ્ય કાર્યમાં તેઓ નેતૃત્વવાળા હોય છે.

તેઓ રાજતેજ ઝળકાવે છે. મુત્સદ્દીગિરિ દર્શાવે છે.

રાજ્યમાં ચાવીરૂપ સ્થાન પર રહે છે.

તેઓ જીવે છે.

સ્વપુરૂષાર્થ વડે જીવે છે. સ્વ શક્તિથી તેઓ જીવે છે.

ક્ષાત્ર કર્મ કરવામાં તેઓ કર્મઠ હોય છે.

વ્યાપાર કાર્યમાં તેમની અનન્ય બુદ્ધિ ઝળકી રહે છે.

સમય અને સંજોગોને પારખનારા તેઓ હોય છે.

તેઓ જીવે છે. કર્મમાં કર્મઠ છે. ઉત્તમ કર્મ કરનારા છે.

સર્વોપરિતા સિદ્ધ કરનારા છે, તેથી તેઓ જીવે છે.

કર્મો અનેક છે. પ્રવૃત્તિઓ અનેક છે. વ્યવસાય અનેક છે.

કોઈ કૃષિ કર્મ પણ કરે છે. પોતાની સર્વ શક્તિ કામે લગાડીને તેઓ કૃષિ કર્મમાં શ્રેષ્ઠતા સાબિત કરે છે.

સ્વ શક્તિ વડે પોતાની સર્વોપરિતા સિદ્ધ કરે છે.

અને તેથી જ પોતાની સર્વ શક્તિથી જૈનો જીવિત છે.

सज्जैनैः सर्वखण्डेषु, यानवाहनयोगतः ।
कर्तव्यं भ्रमणं सम्यग्, लोकोपदेशहेतवे ॥ २२६ ॥

સજ્જનો છે સજ્જૈનો.

ધર્મવૃત્તિથી તેઓનાં હૃદય પુલકિત હોય છે.

ધર્મકાર્ય માટે તેઓ સદૈવ તત્પર રહે છે.

અને કોઈપણ સદ્ધર્મીનું એ પરમ કર્તવ્ય છે કે ધર્મના પ્રસાર માટે તથા લોકોના ઉપદેશ માટે યાનવાહનના યોગથી સમ્યક્ પ્રકારે ભ્રમણ કરવું જોઈએ.

એમાં સ્વ-હિતની વાત નથી.

પર હિતની વાત છે. લોકોના હિતની વાત છે.

જૈનો આ બાબત બરાબર સમજે છે, કારણ કે તેઓ સજ્જૈનો છે.

પોતાના કર્તવ્યને એ જાણે છે.

લોકહિતાય શું કરવું જોઈએ, તેની સાચી સમજણ તેમનામાં છે.

તેઓ જ્ઞાની છે. ધર્મી છે. સમજણયુક્ત છે.

પરહિત કરનારા છે. કારણ કે તેઓ સજ્જૈન છે. સજ્જન છે.

લોકોને તેમના હિત-અહિતની સમજણ આપવાને તેઓ તત્પર છે.

જીવનનું સાર્થક્ય શું ?

સૌ જન્મે છે.

કીડામંકોડા પણ જન્મે છે. અતિશુદ્ર જંતુઓ પણ જન્મે છે.

જન્મે છે ને જીવે છે.

માણસ પણ- જન્મે છે અને જીવે છે.

પણ ક્ષુદ્ર જંતુઓના જીવન અને મનુષ્યના જીવનમાં મોટો તફાવત છે.

ક્ષુદ્ર જંતુ જન્મે છે ને સ્વ અર્થે જીવે છે ને મૃત્યુ પામે છે.

મનુષ્યની બાબતમાં એમ નથી.

એ જન્મે છે અને જ્ઞાન વડે, સદ્‌બુદ્ધિ વડે અને સત્કાર્યો વડે જીવનને સાર્થક બનાવે છે.

પરાર્થે ન જીવ્યા તો જીવ્યાનો અર્થ શો ?

ધૂપસળીની જેમ ન જીવ્યા તો જીવનનું સાર્થક્ય શું ?

સુખડની જેમ ન જીવ્યા તો જીવનની કૃતાર્થતા શી ?

જીવન એવું જીવાય જે અન્યના માટે કામમાં આવે.

અન્યના સુખનું કારણ બને.

સજ્જનનું આ મહા કર્તવ્ય છે.

જીવો તો એવું જીવો કે જીવ્યું સાર્થક બને.

એવું જીવો કે જીવન મહેંકી ઊઠે.

સ્વ કર્તવ્ય વડે જીવન બાગ મઘમઘી ઊઠે તો જ જીવ્યું સાર્થક ગણાય. સાર્થકતા વિનાનું જીવન એટલે શૂન્ય.

સજ્જૈનો પણ એમ જ જીવે.

લોકો માટે. સમાજ માટે. પરોપકાર માટે.

જગતમાં ઘોર અજ્ઞાન પ્રવર્તે છે.

અજ્ઞાનનાં અંધારા ચોમેર સૂસવી રહ્યાં છે.

માણસ અજાણ છે. ભ્રમિત છે. સાચી દિશાનું દર્શન એની પાસે નથી. સાચી સમજણ નથી. એટલે તે જેમ તેમ જીવે છે. સ્વાર્થમય જીવે છે.

મોહમાં લપેટાય છે. માયાના ફાંસલામાં ફસાય છે.

કૂડકપટ કરે છે. અધર્મ આચરે છે. કુકર્મ કરે છે.

રાગાત્મક જીવન જીવે છે. ભોગની ગલીઓમાં ભ્રમણ કરે છે.

એની પાસે જ્ઞાનદ્રષ્ટિ નથી. સમજણદ્રષ્ટિ નથી.

સમ્યક્જ્ઞાનનો અભાવ છે. તેથી નિરર્થક ભ્રમણ કરે છે.

નિરર્થક કાર્યો કરે છે. મોહજન્ય કૃત્યો કરે છે.

એને જરૂર છે જ્ઞાનની. જ્ઞાનદ્રષ્ટિની. સમજણની. ધર્મદ્રષ્ટિની. સમ્યક્દ્રષ્ટિની.

એના અજ્ઞાનને કોણ દૂર કરે ? એની આંખો પર છવાયેલાં પડળોને કોણ હટાવે ? એને સાચી દિશા કોણ બતાવે ? એને સાચી સમજણ કોણ આપે ?

અંધારા હટાવવાની જરૂર છે. તમસને ભેદવાની જરૂર છે.

અજ્ઞાનને છેદવાની જરૂર છે.

સાચી દ્રષ્ટિ આપવાની જરૂર છે. સાચી સમજણ આપવાની જરૂર છે.

કોણ આપે જ્ઞાનદ્રષ્ટિ ? કોણ આપે સાચી સમજણ ?

એ કાર્ય કરે છે સજ્જૈનો. સજ્જૈનોએ આ કાર્ય કરવું જોઈએ.

માત્ર આ દેશમાં જ નહિ. પૃથ્વીના સર્વ ખંડોમાં આ કાર્ય માટે યાનવાહનના યોગથી ધસી જવું જોઈએ. લોકોને ઉપદેશ આપવો જોઈએ.

સમ્યક્ ભ્રમણ કરવું જોઈએ. અર્થહીન ભ્રમણ વ્યર્થ છે.

ભ્રમણ પણ અર્થસહિત હોય તો જ તે સાર્થક બને.

સજ્જૈનોએ ભ્રમણ કરવું જોઈએ.

- લોકોને ઉપદેશ આપવા. - લોકોમાં જ્ઞાન પ્રસારવા.
- લોકોમાં સાચી સમજણ પ્રગટાવવા.
- તેમના હિત-અહિતની સમ્યક્ સમજણ આપવા.

તે માટે સજ્જૈનોએ આ પૃથ્વીના સર્વ ખંડોમાં યાનવાહનના યોગથી ભમી વળવું જોઈએ અને લોકોને ઉપદેશ આપી સમ્યક્જ્ઞાન ફેલાવવું જોઈએ.

**सतीभिः सर्वखण्डेषु, यानवाहनयोगतः ।**
**जैनधर्मप्रचारार्थं, कर्तव्यं भ्रमणं सदा ॥ २२७ ॥**

જૈનો દ્વારા જૈનધર્મનો પ્રચાર જરૂરી છે.

જગતના ખૂણે ખૂણે આ માટે પહોંચી જવું પડે.

માત્ર પુરૂષોએ જ નહિ પણ સતીઓએ પણ જૈનધર્મના પ્રચાર માટે સર્વ ખંડોમાં પહોંચી જવું જોઈએ.

ધર્મપ્રચાર જરૂરી છે. તે માટે સર્વ સ્થળે જવું જરૂરી છે.

પુરૂષ હોય કે સન્નારી. દરેકનું આ કર્તવ્ય છે.

જૈનધર્મના પ્રચાર માટે- સદ્ધર્મના પ્રચાર માટે-

સાચી વાતના પ્રચાર માટે- સતીઓએ સહેજ પણ પ્રમાદનું સેવન કર્યા વિના સર્વ સ્થળે પહોંચી જવું જોઈએ.

વાહન દ્વારા. યાન દ્વારા. કોઈપણ પ્રકારના વાહનના કે યાનના યોગથી હંમેશા ભ્રમણ કરવું જોઈએ.

એ તેમનું કર્તવ્ય છે. ધર્મ પ્રત્યેનું કર્તવ્ય છે.

**श्राद्धदेवेन सर्वत्र, जैनसंस्कारहेतवे ।**
**कर्तव्यं भ्रमणं धर्मप्रेरणा धर्मप्रचारिणा ॥ २२८ ॥**

શ્રાદ્ધ દેવ. અર્થાત્ કર્મકાંડી ગુરુઓ.

ધર્મ પ્રચાર સહુનું કર્તવ્ય છે.

પ્રચાર જ નહિ, ધર્મનો વિશ્વ પ્રચાર પણ જરૂરી છે.

સદ્ધર્મનો જેટલો વધુ પ્રચાર થાય, તેટલું માનવ જાતનું વધુ કલ્યાણ.

સદ્ધર્મનો પ્રચાર એટલે સત્જ્ઞાનનો પ્રચાર.

સમ્યક્ સમજણનો પ્રચાર.

ધર્મ પ્રચાર વડે જ માણસોની શ્રદ્ધાનું કેન્દ્ર વધુ મજબૂત બને છે.

તેમને સાચી દિશા મળે છે. સાચી દ્રષ્ટિ મળે છે.

સમ્યક્ સમજણનો વિસ્તાર થાય છે.

ને એથી જ જરૂર છે વેગવંતા ધર્મપ્રચારની.

પ્રચાર માત્ર એકાદ સ્થળ વિશેષમાં નહિ. અમુક દેશમાં જ નહિ.

પણ સમગ્ર પૃથ્વી પર સર્વ સ્થળે.

સર્વ ખંડોમાં ઠેર ઠેર દેશ દેશમાં ખૂણે ખૂણે.

શ્રાદ્ધદેવો પણ આ કાર્ય સારી રીતે કરી શકે છે.

શ્રાદ્ધ દેવ એટલે- કર્મકાંડી ગુરુઓ.

આવા કર્મકાંડી ગુરુઓએ પણ જૈન સંસ્કાર માટે - ધર્મના પ્રચાર માટે સર્વત્ર ભ્રમણ કરવું જોઈએ.

સંસ્કારનો પ્રચાર છે. જૈન સંસ્કારનો. સદ્ધર્મનો પ્રચાર છે.

સદ્ધર્મ છે જૈનધર્મ.

એના પ્રચાર માટે શ્રાદ્ધ દેવો અર્થાત્ કર્મકાંડી ગુરુઓએ ધર્મ પ્રેમથી સર્વત્ર ભ્રમણ કરવું જોઈએ.

**साधूनां सेवया मुक्तिः, सर्वसंसारिणां भवेत् ।**
**सर्वधर्माधिकारोऽस्ति, साधूनां धर्महेतवे ॥ २२९ ॥**

'સેવા' શબ્દ જ સુગંધીમય છે. 'સેવા' શબ્દ સાર્થકતા સૂચવે છે.

જે સેવા કરે છે, તે જીવનનો સાચો અર્થ પ્રાપ્ત કરે છે.

એવું જીવન જીવ્યાનો શો અર્થ જેમાં કોઈની પણ સેવા ન થઈ હોય?

સેવા શબ્દ ધર્મ સાથે જોડાયેલો છે. સેવા ધર્મ સંલગ્ન છે.

ધર્મ સેવાની ભલામણ કરે છે.

જીવનનો હેતુ સેવા છે.

પરમાર્થ વગરનું જીવન શૂન્ય છે.

સેવા વગરનું જીવન નિરર્થક છે.

સેવા સમ્યક્ જીવનનો પાયો છે.

જીવનની સાર્થકતાની પ્રથમ શરત છે સેવા.

સેવા કદી નિષ્ફળ જતી નથી. સેવા વ્યર્થ જતી નથી.

સેવાનું ફળ મળે જ છે.

ભલેને સેવા દુઃખીની હોય. દરિદ્ર જનની હોય.

અપંગ કે અશક્તની હોય.

પણ એક વાત જરૂર છે કે સેવાની ડાળી પર ફૂલ બેઠા વગર રહેતાં નથી. ફળ બેઠા વગર રહેતાં નથી.

સેવા કરે તે સાર્થકતા પામે. સુફળ પામે.

જીવનનો અર્થ પામે. જીવનનો સાચો આનંદ પામે.

એમાંથી સાધુઓની સેવાને કોઈપણ ધર્મમાં શ્રેષ્ઠ કહી છે.

જૈનધર્મમાં પણ સાધુની સેવાને શ્રેષ્ઠ સેવા કરી છે.

સાધુઓની સેવા મુક્તિનું કારણ બને છે.

સંસારમાં રહેનારા સર્વ સંસારી જનો માટે સાધુઓની સેવા મુક્તિ અપાવનારી છે.

સાધુઓની સેવાથી અજ્ઞાન છૂટે છે.

અશ્રદ્ધા છૂટે છે. ગ્રંથિઓ તૂટે છે.

સત્‌જ્ઞાનનું દર્શન થાય છે ને મુક્તિનો માર્ગ ખૂલે છે.

માણસ ઝંખે છે મુક્તિ. ભવમુક્તિ. ભવબંધનમાંથી મુક્તિ.

ને આવી મુક્તિ અપાવે છે સાધુઓની સેવા.

સાધુઓને ધર્મ માટે સર્વ પ્રકારે અધિકાર છે.

તેઓ સેવા લે છે ને ફળ આપે છે.

કારણ કે સાધુઓ ધર્મ માટે છે. ધર્મ શ્રદ્ધા વધારવા માટે છે.

ધર્મ માટે જ તેઓ વિચરે છે. સર્વને પ્રતિબોધ પમાડે છે.

રંક હોય કે રાય પણ સાધુના પ્રતિબોધ વડે તે મુક્તિને પામે છે.

સેવા આંતર્‌સમૃદ્ધિને વધારે છે. આંતર્‌વૈભવને વધારે છે.

સાધુની સેવા અંતર્‌ને સૌથી વધુ સંપત્તિવાન અને સમૃદ્ધ બનાવે છે.

હે સંસારીજનો ! તમે જો મુક્તિની કામના કરતા હોવ તો સાધુઓની સેવાની તક કદી ન ચૂકતા. એ જ તમારી મુક્તિનું કારણ બની જશે.

**आर्यानार्यप्रदेशेषु, धर्मसत्तादिहेतवे ।**
**कर्तव्यं गमनं जैनै, श्चतुर्वर्गप्रसाधकैः ॥ २३० ॥**

જૈનો ચાર વર્ગના પ્રસાધક છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.

પોતાના જીવનનો આ હેતુ છે.

આ ચાર વર્ગના હેતુઓની પ્રાપ્તિ માટે તમામ લોકો ને જૈનો જીવન પર્યંત મથામણ કરે છે.

ધર્મની પ્રાપ્તિ, અર્થની પ્રાપ્તિ, કામની પ્રાપ્તિ અને અંતે મોક્ષની પ્રાપ્તિ.

પ્રાપ્તિ માટે જૈનો ઝંખે છે.

આમ આવી ચાર પ્રાપ્તિઓના પ્રસાધક એવા જૈનોએ ધર્મસત્તા આદિ કારણ માટે આર્ય અને અનાર્ય પ્રદેશોમાં ભ્રમણ કરવું જોઈએ.

પ્રદેશ ગમે તેવો હોય. આર્યપ્રદેશ હોય કે અનાર્ય પ્રદેશ હોય. પણ જૈનોએ ધર્મ સત્તા માટે- તેના પ્રચાર માટે સર્વ પ્રદેશોમાં ગમન કરવું જોઈએ.

ધર્મનો પ્રચાર જ શ્રેષ્ઠ છે અને એ માટે સર્વ સ્થળે, સર્વ ખંડોમાં, સર્વ પ્રદેશોમાં જૈનોએ જવું જોઈએ.

**आर्यजैनैः स्ववंशार्थं, संपाद्या संततिः शुभा ।**
**धर्मिपरम्परावृद्धिहेतवे सर्वयुक्तिभिः ॥ २३१ ॥**

આર્યજૈનો હંમેશાં ધર્મી પરંપરાનો જ હેતુ રાખે છે.

એ માટે સર્વ પ્રકારની યુક્તિઓ વડે જીવનયાપન તેઓ કરે છે.

ધર્મની વૃદ્ધિ. ધર્મનો પ્રચાર. ધર્મશ્રદ્ધાની વૃદ્ધિ.

આ બધા હેતુ વડે સ્વવંશ માટે શુભ સંતતિ સંપાદન કરવી જોઈએ.

સંતતિ શુભ હોય તે જરૂરી છે.

શુભ સંતતિ થકી જ જીવનના હેતુઓ સિદ્ધ કરી શકાય છે.

સંતતિ વડે જ માનવીની શ્રદ્ધા આગળ વધે છે.

સંતતિ મનુષ્યનો પ્રાણ પ્રવાહ છે. સંતતિ સંસ્કારોનું વહન કરે છે.

સંતતિ સદ્‌ધર્મને આગળ ધપાવે છે.

જીવનના જે શ્રેષ્ઠ હેતુઓ છે, એની પ્રાપ્તિ તથા વિકાસ માટે શુભ સંતતિ જ કારણભૂત બને છે. એવું પણ બને કે અનિષ્ટ સંતતિ સંસ્કાર પ્રવાહનું પૂર્ણ વિરામ મૂકી દે.

દુર્ગતિમાં સરી પડે. કુપથગામી બને.

આર્ય જૈનો તો ઈચ્છે છે ધર્મની પરંપરા. ધર્મ શ્રદ્ધાની વૃદ્ધિ.

ને એ માટે જરૂરી છે શુભ સંતતિ.

શુભ સંતતિ વડે જ પોતાના હેતુઓ પાર પડાય છે.

પોતાના વંશને માટે આર્ય જૈનો યુક્તિઓ વડે શુભ સંતતિ પ્રાપ્ત કરવા મથે છે.

શુભ સંતતિની ઈચ્છા સર્વ આર્યજૈનોની હોય છે.

અનિષ્ટ સંતતિ કોઈ ન ઈચ્છે.

કારણ કે ધર્મ પરંપરાનો હેતુ હોય છે.

तीर्थस्थानेषु संघस्य, संमेलः प्रतिवत्सरम् ।
कर्तव्यो धर्मवृद्ध्यर्थं, तथा तीर्थस्य पूजने ॥ २३२ ॥

ધર્મની વૃદ્ધિ દરેક માનવી ઈચ્છે છે.

સૌ કોઈ અભિલાષા રાખે છે કે : 'પોતાનો ધર્મ વૃદ્ધિ પામે એટલું જ નહિ પણ એનો સર્વત્ર પ્રચાર થાય.'

સદ્ધર્મનો પ્રચાર સૌ કોઈ ઝંખે.

જૈનધર્મ સદ્ધર્મ છે.

એનો પ્રચાર જરૂરી છે. એની વૃદ્ધિ જરૂરી છે.

એની વૃદ્ધિ માટે મથામણ પણ એટલી જ જરૂરી છે.

પણ ધર્મની વૃદ્ધિ હાથ જોડીને બેસી રહેવાથી કદી થતી નથી.

એ માટે- અપ્રમાદી બનવું પડે. સર્વત્ર ભ્રમણ કરવું પડે.

સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત કરવું પડે. સતત મથવું પડે. સંમેલનો કરવાં પડે.

જીવનમાં જરૂરી છે- ધર્મની વૃદ્ધિ અને તીર્થપૂજન.

જૈનો આ વાત સારી રીતે જાણે છે. સારી રીતે સમજે છે.

જૈનસંઘોમાં આ વાત સર્વમાન્ય સ્વીકૃત છે.

ધર્મની વૃદ્ધિની વાત. તીર્થ પૂજાની વાત.

દર વર્ષે સંઘ સંમેલન થકી સરળતાપૂર્વક થઈ શકે છે.

જૈનધર્મમાં શ્રી સંઘને મહત્ત્વના સ્થાને ગણ્યું છે.

સંઘ થકી જ ધર્મનો પ્રચાર થઈ શકે છે.

ધર્મની વૃદ્ધિ થઈ શકે છે.

એ માટે દર વર્ષે સંઘ સંમેલન કરવું જોઈએ.

સંમેલનમાં ધર્મવૃદ્ધિ માટે વિચારોની અભિવ્યક્તિ થાય છે.

નવા વિચારો પ્રગટે છે. નવી દિશા મળે છે.

સંઘ દ્વારા જૈનધર્મનો વિકાસ થાય છે.

વૃદ્ધિ થાય છે. પ્રચાર થાય છે.

શ્રી સંઘ આ બધું કરી શકે છે.

સજ્જૈનો આ સંઘમાં સંમિલિત હોય છે.

તેમની પાસે વિચારબળ હોય છે.

સદ્‌ધર્મની સમજણ હોય છે. સાચું જ્ઞાન હોય છે.

પ્રચારની સમગ્ર વ્યવસ્થા કેવી રીતે કરવી, તેનો શ્રી સંઘને ખ્યાલ હોય છે.

ધર્મવૃદ્ધિની સાથે સાથે બીજી મહત્ત્વની બાબત છે તીર્થપૂજા.

જૈનધર્મમાં તીર્થપૂજાને અધિક મહત્ત્વ અપાયેલ છે.

દર વર્ષે વિવિધ તીર્થોમાં જઈને તીર્થપૂજા કરવી જોઈએ.

શ્રી સંઘ સાથે તીર્થસ્થાનોમાં જઈને તીર્થપૂજા કરવાથી ધર્મશ્રદ્ધા વધુ દ્રઢ બને છે.

અને તીર્થપૂજાની સાથે સાથે દર વર્ષે તીર્થ સ્થાનોમાં જ સંઘ સંમેલન ભરવું જોઈએ.

જ્યાં ધર્મની ચર્ચા થાય. જેમાં ધર્મની વૃદ્ધિની ચર્ચા થાય.

જેમાં તીર્થ પૂજાની ચર્ચા થાય. ધર્મ પ્રચારની ચર્ચા થાય.

**जैनमन्दिरतीर्थानां, पूजा कार्या सुभावतः ।**
**तीर्थस्य साधुवर्गस्य, सेवाकार्याऽतिरागतः ॥ २३३ ॥**

મનુષ્ય પોતાની શ્રદ્ધાના કેન્દ્રને વિશેષ ભાવે વંદે છે.

જગત શ્રદ્ધા પર ટકે છે.

જીવન પણ શ્રદ્ધાના આધારસ્તંભ પર ઊભેલું છે.

શ્રદ્ધા વિનાની ભક્તિ નકામી. વિશ્વાસ વગરનું વંદન નકામું.

મંદિરો મનુષ્યની શ્રદ્ધાનાં કેન્દ્રસ્થાનો છે.

તીર્થો પણ શ્રદ્ધાનાં કેન્દ્રો છે.

પોતાની શ્રદ્ધાનાં ફૂલ મંદિરમાં રહેલી પ્રભુપ્રતિમા પર ચઢાવે છે.

જૈનમંદિરો અને તીર્થોની તે પૂજા કરે છે.

જૈની માટે પ્રભુપૂજા અને તીર્થપૂજા આવશ્યક છે.

પણ મંદિરો તથા તીર્થોની પૂજા સુ-ભાવથી થઈ હોય તોજ સાર્થક ગણાય.

ભાવ વગરની ભક્તિ નકામી. સારો ભાવ હોવો અનિવાર્ય છે.

ભાવ ન હોય તો પૂજાનો શો અર્થ ?

પૂજામાં ભાવ મુખ્ય છે. સુ-ભાવ મુખ્ય છે.

સુંદર ભાવના પૂજાને સાર્થક કરે છે.

જૈનમંદિર અને તીર્થોની પૂજા સુ-ભાવ પૂર્વક થાય તો પૂજા સાર્થક બને છે.

ક્યાંય અશ્રદ્ધા ન હોય. ક્યાંય શંકા ન હોય.

ક્યાંય અવિશ્વાસ ન હોય. ક્યાંય દુર્ભાવના ન હોય.

બસ, સુંદર સરસ ભાવથી દર્શન થાય- પૂજા થાય- વંદન થાય તો પૂજા પરિણામદાયી બને છે.

યંત્રવત્ પૂજા કરવાનો કોઈ અર્થ નથી.

પૂજામાં યાંત્રિકતા ન હોય. પૂજામાં દુર્ભાવ ન હોય.

પૂજામાં મશીની ભાવ ન હોય.

પૂજા પૂજા છે. પછી એ પ્રતિમાની પૂજા હોય કે પછી તીર્થપૂજા હોય.

પૂજાનો સંબંધ શ્રદ્ધા સાથે છે ને શ્રદ્ધાનો સંબંધ હૃદય સાથે છે.

હૃદય ભાવ સુંદર હોય તો કરેલી પૂજા સાર્થક નીવડ્યા વગર રહેતી નથી !

જૈનો આ વાત જાણે છે.

તેથી પૂજામાં હૃદય રેડે છે. પૂજામાં ભાવ રેલાવે છે.

ભાવનાથી - હૃદયની ભાવનાથી તેઓ મંદિર અને તીર્થની પૂજા કરે છે.

પૂજા એ રીતે જ થાય. સુ-ભાવથી ભાવનાથી.

પૂજા સુ-ભાવથી કરવી જોઈએ.

જ્યારે સાધુ વર્ગની સેવા અતિરાગપૂર્વક કરવી જોઈએ.

સાધુ પ્રત્યે રાગ જોઈએ. માત્ર રાગ નહિ, અતિરાગ.

અતિરાગથી સાધુ ભગવંતોની સેવા કરવાથી તેનું સુંદર ફળ અવશ્ય મળે છે.

માટે મંદિરની પૂજા સુ-ભાવથી કરો.

તીર્થ પૂજા પણ સુ-ભાવથી કરો.

અને સાધુ ભગવંતોની સેવા અતિરાગ પૂર્વક કરો.

चंदनाद्यैः शुभं चिन्हं, ललाटे विधिपूर्वकम् ।
सर्वजैनैः प्रकर्तव्यं, जिनाज्ञाप्रेमधारकैः ॥ २३४ ॥

જૈનો સુ-ભાવથી મંદિર અને તીર્થની પૂજા કરે છે.

જૈનધર્મનાં વિધિવિધાનો તેમને સન્માન્ય અને સ્વીકાર્ય છે.

કોઈપણ ધર્મમાં વિધિ-વિધાનો રહેલાં જ હોય છે. જગતનો કોઈપણ ધર્મ લો. દરેકમાં મોટાભાગે લેપન-વિલેપન વિધિપૂર્વક હોય છે જ.

જૈનધર્મમાં પણ આવા ચિન્હો વિધિપૂર્વક ધારણ કરવાનાં હોય છે.

જિનેશ્વર પ્રભુની આજ્ઞાને પ્રેમપૂર્વક જૈનો ધારણ કરે છે.

આવા સર્વ જૈનોએ લલાટમાં વિધિપૂર્વક ચંદન વગેરેથી શુભચિહ્ન અંકિત કરવું જોઈએ.

અને આવું દરેક જૈનધર્મી કરે જ છે.

ધર્મના કોઈપણ ચિહ્નાંકન પાછળ અર્થસંદર્ભો હોય છે.

ચંદનની જેમ સતત સુવાસ વેરવા તથા જીવનને પણ સુવાસિત બનાવવા માટે જૈનોએ સદા તત્પર રહેવું જોઈએ.

આ માત્ર ચિહ્ન નથી.

અર્થ છે, સંદર્ભ છે. ભાવ છે, ઈચ્છા છે. શ્રદ્ધાની દ્રઢતા છે.

धर्मसंघादिरक्षार्थं, जैनानां शस्त्रधारणम् ।
सदा धर्माय विज्ञेयं, धर्म्ययुद्धं विवेकतः ॥ २३५ ॥

ધર્મ એ કાયર માણસોનો સમૂહ ન હોય. - ક્યારેય નહિ.

- એ કોઈ વીરોએ આરોપેલી શ્રદ્ધા છે.

- ધર્મ કદી કાયર બનવાનું નથી કહેતો.

- નામર્દ બનવાનું નથી કહેતો.

ધર્મ વીરત્વની પ્રેરણા આપે છે.

કાયરોનો ધર્મ એ ધર્મ નથી.

ધર્મને રક્ષવાનો હોય. એના માટે કુરબાન થઈ જવાનું હોય.

એના માટે સર્વ કાંઈ કરી છુટવાનું હોય.

વીરત્વથી શોભે છે ધર્મ.

ધર્મ અને સંઘ:

આની રક્ષા માટે કદાચ હથિયાર ધારણ કરવા પડે તો પણ વિવેકથી કરવા જોઈએ. ધર્મ માટે યુદ્ધ છેડાય છે, ત્યારે એ ધર્મયુદ્ધ બની જાય છે.

ધર્મની રક્ષા કાજે, સંઘની રક્ષા કાજે જ્યારે જ્યારે પણ આપત્તિ આવી પડે, ત્યારે વિવેક પૂર્વક શસ્ત્ર ધારણ કરવા જોઈએ.

એ કોઈ ખોટી વાત નથી. ધર્મ વિરુધ્ધની વાત નથી.

કારણ કે એ ધર્મ્ય યુદ્ધ છે.

ને જૈનધર્મીએ હંમેશાં ધર્મ પર આવી પડેલી આપત્તિ વેળાએ ધર્મ્યયુદ્ધ માટે તૈયાર રહેવું જોઈએ. જૈનધર્મ વીરોનો ધર્મ છે. જૈનધર્મની અહિંસા એ કાયરની અહિંસા નથી.

પરાક્રમીની અહિંસા છે. વીરની અહિંસા છે.

શક્તિવાનની અહિંસા છે.

હા, વિવેકપૂર્વક ધર્મયુદ્ધ થાય તે જ જરૂરી છે.

આપત્તિ સમયે યુદ્ધ એ અનિષ્ટ નથી, ત્યારે તો યુદ્ધ જ ઈષ્ટ છે.

શસ્ત્ર ધારણ કરવામાં જ ખમીર છે. ને એ જ સાચો ધર્મવીર છે.

ધર્મની રક્ષા માટે, સંઘની રક્ષા માટે કદી પીછેહઠ ન કરાય. ધર્મ અને સંઘની રક્ષા માટે શસ્ત્ર ધારણ કરવાનો વિકલ્પ સર્વમાન્ય છે.

**संघाद्यैः सर्वथा विद्याबलमाप्यं च युक्तितः ।**
**कृषिक्षात्रादिकर्माणि, कर्तव्यानि विवेकतः ॥ २३६ ॥**

શ્રાવકે પોતાનાં કર્તવ્યો સુપેરે કરવાં જોઈએ.

પોતાનું કર્તવ્ય કરવામાં પોતાની તમામ શક્તિ કામે લગાડી દેવી જોઈએ.

એ માટેના પ્રયત્નોમાં જરા પણ કચાશ ન રાખવી જોઈએ.

શ્રાવક સંઘ વગેરેએ યુક્તિપૂર્વક સર્વપ્રકારે વિદ્યા તથા બળ પ્રાપ્ત કરવા જોઈએ.

વિદ્યા વિનાના જીવનનો અર્થ નથી.

વિદ્યા મનુષ્યની શોભા વધારે છે.

વિદ્યાવાનને સર્વત્ર માન-આદર પ્રાપ્ત થાય છે.

પરંતુ માત્ર વિદ્યાથી ચાલશે નહિ, બળ પણ જોઈએ.

શરીર પુષ્ટ તથા બલયુક્ત હોય તે જરૂરી છે.

શરીર નિરામય હોવું આવશ્યક છે.

સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મન વસે છે.

તેથી મનુષ્યે વિદ્યા, બળ અને આરોગ્ય પ્રાપ્ત કરવું જોઈએ.

તો જ કોઈપણ કર્મ સારી રીતે કરી શકાય.

તો જ કર્તવ્યનું સુયોગ્યપણે નિર્વહન થઈ શકે.

વિદ્યા અને બલ પ્રાપ્ત કરવા ઉપરાંત મનુષ્યે વિવેકપૂર્વક પોતાના ફાળે આવેલ કર્મ કરવું જોઈએ.

ભલે તે ક્ષાત્ર કર્મ હોય. - કૃષિ કર્મ હોય કે વ્યાપાર- વ્યવહારનું કર્મ હોય પણ યુક્તિપૂર્વક, પૂર્ણ સ્વસ્થતાથી તથા વિદ્યાનો ઉપયોગ કરીને પોતાનું કર્મ કરવું જોઈએ.

હા, એ માટે સંઘ પાસેથી યુક્તિપૂર્વક વિદ્યા-જ્ઞાન વગેરેની પ્રાપ્તિ કરવી જરૂરી છે.

બળ જરૂરી છે. આરોગ્ય જરૂરી છે. વિવેક જરૂરી છે.

એ વિના પોતાનું કર્મ સારી રીતે ન થઈ શકે.

માટે એ પ્રમાણે જ કરવું.

**जैनानां मृत्युतः पश्चान्मुक्तिः स्वर्गो न संशयः ।**
**स्वीकर्तव्यो जनै र्नूनं, जैनधर्मः सनातनः ॥ २३७ ॥**

જૈનધર્મની શ્રેષ્ઠતા સ્વયંભૂ છે.

જૈનધર્મ પાળનાર જૈનોની હંમેશાં સદ્‌ગતિ થાય છે.

મુક્તિ તો સૌ ઝંખે છે. સ્વર્ગની કામના સૌ કોઈ કરે છે.

જૈનોની મૃત્યુ પછી મુક્તિ અથવા સ્વર્ગ છે, એ વાતમાં કોઈ જ સંશય નથી. એ સ્પષ્ટ સુનિશ્ચિત વાત છે.

જૈનો ઉચ્ચગતિને પામે છે. મુક્તિને પામે છે. સ્વર્ગના અધિકારી બને છે. કારણ કે જૈનધર્મમાં જે ઉચ્ચ સનાતન તત્ત્વો રહેલાં છે, તેનું પાલન કરનાર હંમેશાં ઉત્તમ ગતિને પામે.

જૈનધર્મ પાળનાર જૈન કદી પાપ ન કરે.

સૂક્ષ્માતિસૂક્ષ્મ હિંસા પણ ન આચરે.

કોઈને પ્રત્યક્ષ અથવા પરોક્ષપણે શારીરિક, માનસિક અથવા વૈચારિક દુઃખ પણ ન પહોંચાડે.

શુદ્ધ સાત્ત્વિક જીવન જીવે. પુણ્યની પ્રાપ્તિ કરે.

પછી તો જૈનો માટે હોય કેવળ મુક્તિ અથવા હોય કેવળ સ્વર્ગ.

ब्रह्मविष्णुमहेशाद्या, देवादेव्यश्च सर्वथा ।
श्रीजिनेन्द्रप्रभोर्भक्तास्तरङ्गा इव वारिधेः ॥ २३८ ॥

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ.

સમુદ્રના તરંગો ચંદ્રને ભજે છે ને આકાશમાં પૂર્ણ ચંદ્ર પ્રકાશમાન થતાં એ તરફ ખેંચાય છે.

તરંગો ચંદ્રની ભક્તિ કરે છે. એ એમની પ્રકૃતિ છે.

ચંદ્રનું ઉગવું. તરંગોનું આંદોલિત થવું ને ચંદ્ર ભણી ખેંચાવું.

શ્રી જિનેન્દ્ર પ્રભુ પણ આવા ચંદ્ર સમાન છે, જેમના ભણી સર્વ દેવો ખેંચાય છે. આકર્ષિત થાય છે.

બ્રહ્મા કે વિષ્ણુ કે મહેશ અથવા કોઈપણ દેવ દેવી.

સર્વથા સૌ દેવો અને દેવીઓ શ્રી જિનેન્દ્ર પ્રભુના ભક્તો છે.

તેઓ સમુદ્રના તરંગો સમાન છે. જે ખેંચાય છે. આકર્ષિત થાય છે. શ્રી જિનેન્દ્ર પરમાત્મા તરફ.

जाता अनन्ततीर्थेशा, भविष्यन्ति भवन्त्यपि ।
अनन्तजैनधर्मस्य, सेवनाच्च प्रबोधनात् ॥ २३९ ॥

જૈનધર્મ અનંત છે.

ગઈકાલે હતો. આજે છે ને આવતીકાલે હશે.

અનંત કાળ સુધી જૈનધર્મ જગતમાં પોતાનું મહાન તત્ત્વ જ્ઞાન પ્રસરાવતો રહેશે, એમાં કોઈ સંશય નથી.

જગતમાં ઘણા ધર્મો છે. ઉચ્ચ અને વિશિષ્ટ ધર્મો છે.

સૌ પોતપોતાની રીતે મહાન ગુણોને પ્રસરાવી રહ્યા છે.

તમામ ધર્મોમાં ઉચ્ચ ગુણો અને ગૂઢ તત્ત્વજ્ઞાન પડેલાં જ છે.

પણ મનુષ્ય એનું અર્થઘટન અવળું કરે છે.

પોતપોતાની રીતે કરે છે. પરિણામે વાદવિવાદ સર્જાય છે.

અને આ બધામાં જૈનધર્મનું તત્ત્વજ્ઞાન વિશિષ્ટ અને નોંધપાત્ર છે.

એના માનવીય ગુણો સૌએ સ્વીકાર્યા છે.

જૈનધર્મ ઉત્તમતાને આરાધે છે.

એનું તત્ત્વ જ્ઞાન ગહન છે. તો ઊંચાઈવાળું પણ છે.

જૈનધર્મના મહાન મહાન આચાર્યોએ આ તત્ત્વ જ્ઞાનને જગત સમક્ષ ખૂલ્લું કર્યું છે.

અને તેથી જ જૈનધર્મ જગતમધ્યે આટલું બધું ઉચ્ચ કોટિનું પ્રદાન કરી શક્યો છે, જેની નોંધ જગતની મહાન હસ્તીઓએ લેવી પડી છે.

અહિંસાની ભાવના જૈન ધર્મમાં ગહનતાને સ્પર્શે છે.

માત્ર શરીરથી નહિ, માત્ર મનથી નહિ પણ વિચારથી પણ કોઈને દુઃખ પહોંચાડવું એ પણ હિંસા છે, જૈનધર્મ આવી સૂક્ષ્માતિસૂક્ષ્મ હિંસાથી દૂર રહેવાની વાત કરે છે.

જૈનધર્મ કહે છે : બને તો કોઈને આપો.

દુઃખ વેઠીને પણ બીજાને આપો પણ છીનવો નહિ.

આપવાથી સુખ વહેંચાય છે હીના અત્તરની જેમ.

આપનારને પણ સુખ થાય છે, લેનારને પણ સુખ થાય છે.

કહ્યું છે કે : બાંટનવારે કો લગે જો મહેંદી કો રંગ.

મહેંદી વહેંચનારને પણ મહેંદીનો રંગ મળે છે.

સુખનું પણ એવું છે. સુખ વહેંચવાથી વધે છે.

સુખ વહેંચનાર પણ સુખાનુભવ કરે છે. તે પણ સુખી થાય છે.

જેને સુખ આપવામાં આવે છે, તે પણ સુખી થાય છે.

ક્ષમા, કરૂણા, મૈત્રી, નીતિ અને ન્યાય.

ન જાણે જૈન ધર્મમાં આવાં તો કેટલાં બધાં ગુણરત્નો પડેલાં છે !

કેટલી ઉચ્ચતા ! કેટલી ઉત્તમતા ! કેટલી મહાનતા !

તેથી જ તો જૈનધર્મ અનંત છે. આજે છે, ગઈ કાલે હતો અને આવતી કાલે પણ હશે.

આવા જૈનધર્મનું સેવન કરવા કોણ તત્પર ન બને ?

અનેક આચાર્યો, જ્ઞાનીઓ અને તત્ત્વવેત્તાઓએ જૈનધર્મને અતિસમૃદ્ધ બનાવ્યો છે.

જ્ઞાનની અગાધતા આ ધર્મમાં છે.

જ્ઞાનનાં ગૌરવવંતા શિખરો આ ધર્મમાં છે.

એનું સેવન કરવાથી પ્રાપ્તિની કેવી મહાન દિશાઓ ખૂલી જાય.

એના સેવનથી ગહનતા આવે. ઊંચાઈ આવે.

મૈત્રીભાવ ઉદિત થાય. ક્ષમાશીલતા આવે. પ્રેમ અને કરૂણા આવે.

દ્રષ્ટિનો ફલક વિસ્તરે. જ્ઞાન ગરિમામય બને.

તત્વદ્રષ્ટિ વધુ વિશદ્ બને. જ્ઞાનનાં નવાં દ્વાર ખૂલે.

આવા ગહન તત્ત્વજ્ઞાનથી ભર્યા ભર્યા, જ્ઞાન ગરિમાથી છલકાતા અને ઉત્તમ ગુણ રત્નોથી ભરેલા જૈનધર્મના સેવનથી અને જ્ઞાનથી અનંત તીર્થંકરો થયા છે, થાય છે અને થશે.

તીર્થો બન્યાં છે. અનંત તીર્થો બન્યાં છે. તીર્થંકરો બન્યા છે.

જે જૈનધર્મના સેવનથી અને જ્ઞાનની ગહનતાથી અનંત તીર્થંકરો થતા હોય એ ધર્મની મહાનતા કેટલી બધી !

એ સેવવા યોગ્ય ધર્મ છે. આચરવા યોગ્ય ધર્મ છે.

અનુસરવા યોગ્ય ધર્મ છે. જીવંત તીર્થ સમાન છે આ ધર્મ.

સમૃદ્ધ ધર્મ છે ને એટલો જ વિશાળ ધર્મ છે.

જૈનોનું હૃદય વિશાળતાને પામેલું છે.

વેરીને પણ માફ કરવાની ફિલસૂફી આ ધર્મમાં છે.

સૂક્ષ્મ જંતુ પ્રત્યે પણ કરૂણા દાખવવાનું તત્ત્વ જ્ઞાન આ જૈનધર્મમાં છે એટલે જ એ ઉત્તમ છે. ઉચ્ચતમ છે. અનંત ધર્મ છે.

**सद्गुरोः कृपया भव्य, आत्मज्ञानी भवेज्जनः ।**
**जैनधर्मी स विज्ञेयः, स्याद्वादज्ञानवेदकः ॥ २४० ॥**

ગુરુ કૃપાની વાત જ નોખી છે.

ગુ એટલે અંધકાર.

રુ એટલે પ્રકાશ.

અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય તે ગુરુ.

જે સત્યનો માર્ગ બતાવે- તે સદ્ગુરુ.

સદ્ગુરુની પ્રાપ્તિ દુષ્કર છે.

એમાંય સદ્ગુરુની કૃપા મેળવવી તો અતિ દુષ્કર છે.

જેને કૃપા મળે છે, તેનો બેડો પાર થઈ જાય છે.

તેનાં જ્ઞાન ચક્ષુ ખૂલી જાય છે.

સદ્ગુરુની કૃપા તો પારસમણિ સમાન છે.

જેને સદ્ગુરુની કૃપા મળે છે તે ભવ્ય જન- આત્મજ્ઞાની થાય છે.

જ્ઞાનની ગહનતા તેને પ્રાપ્ત થાય છે.

જ્ઞાનની તમામ ઊંચાઈઓ તેને પ્રાપ્ત થાય છે.

અસીમ અનંત જ્ઞાન તેને પ્રાપ્ત થાય છે.

સદ્‌ગુરુની કૃપા મેળવનાર ભાગ્યશાળી અને મહાન છે.

અનેક જન્મોમાં પુણ્ય એકત્રિત થયાં હોય ત્યારે તેને આ ભવે મળે છે સદ્‌ગુરુ અને એને પ્રાપ્ત થાય છે સદ્‌ગુરુની કૃપા.

સદ્‌ગુરુની કૃપા તેને ધન્ય બનાવી દે છે. જીવનને ભવ્ય બનાવી દે છે. જીવનને કૃતકૃત્ય બનાવી દે છે.

ગુરુ એને અજ્ઞાનના અંધકારમાંથી બહાર લાવે છે.

એના અંધકારને ફેડે છે અને પ્રકાશ ભણી લઈ જાય છે.

સદ્‌ગુરુની કૃપા જેને મળી તેને પારસમણિ મળ્યો જાણવો.

તેના ભવોભવનાં પુણ્ય જાગ્યાં જાણવાં.

સદ્‌ગુરુની પ્રાપ્તિ સાચે જ કોઈ અમોલક ચીજની પ્રાપ્તિ સમાન છે. જેની પ્રાપ્તિથી તેની તમામ મૂંઝવણોનો અંત આવી જાય છે અને જ્ઞાનના પરમ પ્રકાશમાં તે સ્નાન કરે છે.

તેનું અંતઃ કરણ શુદ્ધ થાય છે. તે જ્ઞાન સમૃદ્ધ બને છે.

દુર્ભાવો નાશ પામે છે. અંતરતાપોનું શમન થાય છે. પરમ શાંતિ ઉદ્‌ઘાટિત થાય છે. જ્ઞાનનાં દ્વાર તેના માટે ખૂલી જાય છે.

તે સ્યાદ્‌વાદજ્ઞાનનો જાણકાર બને છે.

તે સાચો ધર્મી બને છે. સાચો જૈનધર્મી બને છે.

ગુરુનો એ પ્રતાપ છે. સદ્‌ગુરુનો એ પ્રભાવ છે.

સદ્‌ગુરુ એનો અંધકાર ફેડે છે, તમસ હણે છે.

પ્રકાશ આપે છે. પ્રકાશની દુનિયામાં લઈ જાય છે.

એના જીવનને પ્રકાશિત કરી નાખે છે ને તે જૈનધર્મી છે એમ જાણવો.

**आगमनिगमव्याप्तो, जैनधर्मः सनातनः ।**
**कलौ प्रवर्त्स्यंति विश्वोद्धारक मुक्तिदायकः ॥ २४१ ॥**

જૈનધર્મ સાચે જ મહાન છે.

જગતની શ્રેષ્ઠ ફિલસૂફી જૈનધર્મમાં નિહિત છે એટલું જ નહિ પણ ઉત્તમ ગુણરત્નો જૈનધર્મમાં પડેલાં છે.

જૈનધર્મમાં ઉત્તમતા છે, તો વ્યાપકતા પણ છે.

હૃદયની એટલી જ વિશાળતા પણ છે.

તે આગમ અને નિગમથી વ્યાપ્ત છે. તે વિશ્વોદ્ધારક છે.

વિશ્વના ઉદ્ધારની તમામ ક્ષમતાઓ જૈનધર્મમાં રહેલી છે.

વિશ્વની પીડા શી છે ?

વિશ્વ બંધુત્વનો અભાવ. રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે અરિત્વ.

જગતના દેશોની યુદ્ધખોરી.

શાંતિનો અભાવ. સમજણનો અભાવ. સહિષ્ણુતાની ગેરહાજરી.

આ બધાના કારણે અહં ટકરાય છે.

ખાંડાં ખખડે છે. શસ્ત્ર ખણકે છે. બોંબ ઝીંકાય છે.

ને સતત નાગાસાકી અને હિરોશીમાના વિધ્વંસનું પુનરાવર્તન થયા કરે છે :

માણસો મરે છે, ચીસો ચિત્કારો ઊઠે છે. પૃથ્વી લોહિયાળ બને છે.

પ્રદેશ પ્રદેશ પર હક. ભૂમિના વિસ્તારની રાતીચોળ ઈચ્છાઓ.

ઈચ્છાઓની ભભૂકતી ભૂખ.

બિચારી વિશ્વશાંતિ બળીને રાખ થઈ જાય છે.

માણસ માણસ મટી જાય છે. માણસ જાનવર બની જાય છે.

માણસ ખાઉં રાક્ષસ. વિનાશ વેરતો રાક્ષસ.

ભૂવિસ્તારની ભૂખ લાગી છે વિશ્વના રાષ્ટ્રોને.

એક રાષ્ટ્રના ભૂવિસ્તાર પર બીજા રાષ્ટ્રની આધિપત્યની લાલસા.

લાલસા ટકરાય છે.

જાણે હિંસક વરૂની લાલ બંબોળ જિહ્વા લબકારા લે છે.

રાષ્ટ્ર રાષ્ટ્ર લડે છે વિનાશક શસ્ત્રોથી અને બિચારી જનતાનો કચ્ચરઘાણ વળી જાય છે. લોહીની નદીઓ વહે છે.

જૈનધર્મ એમાંથી બચવાની વાત કરે છે. એ માટેની ગહન ફિલસૂફી તે સમજાવે છે, તેથી એ વિશ્વોદ્ધારક બનશે.

જગતને માર્ગદર્શક બનશે. મુક્તિ દાયક બનશે.

અને આવો વિશ્વોદ્ધારક, મુક્તિદાયક, શાંતિદાયક, જીવનદાયક સનાતન જૈનધર્મ કલિયુગમાં પ્રવર્તશે.

જગતને શાંતિ પમાડશે. જગતનો ઉદ્ધાર કરશે.

જગતને મુક્તિનો માર્ગ બતાવશે.

द्रव्यभावतया जैनधर्मकर्मप्रवर्तनम् ।
जैनधर्मः स विज्ञेयः, सर्वप्रगतिसाधकः ॥ २४२ ॥

જૈનધર્મ અને કર્મનું પ્રવર્તન કરવું એ દરેક જૈનનું કર્તવ્ય છે.

દ્રવ્યથી પણ કરાય અને ભાવથી પણ કરાય.

કારણ કે જૈનધર્મ એક શ્રેષ્ઠ ધર્મ છે.

જગતનાં માનવીઓ પ્રત્યે આ ધર્મ કરૂણા વહાવે છે.

માત્ર માનવી જ શા માટે ?

સર્વ પ્રાણીઓ અને સૂક્ષ્મ જંતુઓ તરફ પણ કરૂણાનો પ્રવાહ વહે છે આ ધર્મમાં.

ક્ષમામાં કેટલી શક્તિ છે, એ તો આ ધર્મે જ જગતને સમજાવ્યું છે.

વેરભાવ મિટાવ્યાં છે.

પ્રેમનો પારસ સ્પર્શ અનુભવડાવ્યો છે.

દયાભાવ, પ્રેમ, ક્ષમા અને કરૂણા.

જૈનધર્મનાં આ મૂળ તત્ત્વો.

તીર્થંકર પ્રભુઓએ પણ આ જ વાત કરી છે.

કોઈને દુઃખ ન આપો. કોઈના દુઃખનું નિમિત્ત ન બનો.

ક્ષમા માગો. ક્ષમા આપો. ક્ષમા રાખો.

જગતના મહાન અને ઉદાત્ત ચરિત્રનાયકો પર દ્રષ્ટિપાત કરો. તમને એ બધામાં સામાન્ય ભાવ એ જોવા મળશે કે તેઓએ જગતના જીવો પ્રત્યે અપાર કરૂણા વહાવી છે, અપાર પ્રેમ વહાવ્યો છે.

જીવો અને જીવવા દો. પ્રાણના ભાગે જીવાડો.

જીવવાનો અધિકાર સૌનો છે. મારવાનો અધિકાર કોઈનો નથી.

કરૂણાનો પ્રવાહ વહાવો. ક્ષમાશીલ બનો.

માફ કરો, મન સાફ કરો. દિલ સ્વચ્છ કરો. હૃદય પવિત્ર કરો.

સૌને ચાહતાં શીખો.

આ નાની નાની વાતો માત્ર શબ્દો નથી પણ જીવનમંત્રો છે.

'જીવો, જીવવા દો ને જીવાડો' ની ઉચ્ચતમ ભાવના એ જગતને જૈન ધર્મની દેન છે.

આવા મહાન જૈનધર્મના પ્રવર્તન માટે પ્રયાસ કરો, બધું જ કરી છૂટવું એ તમામ જૈનોનું પરમ કર્તવ્ય છે.

એ કર્તવ્યથી દૂર ન રહેવાય.

ધર્મના ઉત્થાન માટે. જૈનધર્મના પ્રવર્તન માટે

ધર્મ અને કર્મના પ્રવર્તન માટે સૌ મથે એ જરૂરી છે.

એ માટે તત્પર રહેવું જોઈએ ત્યાગવા માટે.

ત્યાગ કરીને પામવા માટે.

ત્યાગ એ જ મહાન પ્રાપ્તિ છે.

આપીને મેળવવાનો એ નિયમ છે.

દ્રવ્ય વડે તથા ભાવ વડે.

જૈનધર્મ અને કર્મના પ્રવર્તમાન માટે સૌ જૈનોએ તત્પર રહેવું જોઈએ.

કારણ કે- સર્વેથી વધુ પ્રગતિસાધક કેવળ જૈનધર્મ જ છે.

એનું જરૂરી છે પ્રવર્તન.

એ માટે જરૂરી છે ત્યાગ. દ્રવ્યથી અને ભાવ થકી.

**जिनानां दर्शनज्ञानचारित्राणां प्रदायकः ।**
**द्रव्यभावस्वरूपो यो, जैनधर्मः स उच्यते ॥ २४३ ॥**

જૈનધર્મ વિશ્વના શ્રેષ્ઠ ધર્મોમાંનો એક છે.

એનું તત્ત્વજ્ઞાન હિમાલયના શિખરથી પણ ઊંચુ અને સાગરના પેટાળથી પણ ગહન છે.

તે દ્રવ્ય સ્વરૂપવાળો છે. તે ભાવ સ્વરૂપવાળો છે.

જૈનધર્મનું પ્રવર્તન કરનાર અનેક તીર્થંકર પ્રભુઓ થઈ ગયા.

આ જિનેશ્વર પ્રભુઓએ જૈનધર્મનું શ્રેષ્ઠતમ પ્રવર્તન કર્યું છે. તપ, ત્યાગ અને ચારિત્રની ભૂમિકા પર રહીને જૈનધર્મને વધુમાં વધુ પ્રાણવાન બનાવ્યો છે.

જૈનધર્મનું પ્રાણ તત્ત્વ છે અહિંસા, કરૂણા અને ક્ષમા.

શત્રુને પણ ક્ષમા કરવાનું જૈનધર્મ શીખવે છે.

શત્રુ નહિ પણ શત્રુભાવના નાશ માટે જૈનધર્મ ભલામણ કરે છે.

અહિંસાની સૂક્ષ્મતમ વિભાવના જૈનધર્મમાં નિહિત છે.

કરૂણાનો મહાપ્રવાહ સતતપણે જૈનોના હૃદયમાં વહે છે.

શ્રી જિનેશ્વરોએ - દર્શન, જ્ઞાન અને ચારિત્રને મહત્ત્વ આપ્યું છે.

દર્શન ઊંડાણને સ્પર્શે છે. જ્ઞાન દ્રષ્ટિની વિશાળતા બક્ષે છે અને ચારિત્ર સદ્‌ગુણી બનાવે છે. પૂર્ણતાને બક્ષે છે.

જૈનોમાં આ ત્રણેય જરૂરી છે.

જિનેશ્વરોએ કહેલાં દર્શન, જ્ઞાન અને ચારિત્રને આપનાર કેવળ જૈનધર્મ જ છે. શ્રેષ્ઠ ધર્મ છે.

ને એ ધર્મને અનુસરનારા ગુણભાવોથી ભરેલા હોય છે.

**जैनानामुन्नते र्हेतुर्द्रव्यभावतया शुभा ।**
**क्षेत्रकालानुसारेण, जैनधर्मः स उच्यते ॥ २४४ ॥**

જૈનધર્મ અને એનું અનુસરણ કરનાર જૈનો.

જગતના એક શ્રેષ્ઠ ધર્મનું અનુસરણ કરનારા શ્રાવકો.

આવા જૈનોની ઉન્નતિ થવી જરૂરી છે.

જો જૈનોની ઉન્નતિ થાય તો ધર્મની ઉન્નતિ જ છે.

જૈનોની ઉન્નતિ માટે સૌ શ્રાવકોએ મથવું જોઈએ.

જૈનની ઉન્નતિ જો સ્થગિત થઈ હશે તો ધર્મની ઉન્નતિ શી રીતે થશે ?

જૈનોની ઉન્નતિ માટે બધું જ કરી છૂટવું જોઈએ.

એને સાધર્મિક વાત્સલ્ય કહે છે.

જૈનોની ઉન્નતિ માટે- ક્ષેત્ર અને કાળ અનુસાર દ્રવ્ય અને ભાવપણાથી કર્તવ્ય કરવું એવો શુભ હેતુ ધર્મનો છે.

ધર્મ હંમેશાં ઉત્તમ હેતુવાળો હોય છે.

પોતાના શ્રાવકોની ઉન્નતિ માટે ધર્મમાં સ્પષ્ટ વિધાન હોય છે.

જૈનોની ઉન્નતિ એ જ જૈનધર્મની ઉન્નતિ છે.

**जिनानां पूर्णविश्वासी, जैन आन्तर्बाह्यतः ।**
**तस्य यः स्वाधिकारोऽस्ति, जैनधर्मः स उच्यते ॥ २४५ ॥**

જૈનીઓ આન્તર્‌ અને બાહ્યથી સાચે જ જિનેશ્વર પ્રભુઓ પર પૂર્ણપણે વિશ્વાસી છે.

જિનેશ્વર પ્રભુઓની વાણી પ્રત્યે જૈનધર્મીઓને શ્રદ્ધા છે.

તેને અંતરથી અને બાહ્યથી સ્વાધિકાર છે.

જૈનધર્મનું આ સ્વરૂપ છે.

જૈનધર્મનું આ સ્વરૂપ જાણવું.

**रागद्वेषादिदोषाणां, नाशको द्रव्यभावतः ।**
**जैनधर्मः स विज्ञेय, जिनेन्द्रभक्तिपोषकः ॥ २४६ ॥**

જૈનધર્મની ઉત્તમતા એના ગુણ ધર્મોમાં રહેલી છે.
ઉત્તમ ગુણો અને સિદ્ધાન્તો જૈનધર્મના છે.
માનવીને વળગેલાં હોય છે- રાગ અને દ્વેષ.
સંસારમાં રમણ કરનારા માણસો રાગયુક્ત હોય છે.
રાગાદિ ભાવોમાં રમનારા હોય છે.

મોહ અને માયાને કારણે તેઓ સંસાર સંબંધોમાં રાગાત્મક ભાવ અનુભવે છે.

રાગ બંધનમાં બાંધે છે. રાગ મોહમાં લપેટે છે.
માયા સુંદરી રાગાત્મક દોરડાં વડે માનવીને બંધનમાં નાખે છે.
મોહ તમસ એને ઘેરી વળે છે. મોહના ચક્રમાં એ ફસાય છે.
મોહ સાંસારિક બાબતોમાં એને ગુંચવી નાંખે છે.
માયાનાં મોહક રૂપો એને વિચારોનું અંધત્વ પ્રેરે છે.
જૈનધર્મ આ બંધનોમાંથી માણસને છોડાવે છે.
સાચી સમજણ આપે છે. સત્ય જ્ઞાન આપે છે.
દ્રવ્ય અને ભાવ વડે- તે રાગ, દ્વેષ વગેરે દોષોનો નાશ કરે છે.
રાગ આવે. પછી દ્વેષ આવે. ઈર્ષા ભાવ આવે.
શત્રુભાવ આવે. પાપાત્મક કૃત્યો આવે.

માણસ એમાં ફસાતો જાય. પીસાતો જાય. ગુંચવાતો જાય. ટીચાતો જાય. બંધનમાં બંધાતો જાય.

કાદવમાં ખૂંપતો જાય. કીચડમાં લેપાતો જાય.
સંસાર આવા તો અનેક દોષોથી ભરેલો છે.
આ દોષો માનવીને વળગે છે.

કારણ કે આ દોષોનું બાહ્ય સ્વરૂપ સુંદર છે, મધુર છે પણ એને ખબર નથી ખૂબસૂરત બોટલમાં ભરેલું વિષ એ પી રહ્યો છે.

જૈનધર્મ આ દોષરૂપી ઝેરથી એને બચાવે છે ને દોષોનો નાશ કરે છે.

સાચો છે ધર્મ. સાચી છે ભક્તિ.
જિનેન્દ્રની ભક્તિ માટે એ મનુષ્યને પ્રેરે છે.
જિનેન્દ્ર ભક્તિનો એ પોષક છે. શુદ્ધિ અને મુક્તિનો દ્યોતક છે.

दोषाणां नाशकोऽस्ति, गुणानां च प्रकाशकः ।
सर्वशक्तिप्रदो नृणां, जैनधर्मः स उच्यते ॥ २४७ ॥

જૈનધર્મની તુલના ન થઈ શકે. તે એક શ્રેષ્ઠ ધર્મ છે.

ઉત્તમ ગુણ તત્ત્વો તેમાં પડેલાં છે.

તેનું તત્ત્વજ્ઞાન ગહન છે. ગંભીર છે.

જીવનને ઉચ્ચતમ માર્ગે લઈ જનારા સિદ્ધાન્તો જૈનધર્મે આપેલા છે. તે સત્યનો આગ્રહી છે.

જગત આજે ભીષણમાર્ગે આગળ ધપી રહ્યું છે.

યુદ્ધની વિભીષિકા જગતે આ પહેલાં અનેકવાર જોઈ લીધી છે.

અણુ પરમાણુ શસ્ત્રોના ખતરનાક પ્રયોગોએ જગતને જીવવા જેવું નથી રાખ્યું. માનવોની ચીસો-ચિત્કારોથી વિશ્વની હવા ભરાઈ ગઈ છે.

રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે શસ્ત્રો ઉંચકાય છે. ખાંડાં ખખડે છે.

શક્તિશાળી રાષ્ટ્રો વિસ્તારવાદી બન્યા છે.

વિસ્તારની એમને ભૂખ લાગી છે.

એનું પરિણામ એ આવ્યું કે અતિ વિનાશક શસ્ત્રોના ખડકલા થયા. એક જ વિસ્ફોટમાં વધુમાં વધુ કેટલા માણસોનો નાશ થઈ શકે તેની ગણતરીઓ મૂકાવા લાગી.

તોપો ગર્જી. તલવારો તરસી બની. અણુ શસ્ત્રો ઝીંકાયા. બોમ્બ ફેંકાયા.

નાશનાં નગારાં વાગ્યાં. વિનાશનાં વાવેતર થયા.

માણસ જાત થર થર ધ્રૂજવા લાગી. પોકાર પાડવા લાગી.

કોણ બચાવે ? કોણ ઉગારે ?

જવાબ એક જ છે-

ધર્મ બચાવે. ધર્મ ઉગારે. ધર્મ શાંતિ પમાડે. જૈનધર્મે જગતની શાંતિ માટેની માસ્ટર કી ચાવીઓ વિશ્વને દેખાડી છે.

જૈનધર્મ અમારિનો ધર્મ છે. અહિંસાનો ધર્મ છે. અભયનો ધર્મ છે.

ભય રહિત બનો. ભય રહિત બનાવો.

જગતમાં શાંતિ પ્રવર્તાવો.

શાંતિ, પ્રેમ, કરૂણા, અહિંસા અને ક્ષમાશીલતા.

આ બધાં તો શાંતિના સિદ્ધાન્તો છે.

મારવાની વાત છોડો. જીવાડવાની વાત કરો.

વેરની વાત છોડો. પ્રેમની વાત કરો.

શત્રુત્વની વાત છોડો. મૈત્રીની વાત કરો.

હિંસાની નહિ, અહિંસાની વાત કરો.

ક્ષમાની વાત કરો. ક્ષમા માગો. ક્ષમા આપો.

જૈનધર્મ દોષોનો નાશ કરનાર છે. ગુણોનો પ્રકાશ કરનાર છે.

દોષદર્શી નહિ ગુણગ્રાહક બનો.

મનુષ્યોને એ નિર્ભય બનાવનાર છે.

મનુષ્યોને એ શાંતિ અર્પનાર છે.

પ્રેમ અને કરૂણાનાં જળ વહાવનાર છે.

મનુષ્યોને સર્વશક્તિ આપનાર છે એટલે તો એ શ્રેષ્ઠ છે.

જગતના સર્વ પ્રશ્નોના ઉકેલ જૈનધર્મમાં પડેલા જ છે.

આવો છે જૈનધર્મ. જેને અનુસરીને સમગ્રં સૃષ્ટિ પોતાના તમામ પ્રશ્નોનો ઉત્તર મેળવી શકે છે.

**आत्मनि जैनधर्मोऽस्ति, बहिस्तु व्यवहारतः ।**
**व्यवहारो न मोक्तव्यो, जैनसंघस्य रक्षकः ॥ २४८ ॥**

કોઈપણ ધર્મની રક્ષા થવી જરૂરી છે. જૈનધર્મનું રક્ષણ વ્યવહાર કરે છે.

નિશ્ચયથી જૈનધર્મ તો આત્મામાં છે.

અને બાહ્યપણે વ્યવહારમાં પણ છે.

વ્યવહાર ધર્મનું રક્ષણ કરે છે તેથી જૈનસંઘનું રક્ષણ કરનાર વ્યવહારનો કદી ત્યાગ ન કરવો.

आत्मा शुद्धो भवेद् येन, सर्वशक्तिप्रकाशकः ।

जैनधर्मः स विज्ञेयः, सद्गुरुदेवसाधनम् ॥ २४९ ॥

જૈનધર્મ અતુલનીય ધર્મ છે એના સિદ્ધાન્તોને કારણે. એના ગુણોને કારણે. એના તત્ત્વજ્ઞાનને કારણે.

આજે જગતમાં સર્વત્ર જૈનધર્મ પ્રવર્તે છે.

જૈનધર્મ આત્માની શુદ્ધિ કરે છે.

આત્મા શુદ્ધ થાય છે. મનુષ્ય શુદ્ધાત્મા બને છે.

જે તમામ શક્તિને પ્રગટ કરે છે, તે જૈનધર્મ છે.

મનુષ્યમાં રહેલી સાત્ત્વિક શક્તિ.

ક્ષમાની શક્તિ. પ્રેમની શક્તિ. કરૂણાની શક્તિ.

આમ જૈનધર્મ મનુષ્યમાં રહેલી તમામ સત્ત્વશીલ શક્તિઓને પ્રગટ કરે છે.

ધર્મ ગુરુનું સાધન છે. ધર્મ સદ્‌ગુરુનું સાધન છે.

સદ્‌ગુરુ મનુષ્યને રાહ બતાવે છે.

જીવનનો મર્મ સમજાવે છે. પતનથી બચાવે છે.

સદ્‌ગુરુ સત્‌ધર્મનું આચરણ કરવાનું કહે છે.

સદ્‌ગુરુ અંધકારમાંથી પ્રકાશ તરફ શિષ્યને લઈ જાય છે.

આત્માને શુદ્ધ કરી મનુષ્યમાં દેવત્વ પ્રગટાવે છે.

ધર્મ દેવનું સાધન છે. દેવત્વનું સાધન છે.

જૈનધર્મ ઉદાહરણરૂપવાળો છે.

મનુષ્યનું સર્વપ્રકારી કલ્યાણ જૈનધર્મના હેતુરૂપ છે.

આવો આ ધર્મ છે. જે જૈનધર્મ છે.

આવા જૈનધર્મને જાણો.

**जिनेन्द्रगुरुनिर्दिष्टा, विचाराचारराशयः ।**
**देशकालोद्भवास्तेऽपि, जैनधर्मो मयोच्यते ॥ २५० ॥**

જૈનધર્મ શું છે ?

વિચારો અને આચારોના સમૂહો.

કોણે આપ્યા આચારો ? કોણે કહ્યા વિચારો ?

દેશ અને કાળ પ્રમાણે આ આચાર વિચારો જન્મ્યા છે.

ઉદ્ભવ્યા છે. પ્રગટ થયા છે.

દેશ અને કાળ. સમય અને સંજોગ.

વક્તની રફતારમાં વિચારો અને આચારો ઉદ્ભવતા હોય છે.

જિનેન્દ્ર ભગવંતોએ આ વિચારો અને આચારો કહેલા છે.

ધર્મ હેતુ માટે કહ્યા છે.

જગતની શાંતિ માટે કહ્યા છે. જગતના કલ્યાણ માટે કહ્યા છે.

જિનેન્દ્ર ભગવંતો હંમેશાં જગતનું સર્વપ્રકારી કલ્યાણ જ ઈચ્છે છે.

સૌનું સુખ ઈચ્છે છે. શાંતિ ઈચ્છે છે ને એ પ્રમાણે- આચાર વિચારો કહે છે.

વળી જૈનધર્મના ગુરુઓએ પણ આ આચારવિચારો કહેલા છે.

ગુરુના વિચારો સદ્ધર્મ માટે હોય.

સમ્યક્ જીવન માટે હોય. પ્રેમ અને શાંતિ માટે જ હોય.

માણસે પોતાના કલ્યાણ માટે, આત્માની શુદ્ધિ માટે તથા મુક્તિ માટે કયા વિચારો અને આચારોનું પાલન કરવું તે સદ્ગુરુઓ બતાવે છે.

જે એમ વિચારે છે, જે એમ આચરણ કરે છે, તે જીવન મુક્ત બને છે. મોક્ષમાર્ગી બને છે.

આવા વિચારો અને આવા આચારો દેશ પ્રમાણે - કાળ પ્રમાણે - સતત ઉદ્ભવતા હોય છે.

જિનેન્દ્ર પ્રભુઓ આ વિચારોને વ્યક્ત કરતા હોય છે.

આચાર માટે આગ્રહ રાખતા હોય છે.

સદ્ગુરુ પણ આવા વિચારો અને આચારો કહે છે.

આવા આચારો અને વિચારોના સમૂહો- એ જ જૈનધર્મ છે એમ જાણજો.

जैनानामस्तिता येन, भवेत्तद्व्यवहारतः।
धर्मकर्तव्यरूपो यो, जैनधर्मः स उच्यते ॥ २५१ ॥

ધર્મ એ મનુષ્યનું અસ્તિત્વ છે. મનુષ્યની અસ્મિતા છે.
જૈનોની અસ્મિતા જૈનધર્મ છે.
વળી આ ધર્મ વ્યવહારથી કર્તવ્યરૂપ છે.
જૈનોનું અસ્તિત્વ જૈનધર્મ છે. જૈનધર્મની અસ્મિતા જૈનો છે.
વ્યવહારથી ધર્મ કર્તવ્ય સ્વરૂપ છે, તે જૈનધર્મ કહેવાય છે.

चतुर्विधस्य संघस्य, वृद्धिरक्षाप्रवर्तकाः ।
जैनास्तेषां सदाचारो, जैनधर्मः स उच्यते ॥ २५२ ॥

ચતુર્વિધ સંઘની રક્ષા અને વૃદ્ધિ. ને આ બધુ કરનાર જૈનો છે.
માત્ર જૈનો નહિ - પણ જૈનોમાં ઉત્તમ સદાચારો રહેલા છે.
જૈનો ઉત્તમ સદાચારી હોય છે. ધર્મના તત્ત્વને તેઓ જાણે છે.
ગુરુઓ અને જિનેન્દ્ર પ્રભુઓએ કહેલા આચારોનું તેઓ પાલન કરતા હોય છે.
દુરાચાર અને સદાચાર. દુરાચાર એ અધર્મ છે.
દુરાચાર કરનાર અધર્મી છે.
ને જે જૈન ધર્મિષ્ઠ છે, તે હંમેશાં ધર્મના નિયમો અનુસાર જ ચાલતો હોય છે. વ્યવહાર કરતો હોય છે.
જૈન દુરાચારી ન હોય. જૈન હંમેશાં સદાચારી હોય.
જૈનોના સદાચારો જ ચતુર્વિધ સંઘની વૃદ્ધિ કરતા હોય છે.
રક્ષા કરતા હોય છે.

जीवानामाऽऽत्मवद् यस्मात्, दर्शनं च प्रवर्तनम् ।
परस्परं भवेद् येन, जैनधर्मः स उच्यते ॥ २५३ ॥

જૈનધર્મ વિરાટ ઔદાર્ય ધરાવતો શ્રેષ્ઠ ધર્મ છે.
જગતની તમામ સમસ્યાઓનો ઉકેલ જૈનધર્મના સિદ્ધાન્તોમાં પડેલો છે.
જૈનધર્મના સિદ્ધાન્તો અનુસાર ચાલવાથી જ જગતનો ઉદ્ધાર થઈ શકે તેમ છે.
જગતને જૈનધર્મ બધું જ આપે છે.
મનુષ્યની ઉન્નતિ કરાવે છે. તેની પ્રગતિ માટે કારણરૂપ બને છે.

એના સંસ્કારોનું સંવર્ધન કરે છે. સદાચારી બનાવે છે.

વિચારોની ઉત્તમતા અર્પે છે.

જીવ જીવ વચ્ચે જૈનધર્મ સ્નેહસેતુ બાંધી આપે છે.

પ્રેમનો પુલ રચી આપે છે. મૈત્રીની મુદિતા પ્રગટાવે છે.

પ્રમોદનો પમરાટ પ્રસરાવે છે. કારૂણ્યનો વિસ્તાર કરે છે.

માધ્યસ્થભાવના મહિમાનું ગીત ગુંજિત કરે છે. એક જીવ બીજા જીવને આત્મવત્ ગણે છે. તેનું એ દર્શન છે. તેનું એ પ્રવર્તન છે.

જૈનધર્મ મૈત્રી અને કરૂણાનો ધર્મ છે.

અપરિગ્રહ અને અનેકાન્તનો દ્યોતક ધર્મ છે.

ક્ષમા અને અહિંસાનો ધર્મ છે. સત્ય અને સદાચારનો ધર્મ છે.

પારસ્પરિક આત્મભાવનું એ નિર્માણ કરે છે.

પ્રેમમય વ્યવહારની સંરચના કરે છે.

એકમેકને આત્મવત્ ગણવાનું કહે છે.

તેથી જ જૈનો હૃદય ઔદાર્ય દાખવી શકે છે.

હૃદયની વિશાળતા પ્રગટ કરે છે.

જેનાથી જીવોને આત્મવત્ દર્શન તથા પ્રવર્તન છે -

તે જૈનધર્મ જાણવો.

**दर्शनज्ञानचारित्रगुणानां व्यक्तताऽऽत्मनि ।**

**जिनधर्मः स विज्ञेय, उपादानतया जनैः ॥ २५४ ॥**

જૈનધર્મ. સર્વનું કલ્યાણ વાંછતો ધર્મ.

પ્રેમ, કરૂણા ને ક્ષમા વહાવતો ધર્મ.

એના ઉત્તમ સિદ્ધાન્તો. સર્વોત્તમ નિયમો.

જેના થકી દર્શન, જ્ઞાન અને ચારિત્ર જેવા ગુણોની આત્મામાં વ્યક્તતા થાય છે તે જૈનધર્મ.

માનવીઓએ તેને ઉપાદાનપણાથી જૈનધર્મ જાણવો.

दर्शनज्ञानचारित्रगुणानां व्यक्तहेतुकः ।

व्यावहारिकधर्मोऽस्ति, ज्ञेयो निमित्तयोगतः ॥ २५५ ॥

દર્શન, જ્ઞાન, અને ચારિત્ર જેવા ગુણોનો વ્યક્ત હેતુ જૈનધર્મમાં રહેલો છે.

આ ત્રણેય મહાન ગુણો છે.

જેનો ઉપયોગ જીવનમાં થવો જરૂરી છે.

દર્શન-જ્ઞાન-ચારિત્ર જેવા ગુણોનો જે વ્યક્ત હેતુ છે, તે નિમિત્ત યોગથી વ્યાવહારિક જૈનધર્મ જાણવો.

स्वार्थत्यागेन जीवानामुपग्रहस्य कर्मसु ।

प्रवृत्तिस्तद्विचारश्च, जैनधर्मो मया उच्यते ॥ २५६ ॥

જૈનધર્મનું સ્તર ઘણું ઊંચું છે.

વિશ્વ કલ્યાણ હેતુએ સર્વત્ર પ્રવર્તમાન છે.

વિશ્વ વ્યથિત છે. જગત પીડિત છે.

પીડાનાં પોટલાં માથે મૂકીને જગજ્જનો તેના શમન માટે ધર્મો તરફ આશાભરી મીટ માંડીને દોડે છે.

એના ઉપાય માટે. તેના નિરાકરણ માટે. તેના ઉકેલ માટે.

સમસ્યાઓ અનેક છે. તેથી વ્યથાઓ અનેક છે.

સતત પ્રશ્નોની સળગતી સગડી લઈને માણસ આમતેમ ભટકે છે.

ક્યાંક ઉપાય જડી જાય. ક્યાંક બળતરા શમી જાય.

ક્યાંક આગ બૂઝાઈ જાય. ક્યાંક પીડા ટળી જાય.

ઠેર ઠેર ફરે છે. ઠેર ઠેર નજર દોડાવે છે. છતાં તે અજંપ છે.

બેચેન છે. બેતાબ છે. રઘવાયો બન્યો છે.

જૈનધર્મ પાસે તેના શમનનો ઉપાય છે.

જૈનધર્મ સ્વાર્થનો ત્યાગ કરે છે. જીવોને ઉપકાર કરે છે.

અને આ ઉપકાર કરવાના કર્મમાં તે સદા પ્રવૃત્ત રહે છે.

ધર્મના ઉત્તમ વિચારો છે. શ્રેષ્ઠ દર્શન છે. ઉત્તમ આચારો છે.

આ ઉત્તમ આચાર-વિચારો અને સ્વાર્થ છોડીને જીવોને ઉપકાર કરવા કર્મમાં પ્રવૃત્ત થવું -

એને જ જૈનધર્મ જાણજો.

स्वातंत्र्यं सर्वलोकानां, धर्मराजस्य पालनम् ।
आत्मभोगश्च विश्वार्थं, जैनधर्मः स गीयते ॥ २५७ ॥

જૈનધર્મમાં કેટલા મહાન અને ઉદાત્ત વિચારો છે !
અહા, એણે વ્યક્તિને નહિ, સમષ્ટિ ગ્રહણ કરેલ છે.
સમષ્ટિમાં વ્યક્તિ આવી જ જાય છે.
સર્વનું હિત એણે જોયું છે. સર્વનું કલ્યાણ એણે જોયું છે.
સર્વનો ઉધ્ધાર એણે જોયો છે.
જૈનધર્મ વિશ્વકલ્યાણ હેતુ છે. જૈનધર્મ મુક્તિ અપાવે છે.
સર્વ લોકોનું સ્વાતંત્ર્ય આ ધર્મ થકી થાય છે.
સર્વ દિશાઓમાં જૈનધર્મ થકી સ્વાતંત્ર્યનાં દિવ્ય વાદ્યો વાગે છે.
ધર્મનું રાજ સ્થપાય છે. ધર્મના રાજનું પાલન થાય છે.
જૈનધર્મ માને છે કે વિશ્વ માટે આત્મભોગ આપવો જરૂરી છે.
વિશ્વના હિત માટે વ્યક્તિનો આત્મભોગ જરૂરી છે.
ત્યાગની વાત કરે છે જૈનધર્મ.
ત્યાગીને પામવાની વાત કરે છે જૈનધર્મ.
આપીને પ્રાપ્ત કરવાનું છે.
તેથી જ જૈનધર્મ કહે છે - વિશ્વ માટે આત્મભોગ આપવો.
બસ, આજ એની વિશિષ્ટતા છે.
તપની વાત છે અહીં. ત્યાગની વાત છે અહીં.
વિશ્વનું કલ્યાણ થતું હોય તો તમારો સ્વાર્થ છોડી દો.
આત્મ ભોગ આપો. એ જ જૈનધર્મ છે.
એ જ જૈનધર્મનો ગુણ છે. જૈનધર્મની વિશિષ્ટતા છે.

सर्वदेशेषु जैनानामस्तित्वं च प्रवर्धनम् ।
भवेद् येनाऽऽत्मभोगेन, जैनधर्मः स गीयते ॥ २५८ ॥

જૈનધર્મની ઉત્તમતા- વિશિષ્ટતા અને શ્રેષ્ઠતા એના ગુણોમાં રહેલી છે. એના નિયમોમાં રહેલી છે. એના દર્શનમાં રહેલી છે.

જૈનધર્મનું દર્શન જગતનું શ્રેષ્ઠ દર્શન છે.

જૈનધર્મના આચાર્યોએ તત્ત્વજ્ઞાનના શિખરે પલાંઠી લગાવીને જે ઉત્તમ છે તેનું પ્રદાન કર્યું છે.

આત્મભોગની વાત કરે છે જૈનધર્મ. જે સનાતન સત્ય છે.

વિશ્વના કલ્યાણ માટે જરૂરી છે પોતાના સ્વાર્થનો ત્યાગ.

આત્મભોગ. સમષ્ટિ માટે વ્યક્તિનો ત્યાગ.

આ આત્મભોગથી જ સર્વ દેશોમાં જૈનોનું અસ્તિત્વ છે અને એમની વૃદ્ધિ થાય છે.

આત્મભોગ કેન્દ્ર સ્થાને છે. જે જૈનો સ્વીકારે છે.

જે જગત સ્વીકારે છે.

બસ, તે જ જૈનધર્મ છે એમ જાણવું.

**स्वाध्यायश्च तपः पूजा, साधर्म्यभक्तिहेतवः ।**
**सम्यक्त्वं सत्यचारित्रं, जैनधर्मः स उच्यते ॥ २५९ ॥**

જૈનધર્મ એટલે શું ? જૈનધર્મ કોને કહેવાય ?

જૈનધર્મી હોવું એ સાધારણ વાત નથી. અનેક પ્રકારનાં ઉચ્ચ તત્ત્વોનો સરવાળો એટલે જૈનધર્મ.

જૈનધર્મની વ્યાખ્યા બહુ વિશાળ છે.

વિશાળ અને ઊંચી. ઊંચી અને ગહન.

જૈનધર્મ ગહનતા અને ઊંચાઈને સ્પર્શે છે.

સતત સ્વાધ્યાય. જ્ઞાનના ઊંડાણમાં સતત સરકવું.

તત્ત્વજ્ઞાનની ગહનતાને સ્પર્શવી અને એ પણ સતત.

તે સ્વાધ્યાય.

વળી તપ અને પૂજા.

જૈનધર્મ તપના તેજ પર ઊભો છે.

જૈનધર્મમાં તપ મહત્ત્વના સ્થાને છે.

મનની પરીક્ષા કરે અને આત્મસંયમની કસોટી કરે તેવું તપ.

આકરું તપ. સંયમ રંગ્યું તપ. ઉપરાંત પૂજા.

આમ તો દરેક ધર્મમાં પૂજાનું મહત્ત્વ સ્વીકારાયું છે.

જૈનધર્મમાં પણ એ નિહિત છે.

અનેક પ્રકારની પૂજા જૈનધર્મમાં છે.

સાધર્મિક ભક્તિ.

પોતાના ધર્મબંધુઓના કલ્યાણ હેતુ કામ કરવું તે.

સુખી શ્રાવકો. શ્રીમંત શ્રાવકો.

આ બધાનું એક કર્તવ્ય છે : પોતાના સાધર્મિકોની ભક્તિ કરવી તે.

એમને સહાય રૂપ બનવું તે.

એમના દુઃખને હણવું તે. એને ઊંચો લાવવા મથવું તે.

શ્રાવક જે દ્રવ્ય કમાય છે, તેમાં સાધર્મિકોનો પણ ભાગ છે.

સ્વેચ્છાએ આ ભક્તિ કરવાની હોય છે.

અને એ પણ ગુપ્તપણે સાધર્મિકોની ભક્તિ કરવાની હોય છે.

જૈનધર્મમાં સાધર્મિક ભક્તિને ખુબ મહત્ત્વ અપાયું છે.

જૈનધર્મના નેજા હેઠળ કોઈપણ સાધર્મિકને અભાવ વચ્ચે ન જીવવું પડે તેની કાળજી લેવી તે સુખી સમૃદ્ધ શ્રાવકોની ફરજ છે.

સાધર્મિક ભક્તિનો મહિમા જૈનધર્મમાં સવિશેષપણે પ્રસ્થાપિત થયેલો છે.

પોતાના ધર્મબંધુનું પણ ધ્યાન રાખો.

એના અભાવોનો અંદાજ લગાવો ને જેટલી પણ થઈ શકે એટલી સહાય એને પહોંચાડો.

ધર્મબંધુને બેઠા કરવાની ફરજ સુખી સંપન્ન શ્રાવકોની છે.

સમ્યક્ત્વ અને સત્ય ચારિત્ર.

સમ્યક્ વ્યવહાર, સમ્યક્ વિચાર અને સમ્યક્ આચાર, સમ્યક્ વાણી તથા સત્ય ચારિત્ર. આ બધાનો સરવાળો એટલે જૈન ધર્મ.

સ્વાધ્યાય અને તપ. પૂજા અને સાધર્મિક ભક્તિ. સમ્યક્ત્વ અને સત્ય ચારિત્ર. એ બધાં તત્ત્વોનો જ્યાં સુભગ સમન્વય થયો છે, તે જ જૈનધર્મ કહેવાય છે.

**जैनधर्मस्य रक्षायामुत्सर्गेणापवादतः ।**
**चतुर्विधेन संघेन, वर्तितव्यं सदा मुदा ॥ २६० ॥**

જૈનધર્મ અને જૈનધર્મની રક્ષા. જૈનધર્મની રક્ષા સૌનું કર્તવ્ય છે.

જૈનધર્મની રક્ષામાં ઉત્સર્ગ અને અપવાદથી ચતુર્વિધ સંઘે હંમેશાં અંતરના ઉત્સાહથી વર્તવું જોઈએ.

ધર્મની રક્ષામાં ઢીલાશ નહિ. ઉત્સાહ જોઈએ. અંતરનો ઉત્સાહ.

**जैनधर्मस्य रक्षायां, धर्मो भवति देहिनाम् ।**

**महान् हि तीर्थकृन्नामबन्धो भवति देहिनाम् ॥ २६१ ॥**

જૈનધર્મની રક્ષાનું ફળ બહુ મોટું છે.

અતિ ઉત્તમ ફળ છે. સર્વ શ્રેષ્ઠ ફળ છે. સર્વોત્તમ ફળ છે.

જૈનધર્મની રક્ષામાં અનંત જીવોની રક્ષા થાય છે અને જીવ રક્ષા એ જ મોટામાં મોટો ધર્મ છે.

જૈનધર્મની રક્ષા કરનારા મોટામાં મોટું પુણ્યકર્મ બાંધે છે.

ઊંચામાં ઊંચું પુણ્ય કર્મ બાંધે છે. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પુણ્ય કર્મ બાંધે છે.

સર્વોત્તમ પુણ્યકર્મ નિષ્પન્ન કરે છે. નિકાચિત કરે છે.

કારણ કે આ સૌથી મોટું સુકૃત્ય છે.

ખરેખર તો જૈનધર્મની રક્ષા કરનાર તીર્થંકર નામકર્મ બાંધે છે.

**जैनानां संकटे प्राप्ते, ये भवन्ति सहायकाः ।**

**ते पराऽऽत्मपदं यान्ति, पुण्यानुबन्धकारकाः ॥ २६२ ॥**

જૈનધર્મ ઉત્તમ ધર્મ છે. એવા જ ઉત્તમ છે જૈનો.

જૈનધર્મની તેઓ રક્ષા કરે છે.

સાધર્મિક ભક્તિ માટે સદૈવ તત્પર રહે છે.

ખરેખર તો પુણ્ય પ્રભાવે કરીને તેમણે એક ઉચ્ચ ધર્મને આ જીવનમાં પ્રાપ્ત કર્યો છે.

ક્યારેક જૈનો માટે સંકટનો સમય પણ આવે છે. જૈનો મૂંઝાય છે.

આવા સંકટના સમયે જૈનોને જે સહાયભૂત થાય છે, તે પુણ્યનો અનુબંધ કરે છે.

આમ પુણ્યનો અનુબંધ કરનારા તેઓ પરંપરાએ પરમાત્મપદને પામે છે.

આ એક મહાન પુણ્ય છે. જૈનોને સહાયક બનવું તે. જૈનોને ઉપકારી બનવું તે.

કારણ કે એક શ્રેષ્ઠધર્મનું પાલન કરનાર અતિ પવિત્ર જીવોને સહાયક બનવું, તે ઉત્તમ પુણ્ય બાંધવા બરાબર છે.

આ દરેકનું કર્તવ્ય છે.

આ પુણ્ય કાર્યમાં મદદરૂપ બનવાની સૌને માટે તાતી જરૂર છે.

ઉત્તમ ધર્મના પાલકોને સહાયક બનવાનું કર્મ પુણ્યનો અનુબંધ કરનાર છે. મહાન પુણ્ય પ્રાપ્તિનું એ નિમિત્ત બને છે.

પરમાત્મપદ પ્રાપ્તિની ઈચ્છા ઘણાની હોય.

જૈનોને સહાયભૂત બનીને પુણ્યનો અનુબંધ કરનારા પરમાત્મ પદને પ્રાપ્ત કરે છે.

**जैनात्मा सद्गतिं याति, याद्दशस्ताद्दशोऽपि सः ।**
**जैनसंस्कारयुक्तानां, जायते सर्वथोन्नतिः ॥ २६३ ॥**

જૈનધર્મ જગતના ધર્મોમાંનો એક શ્રેષ્ઠ ધર્મ છે.

આ જન્મમાં જૈનધર્મની પ્રાપ્તિ પણ અનેક ભવોના પુણ્યના પરિણામ રૂપ છે.

જેવો ધર્મ મહાન છે, તેવા જ જૈનો મહાન છે.

એનું પાલન કરનારા ધર્મીઓ મહાન છે.

જૈનધર્મીઓ સાચે જ સદ્ભાગી છે.

મનુષ્યનું ધ્યેય સદ્ગતિનું હોય છે.

મનુષ્યો પોતાની સદ્ગતિ ઈચ્છે છે.

જૈનધર્મી જેવો તેવો હશે તો પણ સદ્ગતિમાં જશે.

કારણ કે જૈનધર્મ ઉત્તમ ધર્મ છે. જૈન સંસ્કારો વિશ્વમાં અજોડ છે.

આવા ઉત્તમ જૈન સંસ્કારોથી યુક્ત જે મનુષ્યો હોય તેમની સદ્ગતિ કેમ ન થાય ? તેમની ઉન્નતિ કેમ ન થાય ?

જૈન સંસ્કાર યુક્ત મનુષ્યોની સર્વથા- સર્વદા ઉન્નતિ જ થાય છે, એમ અવશ્ય જાણવું.

**जिनेन्द्रो हृदि जैनानां, परिणामेन विद्यते ।**
**ततस्तेषां पवित्रत्वं, विश्वपावित्र्यकारकम् ॥ २६४ ॥**

જૈનધર્મ અને જૈનધર્મીઓ એટલે કે જૈનો.

જૈનોના હૃદયમાં કોણ વસે છે ?

જૈનોના હૃદયમાં રહેલા છે જિનેન્દ્ર પ્રભુ અને જેના હૃદયમાં જિનેન્દ્ર પરમાત્મા વસતા હોય તેઓની પવિત્રતા કેટલી ઉત્તમ કહેવાય ?

વાત સાચી છે.

જ્યાં પવિત્રતાનો વાસ છે, તે હૃદય હંમેશાં પવિત્ર હોય છે.

જૈનો માટે જિનેન્દ્ર પ્રભુનું શરણ જ ઉત્તમ ધ્યેય છે.

ને જિનેન્દ્ર પ્રભુ જ્યાં પવિત્રતા હોય છે, ત્યાં જ વસે છે.

જૈનોનું હૃદય પવિત્ર છે. જિનેન્દ્ર પ્રભુ ત્યાં વસે છે.

પરિણામથી જૈનોના હૃદયમાં જિનેન્દ્ર રહેલા છે.

તેથી તેમનું પવિત્રપણું અજોડ છે.

પવિત્રતા અન્યને પવિત્ર કરે છે.

સ્થળને પવિત્ર કરે છે. દેશને પવિત્ર કરે છે. જગતને પવિત્ર કરે છે.

અને જેના હૃદયમાં મહાન જિનેન્દ્ર પ્રભુ રહેલા હોય એવા જૈનોના પવિત્રપણાની વાત જ શી કરવી ?

જૈનોની આ પવિત્રતા જગતને અજવાળે છે. જગતની મલિનતાનો નાશ કરે છે. વિશ્વને પવિત્ર કરે છે.

તેથી હૃદયમાં પરિણામથી જિનેન્દ્ર રહેલા છે એવા જૈનો પવિત્ર છે અને વિશ્વને પવિત્ર કરે છે.

**जैनाऽऽत्मैव परब्रह्म, मनोदेहनियामकः ।**

**अन्तर्यामी वपुः सृष्टौ, तस्मै नित्यं नमो नमः ॥ २६५ ॥**

જૈનધર્મી. જૈનધર્મનું પાલન કરનારા જૈનો.

ઉત્તમ પુણ્ય બળને કારણે જેમને જૈનધર્મ જેવો ઉત્તમ ધર્મ આ ભવમાં પાલન કરવા મળ્યો છે, તેવા સમ્યક્ આચાર-વિચારવાળા મનુષ્યો. તે જૈનો. જૈનધર્મીઓ.

જૈન આત્મા શ્રેષ્ઠ છે.

જૈન આત્મા મનનું નિયમન કરે છે.

જૈન આત્મા દેહનું નિયમન કરે છે.

આવો જૈન આત્મા સાચે જ પરબ્રહ્મ છે.

શરીર એક સૃષ્ટિ છે. આ શરીર સૃષ્ટિનો તે અંતર્યામી છે.

સાચે જ આવો જૈન આત્મા વંદનને યોગ્ય છે.

નમનને યોગ્ય છે.

આવા પવિત્ર તથા દેહ અને મનના નિયામકરૂપ જૈન આત્માને, મનના નિયામકરૂપ જૈન આત્માને વારંવાર નમસ્કાર થાઓ.

तीर्थंकरप्रभोः पश्चात्, जैनधर्मप्रवर्तकाः ।
धर्माचार्या द्विधा ज्ञेया, गृहित्यागिविभेदतः ॥ २६६ ॥

તીર્થંકર પ્રભુઓ જૈનોના આરાધ્ય પ્રભુઓ છે.

યુગયુગોથી તીર્થંકર પરમાત્માઓ જૈનધર્મનું જગતમાં પ્રવર્તન કરતા આવ્યા છે.

ધર્મના દીપકોને તેઓ સતેજ કરે છે. જગતની પીડાને હણે છે.

અંધકારમાંથી જગતને પ્રકાશ તરફ લઈ જાય છે.

તીર્થંકર પ્રભુઓનું જગતમાં થયેલું અવતરણ હેતુપૂર્વકનું હોય છે. વિશ્વકલ્યાણ તથા ધર્મના પ્રવર્તન માટે તેઓ તપોમય જીવન જીવે છે.

ધર્મઉપદેશના પ્રવચન દ્વારા જગતને સાચો રાહ બતાવે છે.

જગતના તમામ જીવોને પુણ્યની ઉત્તમ કેડીઓનાં દર્શન કરાવે છે.

તીર્થંકર પ્રભુના આગમને ધરિત્રી ધન્ય બની જાય છે.

પૃથ્વીનાં પાપ નષ્ટ થાય છે. તમસ હણાય છે. પ્રકાશ પ્રગટે છે.

તીર્થંકર પ્રભુઓ માટે જૈનોના હૃદયમાં ભક્તિભર્યું સ્થાન છે.

જૈનધર્મના આ તીર્થંકરો પછી ધર્માચાર્યો જૈનધર્મના પ્રવર્તકો હોય છે. તેઓ ધર્મનું પ્રવર્તન કરે છે.

આવા પ્રવર્તક ધર્માચાર્યોના બે પ્રકાર હોય છે :

ગૃહી અને ત્યાગી.

આવા બંને પ્રકારના પ્રવર્તકો પોત પોતાની રીતે જૈનધર્મનું પ્રવર્તન કરે છે એમ જાણવું.

जैनधर्मस्य साम्राज्ये, विद्यमाने तु भूतले ।
सत्या विश्वोन्नति भूया, च्छान्तिश्च सर्वभूतले ॥ २६७ ॥

જૈનધર્મ વિશ્વ ધર્મ છે.

જૈનધર્મમાં ઉત્તમ ધર્મના તમામ તત્ત્વો તથા ગુણો રહેલાં છે.

વિશ્વની તમામ સમસ્યાઓના ઉકેલની માસ્ટરકી જૈનધર્મમાં પડેલી છે. આ ઉત્તમ અને પુરાતન ધર્મ યુગોથી સતત વિશ્વ મધ્યે હૃદય પ્રકાશ પાથરી રહેલ છે. આટલી ભવ્યતા, દિવ્યતા અને ઉત્તમતા બીજે ક્યાંય જોવા નહિ મળે કદાચ.

વિશ્વમાં જ્યાં જ્યાં નજર નાખો, ત્યાં ત્યાં જૈનધર્મનું સામ્રાજ્ય નજરે પડશે.

જૈનધર્મ વિશ્વ વ્યાપક છે. યુગ પ્રવર્તક છે.

અને આ જગત - આ વિશ્વ અનેક પ્રકારના પ્રશ્નોથી પીડાઈ રહ્યું છે. વેરઝેરની લબકારા મારતી આગ સર્વત્ર જોવા મળે છે.

અશાંતિની આંધી પ્રસરતી જાય છે. પીડાઓ છે. વેદનાઓ છે. વ્યથાઓ છે. અકળામણો છે ને મૂંઝવણો છે. વિશ્વ ગૂંગળાઈ રહ્યું છે.

હા, સુખ, શાંતિ અને માનવપ્રગતિથી વિપરીત પવન ફૂંકાઈ રહ્યો છે વિશ્વમાં. વિશ્વ સતત દાઝી રહ્યું છે.

વિશ્વ માનવ શાંતિ ઝંખે છે. ઉન્નતિ ઝંખે છે. પ્રગતિ ઝંખે છે. સ્નેહનું પ્રવર્તન ઝંખે છે.

અને વિશ્વને આ બધું જ આપી શકે છે કેવળ અને કેવળ જૈન ધર્મ.

કારણ કે - જૈનધર્મમાં ઉત્તમ ગુણરત્નોનો ભંડાર છે.

શાંતિદાયક સિધ્ધાન્તો છે. ઉન્નતિ માટેના નિયમો છે.

પીડાઓના શમન માટેની ઔષધિઓ છે - દિવ્ય ઔષધિઓ છે.

બસ, ને વિશ્વનો સરેરાશ માનવી ઈચ્છે છે કે એને સુખ મળે, શાંતિ મળે, મબલખ તકો મળે, ઉન્નતિનાં નિમિત્તો મળે.

અને આ નિમિત્તો આપે છે જૈન ધર્મ. કેવળ જૈનધર્મ.

કે જે ધર્મ વિશ્વ વ્યાપક છે કે જે ધર્મ યુગ પ્રવર્તક છે કે જે ધર્મ શાંતિદાયક છે કે જે ધર્મ માનવ માત્રની ઈચ્છાઓ પૂરી કરવાની ક્ષમતા ધરાવે છે.

અને એટલે સૌને વિશ્વાસ છે, શ્રધ્ધા છે આ ધર્મ પર.

જૈનધર્મ એમની અપેક્ષાઓને સંતોષશે જ.

શાંતિ જરૂર પ્રસરાવશે.

જગતની આ ઝંખના છે. વિશ્વની આ અપેક્ષા છે.

શાંતિ, સ્નેહ, ઉન્નતિ.

અને જ્યારે આવા મહાન, ઉત્તમ અને મૂલ્યવાન સિદ્ધાન્તોથી ભરેલા જૈનધર્મનું સામ્રાજ્ય વિશ્વમાં પથરાયેલું હોય, ત્યારે માનવીની અપેક્ષાઓ કેમ ન સંતોષાય ? કેમ એની પૂર્તિ ન થાય ?

જરૂર એમ જ બને.

જૈનધર્મ થકી સકલ વિશ્વમાં સાચી ઉન્નતિ થાઓ.

અને સર્વત્ર શાંતિ સ્થપાઓ.

तादृक्छान्ति र्न केनाऽपि, वर्ततेऽतो जनैः सदा ।
जैनधर्मसदाचारः, पालनीयः प्रयत्नतः ॥ २६८ ॥

જગત જરૂર શાંતિ ઝંખે છે. શાંતિનું સામ્રાજ્ય ઝંખે છે.

પણ તેવા પ્રકારની શાંતિ કોઈથી પણ થતી નથી.

એ માટે જોઈએ જૈનધર્મમાં શ્રદ્ધા. જોઈએ વિશ્વાસ. જોઈએ પ્રયત્નો. જોઈએ સાચા હૃદયની ઝંખના. જોઈએ વિચારોની ઉત્તમતા.

શાંતિની ઝંખના આજની નથી. અનાદિની છે. શાશ્વત કાળની છે.

સૃષ્ટિ અનાદિની છે. સૃષ્ટિની આદિ નથી કે અન્ત પણ નથી.

આ પૃથ્વી પરના એક માત્ર માનવી જ નહિ પરંતુ સૃષ્ટિના તમામે તમામ જીવો ઝંખે છે નિરાંત. જીવનની શાંતિ. પરમ શાંતિ.

સુખદાયક, ચેન દાયક અને ચિરંતન શાંતિ.

શાંતિનાં શ્વેત પારેવાં માનવી ઉડાડવા માંગે છે.

એ આગળ વધવા માંગે છે. વિકાસ ઝંખે છે. ઉન્નતિ ઝંખે છે.

પણ અફસોસ કે શાંતિ મળતી નથી.

શાંતિની અપેક્ષા પૂર્ણ થતી નથી. ઝંખના સાકાર થતી નથી.

વિશ્વમાં વારંવાર વૈમનસ્યો પેદા થાય છે.

ને શાંતિનાં જળ આંદોલિત થઈ જાય છે.

શાંતિના શાંત સરોવરમાં વમળો પેદા થાય છે.

અશાંતિનો અજગર જગત ફરતે ભરડો લે છે.

યુદ્ધની નોબતો વાગે છે.

વેરનાં વિષ ઓકતા સર્પો સતત દંશ દે છે વિશ્વની શાંતિને.

શાંતિ હણાય છે. શાંતિ છેદાય છે.

શાંતિ હોય તો વિચારો સ્પષ્ટ બને.

ચિંતન ધારા વહે. જીવનનાં તમામ સત્કાર્યોનો માર્ગ સૂઝે.

પણ શાંતિ સરકી જાય તો- રોજિંદી વિકાસકૂચ ખોડંગાય. ચિત્ત આંદોલિત થાય. મન બેચેન બને. ચેનની બંસી માનવી બજાવી શકે નહિ.

વિશ્વ ઉન્નતિની અપેક્ષા રાખીને બેઠું છે.

જ્યાં છે, ત્યાંથી આગળ જવું છે.

જ્યાં છે, ત્યાંથી ઊંચે ચઢવું છે. સોપાન શ્રેણી પાર કરવી છે.

શિખરે પહોંચવું છે. વિકાસનાં શિખરો સર કરવાં છે.

પણ આ બધું ત્યારે જ શક્ય બને કે તેને આંતર્ - બાહ્ય શાંતિ મળી હોય.

ઉન્નતિ માટે શાંતિ જોઈએ. ને શાંતિ માટે પ્રયાસ કરવો પડે.

ઈચ્છા કરવાથી કશું મળતું નથી. કરવો પડે પ્રયાસ.

એ માટે જગત મીટ માંડીને બેઠું છે જૈનધર્મ પર.

એ માટે વિશ્વના માનવીઓએ સતત- હંમેશાં - અટક્યા વિના પ્રયત્નપૂર્વક જૈનધર્મના સદાચાર પાળવા જોઈએ.

જૈનધર્મ તે શાંતિ આપશે. વિશ્વ શાંતિ પ્રસરાવશે.

ઉન્નતિનો માર્ગ ખૂલ્લો કરશે.

**अल्पदोषं महाधर्मं, ज्ञात्वा जैनै र्विवेकतः ।**
**जैनधर्मोन्नतेः कार्यं, कर्तव्यमाऽऽत्मभोगतः ॥ २६९ ॥**

**જૈનોએ પોતાનું કર્તવ્ય નિભાવવું જોઈએ.**

**જૈનધર્મનો વિકાસ. જૈનધર્મની ઉન્નતિ.**

**હા, જૈનધર્મની ઉન્નતિ એ જૈનોનું પરમ કર્તવ્ય છે.**

**અને એ જ જીવન કર્તવ્ય હોય.**

ધર્મની ઉન્નતિ ન હોય તો બીજી બધી ઉન્નતિ શા કામની ?

એવી ઉન્નતિનો શો અર્થ ?

જૈનોએ વિવેકપૂર્વક અલ્પદોષ અને મહાધર્મને જાણવો જોઈએ.

મહાધર્મને સમજવો જોઈએ.

ધર્મની ઉન્નતિ માટે જરૂરી છે આત્મભોગ. આત્મભોગ દ્વારા ઉન્નતિની સોપાન શ્રેણી પર પગ મૂકી શકાય છે. તો જ ઉન્નત બની શકાય છે.

જૈનધર્મ એક મહાધર્મ છે.

એની ઉન્નતિ માટે મહત્ યોગદાન આપવું, તે દરેક જૈનધર્મીની ફરજ છે. તે માટે બધું જ કરી છુટવું જોઈએ.

તે માટે કોઈપણ ભોગ આપવા તત્પર રહેવું જોઈએ.

અને આમ આત્મભોગ દ્વારા જૈનોએ વિવેકથી જૈનધર્મની ઉન્નતિનાં કાર્ય કરવા જોઈએ.

**जैनधर्मस्य सेवायामहिंसैव स्वकर्मतः ।**
**अहिंसाप्यन्यथा हिंसा, जैनानां स्वत्वनाशिनी ॥ २७० ॥**

જૈનધર્મ !
એની સેવા. સેવા માટે કરાતાં સ્વ-કર્મ.
જૈનધર્મની સેવામાં સ્વ કર્મથી અહિંસા જ છે.
અહિંસા સેવાજન્ય છે. સેવાની ભૂમિકા ઉપર ઉભેલી છે.
જૈનધર્મની સેવા એ પણ કર્મથી અહિંસા જ છે એમ જાણવું.
જો સેવાની ભાવના ન હોય તો અહિંસાનો કોઈ અર્થ નથી.
સ્વત્વનો નાશ કરનારી અહિંસા તો પછી હિંસા જ જાણવી.
સાચી અહિંસા સેવામાં. ધર્મની સેવામાં. જૈનધર્મની સેવામાં.
જૈનધર્મની સેવામાં જ સ્વ કર્મથી અહિંસા રહેલી છે.
અન્યથા તો સ્વત્વનો નાશ કરનારી અહિંસા પણ હિંસા જ છે.
સેવાકીય અહિંસા જ સાચી અહિંસા.

**पुरुषाणां च नारीणां, तुल्यत्वं सर्वकर्मसु ।**
**सर्वजातिमनुष्याणामुच्चत्वं न च नीचता ॥ २७१ ॥**

પુરુષ અને સ્ત્રી.
પુરુષનું કર્મ અને સ્ત્રીનું કર્મ.
પુરુષોનું અને સ્ત્રીઓનું કર્મમાં તુલ્યપણું રહેલું છે.
હંમેશા સર્વ જાતિના મનુષ્યોનું ઉચ્ચપણું જાણવું જોઈએ.
નીચતા નહિ.

**सर्वदेशीय लोकानां, राष्ट्रादिसर्वकर्मणाम् ।**
**व्यवहारे समानत्वं, स्वातंत्र्यं समं भुवि ॥ २७२ ॥**

આ જગતમાં વિવિધ દેશે વિવિધ લોકો વસે છે.
આમ તો અનેક પ્રકારની વિભિન્નતા આ બધામાં જોવા મળે છે.
પહેરવેશ, ભાષા, સંસ્કૃતિ, આચાર, વિચાર.
આમ, વિવિધ પ્રકારે વિભિન્નતા દેખાય છે.

તેમ છતાં સર્વદેશીય લોકોનું રાષ્ટ્ર વગેરે સર્વ કર્મોમાં વ્યવહારથી સમાનપણું જાણવું.

રાષ્ટ્ર ભાવના સમાન છે. રાષ્ટ્ર પ્રેમ સમાન છે. રાષ્ટ્ર પ્રત્યેનું કર્તવ્ય સમાન છે.

ભાષા અલગ છે. ભાવના સમાન છે.

પોષાક અલગ છે. પ્રેમ સમાન છે.

ભૂમિગત- ભૌગોલિક લાક્ષણિકતાઓ ભિન્ન ભિન્ન છે પણ રાષ્ટ્ર વગેરેનાં કર્મ એક સમાન છે.

વિવિધતામાં સમાનતા છે. સામ્ય છે.

વ્યવહારથી તમામમાં સમાનપણું જાણવું.

આ પૃથ્વી પર વિવિધ દેશો હોવા છતાં સર્વ કર્મોમાં વ્યવહારે સમાનપણું છે.

સ્વાતંત્ર્યની ભાવના સમાન છે.

સ્વાતંત્ર્યની ઈચ્છા શક્તિ સમાન છે.

હૃદયગત ભાવના એક સમાન છે.

આ પૃથ્વી પર સ્વાતંત્ર્ય સમાન છે. એમાં કોઈ ફેર નથી. કારણ કે રાષ્ટ્ર ભાવના સમાન છે.

**स्वातंत्र्यमेव धर्मोऽस्ति, सर्वदेशमनीषिणाम् ।**
**जैनधर्मो मया प्रोक्तो, व्यक्तिस्वातंत्र्यरक्षकः ॥ २७३॥**

સ્વાતંત્ર્ય. રાષ્ટ્રનું સ્વાતંત્ર્ય અને વ્યક્તિ સ્વાતંત્ર્ય.

સ્વાતંત્ર્યની ઈચ્છા દરેકના મનમાં પડેલી જ હોય છે.

પરતંત્રતાને કોઈ ઈચ્છતું નથી.

તેથી સર્વદેશીય બૌદ્ધિકો મનીષીઓ સ્વાતંત્ર્ય ઈચ્છે છે.

મનીષીઓ માટે સ્વાતંત્ર્ય એ જ ધર્મ છે.

સ્વાતંત્ર્ય સિવાયના જીવનનો કોઈ અર્થ નથી.

જ્યાં સ્વાતંત્ર્ય છે ત્યાં વિકાસ છે - વ્યક્તિનો અને રાષ્ટ્રનો.

જૈનધર્મ સ્વાતંત્ર્યની તરફદારી કરે છે.

વ્યક્તિના સ્વાતંત્ર્યનો રક્ષક જૈનધર્મ છે.

જૈનધર્મ વ્યક્તિના વિકાસમાં માને છે.

તેથી ઉન્નતિમાં માને છે. તેથી વ્યક્તિ સ્વાતંત્ર્યમાં માને છે.

વ્યક્તિ સ્વાતંત્ર્યનું રક્ષણ કરે છે.

सर्वखण्डस्थलोकानां, रक्षणं सर्वशक्तितः ।
जैनधर्मो मया प्रोक्त, स्तथा पश्वादिरक्षणम् ॥ २७४ ॥

જગતમાં વિવિધ ખંડો છે. વિવિધ દેશો છે.
એ દેશોમાં વિવિધ લોકો છે.
એમનું રક્ષણ અત્યંત જરૂરી છે.
રક્ષણ નહિ હોય તો વ્યક્તિ સ્વાતંત્ર્ય નહિ રહે.
તો વ્યક્તિ વિકાસ નહિ રહે.
વ્યક્તિના વિકાસ માટે જરૂરી છે વ્યક્તિનું સ્વાતંત્ર્ય.
એ માટે જરૂરી છે રક્ષણ.
દરેક માણસનું રક્ષણ થવું જોઈએ.

સર્વ ખંડમાં રહેલા લોકોનું રક્ષણ રાષ્ટ્રના વિકાસ જેટલું જ મહત્ત્વનું છે.

સર્વ રીતે રક્ષણ કરવું જોઈએ.
સર્વ શક્તિ કામે લગાડીને લોકોનું રક્ષણ કરવું જોઈએ.

અરક્ષિત સમાજ અને અરક્ષિત વ્યક્તિ શી રીતે વિકાસના માર્ગ પર ડગલાં ભરી શકે?

રક્ષણ માનવીની પ્રાથમિક જરૂરિયાત છે.
રક્ષણ શાંતિ આપે છે. આત્મવિશ્વાસ આપે છે.

રક્ષણ વિના જીવન શક્ય નથી. વિકાસ શક્ય નથી. રાષ્ટ્રની ઉન્નતિ શક્ય નથી.

તેથી સર્વ ખંડમાં રહેલા લોકોનું રક્ષણ કરવું જોઈએ.
સર્વ શક્તિથી રક્ષણ કરવું જોઈએ.
કોઈપણ ભોગે રક્ષણ કરવું જોઈએ.
માત્ર મનુષ્યોનું જ નહિ પશુ વગેરેનું પણ રક્ષણ થવું જરૂરી છે.
હિંસા ન કરાય. અહિંસા જ આચરાય.
તો જ વ્યક્તિની સુરક્ષા થાય. પશુની સુરક્ષા થાય.

અહિંસા જાય, ત્યાંથી સુરક્ષા જાય. આત્મરક્ષા જાય. આત્મોન્નતિ જાય.

ઉન્નતિની પ્રથમ શરત છે આત્મરક્ષા.
વ્યક્તિની રક્ષા અને પશુની પણ રક્ષા.
સર્વ પ્રાણીઓની રક્ષા. સર્વ જીવોની રક્ષા.
જૈનધર્મ આ વાત કહે છે.
જે જૈનધર્મના એવા સ્વરૂપને મેં કહેલ છે.

अन्यायक्रौर्यनाशेन, विश्वस्य शान्तिरक्षणम् ।
सर्वत्र सर्वजैनानां, जैनधर्मस्य लक्षणम् ॥ २७५ ॥

વિશ્વ ઝંખે છે શાંતિ. લોકો ઝંખે છે શાંતિ. સર્વ જીવો ઝંખે છે શાંતિ.
સહુ ઈચ્છે છે કે જગતમાં શાંતિ સ્થપાય. પણ એવું બને ક્યારે ?
શાંતિ સ્થપાય ક્યારે ? શાંતિનું રક્ષણ ક્યારે થાય ?
વિશ્વની શાંતિનું રક્ષણ સૌ કોઈ ઈચ્છે છે.
તેમ બને ક્યારે ?
અન્યાયનો નાશ થાય ત્યારે.
ક્રૂરતાનો નાશ થાય ત્યારે. હિંસાનો નાશ થાય ત્યારે.
અન્યાય અને ક્રૂરતા જ વિશ્વની શાંતિનો નાશ કરનાર છે.
માટે તેનો નાશ કરો.
અન્યાયનો નાશ કરો. ક્રૂરતાનો નાશ કરો. હિંસાને હણી નાખો.
જૈનધર્મની આ વિશિષ્ટતા છે.
તે ઉત્તમ ધર્મ એટલા માટે છે કે તેનામાં ઉત્તમ લક્ષણો રહેલાં છે.
ઉત્તમ ગુણ રત્નો રહેલાં છે.
ગુણ વૈભવથી જૈનધર્મ શોભે છે.
ધર્મમાં ભાવના ઊંચી હોવી જોઈએ.
જૈનધર્મમાં એ છે તેથી તે જગતનો શ્રેષ્ઠ ધર્મ છે.
જગતવ્યાપી ધર્મ બન્યો છે.
જૈનધર્મ ક્રૂરતાનો નાશ ઈચ્છે છે. અન્યાયનો નાશ ઈચ્છે છે.
ક્રૂરતા હિંસાની જનેતા છે.
ક્રૂરતાના ભાવ થકી જ હિંસા ઉત્પન્ન થાય છે.
હિંસાના મૂળમાં ક્રૂરતાનો ભાવ રહેલો છે.
જ્યાં ક્રૂરતા નથી ત્યાં હિંસા નથી.
છે કેવળ અહિંસા. છે કેવળ શાંતિ.
ક્રૂરતા અને અન્યાય વિશ્વની શાંતિનો નાશ કરનાર છે.
વિશ્વશાંતિને તરંગિત કરનાર છે.
ક્રૂરતાને ક્રૂરતાથી હણી નાખો. અન્યાયને હણી નાખો.
જ્યાં અન્યાય છે, ત્યાં શાંતિ નથી.

અન્યાય વિશ્વશાંતિ હણનાર છે.

એક દેશ બીજા દેશને અન્યાય કરે છે કે એક વ્યક્તિ બીજી વ્યક્તિને અન્યાય કરે છે, ત્યારે શાંતિ નષ્ટ થાય છે.

સર્જાય છે અશાંતિ. સર્જાય છે હિંસા. સર્જાય છે યુદ્ધ.

જગતને યુદ્ધ ખપતું નથી. જગતને જોઈએ છે શાંતિ.

વિશ્વશાંતિની સ્થાપના જરૂરી છે.

જૈનધર્મ શાંતિની સ્થાપનાને અગ્રતા આપે છે.

વિશ્વશાંતિ વ્યાપવા માગે છે.

જૈનધર્મમાં એવા ઉત્તમ તત્ત્વો પડેલાં છે કે એમના થકી વિશ્વ શાંતિની સ્થાપના થઈ શકે તેમ છે.

અન્યાય હટાવો. ક્રૂરતાનો નાશ કરો.

હિંસાને હટાવો. અહિંસા સ્થાપો.

તો જ રક્ષણ થશે શાંતિનું. રક્ષણ થશે વિશ્વ શાંતિનું.

અહિંસા, પ્રેમ, વ્યક્તિ સ્વાતન્ત્ર્ય. એ ગુણોનું અનુશીલન.

અને આ થકી જ વિશ્વની શાંતિ રક્ષાશે. વિશ્વ શાંતિ કાયમ થશે.

સર્વત્ર સર્વ જૈનોનું આ લક્ષણ છે.

જૈનધર્મનું આ લક્ષણ છે.

नारीभिश्च नरैः प्रीत्या, कर्तव्यं वीर्यरक्षणम् ।
वीर्यरक्षणमप्यस्ति,जैनधर्मः सुखावहः ॥ २७६ ॥

જૈનધર્મમાં સાંસારિક બાબતોની પણ વાત કરવામાં આવી છે.

સુખમય જીવન માટેના સિદ્ધાન્તો જૈનધર્મ દોરી આપે છે.

ને સુખ કોણ નથી ઝંખતું ?

સહુ ઝંખે છે સુખને. સહુને જોઈએ છે સુખ.

સુખની અભીપ્સા સૌને છે.

સ્ત્રી હોય કે પુરુષ હોય.

સર્વની એક ઈચ્છા હોય છે કે એને સુખ મળે.

સુખની પ્રાપ્તિ થાય.

પ્રીતિ સુખનું કારણ છે. પ્રેમ સુખનું કારણ છે.

સ્ત્રી અને પુરૂષ પ્રીતિપૂર્વક રહે તો સુખ બની રહે.

બંનેએ પ્રીતિપૂર્વક વીર્યનું રક્ષણ કરવું જોઈએ.

વીર્યનું રક્ષણ કરવામાં પ્રેમ ઓછો ન થવો જોઈએ.

પ્રેમ પ્રથમ શરત છે. પ્રેમ વિના સુખ શક્ય નથી.

વીર્ય સુખકારક છે. શક્તિકારક છે.

વીર્યથી વ્યક્તિનું ઓજસ રક્ષાય છે. તેથી સંયમપૂર્વક જીવન જીવવું જોઈએ અને પ્રેમપૂર્વક વીર્યનું રક્ષણ કરવું જોઈએ. જે સુખ માટે જરૂરી છે.

ને એ જ સુખકારક છે. સુખકારક જૈનધર્મ છે.

**ब्रह्मचर्याश्रमे बालाः, संपाद्या उर्ध्व रेतसः ।**

**प्राणायामादिभि र्भव्याः, कर्तव्याः कर्मयोगिनः ॥ २७७॥**

બાળકો કર્મયોગી બને તે માટેના સંસ્કાર શૈશવથી જ તેમનામાં નાંખવા જોઈએ.

બાલ્યવયથી જ બાલાશ્રમમાં ઊર્ધ્વરેતસ્- ઊર્ધ્વવીર્યવાન અર્થાત્ બ્રહ્મચારી બનાવવા જોઈએ.

બ્રહ્મચર્યપણાનો અનાદર એને શક્તિહીન બનાવી દે છે.

એમને વ્યાયામ શીખવો. વ્યાયામની ટેવ પાડો.

પ્રાણાયામ શીખવો. પ્રાણાયામથી તેઓ શક્તિમાન બનશે.

સત્કર્મ કરવાને સમર્થ બનશે. ભવ્ય સ્વરૂપવાન બનશે.

સાચા કર્મયોગી બનશે.

કર્મયોગીપણાના સંસ્કાર બચપનથી જ તેમનામાં નાંખવા જોઈએ.

**सर्वदेशेषु रोगाणां, नाशार्थमौषधालयः ।**

**स्थाप्या वैद्यप्रबन्धेन, तथा ज्ञानालयः शुभः ॥ २७८ ॥**

જૈનધર્મ દેશ અને વ્યક્તિના વિકાસ માટે સતત માર્ગદર્શક બની રહે છે.

વિકાસ વ્યક્તિનો હોય. દેશનો હોય કે વિશ્વનો હોય.

પણ એ માટે અમુક નિયમો તદ્દન આવશ્યક છે.

રોગ માનવવિકાસને હણનારૂ પરિબળ છે.

રોગનો નાશ જરૂરી છે.

દેશમાં આવા તો અનેક રોગીઓ હોય છે.........

વિવિધ પ્રકારના રોગો ને રોગોના ભોગ બને છે મનુષ્યો.

રોગોના નાશ માટે જરૂરી છે ઔષધો.

અને ઔષધોનો ઉચિત ઉપયોગ વૈદ્યો દ્વારા જ શક્ય બને.

વૈદ્યો મનુષ્યને તપાસે. રોગનાં લક્ષણ જાણે.

ને પૂર્ણ તપાસ પછી કોનો રોગ કયા ઔષધથી મટે તે નક્કી કરે.

ને તે પછી ઔષધ દ્વારા તેના રોગનો નાશ થાય તે માટેનો પ્રબંધ કરે.

દેશમાં આવા વૈદ્યો જરૂરી છે. સર્વ દેશોમાં વૈદ્યો જરૂરી છે. કારણ કે સર્વ દેશોમાં આરોગ્ય જરૂરી છે.

એ માટે જોઈએ ઔષધાલયો.

અને ઔષધાલયોમાં જોઈએ વૈદ્યોના પ્રબંધ.

તેથી દરેક દેશમાં વૈદ્યોના સુપ્રબંધયુક્ત ઔષધાલયો સ્થાપન કરવા જરૂરી છે.

સુખ માટે તનનું આરોગ્ય જરૂરી છે.

તનના આરોગ્ય માટે જરૂર છે ઔષધિની.

ઔષધિ આપે છે વૈદ્ય.

તેથી આવા ઔષધાલયો પ્રત્યેક દેશમાં જરૂરી છે.

તનનું આરોગ્ય જરૂરી છે તો મનનું આરોગ્ય પણ જરૂરી છે.

તનનો જમણવાર જરૂરી છે તો મનનો જમણવાર પણ જરૂરી છે.

મનનું આરોગ્ય. બુદ્ધિનું વર્ધન. જ્ઞાનનું વર્ધન. કેળવણીનું વર્ધન.

તનના આરોગ્ય માટે ઔષધાલયો સ્થાપન કરવા જોઈએ.

તેમ મનના આરોગ્ય માટે- જ્ઞાનવર્ધન માટે જરૂરી છે જ્ઞાનાલયો.

જ્ઞાનાલયો સ્થાપવા જોઈએ. શાળાઓ સ્થાપવી જોઈએ.

ગ્રંથાલયો સ્થાપવા જોઈએ. જેથી અજ્ઞાનનો નાશ થાય.

ઔષધાલય રોગનો નાશ કરે. જ્ઞાનાલય અજ્ઞાનનો નાશ કરે.

અજ્ઞાનના નાશથી મનનું આરોગ્ય વધે.

રોગના નાશથી તનનું આરોગ્ય જળવાય.

તન અને મનના આરોગ્યથી આત્માનો વિકાસ થાય.

पशुनां पक्षिणां रोगनाशार्थमौषधालयः ।
कर्तव्यः सत्प्रबन्धैश्च, सर्वत्र विश्वयोगिभिः ॥ २७९ ॥

મનુષ્યોના રોગોના નાશ માટે ઠેરઠેર ઔષધાલયો જરૂરી છે.

જેથી તેમનું આરોગ્ય જળવાય. રોગ નષ્ટ થાય.

સમાજ રોગ રહિત બને. દેશ રોગ રહિત બને.

વિશ્વ શક્તિમાન બને.

ઔષધાલયો ઠેરઠેર સ્થાપવા જોઈએ.

ઠેર ઠેર જ્ઞાનાલયો સ્થાપવા જોઈએ.

આ તો મનુષ્યોની વાત થઈ.

પણ જૈનધર્મ તો પશુઓ અને પક્ષીઓના સ્વાસ્થ્ય માટે પણ ચિંતા કરે છે.

પશુઓને પણ રોગ થાય છે. પક્ષીઓને પણ રોગ થાય છે.

એમના રોગનું શું ? એમના રોગનું નિવારણ પણ એટલું જ જરૂરી છે.

આરોગ્ય જીવ માત્રનું સચવાવું જોઈએ.

આરોગ્ય વિનાના જીવનનો અર્થ શો ? પછી ભલેને એ પશુ કે પંખીનું જ કેમ ન હોય !

વિશ્વના યોગીઓએ પશુ અને પંખીઓના આરોગ્ય માટે વ્યવસ્થા કરવી જરૂરી છે.

આ વ્યવસ્થા સર્વત્ર હોય.

સરસ પ્રબંધોથી યુક્ત હોય તેવા પશુ-પક્ષી માટેના ઔષધાલયો પણ હોવા જોઈએ. જેથી પશુના રોગનું નિવારણ થાય.

પક્ષીના રોગનું નિવારણ થાય.

दुष्टानां संगतिस्त्याज्या, चौरा दण्डयाश्च हिंसकाः ।
राज्यनीति प्रबन्धेन, वर्तितव्यं जगज्जनैः ॥ २८० ॥

જૈનધર્મ જીવનમાં કોનો સંગ ન કરવો, તે બાબતનું પણ માર્ગદર્શન આપે છે.

કારણ કે સંગ પ્રમાણે જ મનુષ્યનું જીવન ઘડાય છે.

સંગનો રંગ લાગે જ છે. સંગનો પ્રભાવ પડે જ છે.

જેવો સંગ, તેવો રંગ.

જૈનધર્મ કહે છે કે - દુષ્ટોનો સંગ ન કરવો.

કારણ કે તેમની દુષ્ટતાની અસર તેનામાં આવ્યા વિના રહેતી નથી.
દુષ્ટથી બચો. દુષ્ટથી દૂર રહો.
દુષ્ટની મિત્રતા ન કરો. એનો સંગ ન કરો.
ચોરી કરનારાઓને ઉચિત દંડ કરવો જોઈએ.
જેથી તે ચોરી કરતો અટકે. ચોરીનું કર્મ ભવિષ્યમાં ન કરે.
બીજા કોઈ એનામાંથી પ્રેરણા ન લે તે માટે.
હિંસા પણ ગુનો છે. હિંસા ન આચરવી જોઈએ.
હિંસા કરનારાઓને પણ દંડ દેવો જોઈએ.
જેથી હિંસા અટકે. શાંતિ સ્થપાય. વ્યક્તિ સુરક્ષિત બને.
જગતના લોકોની સાથે રાજ્યનીતિના પ્રબંધપૂર્વક વર્તવું જોઈએ.

**अहिंसा सर्वखण्डेषु, प्रतिष्ठाप्याऽऽत्मभोगतः ।**
**आत्मसंघादिरक्षायामहिंसैव स्वभावतः ॥ २८१ ॥**

હિંસા નહિ અહિંસા આચરો.
હિંસા અશાંતિ સર્જશે. વેર વધારશે. શાંતિનો નાશ કરશે.
હિંસા માણસને હેવાન બનાવશે. પશુતાનો પડોશી બનાવશે.
રાક્ષસ બનાવશે. માટે હિંસા ન આચરો.
અહિંસા અપનાવો. અહિંસાનું આચરણ કરો.
અહિંસા જ પરમધર્મ છે. અહિંસાનો સર્વત્ર પ્રચાર કરવો જોઈએ.
સર્વ ખંડોમાં- સર્વ દેશોમાં પ્રચાર કરવો જોઈએ.
ભલે એ માટે ભોગ આપવો પડે.
આત્મભોગ પૂર્વક અહિંસાનો સર્વ ખંડોનાં પ્રચાર કરવો જોઈએ.
હિંસાને ભગાડો. એને નષ્ટ કરો. એને હટાવી દો. હિંસાથી બચો.
અહિંસાનો પ્રચાર કરો.
જીવનમાં અને જગતમાં માત્ર અને માત્ર અહિંસાની સ્થાપના કરો.
આત્મરક્ષા માટે જરૂરી છે અહિંસા.
જ્યાં હિંસા છે. ત્યાં રક્ષા નથી. સુરક્ષા નથી. આત્મ સ્વાતંત્ર્ય નથી.
આત્માની રક્ષા માટે જરૂરી છે અહિંસાની ભાવના.
હિંસા યુદ્ધ લાવશે. અહિંસા શાંતિ લાવશે.
હિંસા વેર વાવશે. અહિંસા પ્રેમ વાવશે.

માટે હિંસાને હણો. અહિંસાને સ્થાપો.

આત્માની રક્ષા માટે સ્વભાવથી અહિંસા જ મુખ્ય કારણ છે.

સંઘ વગેરેની રક્ષા માટે પણ અહિંસા જ મુખ્ય કારણ છે.

તેથી અહિંસા સ્થાપો. અહિંસાનો પ્રચાર કરો.

ભલે તે માટે ઘસાવું પડે. ભલે તે માટે આત્મભોગ આપવા પડે.

**आत्मवत्सर्वलोकेषु, वर्तनं जैनधर्मिभिः ।**
**कर्तव्यं जैनधर्मोऽस्ति, सत्यं मया प्रकाशितम् ॥ २८२ ॥**

શ્રી નેમિનાથ જગત્પ્રભુ દ્વારિકાપુરીમાં પધાર્યા છે. દ્વારિકાપુરીના રાજા શ્રી કૃષ્ણ વાસુદેવને બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ પ્રભુ ધર્મનો બોધ કરાવી રહ્યા છે.

આત્મા વગેરે તત્ત્વના બોધ દ્વારા તેઓ શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધ પમાડી રહ્યા છે.

જૈનધર્મ અને જૈનધર્મી એટલે કે જૈન.

જૈનધર્મી માટે આ જગતના તમામ લોકો એક સમાન છે. જગતના તમામ લોકો સાથે જૈનધર્મીએ આત્મવત્ વર્તન કરવું જોઈએ.

જૈનધર્મ એટલે ?

અન્યને પણ આત્મવત્ ગણીને તે પ્રમાણે વર્તવું તે જૈનધર્મ છે.

જૈનધર્મી માટે સૌ સમાન છે. એક સરખા છે.

સહુને એ પોતાના ગણે છે. પોતાનાથી જરા જુદા ગણતો નથી.

આત્મવત્. આત્મા જેવો. પોતાની જાત સમાન.

જગતના સર્વ લોકોમાં તે પોતાનું જ પ્રતિરૂપ જુએ છે.

પોતાનાથી તેમને અલગ ગણતો નથી.

જેવો પોતે. તેવા એ. તેવા સહુ.

જે પોતાને ગમે તે સૌને ગમે.

જાત અને જગત વચ્ચે તે અભેદ રચે છે.

એકાત્મભાવ રચે છે. અભિન્નતા અનુભવે છે.

જેવો વ્યવહાર તે જાત સાથે કરે છે, તેવો જ જગતના લોકો સાથે કરે છે.

જગતના માણસો જુદા નથી.

જાત એ જ જગત. સર્વ સમાન. આત્મવત્ છે.

ને સહુને આત્મવત્ ગણવા તથા એ પ્રમાણે વ્યવહાર કરવો એનું નામ જ જૈનધર્મ.

જૈનધર્મ આ વાત કરે છે. સહુને પોતાના ગણો. આત્મવત્ ગણો.

આપ સમાન ગણો ને એવું જ વર્તન કરો.

એ જ છે જૈનધર્મ. એ જ સત્ય છે.

ને આ સત્ય સર્વ જૈનોએ સ્વીકારી લેવા જેવું છે.

જાત અને જગત વચ્ચે અભેદ રચનાર જ સાચો જૈનધર્મી છે એમ જાણવું.

**षडावश्यककर्माणि, कर्तव्यानि सुभावतः ।**
**वात्सल्यं सर्वसंघस्य, कर्तव्यमाऽऽत्मभोगतः ॥ २८३ ॥**

**ભાવ અને સુભાવ.**

સુભાવપૂર્વક કરેલું કર્મ સુફળને પ્રાપ્ત થાય છે.

ભાવથી ભાવિત બનો. પ્રેમથી પ્લાવિત બનો.

જૈનોને આ બોધ પ્રતિબોધ છે.

છ આવશ્યક કર્મો જૈનોએ સુભાવપૂર્વક કરવા જોઈએ.

કર્મમાં ભાવ રેડો. માત્ર ભાવ નહિ, સુભાવ.

સુભાવના સ્પર્શથી કર્મ સુકર્મ બની જાય છે.

જેનું સુફળ પ્રાપ્ત થાય છે.

**जिनपूजा गुरुपर्युपास्ति, स्वाध्यायः संयमस्तपः ।**
**दानं च गृहस्थानां, षड्कर्माणि दिने दिने ॥**

તેથી જે છ આવશ્યક કર્મો કહેલા છે, તે સર્વ સુભાવપૂર્વક જૈનોએ કરવા જોઈએ.

દિલ ચોરી વગર. સાચા મનથી. પ્રેમથી અને સુભાવથી.

જૈનધર્મી માટે આત્મભોગ મહત્ત્વનો છે.

આત્મભોગમાં સર્વ ભોગનો સમાવેશ થાય છે.

સંઘ માટે ઘસાવું પડે.

તનથી - મનથી, ધનથી અને જીવનથી.

આત્મસુખ છોડવું પડે.

ચેન-આરામ છોડવા પડે.

સર્વ સંઘનું વાત્સલ્ય કરવું હોય તો આત્મભોગથી જ તે શક્ય બનશે.

માટે સુભાવથી ષટ્કર્મ કરો.

અને આત્મભોગથી સંઘ વાત્સલ્ય કરો.

अन्यधर्मिवितर्कैस्तु, चलितव्यं न चाऽर्हतैः ।
स्थातव्यं न सदा जैनं-गीतार्थ सद्गुरुं विना ॥ २८४ ॥

જગત વિચિત્ર સ્વભાવી છે. અહીં જાતજાતના અને ભાતભાતના સ્વભાવવાળા મનુષ્યો રહે છે.

દરેક જાતજાતની વાતો કરે છે. વિવિધ ઉચ્ચારણો કરે છે.

કોઈ દ્વેષ કરે છે. કોઈ વિરોધ કરે છે.

પરંતુ આર્હતો-જૈનોએ અન્ય ધર્મીઓના વિતર્કો-કુતર્કોથી જરા પણ વિચલિત થવું જોઈએ નહિ.

દ્રઢ બનવું. કુતર્કોને લક્ષમાં ન લેવા.

કોઈ દ્વેષ કરે એથી શું ? કોઈ કુતર્ક કરે એથી શું ?

જૈનધર્મીએ શા માટે એ બધું સાંભળીને વિચલિત થઈ જવું જોઈએ?

અન્ય ધર્મીઓ જાતજાતની વાતો ચલાવશે. ચિત્ર વિચિત્ર તર્કો ચલાવશે. વિવિધ દલીલો કરશે. અણગમતા અભિપ્રાયો આપશે.

પણ એથી શું ?

જૈનોએ આ બધાથી જરા પણ વિચલિત થવાની જરૂર નથી.

ચલાયમાન બનવાની જરૂર નથી.

જૈનોએ તો હંમેશા ગીતાર્થ ગુરુઓની નિશ્રા વિના ન રહેવું જોઈએ.

ગુરુમાં દ્રઢ આસ્થા રાખવી. ગુરુના શબ્દમાં શ્રદ્ધા રાખવી.

सतां सेवा सदा कार्या, शुद्धाऽऽत्मध्यानयोगिनाम् ।
तिरस्कारो न कर्तव्यः, सतां मोहस्य चेष्टितैः ॥ २८५ ॥

શુદ્ધાત્મધ્યાનવાળા યોગીઓ અને સત્પુરૂષો.

તેઓ હંમેશા સેવવાને યોગ્ય છે.

તેથી આવા સત્પુરૂષો અને શુદ્ધાત્મ યોગીઓની સેવા જૈનોએ હંમેશા કરવી જોઈએ.

તેમનો તિરસ્કાર કદી ન કરવો.

મોહયુક્ત ચેષ્ટાઓ થકી તેમનો તિરસ્કાર કરવો ક્યારેય પણ ઉચિત નથી.

હંમેશાં તેમની સેવા કરો. તેમને અનુકૂળ બની રહો. તેમને વંદન કરો પણ તિરસ્કાર ન કરો.

સત્પુરૂષોનો મોહયુક્ત ચેષ્ટાઓ દ્વારા તિરસ્કાર કરવો કોઈપણ પ્રકારે યોગ્ય નથી.

पितामाताकलाचार्यः, सद्गुरुश्च सुभक्तितः ।
सेव्यः शक्त्यनुसारेण, भोजनादिप्रबन्धतः ॥ २८६ ॥

સેવા જૈનોનો મુખ્ય ગુણ છે. સર્વની સેવા તેઓ કરે છે.

આત્મભોગ આપે છે. ઘસાય છે ને શક્તિ પ્રમાણે સર્વની સેવા તે કરે છે અને તે ય ભક્તિપૂર્વક.

માતા અને પિતા. કલાચાર્ય અને સદ્‌ગુરુ.

મનુષ્યને ઘડનારા- કેળવનારા- સંસ્કારના એ આ પાત્રો.

તેમના અનંત ઉપકાર છે મનુષ્ય પર.

જીવનને ઉજ્જવળ બનાવનાર તે છે.

જીવનને ઘડનાર તે છે. સંસ્કારનાર તે છે.

ગુણસંપન્ન કરનાર તે છે.

તેમના અનંત ઉપકારો છે. ઉપકારોનો કોઈ પાર નથી.

મનુષ્ય તેમનો ઋણી છે, તેથી શક્તિ અનુસારે ભોજન વગેરેના પ્રબંધથી સુભક્તિપૂર્વક તેમની સેવા કરવી જોઈએ.

માતા-પિતાની સેવા કરો. તેમના ભોજન વગેરેનો પ્રબંધ કરો.

તેમની ચિંતા હરો. તેમને આરામ આપો.

આ જીવન એમને કારણે છે.

કલાચાર્ય અને સદ્‌ગુરુ પણ એવા જ ઉપકારી છે.

એમને લીધે જીવનનું ઘડતર થયું છે. સંસ્કાર ઘડતર થયું છે.

જીવન જે દિવ્ય અને ઉજ્જવળ બન્યું છે, ગુણ સંસ્કારોથી ભરપુર બન્યું છે, તેનું કારણ છે કલાચાર્ય તથા સદ્‌ગુરુ.

માટે તેમની સેવા કરવી જોઈએ.

તેમના ભોજન વગેરેનો પ્રબંધ કરવો જોઈએ.

એ મનુષ્યનું કર્તવ્ય છે.

विश्वस्य सर्वधर्मा ये, जैनधर्मे प्रमान्ति ते ।
जैनधर्माङ्गभूताः स्युः, सर्वधर्मा अपेक्षया ॥ २८७ ॥

જૈનધર્મ એક શ્રેષ્ઠ ધર્મ છે.

જગતનાં સર્વ ઉત્તમ તત્ત્વો જૈનધર્મમાં સમાવિષ્ટ થયેલા છે.

માનવ માત્રને સુખ કરનારા તત્ત્વો જૈનધર્મમાં રહેલા છે.

જગતને શાંતિ પ્રદાન કરનારા તત્ત્વો જૈનધર્મમાં છે જ.

વિશ્વ વિશાળ છે !

વિશ્વમાં અનેક ધર્મો અસ્તિત્વ ધરાવે છે.

સંખ્યાબંધ ધર્મોનું આ જગતના લોકો પાલન કરે છે.

દરેક ધર્મમાં ઉપકારક તત્ત્વો આવેલા જ હોય છે.

પણ જૈનધર્મ એક એવો ધર્મ છે કે જે અનેક ઉત્તમ તત્ત્વો ધરાવે છે.

વિશ્વને સુખ શાંતિ આપવાની ક્ષમતા ધરાવનાર જૈનધર્મ સાચે જ એક શ્રેષ્ઠ ધર્મ છે. જેમાં અનેક ઉત્તમગુણો પડેલા છે. ઉત્તમગુણરત્નો રહેલાં છે.

વિશ્વમાં રહેલા તમામ ધર્મો જૈનધર્મમાં સમાવેશ પામે છે, કારણ કે સર્વ ધર્મોનાં ઉત્તમ તત્ત્વો જૈનધર્મમાં સમાવિષ્ટ થયેલા છે, તેથી જૈનધર્મ શ્રેષ્ઠ ધર્મ છે.

સર્વ ધર્મો અપેક્ષાએ જૈનધર્મના અંગભૂત છે.

**शुद्धाऽऽत्मधर्म एवाऽस्ति, जिनधर्मः सुखोदधिः ।**
**शुद्धाऽऽत्मधर्मसाध्याय, जैनधर्मोऽस्ति साधनम् ॥२८८॥**

શુદ્ધાત્મ ધર્મ. એ તો સુખના સાગર સમાન છે.

સુખનો જાણે હિમાલય છે. શુદ્ધાત્મધર્મ સુખનો મહોદધિ છે.

જે શુદ્ધાત્મધર્મને પામે છે, તે જાણે ત્રિલોકના સર્વ સુખને પામે છે.

આ શુદ્ધાત્મધર્મ એટલે ?

આ શુદ્ધાત્મધર્મ જ જિનધર્મ છે.

જિનધર્મ થકી જ શુદ્ધાત્મધર્મને પામી શકાય છે.

માણસનું છેવટનું લક્ષ્ય તો શુદ્ધાત્મધર્મ જ છે.

એને પામવા માટે - એને સિદ્ધ કરવા માટે - એને આત્મવત્ કરવા માટે - માણસ મથે છે. પ્રયાસો કરે છે. તપ તપે છે. કર્મ કરે છે.

ઉપાસના કરે છે. - સાધના કરે છે.- શરીરને ગાળી નાખે છે.

શી રીતે સાધ્ય થાય શુદ્ધાત્મધર્મ ?

શુદ્ધાત્મધર્મને સાધ્ય કરવા માટે જૈનધર્મ સાધન છે.

જેમ નૌકા થકી સાગર પાર કરી જવાય છે ને કિનારાને પ્રાપ્ત કરી શકાય છે, એમ જ જૈનધર્મરૂપી નૌકા થકી શુદ્ધાત્મધર્મ રૂપ મંઝીલ પ્રાપ્ત કરી શકાય છે.

જૈનધર્મ સાધન છે. શુદ્ધાત્મધર્મ સાધ્ય છે.

स्वाऽऽत्मैव जैनधर्मोऽस्ति, स्वधर्मो मोक्षदायकः ।
जडद्रव्यस्थितो धर्मः, आत्मभिन्नः स्वभावतः ॥ २८९॥

આત્મા. સ્વ આત્મા. સ્વ આત્મા જ જૈન ધર્મ છે.

સ્વધર્મને હંમેશા મોક્ષદાયક કહ્યો છે.

સ્વધર્મ થકી જ લક્ષ્ય સિદ્ધ કરી શકાય છે.

મંઝીલને પામી શકાય છે. સાધ્યને સિદ્ધ કરી શકાય છે.

જૈનધર્મ સ્વ આત્મા છે. સ્વ ધર્મ છે. તેથી મોક્ષદાયક છે.

જડ દ્રવ્યમાં રહેલો ધર્મ આત્માથી ભિન્ન છે. જે માત્ર દ્રવ્યને પ્રાધાન્ય આપે છે ને ક્રિયાકાંડોમાં જ પૂર્ણ થાય છે, તેવો ધર્મ આત્માથી તદ્દન ભિન્ન છે. સ્વભાવથી જ તે આત્મભિન્ન છે.

સાચો ધર્મ સ્વ આત્મા અને એ જ છે જૈનધર્મ.

જગતમાં ઘણે ભાગે દ્રવ્યને જ ધર્મ માનનારો વર્ગ મોટો છે. ક્રિયાકાંડોમાં જ ધર્મ શબ્દના અર્થની સમાપ્તિ થઈ જાય છે. જેમાં આત્માની કોઈ સ્થિતિ હોતી નથી.

સ્વ આત્મ ધર્મ તે જૈનધર્મ. જે આત્માથી ભિન્ન નથી. આત્માથી અભિન્ન છે. માટે સ્વ આત્મ ધર્મને જાણો. સ્વ આત્મ ધર્મને આદરો.

સ્વ આત્મ ધર્મને પામો. સ્વ આત્મ ધર્મનું ચિંતન કરો.

સ્વ આત્મા અને સ્વ આત્મ ધર્મ અભિન્ન છે.

मोहादिप्रकृते घर्मो, वैभाविकोऽस्ति बोधत ।
आत्मशुद्धिकराः सर्वे, धर्माः सत्या अपेक्षया ॥ २९० ॥

જગત મોહ માયાથી ભરેલું છે. જ્યાં જુઓ ત્યાં મોહ તમસ વ્યાપ્ત છે. સર્વત્ર મોહનું ધુમ્મસ તમને જોવા મળશે.

મોહ વ્યાપક છે. માનવ મનને તે ઘેરી લે છે.

મોહ અને ધર્મ ભિન્ન છે. ધર્મ મોહથી અળગો છે.

મોહ વિકૃતિ પેદા કરે છે. જ્ઞાનને મૂર્ચ્છિત કરે છે.

અંધકાર પ્રસરાવનાર બલિષ્ટ પરિબળ એટલે મોહ.

સંસારમાં મોહ વિશેષપણે વ્યાપ્ત છે.

માનવ માત્ર મોહને કારણે અસલ ધર્મથી અળગો થઈ જાય છે.

જ્યાં મોહ છે, ત્યાં ધર્મ નથી. ત્યાં સત્ય નથી. ત્યાં પ્રકાશ નથી. ત્યાં આત્માની શુદ્ધિ નથી.

મોહમાં ફસાયેલો મનુષ્ય ધર્મના શુદ્ધ સ્વરૂપને જોઈ શકતો નથી.

મોહ વગેરે પ્રકૃતિનો ધર્મ વૈભાવિક છે એમ તું જાણજે.

એ સત્ય ધર્મ નથી.

ધર્મ એ છે જે - પ્રકાશ ફેલાવે. આત્મદૃષ્ટિ આપે. માલિન્યને દૂર કરે. અંધકાર નષ્ટ કરે. સત્યને પ્રત્યક્ષ કરે. દ્વેષ હટાવે. મનોમાલિન્ય ઓગાળે.

સત્પંથે લઈ જાય તે સત્ય ધર્મ. આત્માની શુદ્ધિ કરે તે સત્ય ધર્મ.

આવા જે જે ધર્મો હોય, તે તમામ ધર્મો અપેક્ષાએ સત્ય છે.

જૈનધર્મ તમામ અપેક્ષાએ સત્ય છે.

તે આત્માની શુદ્ધિ કરનાર ધર્મ છે. પ્રકાશ પાથરનાર ધર્મ છે.

સત્પંથે લઈ જનાર ધર્મ છે. તેથી તે શ્રેષ્ઠ ધર્મ છે. સત્ય ધર્મ છે.

**सर्वदर्शनधर्माणां, सत्यत्वं नयदृष्टितः ।**
**जैनदर्शनसद्धर्म, जानन्त्येव विचक्षणाः ॥ २११ ॥**

બુદ્ધિમાન અને વિચક્ષણ પુરૂષો નયદૃષ્ટિથી સર્વ બાબતોને જુએ છે, તેમ ધર્મને પણ જુએ છે. સદ્ધર્મનાં દર્શન કરે છે.

તેઓ બુદ્ધિમાન છે, વિચક્ષણ છે, તેથી સર્વ દર્શનો-ધર્મોમાં સત્યત્વરૂપ જૈન દર્શનરૂપ સદ્ધર્મ છે, એમ જાણે છે.

એ વાત સત્ય છે કે જૈન દર્શન સર્વ શ્રેષ્ઠ છે.

સર્વ દર્શનોમાં - સર્વ ધર્મોમાં - જૈન દર્શન સત્યત્વરૂપ છે.

એ જ સદ્ધર્મ છે. એના જેવો કોઈ ધર્મ નથી. એના જેવું કોઈ દર્શન નથી. નયદૃષ્ટિથી આ જાણી શકાય.

વિચક્ષણ પુરૂષો - બુદ્ધિમાન પુરૂષો - સર્વ દર્શનોમાં શ્રેષ્ઠ દર્શન માને છે જૈન દર્શનને -

સર્વ ધર્મોમાં સત્યત્વરૂપ સદ્ધર્મ છે જૈનધર્મ. એવું માને છે. એમ જાણે છે. બુદ્ધિમાનોની બૌદ્ધિકતાની ઉચ્ચતા આ વાત સમજે છે.

આ વાત જાણે છે.

તેમની દૃષ્ટિ ઉપલક દ્રષ્ટિ નથી. વિચક્ષણ દૃષ્ટિ છે.

જૈન દર્શન સત્યત્વ રૂપ છે. જૈનધર્મ સદ્ધર્મ છે.

मुक्त्यर्थं मोहनाशार्थं, चाऽऽत्मनः शुद्धिहेतवे ।
भूता ये च भविष्यन्ति, जैनधर्माङ्गरूपिणः ॥ २९२ ॥

જૈનધર્મ શ્રેષ્ઠ ધર્મ છે. સત્યત્વ રૂપ છે. જૈન દર્શન સર્વોત્તમ છે.
મનુષ્ય મુક્તિ માટે સતત મથે છે.
જે સંસાર સ્થિતિ છે, એમાંથી એ મુક્ત થવા માગે છે.
ભવમુક્તિ માટે એ મથે છે.
મોહ અને માયાના નાશ માટે એ સતત પ્રયત્નશીલ રહે છે.
જીવન મુક્ત થવા ઝંખે છે.
પણ મુક્તિ મળે શી રીતે ? મોહનો નાશ થાય શી રીતે ?
એ માટેનાં સાધનો છે, તે જૈનધર્મના જ અંગરૂપ છે.
મોહનાશક સાધનો. મુક્તિ માટેના સાધનો.
આત્માની શુદ્ધિ માટેનાં સાધનો -
આ બધા જ સાધનો જૈનધર્મમાં રહેલાં છે.
આ બધાં જ સાધનો જૈનધર્મના અંગરૂપ છે.
ભવમુક્તિ સૌ ઈચ્છે છે.
તપ કરે છે. સાધના કરે છે. સતત નામરટણ કરે છે.
સંસાર કડવો લાગે છે.
સંસાર સંબંધો બેડીરૂપ લાગે છે. એમાંથી એ મુક્તિ ઝંખે છે.
મોહ એને વળગ્યો છે. મોહે તેને ઘેરી લીધો છે.
મોહ તમસ એને વીંટળાઈ વળ્યું છે.
મોહ ચોતરફથી એને વળગી પડ્યો છે.
મોહનો એ નાશ ઝંખે છે. એ ઈચ્છે છે કે મોહ નષ્ટ થાય.
તે આત્માની શુદ્ધિ ઝંખે છે. આત્મશુદ્ધિ માટે તે મથે છે.
એના માટે જે સાધનો હાથવગાં છે, તેને પ્રયોજે છે.

અને સાચી વાત તો એ છે કે મુક્તિ માટેનાં, મોહના નાશ માટેનાં અને આત્મ શુદ્ધિ માટેનાં જે સાધનો થયા છે અને થશે તે સર્વ સાધનો જૈનધર્મના અંગરૂપ જ છે. ભિન્ન નથી.

ને તેથી જ શ્રેષ્ઠ છે આ ધર્મ. સર્વોત્તમ છે જૈન દર્શન.

**स्वधर्मा जैनधर्माऽस्ते, सापेक्षयैव बोधत ।**
**साधिते जैनधर्मे ते, सर्वे धर्माः प्रसाधिताः ॥ २९३ ॥**

આત્મ ધર્મ. સ્વ- ધર્મ.

ને જે સ્વ ધર્મ છે, તે જ જૈનધર્મ છે.

આ રીતે જે જૈનધર્મને અપેક્ષાથી સાધિત કરે છે, તેને સર્વ ધર્મોને પ્રસાધિત થાય છે.

જૈનધર્મ વિશાળ છે. શ્રેષ્ઠ છે. સર્વોત્તમ છે.

તે આત્મ ધર્મ છે. સ્વ- ધર્મ છે અને એ જ છે જૈનધર્મ.

સર્વે ધર્મો પ્રસાધિત કરવાની જરૂર નથી.

આ એક જ શ્રેષ્ઠ ધર્મમાં સર્વ ધર્મોનું દર્શન આવી જાય છે.

સર્વ ધર્મ સાધિત થઈ જાય છે.

જે સ્વ ધર્મ છે, તે જ જૈનધર્મ છે, એમ અપેક્ષાપૂર્વક જાણો.

ને માત્ર જૈનધર્મમાં જ રમી રહો.

જૈનધર્મને જ સાધિત કરો. સર્વ ધર્મ સધાઈ જશે.

એક સાધે સબ સધે.

એકને સાધવાથી બધું જ સધાય. એક ધર્મ સર્વ ધર્મ બરાબર છે.

ગહન છે જૈનદર્શન. શ્રેષ્ઠ છે જૈનધર્મ.

એને સાધે છે, તેને સર્વે ધર્મો પ્રસાધિત થાય છે.

માટે જૈનધર્મને જ સાધિત કરો.

**यथाऽब्धौ सरितो यान्ति, जैनधर्मं प्रतिस्वयम् ।**
**सर्वे धर्मास्तथा यान्ति, सर्वधर्ममयः स च ॥ २९४ ॥**

સર્વ સરિતાઓ ઝડપથી વહી જાય છે ને આખરે સાગરમાં સમાઈ જાય છે.

સરિતાઓનું ગમન સાગરપ્રતિ છે. સાગર એમનું અંતિમ સ્થળ છે. સાગરમાં તે સર્વ સમાવિષ્ટ થઈ જાય છે. સાગર એમનું લક્ષ્ય છે.

એ જ પ્રમાણે - સર્વ ધર્મો જૈનધર્મમાં સમાવિષ્ટ થાય છે.

જૈનધર્મ સાગર સમાન છે. વિશાળ છે. ગહન છે. ઊંડાઈવાળો છે. વિસ્તારવાળો છે.

એનામાં તત્ત્વની ગહનતા છે. આચારો- વિચારોની ઊંડાઈ છે.

બધાં જ તત્ત્વજ્ઞાનો એનામાં સમાય છે.

બધાં જ દર્શન એનામાં સમાય છે.

સૌને સમાવી લે એટલો જૈનધર્મ વિશાળ છે. ગહન છે. વિસ્તારયુક્ત છે. શ્રેષ્ઠ સદ્‌ધર્મ છે.

તો પછી શા માટે ડાળાં પાંખડાને સાધવા ?

જૈનધર્મ જ્યારે સર્વ ધર્મમય હોય ત્યારે એને જ સાધિત શા માટે ન કરવો ? તો એમ જ કરો.

**परस्परप्रभिन्नानां, धर्माणां धर्मिणां तथा ।**
**द्वेषश्च खण्डनं नैव, कर्तव्यं सर्वधर्मिभिः ॥ २९५ ॥**

**આ વિશાળ વિશ્વમાં અનેક ધર્મો છે.**

સંખ્યાતીત ધર્મોનું પાલન આ જગતના લોકો કરે છે.

તાત્ત્વિક રીતે જુઓ તો તમામ ધર્મોમાં આંશિક સમાનતા છે.

તેઓમાં રહેલા સારરૂપ ગુણો સમાન છે.

છતાં ક્યારેક એવું બને છે કે ધર્મ ધર્મ વચ્ચે ઘર્ષણ થાય છે.

એક ધર્મના લોકો બીજા ધર્મનો દ્વેષ કરે છે.

એક ધર્મના માણસો બીજા ધર્મનું ખંડન કરે છે.

અમે સાચા ને તેઓ ખોટા. એવો વાદવિવાદ ચાલે છે.

તણખા ઝરે છે. દ્વેષ વધે છે. વેરનું વાવેતર થાય છે. યુદ્ધો થાય છે.

પણ આવું શા માટે ?

ધર્મ ધર્મ વચ્ચે દ્વેષ શા માટે ?

શા માટે એક ધર્મ બીજા ધર્મનું ખંડન કરે ?

સારરૂપ ગુણો એકસમાન છે. તો પછી પરસ્પર ઘર્ષણ ન થવું જોઈએ !

પરસ્પર ટકરાવ ન થવો જોઈએ !

સર્વ ધર્મીઓએ પરસ્પર ધર્મોનો અને ધર્મીઓનો દ્વેષ ન કરવો જોઈએ. અને ધર્મનું ખંડન ન કરવું જોઈએ.

सर्वधर्मस्य सत्यांशा, ग्राह्या सापेक्षदृष्टितः ।
सर्वधर्मस्वरूपोऽस्ति, जैनधर्मः सनातनः ॥ २१६ ॥

ધર્મ કોઈ પણ હોય પણ તમામ ધર્મોમાં સત્યના અંશો રહેલા જ હોય છે. જોવાની દૃષ્ટિ જોઈએ.

પૂર્વગ્રહયુક્ત દૃષ્ટિથી એ નજરે નહિ પડે. પૂર્વગ્રહથી મુક્ત બનવું પડે.

સાપેક્ષ દૃષ્ટિથી જોવું પડે. સત્યદૃષ્ટિથી જોવું પડે.

સત્યને જોવું અઘરું છે.

એને સ્વીકારવું કઠિન છે. એને ગ્રહણ કરવું મુશ્કેલ છે.

દરેક ધર્મમાં સત્યના અંશો પડેલા જ હોય છે.

એ સત્યાંશોને જુઓ.

સાપેક્ષ દૃષ્ટિથી સર્વ ધર્મમાં રહેલા સત્યના અંશોને સ્વીકારી, એ ગ્રહણ કરવા જોઈએ.

સત્યને સત્ય તરીકે સ્વીકારવું જોઈએ.

ધર્મ સત્યના આધારે ટકે છે.

એટલે દરેક ધર્મમાં સત્યાંશો હોય છે તે સર્વ વિદિત છે.

ધર્મના સત્યને જોવા માટે ધર્મની દૃષ્ટિ જોઈએ.

સમ્યક્ દૃષ્ટિ જોઈએ. સમ્યક્ વિચાર જોઈએ.

એ નહિ હોય તો એ સત્યને જોઈ નહિ શકાય.

ધર્મ દૃષ્ટિ કેળવો. સમ્યક્ દૃષ્ટિ કેળવો. હૃદયને વિશાળ બનાવો. ને અન્ય ધર્મના સત્યને સ્વીકારવા જેટલા ઉદાર બનો.

એના સત્યને ઓળખો. એના સત્યને સ્વીકારો. સત્યને ગ્રહણ કરો.

જૈનધર્મ ઉદારધર્મ છે. વિશાળ ધર્મ છે. સનાતન ધર્મ છે.

એટલું જ નહિ પણ જૈનધર્મ સર્વ ધર્મ સ્વરૂપ છે. જૈનધર્મ અન્ય ધર્મનો અનાદર કરતાં નથી શીખવતો.

કારણ કે સર્વ ધર્મો જૈનધર્મમાં સમાવિષ્ટ થઈ જાય છે.

अभ्यागतस्य सन्मानं, दुःखार्तानां च पालनम् ।
बालस्त्रीसाधुसंघस्य, रक्षणं स्वीयशक्तितः ॥ २९७ ॥

મનુષ્યે પોતાનામાં રહેલા બલનો અન્યના રક્ષણ માટે ઉપયોગ કરવો જોઈએ. રક્ષણ કરવાનું તેનું કર્તવ્ય છે ને આ કર્તવ્યનું તેણે પાલન કરવું જોઈએ.

આ શક્તિ-આ બલ તનનું પણ હોઈ શકે, મનનું પણ હોઈ શકે ને ધનનું પણ હોઈ શકે.

શક્તિશાળીએ - બળવાને પોતાનાથી ઓછી શક્તિવાળાનું રક્ષણ કરવું જોઈએ.

આ જગતમાં એવા ઘણાં માણસો છે, જેમને રક્ષણની જરૂર છે. જેમને સહાયની જરૂર છે.

બલિષ્ઠ નિર્બળને સહાય કરે. અસહાયને મદદરૂપ બને.

એમનું રક્ષણ કરે એ જરૂરી છે.

આંગણે જ્યારે કોઈ અભ્યાગત આવીને ઊભો રહે ત્યારે આ અભ્યાગતનું માણસે રક્ષણ કરવું જોઈએ.

દુ:ખીઓ અને પીડિતો અપાર છે.

તેમનું પણ રક્ષણ કરવું જરૂરી છે. એમનું પાલન કરવું જરૂરી છે.

આંગણે આવેલાની યથાશક્તિ સેવા કરવી - સન્માન કરવું એ જ આપણા દેશની લાક્ષણિકતા છે.

અને એટલે જ તો 'અતિથિ દેવો ભવ' એવું કહેવાયું છે.

એમનું સન્માન કરવું જરૂરી છે.

એમનું સન્માન કરવાથી સન્માન કરનારની શોભા વધે છે.

દુ:ખી અને પીડિતોનું પાલન કરવું જોઈએ.

તેથી તેમની આંતરડી ઠરે છે.

બાળકનું સ્વશક્તિથી રક્ષણ કરવું જોઈએ.

સ્ત્રીનું રક્ષણ તો આપણી સંસ્કૃતિનો એક અંશ છે.

તેનાથી સંસ્કૃતિનું ગૌરવ વધે છે. - અનેકગણું વધશે.

સાધુનું રક્ષણ કરવું એ દરેક ગૃહસ્થ જૈનીનું કર્તવ્ય છે. સાધુ સંસ્કૃતિનું ગૌરવ વધારે છે. આપણા ભૂતકાળના ભવ્ય વારસાને સાચવે છે. નીતિ વગેરે ગુણોના વિકાસમાં સાધુનું યોગદાન મહત્ત્વના સ્થાને છે.

સાધુનું રક્ષણ કરો. સાધુત્વનું રક્ષણ કરો.

ધર્મનું રક્ષણ કરો. સંઘનું રક્ષણ કરો.

શ્રી સંઘનું રક્ષણ કરવું, એ દરેક શ્રાવકની ફરજ છે.

સંઘ થકી જ ધર્મ રક્ષાય છે.

આમ જૈનધર્મમાં શક્તિમાને નિર્બળનું રક્ષણ કરવું આવશ્યક છે એટલું જ નહિ, પણ સ્ત્રી, બાળક, સાધુ અને સંઘનું રક્ષણ પણ સ્વશક્તિ વડે કરવું જોઈએ.

શક્તિ નિર્બળના રક્ષણ માટે છે.

ધન ગરીબની મદદ માટે છે.

**चतुर्विधस्य संघस्य, तथा धर्माधिकारिणाम् ।**

**ऋषिणां हेलना नैव, कर्तव्या धर्मसाधकैः ॥ २९८ ॥**

ધર્મ સાધકોના કર્તવ્યની વાત અહીં સુંદર રીતે રજુ કરવામાં આવી છે. ધર્મ સાધકે હંમેશા પોતાના કર્તવ્ય પાલન માટે તૈયાર રહેવું જોઈએ.

ધર્મ સાધકે ચતુર્વિધ સંઘની કદી હેલના ન કરવી.

ધર્માધિકારીઓની કદી હેલના ન કરવી.

તથા ઋષિઓની હેલના કદી ન કરવી.

ધર્મ સાધના કરનારે ખૂબ સાવધ બનીને વર્તવું જોઈએ.

પોતાના કર્તવ્યનું સદા પાલન કરવું જોઈએ.

ધર્મના આધાર સ્તંભો છે શ્રી સંઘ, ધર્માધિકારીઓ અને ઋષિઓ.

એમની હેલના ધર્મ સાધકે કદી પણ ન કરવી.

સ્વપ્નમાં પણ નહિ.

अहंकारो न कर्तव्यो, वक्तव्यं न च दुर्वचः ।
मंत्रभेदो न कर्तव्यः, प्राणान्तेऽपि सदा जनैः ॥ २११ ॥

મનુષ્યોએ ત્યજવા જેવી અને ભૂલથી પણ ન કરવા જેવી બાબતોનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આવી બધી બાબતો મનુષ્યના પતન માટે કારણભૂત બને છે.

પતનનું નિમિત્ત બને છે.

મનુષ્યોએ પ્રાણાન્તે પણ અભિમાન ન કરવું, અહંકાર ન કરવો.

અહંકાર ત્યજવા યોગ્ય છે.

અહંકાર કરનાર માણસની પ્રગતિ અટકી જાય છે.

વિકાસ આગળ પૂર્ણવિરામ મૂકાઈ જાય છે.

આગમિક સાહિત્ય અને ઈતિહાસ એ વાતની ગવાહી પૂરે છે કે જેણે જેણે અહંકાર કર્યો છે, એમનું અલ્પકાળમાં પતન થયું છે. અહંકાર એમને નિમ્ન સ્તરે લઈ જાય છે.

અહંકાર ક્રોધનો જનક છે ને પરિણામ હોય છે કેવળ પતન. કેવળ વિનાશ. કેવળ સર્વનાશ.

અહંકાર વિકાસની ગતિ અટકાવી દે છે.

એટલું જ નહિ, પણ મનુષ્યોએ દુર્વચન પણ ન બોલવું જોઈએ.

દુર્વચન અર્થાત્ ખરાબ વચનને કારણે સંઘર્ષનાં મંડાણ થાય છે. સામી વ્યક્તિને ખોટું લાગે છે. એની લાગણી દુભાય છે. સામાને દુઃખ થાય તેવું દુર્વચન મનુષ્યે કદી પણ ઉચ્ચારવું ન જોઈએ.

શબ્દો પણ પથ્થરની જેમ વાગે છે.

મુખમાંથી નીકળેલા કટુ શબ્દો તીરની જેમ સામાને વિંધી નાખે છે. ઉપરાંત માણસે કદી પણ મંત્રભેદ ન રાખવો જોઈએ.

સુખમય જીવન માટે એ જરૂરી છે.

જીવનના વિકાસ માટે, ઉન્નતિ માટે અને સુખ શાંતિ માટે આટલી વાતો ત્યજવી જોઈએ.

જૈનધર્મીએ આ વાતો હૃદયમાં ઉતારીને એ પ્રમાણે વર્તન કરવું જોઈએ, જેથી જીવન સુખશાંતિમય બની રહે.

मित्रद्रोहो न कर्तव्यः, सत्यं वाच्यं च सज्जनैः ।
देशद्रोहो न कर्तव्यः, आत्मानो भूतिमिच्छता ॥ ३०० ॥

આત્મા અને આત્માનું ઐશ્વર્ય.

આત્મ ઐશ્વર્ય. આત્માનું ઐશ્વર્ય કોણ ન ઈચ્છે ?

આત્માના વૈભવની અભીપ્સા સૌને હોય. એવી ઈચ્છા દરેકને હોય.

મનનું ઐશ્વર્ય નહિ. તનનું ઐશ્વર્ય નહિ. ધનનું ઐશ્વર્ય નહિ.

વાત છે આત્માના વૈભવની. વાત છે આત્માના ઐશ્વર્યની.

આત્માના ઐશ્વર્યની ઈચ્છા રાખનારા સજ્જનો આત્માનુરાગી હોય છે.

આવા સજ્જનોએ મિત્રદ્રોહ ન કરવો જોઈએ.

મિત્ર અને મૈત્રી.

મૈત્રી તો વિશ્વાસના પાયા પર ચણાયેલી છે.

મૈત્રી હોય ત્યાં વિશ્વાસ હોય.

મિત્રને મિત્રની મૈત્રીમાં શ્રદ્ધા હોય.

આ શ્રદ્ધા. આ વિશ્વાસ.

કદી ન તૂટે. ન તૂટવો જોઈએ.

જે સજ્જનો આત્માના ઐશ્વર્યને ઈચ્છે છે, તેમણે ક્યારેય પણ મિત્રદ્રોહ ન કરવો જોઈએ.

મૈત્રી વિશ્વાસ પર ચાલે છે.

વિશ્વાસનો ભંગ ન હોય. વિશ્વાસ ભંગ ન કરાય.

વિશ્વાસઘાત ન કરાય. વિશ્વાસનો દ્રોહ ન કરાય.

મિત્રદ્રોહ જેવો કોઈ દ્રોહ નથી. મિત્રદ્રોહ જેવું કોઈ પાપ નથી.

મિત્રદ્રોહ જેવું કોઈ હલકું કૃત્ય નથી.

આત્માનું ઐશ્વર્ય ઈચ્છનારે કદી પણ મિત્રદ્રોહ ન કરવો જોઈએ.

મિત્ર મિત્ર વચ્ચે વિશ્વાસ હોય. મિત્ર મિત્ર વચ્ચે સત્ય હોય.

હંમેશાં સત્ય બોલાય. અસત્ય સહેજ પણ ન હોય.

જ્યાં સત્ય છે, ત્યાં વિશ્વાસ છે. અસત્ય છે, ત્યાં દ્રોહ છે.

મિત્ર મિત્ર વચ્ચે આત્મીયતા હોય.

તન જુદાં. મન એક. વચ્ચે હોય વિશ્વાસની ટેક.

ન હોય દ્રોહ. ન હોય વિશ્વાસ ભંગ.
જે સત્ય વચની છે, તે વિશ્વાસભંગી ન બને.
જે સત્યવચની છે, તે મિત્રદ્રોહી ન બને.
મિત્રદ્રોહ એટલે આત્મદ્રોહ.
જેણે પોતાના ઉપર પૂર્ણવિશ્વાસ રાખ્યો છે, તેવા સહોદર સમા આત્મજન સમા મિત્રનો દ્રોહ.
એવું આત્મૈશ્વર્ય ઈચ્છનાર સજ્જન ન કરે.
એવું પાપ ન કરે. એવું દુષ્કર્મ ન કરે.
એના જેવું કોઈ પાપ નથી. એના જેવું કોઈ અધમ કર્મ નથી.
બે મિત્રો. બે બંધુઓ. એકમેક પર પૂર્ણ વિશ્વાસવાળા.
તનથી જુદા- મનથી એક. બંને વચ્ચે માત્ર સત્ય જ રમી રહે.
અસત્ય લેશમાત્ર ન હોય.
આવા મિત્રનો દ્રોહ ન કરાય. વિશ્વાસભંગ ન કરાય.
અસત્યનો આશરો ન લેવાય. પાપમાં ન પડાય.
અધમતાના આશરે ન જવાય.
બંને વચ્ચે તો છે એકત્વ. બંને વચ્ચે તો છે બંધુત્વ.
બંને વચ્ચે તો છે વિશ્વાસ. બંને વચ્ચે તો છે સત્ય.
સત્યનો સંબંધ.
જગત સત્ય પર ટકે છે. જગત વિશ્વાસ પર ટકે છે.
વિશ્વાસની દ્રઢતા એટલે મૈત્રી.
દિલ દઈ જાણે તે મિત્ર. ત્યાગ કરી જાણે તે મિત્ર.
જાતે ઘસાઈને મિત્રનું ભલું ઈચ્છે તે મિત્ર.
મૈત્રી સુગંધીપૂર્ણ હોય. મૈત્રી સદાય ફોર્યા કરે.
આ સુગંધને દુર્ગંધમાં ન પલટાવી શકાય.
ત્યાં તો માત્ર હોય સત્યની સુગંધ.
મૈત્રીની મહેંક. મૈત્રીના ગુલાબ જ મહેંકતા હોય.
તેનું નામ મૈત્રી. તેનું નામ મિત્ર.
મિત્ર શબ્દ બહુ ઊંચો છે. ઊંચો અને મહાન.
ઊંચો, મહાન અને અનન્ય.
અનન્ય, અજોડ અને અનુપમ.
સાચા મિત્રની જોડ આ જગતમાં જડવી મુશ્કેલ છે.
મિત્રતામાં તો સત્ય જ પ્રકાશે. સત્યનો સૂર્ય જ સોહી રહે.

સત્ય જ સુગંધાય.
સત્ય સિવાય બીજું કંઈ ન હોય.
મૈત્રી એટલે પ્રેમની સર્વોત્તમ ઊંચાઈ.
મૈત્રી ત્યાગ માંગે છે. મૈત્રી અર્પણ માંગે છે.
મૈત્રી એટલે વિશ્વાસ. મૈત્રી એટલે સત્ય. મૈત્રી એટલે સુગંધ.
જ્યાં અસત્યની દુર્ગંધ ન હોય. હોય માત્ર સત્યની સુગંધ.
સજ્જનો હંમેશાં આત્માના ઐશ્વર્યને ઈચ્છનારા હોય છે.
આત્મવૈભવને ઝંખે છે.
મૈત્રી આત્માનો વૈભવ છે. મૈત્રી આત્માનું ઐશ્વર્ય છે,
સાચી મિત્રતા એટલે સત્યપ્રીતિ. સાચો ત્યાગ.
આપીને લેવાનું. ત્યાગીને પામવાનું.
મિત્ર મિત્રનો દ્રોહ કરે તો ?
મૈત્રી લજવાય. માણસાઈ લજવાય. સજ્જનતા લજવાય.
મિત્રદ્રોહ એ મિત્રતા નામની શરમ છે.
બેશરમ ન બનાય. મિત્રદ્રોહી ન બનાય.

અને તેથી આત્માના ઐશ્વર્યને ઈચ્છનારા સજ્જને ક્યારેય પણ મિત્રદ્રોહ ન કરવો જોઈએ.

સાચો મિત્ર તો મિત્રના સુખે સુખી.
મિત્ર રાજીપામાં રાજી. મિત્રના દુઃખે દુઃખી.
તાળી મિત્રની આ વાત નથી. લાલચું મિત્રની આ વાત નથી.
સ્વાર્થી મિત્રની આ વાત નથી.
આ વાત છે સાચા મિત્રની, જીગરી મિત્રની, સજ્જન મિત્રની.
એ મિત્રનું બૂરું ન ઈચ્છે. મિત્રને દુઃખી ન કરે. મિત્રને દગો ન દે.
મિત્રદ્રોહ બહુ બૂરો શબ્દ છે.
આત્મૈશ્વર્ય ઈચ્છનાર સજ્જને મિત્રદ્રોહ ક્યારે પણ ન કરવો.
અને હંમેશાં સત્ય બોલવું.
ઉપરાંત - દેશદ્રોહ કદી ન કરવો.
દેશદ્રોહ કરનાર 'માણસ' કહેવાવાને યોગ્ય નથી.
દેશદ્રોહી ન બનાય. અસજ્જન ન બને.
આત્માનું ઐશ્વર્ય ઈચ્છનાર કદીપણ મિત્રદ્રોહી ન બને.
દેશદ્રોહી ન બને.
અસત્યભાષી ન બને.

**आत्मवज्जननीभूमिर्मातृभाषास्वतंत्रता ।**

**पूज्या रक्ष्या च सत्प्रेरणा, मानवैराऽऽत्मभोगत: ॥ ३०१॥**

માનવોની આ વાત છે.

રાષ્ટ્રમાં વસતા માનવોની.

માનવો આત્માનું કોઈપણ ભોગે રક્ષણ કરે છે.

જાતનું રક્ષણ કરે છે. સ્વાત્માનું રક્ષણ કરે છે.

ગમે તેમ થાય. ગમે તેવો ભોગ આપવો પડે.

પણ તે આત્માનું રક્ષણ કરે છે. સ્વ-આત્માને રક્ષે છે.

જાતને રક્ષે છે.

બસ એજ રીતે એટલે કે આત્માની જેમ જ -

પોતાની જનનીનું રક્ષણ કરવું જોઈએ.

એને પૂજ્ય ગણવી જોઈએ.

ગમે તે ભોગ આપવો પડે. ગમે તેવો ભોગ આપવો પડે.

અને એજ પ્રમાણે જે ભૂમિમાં એ જન્મ્યો છે, તે ભૂમિ અર્થાત્ માતૃભૂમિનું પણ રક્ષણ કરવું જોઈએ.

તે પૂજ્યા છે, રક્ષણીય છે.

અને માતૃભૂમિની જેમ જ- માતૃભાષાનું પણ રક્ષણ કરવું જોઈએ.

ગમે તે ભોગે, કોઈપણ પ્રકારે.

એને પૂજ્ય ગણવી જોઈએ. એને રક્ષવી જોઈએ.

માતૃભાષા એની ભાષા છે. એને ગળથૂથીમાંથી મળેલી છે.

મા-ભોમ પર વસનારા માનવોની તે ભાષા છે, તેનું રક્ષણ થવું જોઈએ.

અને એજ પ્રમાણે -

સ્વતંત્રતાનું પણ રક્ષણ થવું જોઈએ.

સ્વતંત્રતા માનવ સ્વભાવ છે.

પરતંત્રતા જેવું કોઈ દુઃખ નથી.

સ્વતંત્રતાથી જીવવાનો આનંદ કોઈ ઓર જ છે.

ગુલામી ન જોઈએ. બંધન ન જોઈએ.

સ્વતંત્રતા જોઈએ.

સ્વતંત્રતા રાષ્ટ્રની અને આત્માની પણ.
સ્વરાજ એટલે દેશનું સ્વરાજ અને આત્મ સ્વરાજ.
સ્વતંત્રતા વિના માનવીની શક્તિઓ ખીલતી નથી.
એની શક્તિઓ રૂંધાઈ જાય છે.
આત્મ સ્વરાજ વિના આત્મવિકાસ સાધી શકાતો નથી.
વ્યક્તિ સ્વાતંત્ર્ય જરૂરી છે. દેશ સ્વાતંત્ર્ય જરૂરી છે.
ને એટલું જ જરૂરી છે આત્માનું સ્વાતંત્ર્ય - આત્મ સ્વરાજ.
સ્વતંત્રતા મેળવવા માટે - સ્વતંત્રતા સાચવવા માટે -
સ્વતંત્રતાને રક્ષવા માટે -
માનવોએ ગમે તે ભોગ આપવા તૈયાર રહેવું જોઈએ.
ગમે તેવો ભોગ આપવો પડે તો પણ તત્પર રહેવું જોઈએ.

આ બધા પોતાના આત્માની જેમ સત્પ્રેમથી પૂજ્ય છે અને રક્ષણ કરવા યોગ્ય છે જનની, માતૃભૂમિ, માતૃભાષા અને સ્વતંત્રતા.

**गुणाः सर्वत्र संग्राह्या, दोषा वाच्या न देहिनाम् ।**
**सद्विद्या सर्वतो ग्राह्या, कर्तव्या गुणसाधना ॥ ३०२ ॥**

ગુણો હંમેશાં ગ્રહણ કરવા યોગ્ય છે.
ગુણોને પામવા એ માનવીનો ધર્મ છે.
સર્વ ઠેકાણેથી માણસે ગુણો ગ્રહણ કરવા જોઈએ.
અને કોઈપણ જીવના દોષો પ્રગટ ન કરવા જોઈએ.
દોષ ત્યજવા યોગ્ય છે. ગુણ ગ્રહવા યોગ્ય છે.
કોઈપણ જીવના દોષ કદી પ્રગટ ન કરો.
દોષદર્શી ન બનો. ગુણગ્રાહક બનો.
દોષ ગ્રહણ ન કરો ને કોઈ જીવના દોષ પ્રગટ ન કરો.
સદ્‌વિદ્યા હંમેશાં ગ્રહણ કરવા યોગ્ય છે.

સદ્‌વિદ્યા કોઈપણ સ્થાને હોય પણ સર્વ સ્થાનેથી તેને ગ્રહણ કરવી જોઈએ. હંમેશાં સદ્‌વિદ્યા ગ્રહો.

ગુણોના ગ્રાહક બનો. ગુણોની સાધના કરો. ગુણોનો સ્વીકાર કરો.
અને દોષને ત્યજો. કોઈપણ જીવના દોષ પ્રગટ ન કરો.
દોષદ્રષ્ટા ન બનો.

**यथोचितं सुपात्रेभ्यो, दानं देयं स्वशक्तितः ।**

**वस्त्रान्नज्ञानदानेन, स्वर्गो मुक्तिश्च जायते ॥ ३०३ ॥**

જીવનમાં દાનનું મહત્ત્વ વિશેષ છે.

મનુષ્યે દાન માટે સદા તત્પર રહેવું જોઈએ.

અન્યને - જરૂરિયાતવાળાને આપવામાં જે આનંદની અનુભૂતિ થાય છે, તે અનન્ય છે.

હોય તો આપો. થોડામાંથી થોડું આપો.

આપીને પામો. આપીને રાજી થાવ. આપવાનો આનંદ અનેરો છે.

**त्यक्तेन भुंजीथा ।**

આપીને પામો. છોડીને મેળવો. ત્યાગીને ભોગવો.

તેથી જ દાનને શ્રેષ્ઠ કહ્યું છે.

હાથ દાન આપવા સર્જાયા છે.

સ્વ શક્તિ વડે દાન કરવું જોઈએ. યથોચિત દાન કરવું જોઈએ અને યોગ્ય પાત્રને દાન કરવું જોઈએ.

દાનના અનેક પ્રકાર છે. વસ્ત્ર દાન.

વસ્ત્ર વિનાનાને વસ્ત્રદાન આપવું જોઈએ.

ભૂખ્યાને અન્નદાન આપવું જોઈએ.

અન્ન વિના ટળવળતા અનેક જીવો છે

એમના પેટમાં ભૂખ છે, પણ ખાવા માટે અન્ન નથી.

ક્ષુધા સંતોષવા ભોજન નથી.

પોતે ભૂખે મરે છે. બાળકો ભૂખે મરે છે. પરિવાર ભૂખે મરે છે.

યોગ્ય પાત્ર હોય - સુપાત્ર હોય તો તેને અન્નનું દાન કરો.

અન્નદાન શ્રેષ્ઠ છે પણ જો સુપાત્રને અપાય તો.

આપેલા દાનનો દુરૂપયોગ કરનારને અન્ન ન અપાય.

આપેલું અન્ન વેચીને વ્યસન કરનારને દાન ન અપાય.

સુપાત્રને દાન અપાય.

ભૂખ્યાને ભોજન ઉત્તમ દાન છે -

જો ભોજન એના પેટમાં જ જતું હોય તો.

અને એવું જ દાન છે જ્ઞાનદાન.

જ્ઞાનનું દાન શ્રેષ્ઠ છે. વિદ્યાનું દાન શ્રેષ્ઠ છે.

યોગ્ય પાત્રને આપેલું વિદ્યાદાન ઊગી નીકળે છે.

જ્ઞાન પ્રકાશ ફેલાવે છે. જ્યોતથી જ્યોત જલી ઉઠે છે.

આમ યોગ્ય પાત્રને સ્વશક્તિ થકી ઉચિત દાન કરવાથી સ્વર્ગ પણ પ્રાપ્ત થાય છે અને મુક્તિ પણ મળે છે.

**ज्ञानवृद्धिर्जनैः कार्या, ज्ञानविद्यालयादिभिः ।**

**साहाय्यं ज्ञानिनां कार्यमन्नवस्त्रादिभिर्जनैः ॥ ३०४ ॥**

માનવોએ જ્ઞાનવૃદ્ધિ માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ.

જ્ઞાન વિદ્યાલય આદિ થકી જ્ઞાનવૃદ્ધિ થઈ શકે છે ને તે કરવી જોઈએ.

જ્ઞાનીઓને સહાય કરવી, તે માનવોની ફરજ છે.

જ્ઞાનીઓને અન્ન-વસ્ત્ર વગેરે વડે સહાયરૂપ બનવું જોઈએ.

જેથી જ્ઞાનીઓ ચિંતા વિના જ્ઞાનવૃદ્ધિ કરી શકે.

**त्याज्यानि पापकर्माणि, पुण्यं कार्यं जनैः सदा ।**

**आपद्धर्मो जनैः सेव्य, आपत्काले विशेषतः ॥ ३०५ ॥**

મનુષ્યોએ હંમેશાં પાપકર્મોથી બચવું જોઈએ.

પાપકર્મ અધઃપતન તરફ લઈ જાય છે માટે પાપથી બચો.

પાપનું આચરણ ન કરો. પાપકર્મ ન કરો.

પાપ પતન આણશે. પાપ ખીણમાં ગબડાવશે.

પાપની સજા ભારે છે. પાપનાં ફળ કડવા છે.

માટે પાપ ન કરો.

માટે પાપકર્મથી પાછા હઠો.

પાપને ત્યજીને પુણ્ય કાર્ય મનુષ્યોએ કરવા જોઈએ.

પુણ્યનાં ફળ મિષ્ટ છે. પુણ્યનું પરિણામ ઉત્તમ છે માટે પુણ્ય કરો.

પાપથી બચો. જીવનને પુણ્યથી ભરો.

માણસોએ આપત્કાલમાં આપદ્ ધર્મ સેવવો જોઈએ.

परोपकारकतॄणां, प्रत्युपग्रहकर्मसु ।

स्थातव्यमाऽऽत्मभोगेन, जनै धर्मपरायणैः ॥ ३०६ ॥

જૈનધર્મમાં ઉત્તમ ગુણરત્નો પડેલાં છે.

અને એટલે જ તે શ્રેષ્ઠધર્મ છે.

જૈનધર્મપરાયણ માનવોએ આત્મભોગથી પરોપકાર કરનારાઓની પ્રત્યે ઉપગ્રહકર્મોમાં સહાયક બનવું જોઈએ.

તેઓ પરોપકાર પરાયણ છે.

આત્મભોગથી પરોપકાર કરી રહ્યા છે.

તેમને ઉપગ્રહકર્મોમાં સહાયક બનવું જોઈએ.

महावीरजिनेन्द्रस्य, जैना धर्मस्य साधकाः ।

भविष्यन्ति कलौ धर्मदीपका ज्ञानियोगिनः ॥ ३०७ ॥

જગત્પ્રભુ શ્રી નેમિનાથ ભગવાન દ્વારિકાપુરીમાં પધાર્યા છે. તેમનો ઉદ્દેશ્ય છે ધર્મના બોધનો. પ્રતિબોધ પમાડવાનો.

દ્વારિકાપુરીના નરેશ છે શ્રી કૃષ્ણ વાસુદેવ.

જગત્પ્રભુ શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધિત કરવાના ઉત્તમધ્યેયથી દ્વારિકામાં પધાર્યા છે.

તેઓ કહે છે કે -

કલિયુગમાં મહાવીર જિનેશ્વરના જૈનધર્મના સાધકો હશે.

અને જ્ઞાનયોગીઓ હશે.

આ સાધકો અને જ્ઞાનયોગીઓ જ ધર્મદીપકો થશે.

કલિયુગમાં આમ બનશે.

જગત્પ્રભુએ આર્ષવાણી ઉચ્ચારી છે.

जैनसंघप्रगत्यर्थं, सर्वस्वार्पणकारकाः ।

भविष्यन्ति कलौ जैना ज्ञानधर्मेण राजिताः ॥ ३०८ ॥

જગત્પ્રભુ શ્રી નેમિનાથ શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધિત કરતાં આગળ કહે છે કે -

જૈનસંઘની પ્રગતિ કલિયુગમાં અનિવાર્ય હશે.

ને તેની પ્રગતિ માટે જ્ઞાનધર્મથી રંજિત થયેલા જૈનો કલિયુગમાં સર્વસ્વનું સ્વાર્પણ કરનાર થશે, એ સુનિશ્ચિત છે.

एकदा सर्वखण्डेषु, जैनधर्मप्रचारणा ।

भविष्यन्ति कलौ नूनं, विश्वैक्यशांतिकारिका ॥ ३०९ ॥

શ્રી નેમિનાથ જગત્પ્રભુની આ વાણી છે. તેમની વાણી ભાવિને ભેદનારી છે. આર્ષવાણી છે.

હવે પછીના એટલે ભાવિકાળમાં શું બનશે તે વાત તેઓ કહે છે.

તેમની વાણી સત્યવાણી છે.

ભાવિના ભેદ ઉકેલનારી છે. અગમવાણી છે.

તેઓ આવનારા કલિયુગની વાત કરતાં કહે છે -

કલિયુગમાં એક દિવસે જૈનધર્મનો અપૂર્વ પ્રચાર થશે.

જૈનધર્મ સર્વ ખંડોમાં વિશ્વનું ઐક્ય કરનાર હશે.

વિશ્વમાં શાંતિનું સામ્રાજ્ય પ્રસરાવનાર હશે.

આવો એ શ્રેષ્ઠધર્મ હશે.

અને આવા આ શ્રેષ્ઠ જૈનધર્મનો વિશ્વમાં પ્રચાર થશે.

महावीरस्य सद्भक्त्या, लोकानां सद्गतिः कलौ ।

अरिष्ठनेमिनाथेन, सर्वज्ञेन प्रकाशिता ॥ ३१० ॥

લોકોની સદ્ગતિ શી રીતે થાય ?

અને એ પણ કલિકાળમાં ?

શ્રી નેમિનાથ જગત્પ્રભુ કહે છે કે : કલિયુગમાં ભગવાન મહાવીરની જે સારી રીતે ભક્તિ કરશે તો એની સદ્ગતિ થશે.

કલિયુગમાં મહાવીરની સદ્ભક્તિ જ મનુષ્યને તારશે એમ સર્વજ્ઞ ભગવાન શ્રીઅરિષ્ઠનેમિ કહે છે.

महावीरस्य जापेन, जनानां सद्गतिर्ध्रुवम् ।

वीरजापसमो यज्ञो, कलौ नान्यो भविष्यति ॥ ३११ ॥

શ્રી નેમિનાથ જગત્પ્રભુ કલિયુગ અંગેની વાત આગળ ચલાવે છે. તેઓ શ્રી કૃષ્ણ વાસુદેવને પ્રતિબોધ પમાડતાં કહે છે કે -

ભગવાન મહાવીરના જાપથી લોકોની અવશ્ય સદ્ગતિ થશે.

જાપનું પણ આગવું મહત્ત્વ છે.

જાપ અંતઃ પ્રકાશ ફેલાવે છે. હૃદયને નિર્મળ બનાવે છે.

જાપ માત્રથી ભવસાગર તરી ગયા હોય એવા અનેક ઉદાહરણો ધર્મના ઈતિહાસના પાને નોંધાયેલા છે.

જાપથી મન સ્થિર થાય છે. હૃદય પ્રફુલ્લિત બને છે.
વિચારો કેન્દ્રીભૂત બને છે.
હૃદયમાંથી પ્રગટતા ઉચ્ચારો ઈષ્ટપ્રભુની નજીક લઈ જાય છે.
ભક્તિ પ્રગટે છે. ભાવના પ્રગટે છે. ધ્યાનસ્થ થવાય છે.
મન દ્રઢ બને છે. આંદોલનો જાગે છે. ભક્તિ ફલદાયી બને છે.
મનની ગતિ પરમાત્મા પ્રતિ આગળ વધે છે.
જાપ ભક્તિનું - ધ્યાનનું - આત્મિક વિકાસનું શ્રેષ્ઠ સોપાન છે.
જાપ તારે છે. જાપ ભાવ જગાડે છે. જાપ ફળ પમાડે છે.
જાપ ધ્યાન લગાવે છે.
મહાવીર પ્રભુના નામના જાપ કરવાથી માનવમાત્રની સદ્ગતિ થશે.
કલિયુગની વાત ન્યારી છે.
કલિયુગમાં આમ બનશે.
કલિયુગમાં મહાવીરપ્રભુના નામના જાપ ચમત્કારિક અસર કરશે.
પ્રભુના નામના જાપ ભવતારક ઔષધ સમાન બની રહેશે.
જાપ પણ યજ્ઞ સમાન છે.

જિહ્વા દ્વારા ને છેવટે અંતરના ઊંડાણ દ્વારા થતું પ્રભુના નામનું ઉચ્ચારણ યજ્ઞસ્વરૂપ બની રહે છે.

યજ્ઞ જેમ ફળ આપે છે, તેમ જપરૂપી યજ્ઞ પણ સદ્ગતિ અપાવનાર બની રહેશે.

ભવતારક, જગતોદ્ધારક મહાવીર પ્રભુના નામનું ઉચ્ચારણ જડીબુટ્ટી સમાન બની રહેશે.

પ્રભુના નામનો જાપ યજ્ઞ હશે.

એક એવો યજ્ઞ કે જેની બરાબરી કરનાર બીજો કોઈ યજ્ઞ નહિ હોય.

भवन्ति सर्वजातीया, जैना एव जिनाः स्वतः ।
कलौ जैनस्य पूजैव, जिनपूजाऽस्ति सत्तया ॥ ३१२ ॥

સર્વ જાતિના જૈનો જ સ્વતઃ જિનો થાય છે.
કલિયુગમાં જિનપૂજા સત્તાથી ફળ આપનારી છે.
જિનપૂજા ઉત્તમ પૂજા છે.
કલિયુગમાં જૈનોની પૂજા એજ સત્તાથી જિનપૂજા છે.
જૈનપૂજા જ જિનપૂજા છે.

कलिकाले करालेऽपि, महावीरस्य भक्तितः ।
सर्वखण्डस्थिता जैना, यास्यन्ति स्वर्गसद्गतिम् ॥ ३१३ ॥

કલિકાલ સાચે જ ભયંકર છે.

કલિકાલ મધ્યાહ્નને તપશે ત્યારે સત્ય અને નીતિ જોવા નહિ મળે. માનવીનાં મન ભ્રષ્ટ બની ગયા હશે. સત્ય શોધ્યું ય નહિ જડે. રાજા લૂંટારો બન્યો હશે ને કરબહુલતા વડે પ્રજાનું શોષણ કરનારો થયો હશે. રાજાનું રાજાપણું અધમતાનો સંદર્ભ આપશે.

કલિયુગનો એ પ્રભાવ છે.

પ્રેમ જશે, સ્વાર્થ આવશે. સત્ય જશે, અસત્ય ફેલાશે.

નીતિ જશે, અનીતિ પ્રધાનપણે હશે.

રાજામાં રાજાપણું નહિ હોય.

પ્રજાનું રક્ષણ કરવાને બદલે ભક્ષણ કરશે, શોષણ કરશે.

કર વધારશે. પ્રજાને ત્રાસ પોકારાવશે.

મિત્ર મિત્ર નહિ રહે. મિત્રદ્રોહ સામાન્ય બની જશે.

માયાનો અંધકાર સર્વત્ર પ્રસરશે.

સ્ત્રીઓ અસલામતી અનુભવશે.

ચારિત્ર્ય જોવા નહિ મળે.

મોહનાં વાદળ સર્વત્ર પ્રસરાશે.

સ્વાર્થ, અનીતિ, અપ્રામાણિકતા, દંભ અને અસત્ય.

અસત્યભાષી માણસો એકમેકને છેતરશે.

વિશ્વાસઘાત રિવાજ બની જશે.

પડાવી લેવાની વૃત્તિ વ્યવહાર બની જશે.

રાજા લાંચિયો બનશે. લાંચનું સામ્રાજ્ય ફેલાશે.

પ્રજા નાદાર બનશે.

પણ આવા ઘોર અને ભયંકર કલિયુગમાં ભગવાન મહાવીરની ભક્તિ સૌને તારનારી બનશે.

એમની સદ્ભક્તિ સદ્ગતિ પમાડનારી બની રહેશે.

આ દેશમાં જ નહિ - સર્વ ખંડોમાં.

અને સર્વ દેશોમાં રહેલા જૈનો સ્વર્ગરૂપ સદ્ગતિને ભગવાન મહાવીરની સદ્ભક્તિ થકી પામશે, એ વાત નિઃશંક છે.

महावीरप्रभोर्नामजापकार्यपरायणा ।

याद्दशस्ताद्दशा जैना, यास्यन्ति स्वर्गसद्‌गतिम् ।। ३१४।।

ભગવાન મહાવીર. ચરમતીર્થંકર પ્રભુ મહાવીર.

પ્રભુ વીર અને મહાવીર પ્રભુનું નામ.

એમના નામનો જાપ કરનારની દુર્ગતિ થાય ખરી ?

ના. પ્રભુના નામનો જાપ તો સદ્‌ગતિ પમાડનાર છે.

સદ્‌ગતિનું એ કારણ છે. સદ્‌ગતિનું એ નિમિત્ત છે.

પ્રભુ મહાવીર નામનો એ પ્રભાવ છે.

ભવસાગર પાર કરવાની નૌકા છે પ્રભુના નામનો જાપ.

જે કરે છે જાપ,

તેના શમે છે તાપ.

ને જલ્દીથી તરે છે આપ.

તરે છે ને તારે છે.

પ્રભુના નામનો એ મહિમા છે.

એમના નામ માત્રના ઉચ્ચારણથી ભવસમુદ્ર પાર કરી શકાય છે.

જાપ જે કરે છે, ભવસાગર તે તરે છે.

મહાવીર પ્રભુના નામનો એ પ્રતાપ છે. નામનો એ પ્રભાવ છે.

જાણે જડીબુટ્ટી છે - ભવરોગ મટાડનારી.

ઔષધિ છે - મોહવ્યાધિ મટાડવાની.

નૌકા છે - સંસાર સાગર તારનારી. પાપ ઉતારનારી.

જીવન સફળ બનાવનારી.

જાપ જે કરે, તે તરે.

તે જ પાર ઉતરે.

એની સઘળી ઈચ્છાઓ ફળે.

એને સ્વર્ગનું સુખ મળે.

જૈન પ્રભુના નામનો જાપ કરે છે અને પાર ઉતરે છે. ભવ ફેરો ટાળે છે. ભવ ચકડોળની મથામણમાંથી પાર ઉતરે છે.

જીવન બને છે સફળ. થાય છે સદ્‌ગતિ. પામે છે સ્વર્ગ.

અરે, આ જાપ કાર્યમાં જેવા તેવા પણ જૈનો સંકળાય તો તેમને મળે છે સ્વર્ગરૂપ સદ્‌ગતિ.•

નામનો મહાન છે મહિમા. જાપનો મોટો છે મહિમા.

ભગવાન મહાવીર ચરમ તીર્થંકર છે.

જગતના ઉદ્ધારક છે. વિશ્વના ઉપકારક છે. તારણહાર છે.

વિશ્વમાં વ્યાપેલા મોહતમસને હણનારા છે.

પુણ્યવંતુ છે પ્રભુનું નામ. અતિ પ્રભાવક છે વીરપ્રભુનું નામ.

તારનારું છે. પાર ઉતારનારું છે. ભવ પાર કરનારું છે. બંધન તોડનારું છે. મુક્તિ પમાડનારું છે.

જૈન એ નામનો મહિમા જાણે છે.

અરે, સામાન્ય જૈનો પણ એ નામના પ્રભાવથી પરિચિત છે.

જાદુ છે એ નામમાં. ચમત્કાર છે એ નામમાં.

પારસમણિ સમાન છે એ નામ.

એના ઉચ્ચાર, એના સ્પર્શ, એમનું ધ્યાન જીવનને સુવર્ણની જેમ ચમકતું બનાવી દે છે.

સ્વર્ગ સમ સુખને એ પામે છે. એનો ઉદ્ધાર થાય છે.

જીવન જંજાળ ટળે છે. મુક્તિનો માર્ગ મળે છે.

પ્રભુ વીરનું નામ એટલે સ્વર્ગની ચાવી.

આ ચાવી જેના પણ હાથમાં આવે, તેનો ઉદ્ધાર થયો જાણજો.

જગત આખું વિષમતાના વિષથી ભરેલું છે.

અહીં વેર છે. ઝેર છે. ઈર્ષા છે. પાડી દેવાના દાવપેચ છે.

હિંસા છે. ખૂની ખેલ છે. ટાંટિયા ખેંચ છે.

અનીતિનો પાર નથી. અસત્ય ચોમેર વ્યાપ્યું છે.

અંધકાર સર્વત્ર પ્રસર્યો છે.

માયા નટીના મહાપ્રભાવ ચોતરફ જોવા મળે છે.

મોહનું અંધત્વ માનવીને ગુમરાહ બનાવે છે.

આ છે કલિયુગનો પ્રભાવ.

કલિયુગ કાળાં કર્મોથી ભરેલો છે.

ક્યાં જવું ? શું કરવું ?

સદ્‌ગતિ શી રીતે મળે ? ભવદુગ્ધા શી રીતે ટળે ?

સ્વર્ગ શી રીતે મળે ? ઈચ્છાઓ શી રીતે ફળે ?

માણસ મૂંઝાય છે, અકળાય છે, દિશા ભ્રમિત બને છે -

અને જે દિશા હાથ લાગે તે તરફ આંખો બંધ કરીને ચાલવા લાગે છે.

ભોગના ભોરીંગ ફૂત્કારો કરે છે.

પાપ રૂપાળું લાગે છે. પાપ રૂપાળા ચહેરાવાળું છે.

વળી તે મિષ્ટ ભાસે છે. તેથી સૌને ગમે છે.

કોઈ એના અસલ રૂપને ઓળખી શકતું નથી.

પાપ મીઠું લાગે છે. પાપ ગમે છે.

ને પાપ અનિષ્ટ ફળ પણ આપે છે. પાપ પતન કરાવે છે.

તો બચવું શી રીતે ? સાચી દિશા શી રીતે મળે ? સાચો પ્રકાશ ક્યાંથી મળે ?

એના માટે છે પ્રભુ મહાવીરનું નામ.

નામનું રટણ. નામનું ઉચ્ચારણ. નામનો જાપ.

જે જાપ કરે છે, તે તરે છે. તેવો જૈન સદ્ગતિ પામે છે.

પ્રભુના નામના જાપમાં પરાયણ એવો જૈન સ્વર્ગ સમાન સદ્ગતિને હાંસલ કરે છે.

**कलिकालानुसारेण, वर्णावर्णव्यवस्थिताः।**
**महावीरस्य जापेन, लोका यास्यन्ति सद्गतिम् ॥ ३१५ ॥**

જૈનધર્મ જેવો ઉદાર કોઈ ધર્મ નથી.

એ વિશાળ છે, વિરાટ છે. પોતાનામાં સૌને સમાવે છે.

જાતિ કે ધર્મ ગમે તે હોય -

ગરીબ હોય કે અમીર હોય - કાળો હોય કે શ્વેત હોય -

પણ જૈનધર્મ સૌને આવકારે છે. સૌને પોતાનાં બનાવે છે.

એમાં જાતિ ભેદને સ્થાન નથી.

વર્ણભેદને સ્થાન નથી. રંગભેદને સ્થાન નથી.

વર્ણ - અવર્ણ સ્થિત સર્વ જનો જૈનધર્મ રૂપી મહાસાગરમાં ભળી શકે છે.

ન કોઈ ભેદ. ન કોઈ આંતરો.

બસ, અહીં તો છે કેવળ એકત્વ. કેવળ સમાનતા. કેવળ સમરસતા.

વર્ણના ત્રાજવે માનવી તોળાતો નથી.

ધનના ત્રાજવે માનવી તોળાતો નથી.

જૈનધર્મ તો અભેદને આમંત્રે છે. સમાનતાને સ્વીકારે છે.

ભેદભાવ વગર - એ સૌને સમાવે છે. સૌને આવકારે છે.

આવે છે, તે પામે છે.

માનવીનું કર્મ જોવાય - વર્ણ નહિ.

મન જોવાય - ધન નહિ. જ્ઞાન જોવાય - તન નહિ.

કલિકાલ અનુસારે વર્ણ અને અવર્ણ સ્થિત તમામ મનુષ્યો, કોઈપણ જાતના ભેદભાવ વિના મહાવીર પ્રભુના નામનું રટણ લગાવશે.

જાપ કરશે. હૃદયના ઊંડાણથી નામનો ઉચ્ચાર કરશે.

જાપમાં માત્ર વાણી નહિ દિલ પણ પરોવશે.

પ્રભુ સાથે એકતારે બંધાશે.

સહુ કામના કરે છે સદ્ગતિની.

સહુ ઈચ્છે છે મુક્તિને. ભવની મુક્તિને.

સંસાર ખારો દવ લાગે છે. ભવ ચકડોળથી ત્રાસી ગયો છે એ.

મુક્ત થવા માગે છે. છુટવા માગે છે. સ્વતંત્ર થવા માગે છે.

શી રીતે મુક્ત થવાય ? શી રીતે મોક્ષને પમાય ?

શી રીતે ભવરોગનું શમન થાય ?

ઘોર કલિકાલમાં મનુષ્યો, કોઈપણ વર્ણનાં મનુષ્યો.

પ્રભુ મહાવીરના નામનો જાપ કરશે. રટણા લગાવશે.

પ્રભુને હૃદયસ્થ કરશે.

ને મુક્તિને પામશે. સદ્ગતિને પામશે. મોક્ષને પામશે.

કલિયુગ ભલે એનો પ્રભાવ દેખાડશે, પણ સામે મહાવીર પરમાત્માના નામનો જાપ તેને ભવરણમાંથી મુક્તિ અપાવશે.

ભવરણથી છોડાવશે.

સદ્ગતિ પમાડશે. મોક્ષનો અધિકાર આપશે.

कलिकाले महाघोरे, महावीर स्वबोधतः ।
तारकः सर्व विश्वस्य, भविष्यन्ति न चान्यथा ॥ ३१६ ॥

કલિયુગ આવશે. ઘોર કલિકાલ આવશે.
મહાઘોર કલિયુગ પોતાનો પ્રભાવ જગત પર પ્રસારશે.
લોકો અનીતિમાન બનશે. રાજા લૂંટેરા બનશે.
શાસકો શોષકો બને. રાજકર્તા લાંચિયા થશે.
નીતિ - પ્રામાણિકતા - સત્ય - પ્રેમ સદાચાર બધું જ ડૂબવા લાગશે.
પ્રેમની સુગંધને બદલે સ્વાર્થની બદબૂ સર્વત્ર ફેલાશે.
સંબંધો સ્વાર્થના ત્રાજવે તોળાશે.
લાભ - અલાભના માપદંડથી મૈત્રી રચાશે.
અહિંસાનું સ્થાન હિંસા લેશે.
લોકોનું અભય ચાલ્યું જશે. રસ્તે ચાલનાર ભયથી ધ્રૂજશે.
કારણ કે- ત્યારે કલિયુગ આવ્યો હશે.

શ્રી નેમિનાથ જગત્પ્રભુ પ્રતિબોધ પમાડી રહ્યા છે શ્રી કૃષ્ણ વાસુદેવને.

શ્રી નેમિનાથ પરમાત્મા દ્વારિકાપુરીમાં આવ્યા છે.
દ્વારિકાપુરીના રાજા છે શ્રી કૃષ્ણ વાસુદેવ.
જગત્પ્રભુનું આગમન શુભહેતુક છે.
તેઓ પ્રતિબોધ પમાડતાં આર્ષવાણી ઉચ્ચારે છે.
આવનારા કલિકાલની વાત કરે છે.
મહાઘોર કલિયુગની વાત કરે છે.
કલિયુગ આવશે. કલિયુગ જામશે.
કલિયુગ પોતાનો કાળો પ્રભાવ પ્રસારશે.
માણસો કલિયુગથી પ્રભાવિત થશે.

પરંતુ આ મહાઘોર કલિકાલમાં સંસારને - ભવને તરવા માટે એક શક્તિશાળી - સમર્થ નૌકા હશે.

એના થકી લોકો તરી જશે.
કઈ નૌકા ?
એ નૌકા છે શ્રી મહાવીર ભગવાનના નામની.
એમના નામના જાપની. એમના નામની રટણાની.

લોકો - જેઓ તરવા માગે છે, ભવ પાર કરવા માગે છે,
ભવરણમાંથી મુક્ત થવા માગે છે, સદ્‌ગતિ પામવા માગે છે,
ને મોક્ષ હાંસલ કરવા માગે છે.
તેઓ મહાવીર પ્રભુના નામની નૌકામાં બેસી જશે.
નામ રટણ કરશે. પ્રભુના નામનો જાપ કરશે.
ને સદ્‌ગતિને પામશે.

ઘોર કલિકાલમાં શ્રી મહાવીરપ્રભુ સ્વજ્ઞાનના બોધથી સર્વ વિશ્વના તારક થશે.

અન્યથા તરી નહિ શકાય.
પ્રભુ જ તારશે. એ તારક બનશે. તારણહાર બનશે.

**ज्ञानक्रियायुता जैनाः, सर्वविश्वस्य तारकाः ।**
**भविष्यन्ति महावीरजापेन पञ्चमारके ॥ ३१७ ॥**

પાંચમો આરો એટલે તેમાં આવશે કલિકાલ.

આ પંચમ આરામાં જ્ઞાન અને ક્રિયાવાળા જૈનો જાપનું મહત્ત્વ સમજશે.

પ્રભુ મહાવીરના નામનો પ્રભાવ.
નામનું રટણ. નામનો જાપ. સતત ઉચ્ચારણ.

કારણ કે પંચમ આરામાં તરી જવાનો અન્ય કોઈ આરો કે ઓવારો નહિ હોય. સર્વત્ર સ્વાર્થનું અંધત્વ પ્રસર્યું હશે. કલિયુગના પ્રભાવની ઘોર કાલિમા સર્વત્ર ફેલાઈ ગઈ હશે.

એટલે તારક બનશે શ્રી મહાવીર પ્રભુ.
મહાવીરપ્રભુનું નામ.
નામની રટણા. નામનો જાપ. જૈનોનો તારક બનશે.
જ્ઞાનવાળા જૈનો. ક્રિયાવાળા જૈનો.

મહાવીરપ્રભુના નામના જાપથી જ્ઞાન અને ક્રિયાવાળા જૈનો સર્વ વિશ્વના તારક બનશે.

વિશ્વને તારશે. વિશ્વના રાહબર બનશે.
વિશ્વના માર્ગદર્શક બનશે.
એમની પાસે જ્ઞાન હશે. એમની પાસે ક્રિયા હશે.
ને મહાવીર પરમાત્માના નામની રટણા હશે.
પ્રભુના નામના જાપથી આ જૈનો સકળ વિશ્વના તારક થશે.

महावीरस्य सत्प्रीत्या, सद्गतिः सर्वदेहिनाम् ।

**अरिष्ठनेमिना प्रोक्तं, कलौ सत्यं भविष्यन्ति ॥ ३१८ ॥**

મહાવીર પ્રભુની પ્રીતિથી જ આ જગત પરના સર્વ જીવોની સદ્‌ગતિ થઈ શકે, અન્યથા નહિ.

મહાવીર પરમાત્માની પ્રેમભરી દ્રષ્ટિ જગતને સ્વર્ગસમાન બનાવશે. સદ્‌ગતિ આપશે.

ભવમુક્તિ આપશે. ત્રિવિધ તાપ તોડશે. પીડાઓથી મુક્ત કરશે.

સર્વ જીવો, સર્વ મનુષ્યો ભેદભાવ વિના કલિયુગમાં પ્રભુ મહાવીરની પ્રીતિ થકી સદ્‌ગતિને પામશે.

આ વાત અરિષ્ટનેમિ પ્રભુએ કહેલી અને તેમની આ વાણી કલિકાલે આ જગતમાં સત્ય ઠરશે, એમાં શંકાને કોઈ સ્થાન નથી.

વીરપ્રભુનું નામ જ મુક્તિનું વાહક બનશે.

**नयनिक्षेपसद्भङ्गैः, प्रमाणैश्च प्रतिष्ठितः ।**

**जैनधर्मोऽस्तु लोकानां, सर्वदा शरणं महत् ॥ ३१९ ॥**

જૈનધર્મ સાચે જ મહાન ધર્મ છે. સર્વોત્તમ ધર્મ છે. પ્રતિષ્ઠિત ધર્મ છે.

સર્વજાતિના - સર્વ વર્ણના લોકોને તે કશાય ભેદભાવ વિના પોતાનામાં શમાવે છે.

એના ઉચ્ચતમ સદ્‌આશયો પ્રતિષ્ઠિત છે.

કરૂણા - દયા - પ્રેમ અને ઔદાર્ય બાબતમાં એ જગતને માર્ગદર્શક બની શકે તેમ છે.

નય, નિક્ષેપ, સદ્‌ભંગ અને પ્રમાણોથી પ્રતિષ્ઠિત એવો જૈનધર્મ હંમેશાં સર્વ લોકોના મહાન આધાર રૂપ બની શકે તેમ છે.

મહાન શરણ રૂપ બની શકે તેમ છે.

મહાન ધર્મ છે. ઉત્તમ ગુણ રત્નોવાળો છે.

આ જૈનધર્મ સર્વ લોકોના મહાન શરણ માટે થાઓ.

जैनधर्मसमो धर्मो, न भूतो न भविष्यन्ति ।

सर्वजातीयलोकानां, तारको मोहवारक: ॥ ३२० ॥

જૈનધર્મ સાચે જ જગતનો શ્રેષ્ઠ ધર્મ છે.

એના મહાન સિદ્ધાન્તો જગત માટે માર્ગદર્શન બની શકે તેમ છે.

કરૂણા, પારસ્પરિક પ્રેમ, સદ્ભાવ, અહિંસા, ક્ષમા, દયા - જેવા ઉચ્ચતમ ગુણો જો જગતનાં તમામ રાષ્ટ્રો અપનાવે તો જગતના તમામ પ્રશ્નોનો ઉકેલ જડી જાય.

યુદ્ધ મટે, શાંતિ પ્રસરે, વેર-ઝેર મટે, પ્રેમ પ્રસરે.

હિંસા મટે, દયા પ્રવર્તે.

સંસારની - જગતની તમામ સમસ્યાઓના ઉકેલની ચાવી જૈનધર્મમાં પડેલી જ છે.

એ ચાવીને અપનાવવી પડે, મેળવવી પડે.

ને એ માટે યોગ્યતા પ્રાપ્ત કરવી પડે.

તો તો ઉપાય જડી જાય, જવાબ જડી જાય.

સર્વ જાતિના લોકો માટે - સર્વ વર્ણના લોકો માટે -

સર્વ રંગના લોકો માટે - કોઈપણ જાતના ભેદભાવ વિના

જૈનધર્મ સદ્ગતિનાં દ્વાર ખોલી આપે છે.

સમસ્યાઓ ઉકેલી આપે છે.

સંસારતારક છે જૈનધર્મ. મોહવારક છે આ ધર્મ.

મહાન ધર્મ છે, શ્રેષ્ઠ ધર્મ છે.

આવો અન્ય કોઈ ધર્મ થયો નથી અને થશે પણ નહિ.

ન ભૂતો ન ભવિષ્યતિ.

अरिष्ठनेमिबोधेन, जातोऽन्तराऽऽत्मवान्प्रभु: ।

ज्ञापयामि जगल्लोकान्, जैनधर्मं सनातनम् ॥ ३२१ ॥

અરિષ્ઠનેમિ પ્રભુના સદુપદેશથી સાચે જ હું આત્મવાન્ - પ્રભુ થયો છું.

એમના ઉપદેશનો એ પ્રભાવ છે.

અજ્ઞાનીને જ્ઞાની બનાવે.

જ્ઞાનીને અન્તરાત્મવાન્ બનાવે.

પ્રભુતા અર્પે, પ્રભુ બનાવે.

પ્રભુ અરિષ્ઠનેમિના બોધની એ અસર છે.
હું એમના બોધ વચનોથી પ્રતિબોધિત થયો છું.
પ્રજ્ઞાવાન થયો છું. આત્મવાન્ થયો છું.
મને પ્રભુતા મળી છે. પ્રભુ થયો છું.
એમની વાણી એટલે અમૃતની ધારા.
પ્રભુની વાણી તો - મોહને ભગાવે. માયાને તગેડે.
તમસને હણે. ત્રિવિધ તાપ નષ્ટ કરે. દુ:ખો હરે.
પીડાનો નાશ કરે. અજ્ઞાન હરે.
જ્ઞાનવાન બનાવે. પ્રજ્ઞાવાન બનાવે. આત્મવાન બનાવે.
મનોમાલિન્ય હટાવે. પવિત્ર હૃદયથી યુક્ત બનાવે.
એમના ઉપદેશથી હું આત્મવાન્ થયો છું.
પ્રભુ બન્યો છું.
અને વિશ્વના લોકોને સનાતન ધર્મનો બોધ હું આપું છું.
પ્રભુએ મને એ સામર્થ્ય આપ્યું છે.

**अरिष्ठनेमिनाथस्य, पश्चात्पार्श्वप्रभोः शुभम् ।**
**शासनं वर्त्स्यति व्यक्तं, भारते लोकतारकम् ॥ ३२२ ॥**

ભારત દેશ.
વિવિધ જન સમૂહોવાળો દેશ.
ભવ્ય સંસ્કૃતિથી શોભતો મહાન દેશ.

જૈનધર્મનો મહાન મહિમા આ દેશમાં - ભારત દેશમાં વ્યાપ્ત બન્યો છે.

એની મહાનતા અનન્ય છે. અજોડ છે.

આ મહાન ભારત દેશમાં - અખંડ આર્યાવર્તમાં અરિષ્ઠનેમિનાથ પ્રભુના શાસન પછી પાર્શ્વનાથ પરમાત્માનું શાસન પ્રવર્તશે.

આ શાસન લોકતારક હશે. શુભકારક હશે.

ભારતના લોકોમાં શાંતિ અને શુભત્વ પ્રગટાવનારું હશે.

નેમિનાથ જગત્પ્રભુના શાસન પછી શ્રી પાર્શ્વનાથ પ્રભુનું શાસન ભારતદેશમાં પ્રવર્તમાન બનશે, જે સર્વજનો માટે શુભંકર હશે.

ततः श्रीमन्महावीरशासनं पञ्चमारके ।
वर्त्स्यति सर्वलोकानां, तारकं दुःखवारकम् ॥ ३२३ ॥

જૈનધર્મમાં પંચમ આરાનું અતિ મહત્ત્વ અંકાયું છે.

કારણ કે પાંચમા આરામાં શ્રી મહાવીરપ્રભુનું અવતરણ થનાર છે.

અરિષ્ઠનેમિનાથ પ્રભુ પછી -

પાર્શ્વનાથ પ્રભુનું શાસન જગતમાં સ્થાપિત થશે.

અને એ પછી પાંચમા આરામાં મહાવીર પ્રભુનું શાસન પ્રવર્તમાન થશે.

પ્રભુ મહાવીરનું શાસન સર્વ લોકો માટે આનંદકારી હશે.

મંગલમય હશે. હિતકારી હશે.

એમના આગમનથી સર્વ જગતમાં સર્વ જીવો હર્ષને પામશે.

એક નવા શાસનનો - નવા યુગનો ઉદય થશે.

જાણે યુગ પરિવર્તન થશે.

સર્વત્ર આનંદ વ્યાપશે. સર્વત્ર હર્ષગાન થશે.

પ્રજ્ઞાનો પ્રકાશ પથરાશે.

જગતનાં દુઃખો હરાશે.

પીડાઓ ટળશે. માયાનું આધિક્ય નષ્ટ થશે.

ધર્મનો ચરમપ્રકાશ ફેલાશે પાંચમા આરામાં, કલિકાલમાં.

દુઃખવારક હશે પ્રભુ મહાવીરનું શાસન.

સર્વ લોકોના તારક હશે પ્રભુ.

જગત જેમની અનિમેષ નેત્રે રાહ જોઈ રહેવાનું છે એ મહાવીર પ્રભુનું જગતમધ્યે અવતરણ થશે.

જગત પ્રભુના આગમનને વધાવશે. હર્ષથી સ્વાગત શબ્દ બોલશે.

જગતની પીડા હરાશે. અંધકાર ભેદાશે. દુઃખો નષ્ટ થશે.

પાંચમો આરો

ને ચરમ તીર્થંકર પ્રભુ મહાવીરનું શાસન.

સર્વત્ર જય જયકાર થશે.

અરે, નરકના જીવો પણ ક્ષણવાર માટે અનન્ય હર્ષનો અનુભવ કરશે.

લોકોત્તર શાસન હશે પ્રભુ વીરનું.

જગત્પીડા હરવા, અંધકાર હરવા અને પૃથ્વી પર પ્રસરેલી સ્થિતિમાંથી ઉદ્ધરણ કરવા પ્રભુ પધારશે.

પ્રભુ અવતરશે. જગત હરખાશે. જયનાદો કરશે.

પાવન ઘડી હશે એ.

ને પ્રભુ વીરના શાસનમાં જગતનો ઉદ્ધાર થશે.

જગતના દુઃખો હરાશે.

अरिष्ठनेमिनाथोक्तमन्यथा नैव जायते ।

भारते वासुदेवेन, मया सत्यं प्रकाशितम् ॥ ३२४ ॥

પ્રભુનો શબ્દ. પ્રભુની વાણી. પ્રભુનું કથન.

ક્યારેય પણ અસત્ય ન ઠરે. ક્યારેય પણ મિથ્યા ન થાય.

પ્રભુનું વચન એટલે પથ્થર પરથી લકીર.

પ્રભુ તો આર્ષદ્રષ્ટા. જગતને જાણનારા. કાળને જાણનારા.

ભૂત, વર્તમાન અને ભવિષ્યના જ્ઞાતા.

પ્રભુની વાણીથી - સત્યનો પ્રકાશ થાય છે.

અજ્ઞાનનો નાશ થાય છે.

પ્રભુનો શબ્દ તો જ્ઞાનગર્વિષ્ઠ શબ્દ. સત્યથી યુક્ત શબ્દ.

એ સાચો જ ઠરે. એ સાચો જ પુરવાર થાય.

અરિષ્ઠ નેમિનાથ પ્રભુએ કહેલું ક્યારેય પણ મિથ્યા અથવા અસત્ય થાય નહિ.

શબ્દ સત્ય ઠરે. સાચો પુરવાર થાય.

ભારત દેશમાં દ્વારિકાપુરીમાં પધારીને શ્રીનેમિનાથ પ્રભુએ વાસુદેવને પ્રતિબોધ પમાડતાં આ શબ્દો કહ્યા હતા.

એમણે જે કહ્યું હતું - એમણે જે પ્રબોધ્યું હતું - તે અને તેટલું.

અહીં સત્યના પ્રકાશને પામ્યું છે.

मयोक्ता वासुदेवेन, गीता सत्यसनातना ।

परम्पराप्रवाहेण, कलावपि प्रवर्त्स्यति ॥ ३२५ ॥

વાસુદેવ કૃષ્ણ એવા મેં કહેલી આ ગીતા સત્ય છે.

સનાતન છે.

પ્રભુએ જે બોધ આપ્યો તે આમાં મેં કહ્યો છે -

આમાં પ્રભુનો શબ્દ છે. પ્રભુનાં વચનો છે. પ્રભુનું કથન છે.

વાસુદેવ એવા (કૃષ્ણ) મેં કહેલી આ ગીતા છે.

જે સત્ય છે. સનાતન છે.

સમય વહેશે. સમય સરકશે. કાલ ગતિ કરશે.

પંચમ આરામાં કલિયુગનો પ્રભાવ આવશે.

ત્યારે પણ આ ગીતા પ્રવર્તશે.

**कलौ वीरस्य गीता याः, समा नान्या भविष्यति ।**

**मद्‌गीता याः समावेश, स्तत्र नूनं भविष्यति ॥ ३२६ ॥**

વાસુદેવ કૃષ્ણ તો દ્વારિકાપુરીના રાજા.

દ્વારિકાપુરીના સ્વામી.

ભગવાન શ્રી નેમિનાથ વાસુદેવને પ્રતિબોધ પમાડવા માટે દ્વારિકાપુરી નગરીમાં પધાર્યા હતા અને એમણે વાસુદેવ કૃષ્ણને જ્ઞાન બોધિત કર્યા હતા.

પ્રતિબોધ પમાડ્યો હતો.

તેમના ઉપદેશથી વાસુદેવ કબૂલે છે કે હું આત્મવાન - પ્રભુ થયો છું.

એમણે જે કંઈ કહ્યું તે આમાં મેં કહ્યું છે.

આ કૃષ્ણ ગીતા કહેવાશે.

પણ પંચમ આરામાં શ્રી મહાવીર પ્રભુનું આગમન થશે. ઝળહળતું જનકલ્યાણક શાસન જગતમાં પ્રવર્તશે.

જગત્પીડા હરાશે. ત્રિવિધ તાપ નાશ પામશે.

મહાવીર પ્રભુનું તત્ત્વજ્ઞાન, ઉપદેશ અને વાણી જગતમાં પ્રકાશ ફેલાવવામાં કારણરૂપ બનશે.

મહાવીર ગીતા - મહાવીર વાણી સમાન કોઈ થશે નહિ.

કલિયુગમાં આવું બનશે. પાંચમાં આરામાં આમ થશે.

મહાવીર ગીતામાં મારી આ (કૃષ્ણ) ગીતાનો સમાવેશ થઈ જશે.

મહાવીર ગીતા અનન્ય હશે. અજોડ હશે.

તેના સમાન કોઈ અન્ય હશે નહિ.

शुद्धाऽऽत्मा नेमिनाथोऽस्ति, केवलज्ञानभास्करः ।
अन्तराऽऽत्मैव कृष्णोऽस्ति, भावितीर्थंकरो महान् ॥ ३२७॥

શ્રી નેમિનાથ પ્રભુનું શાસન તો અનન્ય છે, અજોડ છે.

તેઓ કેવલજ્ઞાન રૂપ સૂર્ય છે. ત્રણે કાળના જ્ઞાનવાળા છે.

કેવલજ્ઞાનના સ્વામી છે.

એમની બરાબરી થઈ શકે નહિ.

તેઓ શુદ્ધાત્મા છે.

ભગવાન શ્રી નેમિનાથે દ્વારિકાપુરીમાં જઈને વાસુદેવ કૃષ્ણને પ્રતિબોધિત કર્યા.

વાસુદેવ કૃષ્ણ ભાવિ મહાન તીર્થંકર છે.

તેથી શ્રી કૃષ્ણ અંતરાત્મા જ છે.

નેમિનાથ જગત્પ્રભુએ તમને બોધાન્વિત કર્યા છે.

તીર્થંકર કર્મ બાંધતાં બાંધતાં શ્રીકૃષ્ણ વાસુદેવ ભાવિ તીર્થંકર પરમાત્મા થશે.

शुद्धाऽऽत्मैव महावीरस्तीर्थकृच्चरमेश्वरः ।
आत्मैव परमाऽऽत्माऽस्ति, सत्तया सर्वदेहिनाम् ॥ ३२८॥

મહાવીર પ્રભુ ચરમ ઈશ્વર છે. ચરમ તીર્થંકર છે.

જગત પર સુખનો પ્રકાશ પાથરનાર શ્રી મહાવીર પરમાત્મા જ છે.

એમનું અવતરણ થતાં જ નારકી જીવોએ પણ ક્ષણવાર માટે અપૂર્વ હર્ષનો અનુભવ કર્યો હતો.

એ પરમેશ્વર છે. ચરમેશ્વર છે. તીર્થંકર પ્રભુ છે.

તેઓ શુદ્ધાત્મા જ છે.

શુદ્ધાત્મા પરમાત્માનું જ સ્વરૂપ છે.

આત્મા જ્યારે શુદ્ધાત્મા બને છે, ત્યારે તે પરમ પદને પામે છે.

ભગવાન મહાવીર. ચરમ તીર્થંકર.

તેઓ શુદ્ધાત્મા જ છે.

એમના આગમનની સાથે જ જગતની સ્થિતિ પલટાઈ ગઈ હતી.

યુગ પલટો આવ્યો હતો.

સુખદ ક્ષણો જગત માટે ઉપલબ્ધ બની હતી. જગતી ઝંખતી હતી પરમાત્માના અવતરણને. કારણ કે તે દુઃખત્રસ્ત હતી. અંધકારમાં ભીંસાતી હતી. કલિયુગ પ્રભાવક બન્યો હતો.

પૃથ્વી પીડિતભાવ અનુભવતી હતી.

જગત પોકાર પાડતું હતું.

જાણે પ્રભુને આવવા માટે સાદ દઈ રહ્યું હતું.

પ્રભુ હવે આવો.

અમને ઉગારો. બચાવો પ્રભુ. અમે દુઃખ ત્રસ્ત છીએ.

માયા અમને પીડે છે. મોહ અમને સતાવે છે.

અમને બચાવવા આવો પ્રભુ !

- અને પ્રભુનું આગમન થયું.

- પૃથ્વી પર શાંતિ પ્રવર્તી રહી.

- જગત હર્ષાન્વિત બન્યું.

- ચરમ તીર્થંકર હતા પ્રભુ.

- ચરમ ઈશ્વર હતા પ્રભુ.

એ શુદ્ધાત્મા જ હતા.

સત્તાથી જોઈએ તો આ જગતમાં સર્વ જીવોનો આત્મા જ પરમાત્મા છે.

આત્માનું ઉચ્ચતમ અને ચરમ સ્વરૂપ એ જ પરમાત્મા.

સત્તાથી સર્વ જીવોનો આત્મા પરમાત્મા જ છે.

પ્રભુ મહાવીર શુદ્ધાત્મા છે. ચરમ પ્રભુ છે. ચોવીસમા તીર્થંકર છે.

એમનો આત્મા શુદ્ધાત્મા હોઈ પરમાત્મપણાને પામ્યો હતો.

જગત હરખાયું હતું. દુઃખી લોકો આનંદિત થયા હતા.

પ્રભુ મહાવીરનું શાસન લોકો માટે શુભંકર અને કલ્યાણકર હતું.

आत्मनः परमाऽऽत्मत्वप्राकट्यार्थं मनीषिणाम् ।
जैनधर्मोपदेशोऽयं,वासुदेवेन भाषितः ॥ ३२९ ॥

આત્મા જ પરમાત્માનું સ્વરૂપ છે.

આત્મામાં પ્રગટે છે પરમાત્મપણું.

અને આ પરમાત્મપણું પ્રગટાવવા માટે વાસુદેવ કૃષ્ણે મનીષિઓ-બુદ્ધિવંતોને જૈન ધર્મનો આ 'કૃષ્ણ ગીતા' દ્વારા ઉપદેશ કર્યો છે.

આ ઉપદેશ આત્મામાં ચૈતન્ય પ્રગટાવે છે.

આત્માને ફુલ્લ - પ્રફુલ્લ બનાવે છે.

આત્મામાં પરમાત્મત્ત્વ પ્રગટાવે છે.

જગત્પ્રભુ શ્રી નેમિનાથ ભગવાને વાસુદેવને દ્વારિકાપુરીમાં પધારીને જે પ્રતિબોધ પમાડ્યો હતો, તે પછી વાસુદેવ કૃષ્ણએ કહેલી આ કૃષ્ણગીતા છે.

જે આત્માને ઉન્નત બનાવે છે.

આત્મામાં પરમાત્મપણું પ્રગટાવે છે.

વાસુદેવ કૃષ્ણે આ કૃષ્ણગીતામાં મનીષિઓ અને પ્રબુદ્ધોને જૈનધર્મનો ઉપદેશ કહેલો છે.

पठन्ति कृष्णगीतां ये, श्रृण्वन्ति पाठ्यन्ति च ।
स्वर्गमुक्तिं च ते यान्ति, लभन्ते सर्वमङ्गलम् ॥ ३३० ॥

કૃષ્ણગીતાનો મહિમા અનન્ય છે. અજોડ છે.

શ્રી નેમિનાથ જગત્પ્રભુએ જૈનધર્મ, આત્મા, શુદ્ધાત્મા તથા જૈનધર્મના મહાન તત્ત્વજ્ઞાનને વણી લેતો પ્રતિબોધ આપેલો છે.

એ પછી વાસુદેવ કૃષ્ણે આત્મામાં પરમાત્મપણું પ્રગટાવવા માટે 'કૃષ્ણ ગીતા' કહી છે, જે અનન્ય છે. અનુપમ છે.

જે પુણ્યવંતા જીવો આ કૃષ્ણગીતાનો પાઠ કરશે, સાંભળશે અને બીજા પાસે પાઠ કરાવશે, તેઓ સર્વ પ્રકારના માંગલ્યને પામશે.

સ્વર્ગ આપનારી છે કૃષ્ણગીતા. મુક્તિ અપાવનારી છે કૃષ્ણગીતા.

સાંભળનારનું કલ્યાણ કરનારી છે કૃષ્ણગીતા.

પાઠ કરનાર તથા પાઠ કરાવનારનું સર્વ પ્રકારે મંગલ થશે. શુભત્વ પ્રગટશે.

સ્વર્ગની પ્રાપ્તિ થશે અને મુક્તિ મળશે.

'કૃષ્ણ ગીતા' માં રજુ થયેલો ઉપદેશ બોધગમ્ય, અનન્ય અને સર્વમંગલકારી છે.

તેમાં પ્રતિબોધનાં ઉત્તમ તત્ત્વો સમાયાં છે.

આત્મોન્નતિ કરનાર છે કૃષ્ણ ગીતા.

આત્માનો તેથી પ્રકર્ષ થાય છે. આત્મ વિકાસ સધાય છે.

આત્મામાં પરમાત્મપણું પ્રગટાવનારી છે કૃષ્ણ ગીતા.

કૃષ્ણ વાસુદેવે જગતના કલ્યાણ માટે અને આત્માના મંગળ ઉત્થાન માટે તે કહેલ છે.

મુક્તિ અપાવનાર છે એ.

સ્વર્ગની પ્રાપ્તિ કરાવનાર છે એ.

**सर्वमङ्गलमाङ्गल्यं, सर्वकल्याणकारणम् ।**

**प्रधानं सर्वधर्मेषु, जैनं जयतु शासनम् ॥ ३३१ ॥**

જૈન શાસન સદા જયવંતુ છે.

જગતને જૈન શાસને ઉત્તમ તત્ત્વજ્ઞાન આપ્યું છે.

ઉત્તમ ગુણરત્નો જગતના ચરણે ધર્યા છે જૈન શાસને.

કરૂણા, દયા, અહિંસા, પ્રેમ અને ક્ષમા.

જેવાં મહાન તત્ત્વો, જે જગતની તમામ સમસ્યાઓની માસ્ટર કી સમાન છે, તે વિશ્વને ભેટ ધર્યા છે. જગતને અર્પણ કર્યા છે.

સૌને સમાવે છે જૈનધર્મ.

ન જાતિનો ભેદ. ન વર્ણનો ભેદ. ન રંગનો ભેદ.

સર્વને સમાવે છે જૈન શાસન. સૌના જીવનને અજવાળે છે જૈનધર્મ.

પીડા હરે છે સર્વની. દુ:ખ હરે છે સર્વનાં. મંગલ કરે છે સર્વેનું.

જે સર્વમંગલોમાં પરમ શ્રેષ્ઠ છે અને સર્વ કલ્યાણનું જે કારણ છે અને સર્વ પ્રકારના ધર્મોમાં મુખ્ય અને શ્રેષ્ઠ છે, એવું જિનશાસન સદા જય પામો.

સર્વત્ર જય પામો.

સર્વદા જય પામો.

સંસારની સોબત.... વગાડે દુઃખની નોબત

સજ્જનની સાબત.... સુખ આપે...

સંતનો સંગ... શાતા આપે...

સાધુનો સંગ... આપે મુક્તિ અભંગ...

પરમાત્માનો પાવન પરિચય પવિત્રતા પ્રદાન કરે...

આવો આપણે...

સંસારના આભાસી સુખની ભ્રાન્તિને ભગાડવા

પરમકૃપાળુ પરમાત્માની વાણીના

પાવનપ્રવાહમાં ભીંજાઈને પરમત્વનો આનંદ અનુભવીએ.

'કૃષ્ણ - ગીતા' ગ્રન્થ......

છે પરમત્વનો પન્થ.

ચાલો... સહુસહ પ્રવાસી બની

ગ્રન્થમાં..... પ્રવેશી

ગ્રન્થિને દૂર કરીએ

પરમત્વના પન્થિ બની

પરમાત્મ પદને

આત્મ સાત્ કરીએ.